
# જ્ઞાનસાર

## ભાગ-૨

અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ,
મોહ તિમિર હર્યું જુગતે......





અનેક ગ્રંથોના ભાવાનુવાદક અધ્યાત્મયોગી પૂ. આચાર્ય દેવ
શ્રીમદ્ વિજયરાજશેખરસૂરિજી મહારાજાના વિનેય
પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજયરવિશેખરસૂરિજી મહારાજા

શ્રી ગૌતમ સ્વામિને નમ : શ્રી મહાવીર સ્વામિને નમઃ શ્રી સુધર્મા સ્વામિને નમઃ

શ્રી આત્મ–કમલ–દાન–પ્રેમ–રામચંદ્ર–હીર–મહોદય–લલિતશેખર–રાજશેખર સૂરિભ્યો નમઃ

ન્યાય વિશારદ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ
વિરચિત જ્ઞાનસાર પર પૂ. દેવચંદ્રજી મહારાજ સાહેબ રચેલ
'જ્ઞાનમંજરી' નામની ટીકાના આધારે આપેલ

# જ્ઞાનસાર

## ની

## વાચના

(દ્વિતીય ભાગ - ૫ થી ૭ અષ્ટક)

❑ આશીર્વાદ દાતા ❑

પૂજ્ય આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય લલિતશેખરસૂરિજી મહારાજ
તથા
પૂજ્ય આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય રાજશેખરસૂરિજી મહારાજ

■ પ્રવચનકાર ■

પૂજ્ય આચાર્યભગવંત શ્રીમદ્‌વિજય રવિશેખરસૂરિ મહારાજ

**પ્રકાશન વર્ષ** : વીર સંવત ૨૫૪૨–વિક્રમ સંવત : ૨૦૭૨

**આર્થિક સહાય** : સ્વ. કમળાબેન મયાભાઈ મોહનલાલ પરિવાર
શ્રીમતી મુક્તાબેન ખાંતિલાલ વોરા પરિવાર અને
શ્રી કંચન ફાઉન્ડેશન, અમદાવાદ

**મૂલ્ય કિંમત** : પઠન–પાઠન–પરિણમન

**આવૃત્તિ પ્રથમ** : ૧૦૦૦

❑ મુંબઈ

**શ્રી નયનભાઈ દેઢિયા**
મંગેશ મહાલક્ષ્મી, ગૌશાળા રોડ,
મુલુંડ (વેસ્ટ),
મુંબઈ–૪૦૦ ૦૮૦
ફોન : ૦૨૨–૨૫૬૨૪૨૦૮
મો. ૯૦૨૯૮ ૨૬૮૯૫

❑ સુરેન્દ્રનગર

**શ્રી પ્રદીપભાઈ મહેતા**
શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાબંર મૂર્તિપૂજક
તપગચ્છ સંઘ ટ્રસ્ટ, આરાધના ભુવન,
માઈ મંદિર રોડ, વિઠ્ઠલ પ્રેસ, સુરેન્દ્રનગર
ફોન : ૦૨૭૫૨–૨૩૧૧૨૨
મો. ૯૪૦૯૦ ૬૯૪૬૪

❑ રાજકોટ

**શ્રી કમલેશભાઈ દામાણી**
કરણપરા શેરી નં. ૨૭,
"જિનાજ્ઞા",
રાજકોટ–૩૬૦ ૦૦૧
ફોન : ૦૨૮૧–૨૨૩૩૧૨૦
મો. ૯૪૨૭૧ ૬૮૬૧૩

❑ રાજકોટ

**શ્રી પ્રકાશભાઈ દોશી**
જૈન ઉપકરણ ભંડાર
વર્ધમાન નગર જૈન દેરાસર,
વર્ધમાન નગર,
રાજકોટ–૩૬૦ ૦૦૧
મો. ૯૮૯૮૩ ૯૯૮૪૪

**:: કોમ્પ્યુટર ટાઈપ સેટીંગ ::**

**અમીન આઝાદ**

૫, સુભાષનગર, આમ્રપાલી સિનેમા પાસે, રાજકોટ.
ફોન : ૦૨૮૧–૨૪૫૧૮૬૪ મો.: ૯૯૯૮૮ ૫૪૨૫૩
ઈ–મેઈલ : aminsazad@gmail.com

**:: પ્રિન્ટીંગ ::**

**નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ**

૯–પુનાજી ઈન્ડ. એસ્ટેટ, ધોબી ઘાટ, દુધેશ્વર,
અમદાવાદ. ફોન : ૦૭૯–૨૫૬૨૪૯૯૯

# ○ વિશેષતા ○

ન્યાયવિશારદ શ્રી યશોવિજય મહારાજશ્રીએ આગમોમાં ડૂબકી મારીને જે આગમોના રહસ્યો પ્રાપ્ત કરેલા અને યોગીશ્રી આનંદઘનજી મહારાજશ્રીના સમાગમ પછી ખુલેલી દિશાઓથી અનુભવ રસનું પાન કરી તેનો નિચોડ સ્વરૂપે 'જ્ઞાનસાર' ગ્રંથ રચેલો. આ ગ્રંથના થયેલા અનેક અનુવાદો, ટીકાઓ વિ.નો ગહન અભ્યાસ કરી, અનેક ગ્રંથોના ભાવાનુવાદ કરનારા અધ્યાત્મયોગી આચાર્ય દેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરિજી મહારાજશ્રીના વિનેય આચાર્ય દેવ શ્રીમદ્ વિજય રવિશેખરસૂરિજી મહારાજશ્રીએ આ 'જ્ઞાનસાર' ગ્રંથના પ્રથમ ચાર અષ્ટકો– 'પૂર્ણતા', 'મગ્નતા', 'સ્થિરતા' અને 'મોહત્યાગ' ઉપરના સારને સમાવતું પુસ્તક 'જ્ઞાનસાર' ભાગ–૧ તૈયાર કરેલું જેનું વિમોચન સંવત ૨૦૭૨ના માગસર સુદ–૨ના દિવસે રાજકોટ મુકામે શ્રી રૈયા રોડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘના આંગણે વર્ધમાન તપોનિધિ આચાર્ય દાદાગુરુદેવશ્રી લલિતશેખરસૂરિજી મહારાજ સાહેબની નિશ્રામાં યોજાયેલ ભવ્ય વિનય ઉપધાન તપની મોક્ષમાળાના પ્રસંગે શ્રી ચતુર્વિધ સંઘની સમક્ષ થયું તે વખતે ઉત્સાહના અનેરા દશ્યો નજરે પડયાં હતા.

પુસ્તકના પ્રથમ ભાગમાં પૂજ્યશ્રીએ પ્રથમ ચાર અષ્ટકના સારને પ્રસ્તુત કરેલો પરંતુ જિજ્ઞાસુ આત્માઓને તમામ અષ્ટકોનો સાર ઝડપથી મળી રહે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ હતા અને પ્રથમ ભાગના વિમોચન બાદ આશરે બે માસના ટૂંકા ગાળામાં પૂજ્યશ્રીએ તેઓશ્રીના સતત ઉગ્ર વિહાર વચ્ચે મુળ ગ્રંથ અને ટીકાના આધારે અન્ય ત્રણ અષ્ટકોનો સાર તૈયાર કરી લીધો અને સર્વેની શુભેચ્છા અને સહકારની લાગણીથી આ પુસ્તકના બીજા ભાગમાં પાંચ, છ અને સાતમાં અષ્ટકના સારને સમાવવામાં આવેલ છે જેના અભ્યાસથી સાચા આત્માર્થી જીવની દ્રષ્ટિ બદલાયા વિના નહીં રહે.

આ પ્રિન્ટીંગની કાર્યવાહીમાં અમીન આઝાદ કોમ્પ્યુટર ટાઈપ સેટીંગવાળાનો તેમજ આ સુંદર લખાણને સરસ રીતે ખૂબજ ટૂંકાગાળામાં પ્રિન્ટીંગ કરનાર શ્રી રીતેષભાઈ નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસવાળાનો પણ આ તકે અમો આભાર માનીએ છીએ.

જિનાજ્ઞા વિપરીત કે પૂજ્ય ગ્રંથકારના આશયથી વિપરીત નિરૂપણ ક્યાંય પણ થયું હોય તો હાર્દિક 'મિચ્છામિ દુક્કડં'.

પ્રકાશક : શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાબંર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ ટ્રસ્ટ

# આત્માના અનુભવ માર્ગનો પ્રકાશ એટલે

# જ્ઞાનસાર-(જ્ઞાનમંજરી)

ન્યાયવિશારદ મહોપાધ્યાય યશોવિજય મહારાજશ્રીએ સ્વ-પર આગમમાં ડૂબકી મારીને જે આગમ રહસ્યો પ્રાપ્ત કર્યા અને જ્યારે આત્માનુભવ યોગીમહારાજશ્રી આનંદઘનયોગીના સમાગમ પછી જે આત્માનુભવની તેમનામાં જે દિશા ખૂલી અને અનુભવરસનું જે પાન કર્યું તેનો નિચોડ તેમણે આ "જ્ઞાનસાર"માં ઠાલવ્યો છે.

"જ્ઞાનસાર" ગ્રંથ એટલે આગમરૂપ સાગર-જ્ઞાનસ્વરૂપ ગાગરમાં જાણે ફેરવાયો ન હોય ? વ્યવહાર-નિશ્ચયનાં સમન્વયની અદ્ભૂત કળાનાં કૌશલ્યનું નિરૂપણ. આગમ ખજાનાના તત્ત્વરત્નોની જાણે "જ્ઞાનસાર" ખાણ ન હોય ? એવા ગ્રંથ પર અનેક મહર્ષિઓએ ટીકા, વિવેચન, પદ્ય, ગદ્યાદિ અનેક ખેડાણો કર્યા છે. તેમાં સૌ પ્રથમ ટીકા મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ પછી તરત થયેલા અનુભવયોગી પૂ. શ્રી દેવચંદ્રજી મહારાજે "જ્ઞાનમંજરી ટીકા" નામની રચના કરી અને તેમાં તેમણે પૂજ્ય મહોપાધ્યાય યશોવિજયજી મહારાજના "અનુભવયોગ અને વ્યવહાર-નિશ્ચય"ની વાતને સ્પષ્ટ-સરળ રીતે પ્રગટ કરવાનો અભૂતપૂર્વ પ્રયાસ કર્યો છે.

આવા અદ્ભૂત ખજાનારૂપ જ્ઞાનસારનો રસિયો કયો જ્ઞાનિ પુરુષ ન બને ? મારા પરમ ઉપકારી ગુરુદેવ પૂ. આચાર્યદેવશ્રીમદ્ વિજય રાજશેખરસૂરિજી મહારાજ કે જેઓ મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજના અતિ કઠિન ગ્રંથ "ગુરુતત્ત્વ વિનિશ્ચય" તથા પૂ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજના "યોગબિંદુ" આદિ અનેક ગ્રંથોનો સરળ ભાષામાં ભાવાનુવાદ કરવા વડે જિનશાસન પર ઘણો ઉપકાર કરી ગયા છે. એવા પૂજ્ય ગુરુદેવશ્રીને આ "જ્ઞાનસાર" ગ્રંથ અત્યંત પ્રિય હતો અને શરીરની પ્રતિકૂળતા અને રોગના મહાહુમલાઓ વચ્ચે પણ તેઓએ તેને અંતિમ સમય સુધી આત્મસાત કરી અંતે સિધ્ધક્ષેત્રમાં પંડિત મૃત્યુને વર્યા હતા. તેમની જ્ઞાનસાર પ્રત્યેની લગન અને ફળશ્રુતિ જોઈ મને પણ આ જ્ઞાનસાર ગ્રંથ પર ખેડાણ કરવાનો ઉલ્લાસ

જાગ્યો અને મેં ભીવંડી - ભીડભંજન પાર્શ્વનાથ દાદાની શીતલ છાયામાં મારા પૂ. આચાર્ય ગુરુદેવશ્રી રાજશેખરસુરિજી મહારાજના સાનિધ્યમાં, પૂ. આચાર્ય નિસ્પૃહ શિરોમણી હીરસૂરિજી મહારાજ તથા તપોનિધિ આચાર્ય દાદા પૂ. ગુરુદેવશ્રી લલિતશેખરસૂરિજી મહારાજની કૃપા આશીર્વાદના બળે "જ્ઞાનમંજરી ટીકા" પર સૌપ્રથમ શ્રાવકોને સાતમા અષ્ટક સુધી વાંચના આપવાનું થયું. તેમાં આંશિક અનુભવ દ્રષ્ટિ ખુલતા તે જ ગ્રંથ પર સુરેન્દ્રનગર તથા સિદ્ધક્ષેત્રમાં તથા રાજકોટ વર્ધમાનનગરમાં નવ અષ્ટક સુધી વારંવાર વાચના અપાઈ. તત્ત્વ જિજ્ઞાસુઓને આ વાચના અતિપ્રિય લાગતા. સુરેન્દ્રનગરના ટ્રસ્ટીશ્રી પ્રદીપભાઈ તથા બીજા આરાધકોએ આ વાચના પુસ્તકરૂપે છપાય તો અનેક આત્માનુભૂતિના જિજ્ઞાસુઓને લાભકારક થાય તેવું જણાવતા અને તે માટે તેઓનો અતિઆગ્રહ થતાં આ પુસ્તક છપાવવા નિર્ણય કર્યો. પુસ્તકની પ્રેસકોપી કરવામાં સાધ્વીશ્રી કૈવલ્યરત્નાશ્રીજી તથા શ્રાવિકા બિન્દુબેનનો મહત્ત્વનો ફાળો છે. તેને ટાઈપ કરાવવાદિ બાકીના કાર્યમાં (સુરેન્દ્રનગરના) મિલિન્દભાઈ, રાજકોટના કમલેશભાઈ દામાણી તથા નીતિનભાઈ ચોકસીએ ઘણી જહેમત ઉઠાવી તથા પ્રૂફ રીડીંગમાં છ માસક્ષમણના તપસ્વી મુનિ ઈન્દ્રશેખરવિજયજીએ સહાય કરી. આમ ઘણાં મહાનુભાવોની સહાયથી આ પુસ્તક તૈયાર થયું છે.

મારામાં કોઈપણ પ્રકારની યોગ્યતા કે વિદ્વત્તા ન હોવા છતાં બાલ્યભાવે પ્રયત્ન થયો છે. આમાં જે કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તેને વાચકવર્ગ સુધારીને વાંચે તથા ક્ષતિઓને મારા ધ્યાન પર લાવવા પ્રયત્ન કરે તેવી વિનંતી છે જેથી ભવિષ્યમાં તે સુધારવાનો પ્રયાસ થઈ શકે.

જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો ક્ષમા કરશો.

**– આચાર્ય રવિશેખરસૂરિ**

માગસર – સુદ ૨,
વિર સંવત – ૨૦૭૨ તા. ૧૦–૨–૨૦૧૬
સિધ્ધક્ષેત્ર – નિલમવિહાર, પાલીતાણા.

# "જ્ઞાનસાર"

અર્થાત્

# આગમનો સાર

અર્થાત્

# આત્માનો સાર

અર્થાત્

# આત્માના અનુભવની વાત.....

**<u>ગ્રંથકાર :</u> મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ**

**<u>ટીકાકાર :</u> પૂ. દેવચંદ્રજી મહારાજ સાહેબ**

**<u>વાચના દાતા :</u> પૂજ્ય ભવોદધિતારક વિજય રવિશેખરસૂરીજી મહારાજ**

આ ગ્રંથનાં ટીકાકાર મહર્ષિ પરમ પૂજ્ય શ્રી દેવચંદ્રજી મ.સા. નો સામાન્ય પરિચય કરીએ, તેઓએ ૧૦ વર્ષની ઉંમરે ચારિત્ર ગ્રહણ કર્યુ હતું. એમની અમોઘ એવી દેશના સાંભળવા ધરણેંદ્ર દરરોજ ૪ મહિના સુધી બ્રાહ્મણનું રૂપ કરીને આવતા હતા અને ચાર મહિનાને અંતે ધરણેન્દ્ર પ્રગટ થયા અને તેમના પ્રવચનની પ્રશંસા કરી અને 'વરદાન' માંગવાનું કહ્યું, ત્યારે તે નિઃસ્પૃહ શિરોમણી મહાત્માએ કહ્યું કે જો આપ મારા ઉપર ખરેખર પ્રસન્ન થયા હો તો 'હું સદાયે મારા શુદ્ધ ઉપયોગમાં રમતો રહું' - એવું વરદાન આપો. પૂજ્ય દેવચંદ્રજી મહારાજ સાહેબનો જન્મ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા. ના કાળધર્મ પામ્યા પછી થયો હતો. હાલમાં તેઓ 'કેવલી' તરીકે મહાવિદેહમાં વિચરી રહ્યા છે.

તેઓશ્રીનું જ્ઞાન નિશ્ચય 'સાપેક્ષ' મનાય છે, અર્થાત્ સર્વજ્ઞપ્રણીત વ્યવહાર નિશ્ચયથી યુકત છે તેને સચોટ પૂરવાર કરનાર છે. એમણે સરસ્વતી દેવીની આરાધના કરીને તેમને પ્રસન્ન કર્યા હતા.

આવા મહર્ષિના પરમ પાવનીય એવા ગુણોને નમસ્કાર કરીને મંગલાચારણ કરીને હવે જ્ઞાનસાર પર વાચના અર્થાત્ સમજવાની શરૂઆત કરશું તેમજ બીજા ભાગમાં ત્રણ અષ્ટકની વિશેષતા જાણશું.

**પાચમું જ્ઞાનાષ્ટક** : જ્ઞાનાદિ ત્રણ અષ્ટકની વિશેષતા ગ્રંથકારશ્રીએ જ્ઞાનસારમાં દરેક શ્લોકમાં સમગ્ર આગમનો સાર ઠાલવવાની અદ્ભૂત કળા વ્યક્ત કરી છે.

સાધનામાં સૌથી ઉચ્ચતર સ્તરની સાધના 'મોક્ષ' પદની કહેવાય. તેની સિદ્ધિ માટે જ્ઞાનની પ્રધાનતા છે. દુષ્કર એવા મોક્ષસાધ્યની સિદ્ધિ માટે વિશાળ જ્ઞાનની જરૂર નથી પણ અલ્પજ્ઞાન મોક્ષપદને સિદ્ધ કરવા સમર્થ બને છે. તે વાત પૂ. મહોપાધ્યાય શ્રીએ જ્ઞાનાષ્ટકના 'નિર્વાણપદ'માં મુકીને મુમુક્ષુઆત્માઓને મોક્ષપદ માટે ઉત્સાહિત કરવાનું પ્રેરકબળ પુરું પાડે છે.

તત્ત્વામૃતરૂપ એક પદનું પણ જ્ઞાન જો વારંવાર ઘુટવામાં આવે તો 'માષ-તુષ' જેવા જડબુદ્ધિવાળાને પણ મોક્ષની પ્રાપ્તિ સહેલી બની જાય છે. જે જ્ઞાન મોહને મારવા સમર્થ બને તે અલ્પજ્ઞાન પણ અમૃતરૂપ બને છે. અભવ્યોનું ૯ પૂર્વનું પણ જ્ઞાન જે મોહને મારવા સમર્થ બનતું નથી તો તેવા વિશાળજ્ઞાનની પણ કોઈ કિંમત નથી. પ્રસ્તુત અષ્ટકમાં ટીકાકાર શ્રી દેવચંદ્રજી મ. પણ સ્પષ્ટ ફરમાવે છે–

**किं बहुतरेण जल्पज्ञानेन ?**

**भावनाज्ञानं स्वल्यमप्यमृतकल्यमनादिकर्मरोगापगमक्षमम् ।**

**છઠ્ઠું શમાષ્ટક** : જ્ઞાનાષ્ટક પછી શમાષ્ટક જણાવીને મહોપાધ્યાય યશોવિજયજીએ અમૃતજ્ઞાનનું અનન્તરફળ શમ (સમતા) બતાવ્યું છે.

**विकल्य विषयोत्तीर्णं : स्वभावालम्बनः सदा ।**

મોહજન્ય વિકલ્પોથી રહિત અને સ્વભાવાલંબનરૂપ સમતા શમની આ વ્યાખ્યા કરીને ગ્રંથકારશ્રીએ તેમની પ્રૌઢપ્રતિભા અને તાત્પયાર્થને આંબવાની કુશળતા ઝળકાવી છે.

**સાતમું ઈન્દ્રિયજયાષ્ટક** : સમતા આત્માનો સ્વભાવ હોવા છતાં આત્મા સ્વભાવમાં રહી શકતો નથી. તેનું કારણ ગ્રંથકારશ્રીએ શોધીને તેની સુંદર રજૂઆત રૂપે ઈન્દ્રિયજયાષ્ટક રચ્યું છે. ઈન્દ્રિયોનો ખોરાક, વિષયોનો અભિલાષ તેના વડે ઈન્દ્રિયો કદી તૃપ્ત થઈ નથી. તેથી ઈન્દ્રિયોની અતૃપ્તિરૂપ વિષયતૃષ્ણાથી વ્યાકુળ આત્માને ઉદ્દેશીને **'भवतुप्त अन्तारात्मना'** ગ્રંથકારશ્રીનું આ એક જ વચન અનાદિ વિષયતૃષ્ણાનો અંત લાવવા પર્યાપ્ત છે. જ્યારે ટીકાકારશ્રીએ તેના તાત્પયાર્થને ટીકામાં રજૂ કરીને કમાલ કરી છે.

**अन्तरात्मना आत्मानोडन्तर्गतेन स्वरूपेण तृप्तो भव ।**

**स्वरूपालम्बनमन्तरेण न तृष्णाक्षयः**

આત્માના સ્વરૂપના આલમ્બન વિના તૃષ્ણાનો ક્ષય શક્ય નથી.

# અનુક્રમણિકા


| અષ્ટક | પાના નં. |
|---|---|
| **પમું જ્ઞાનાષ્ટક** | **૧૧** |
| ● જ્ઞાનઅષ્ટક શા માટે ? | ૧૧ |
| ● જ્ઞાનનું લક્ષણ શું ? | ૧૧ |
| ● જ્ઞાનના બે પ્રકાર | ૧૨ |
| ● જ્ઞાનના ભેદ | ૧૨ |
| ● જ્ઞાનના ચાર નિક્ષેપા | ૧૪ |
| ● નયના સાત પ્રકાર વડે જ્ઞાનની સમજ | ૧૫ |
| ● પાંચ ઈન્દ્રિયોના વિષયોનું સેવન શા માટે ? | ૨૧ |
| ● સાધુથી પરમાત્માની આંગી જોવા જવાય ? | ૨૨ |
| ● મન અસ્થિર કેમ છે ? | ૨૪ |
| ● ધગધગતી શિલા ઉપર શીતલતાનો અનુભવ કોણ કરી શકે ? | ૨૪ |
| ● મુનિઓ પરિષહ ઉપસર્ગમાં પણ આનંદિત કેમ ? | ૨૫ |
| ● જ્ઞાનના ત્રણ પ્રકાર | ૨૬ |
| ● તપની વ્યાખ્યા શું ? | ૪૨ |
| ● જ્ઞાન કેવી રીતે ભણવાનું છે ? | ૫૧ |
| ● મુનિની સ્થિતિ કેવી હોય ? | ૫૯ |
| ● મુનિ માટે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ચર્યા કઈ ? | ૬૦ |
| ● મુનિની પ્રધાન સાધના શું ? | ૬૨ |
| ● સ્વદ્રવ્ય એટલે શું ? | ૬૩ |
| ● ધર્મનો મહિમા કેમ વધે ? | ૬૬ |
| ● ગુરુની કૃપા અને અવહેલનાનું ફળ | ૮૪ |

- ગુરુ શિષ્યને શા માટે અનુકૂળ થાય ? ૮૮
- ગ્રંથિભેદનું સ્વરૂપ ૯૦
- નિભયતા કઈ રીતે પ્રગટ થાય ? ૯૫
- જ્ઞાન અમૃત સ્વરૂપ ૯૬

**છઠ્ઠું શમાષ્ટક** **૯૯**

- દ્રવ્યથી સમના ભેદ ૯૯
- ભાવથી સમના ભેદ ૧૦૦
- આત્માના પરિણામ પર બંધનો આધાર કઈ રીતે ? ૧૦૨
- આત્મા અશાંત કેમ ? ૧૦૭
- જિનની આજ્ઞા કઈ ? ૧૦૮
- ચારિત્રનો પરિણામ આત્મામાં કઈ રીતે પ્રગટ થાય ? ૧૦૮
- વ્યવહારથી ચારિત્ર બે પ્રકારે ૧૦૯
- યોગના પાંચ પગથિયા ૧૧૧
- ધર્મ કરવા વડે કોને કેવા પ્રકારનું ફળ મળે ? ૧૧૨
- અધ્યાત્મ યોગ કોને કહેવાય ? ૧૧૩
- મનની સમાધિ શું ? ૧૧૯
- મોક્ષના બે પ્રકાર ૧૨૬
- રુચિનો પરિણામ કેવો હોય ? ૧૩૬
- ગ્રંથિભેદની ઓળખ અને ઉપાય ૧૩૯
- પરમાત્માની ભકિત ઉત્તમ દ્રવ્યથી શા માટે કરવાની ? ૧૪૧
- ત્રણ પ્રકારે મુંડન ૧૪૧
- ધ્યાનના ચાર પ્રકાર ૧૫૨
- ધર્મ–ધ્યાનના ચાર પ્રકાર ૧૫૩
- રાત્રિ ભોજન કેમ ન કરાય ? ૧૫૬
- આત્માનુભાવ કયારે થાય ? ૧૫૭

- ભાવદયા કોને કહેવાય ? ૧૬૦
- દયાની ચતુર્ભંગી ૧૬૪
- આત્મા કયા કારણે પરિભ્રમણ કરે છે ? ૧૬૫
- કયોત્સર્ગના બે પ્રકાર ૧૭૨
- ગુરુકુળવાસ શા માટે ? ૧૭૩
- પુદ્ગલનું સુખ દુઃખરૂપ શા માટે ? ૧૭૫
- જગતનું સ્વરૂપ ૧૭૭
- સાધુપણાનો મહિમા ૧૮૦
- ધન મેળવવા શું કરાય ? ૧૯૨
- સુત્ર કઈ રીતે ભણવાના ? ૧૯૪
- મુનિને મહારાજા કેમ કહેવાય છે ? ૧૯૮

**૭મું ઇન્દ્રિજય અષ્ટક** **૧૯૯**

- આત્માની પીડા શું ? ૨૦૬
- વિકાર કેમ થાય છે ? ૨૧૨
- તૃષ્ણા એટલે શું ? ૨૧૩
- બહિરાત્મા–અંતરાત્મા–પરમાત્મા ૨૧૯
- શુદ્ધ ધર્મનો પ્રભાવ ૨૩૪
- જિનપૂજા શા માટે ? ૨૩૫
- વિકલ્પો કોના વિરામ પામે ? ૨૩૮
- ક્રોધના ચાર પ્રકાર ૨૩૮
- જીવ સિદ્ધ કઈ રીતે થાય ? ૨૪૨
- વંદના શા માટે કરવાના છે ? ૨૪૪
- સંયમ જીવનમાં મેળવેલું આત્માનું સુખ કેવું હોય ? ૨૪૬


OOO

# • ૫મું અષ્ટક •

## જ્ઞાનાષ્ટક

**ગાથા – ૧ :**

**મજ્જત્યજ્ઞ: કિલાજ્ઞાને વિષ્ટાયામિવ શૂકર:**
**જ્ઞાની નિમજ્જતિ જ્ઞાને, મરાલ ઈવ માનસે ॥૧॥**

**ગાથાર્થ :** જેમ ભૂંડ વિષ્ટામાં મગ્ન બને છે, તેમ સ્વ–પરના વિવેકથી રહિત એવો અજ્ઞાની જીવ પુદ્ગલ દ્રવ્યમાં મશગૂલ બને છે. જેમ હંસ માનસરોવરમાં અત્યંત મશગૂલ બને છે. તેમ સ્વપરના વિવેકવાળો જ્ઞાની જીવ જ્ઞાનમાં અતિશય લીન બને છે.

● **જ્ઞાન અષ્ટક શા માટે ?**

આત્મામાં પૂર્ણતા રહેલી છે. એ પૂર્ણતા ક્યારે પ્રગટે ? જ્યારે આત્મામાં મગ્ન થાય ત્યારે. આત્મામાં મગ્ન ક્યારે બને ? સ્થિરતા પ્રાપ્ત થાય ત્યારે સ્થિરતા ક્યારે આવે ? મોહનો ત્યાગ થાય ત્યારે. એ મોહનો ત્યાગ જ્ઞાનથી થાય માટે પાંચમું જ્ઞાન અષ્ટક કહ્યું છે.

અજ્ઞાની મોહથી વ્યાપ્ત છે. તત્ત્વજ્ઞાન વિના આત્મા મોહને જાણી શકતો નથી. તત્ત્વજ્ઞાનથી મોહ સમજાય અને તેનાથી મોહનો નાશ થાય. तत्त्वावबोधात् अपयाति मोहः । તત્ત્વના અવબોધથી મોહનો નાશ થાય.

● **જ્ઞાનનું લક્ષણ શું ?** જગતમાં જે પદાર્થ જે રીતે છે તે રીતે તેને જાણવું.

જગતમાં જે વસ્તુઓ જે સ્વરૂપે છે તે રીતે જાણવાની શક્તિરૂપે જ્ઞાન (કેવળજ્ઞાન) આત્મામાં રહેલું છે. પણ કર્મના આવરણના લીધે એનો પ્રકાશ આપણને પૂર્ણ અનુભવાતો નથી. જેમ આકાશમાં સૂર્ય છે તે સવાર–બપોર–સાંજે એક સરખો જ પ્રકાશવાળો છે, છતાં તેના પર વાદળ કે વાતાવરણ કે અન્ય કોઈ આવરણ આવે એટલે પ્રકાશમાં ફેર પડી જાય છે. તેમ આત્મામાં કેવળ જ્ઞાન રૂપી સૂર્યનો ઝગમગાટ એક સરખો જ છે, પરંતુ મોહરૂપી આવરણના કારણે પ્રકાશમાં ફેર પડે છે.

- **જ્ઞાન બે પ્રકારે છે :**– સામાન્ય, વિશેષ.

દરેક વસ્તુમાં બે ધર્મો રહેલાં છે. સામાન્ય, વિશેષ. સામાન્ય બોધ થાય તેને દર્શન કહેવાય. વિશેષ બોધ થાય તેને જ્ઞાન કહેવાય.

દા.ત. શાકમાર્કેટમાં ગયા ને કોઈએ પૂછ્યું કે તું શું જોઈ રહ્યો છે ? તો જવાબ મળે કે શાક. તે સામાન્ય જ્ઞાન છે. પછી જાતિથી – નામથી એમ વિશેષ બોધ થાય. દા.ત. દૂધી, ગલકા, ગુવાર, ભીંડા વગેરે.

આપણામાં ને કેવલીમાં જ્ઞાન થવામાં ભેદ છે. છદ્મસ્થને પ્રથમ સામાન્ય બોધ થાય અને પછી વિશેષ બોધ થાય. આથી ઇંદ્રિયો અને મન રૂપ સાધનની જરૂર પડે છે. કેવલીને સાધનની જરૂર નથી માટે તેમને પ્રથમ વિશેષ જ્ઞાન થાય છે. પછી સામાન્ય જ્ઞાન થાય છે.

- **જ્ઞાનના બે ભેદ :**– જ્ઞાનના દ્રવ્ય અને ભાવ એમ બે ભેદ છે.

**દ્રવ્યજ્ઞાન :** પુસ્તકની અંદર જે અક્ષર – લીપિ – શબ્દરૂપે રહેલું છે તે દ્રવ્યજ્ઞાન. શબ્દો વાંચવા, ભણવા, તેના પર પ્રશ્નો કરવા, તેનું પરાવર્તન કરવું – અનુપ્રેક્ષા કરવી ને ધર્મકથા કરવી એ બધું પણ દ્રવ્યજ્ઞાન જ કહેવાશે.

**ભાવજ્ઞાન :** શબ્દજ્ઞાન જ્યારે ઉપયોગની પરિણતિરૂપે થાય ત્યારે તે ભાવજ્ઞાન છે. તે જ્ઞાનની અનુભૂતિ રૂપે છે. જ્ઞાનનું ફળ વિરતિ છે. જેમ જેમ આત્મામાં જ્ઞાન પરિણત થતું જાય તેમ તેમ મોહ દૂર થતો જાય અને જ્ઞાનનું ફળ વિરતિ અને સમતા તેનામાં આવે.

*'જ્ઞાનકળશ ભરી આતમા સમતા રસ ભરપૂર'.*

આત્મામાં જેમ જેમ જ્ઞાન પરિણામ પામશે તેમ તેમ આત્મામાં સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્રનો પરિણામ આવશે. દા.ત. રસ્તામાં જતાં પગ નીચે જીવ આવી જાય તો દયાનો – પશ્ચાતાપનો પરિણામ આવે તે સંવેદના છે. અભવ્યના આત્મામાં અનુકંપા નિર્વેદ આદિનો ભાવ આવે નહિ. ૯ પૂર્વનું જ્ઞાન હોવા છતાં તે આત્મા ભાવ વિનાનો હોય. જ્ઞાન મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ એમ પાંચ પ્રકારે છે.

પ્રથમ ત્રણ જ્ઞાન અજ્ઞાન રૂપે પણ છે. મતિમાં મિથ્યાત્વ ભળે ત્યારે તે મતિઅજ્ઞાન બને છે. શ્રુતમાં મિથ્યાત્વ ભળે ત્યારે તે શ્રુત અજ્ઞાન બને છે અને તે પ્રમાણે અવધિજ્ઞાનમાં મિથ્યાત્વ ભળે તો તે વિભંગજ્ઞાન બને છે. મિથ્યાત્વનો નાશ થયા પછીનું જ્ઞાન શુદ્ધ જ્ઞાન છે. અર્થાત્ જેટલા અંશે મિથ્યાત્વ દૂર થાય તેટલા અંશે જ્ઞાન શુદ્ધ થાય.

મિથ્યા દર્શનોમાં પણ મિથ્યાત્વથી વાસિત મતિ–શ્રુત–અવધિજ્ઞાનને કુજ્ઞાન કહ્યું છે. કારણ કે તે જ્ઞાન મોહનો ત્યાગ કરાવી શકતું નથી. સમ્યગ્ દર્શન થાય ત્યારે અનંતાનુબંધી કષાયોનો તથા મિથ્યાત્વનો (મોહ) ક્ષય કે ક્ષયોપશમ કે ઉપશમ થાય છે.

મિથ્યાદષ્ટિ બહારથી ગમે તેટલો શાંત હોય, સંતોષી હોય તો પણ તેનું જ્ઞાન વિરતીની ભાવનાવાળું જ્ઞાન નથી તેથી ગમે ત્યારે ભડકો થતાં વાર ન લાગે. દા.ત. અગ્નિશર્મા તાપસે માસક્ષમણના પારણે માસ ક્ષમણ એમ લાખો માસક્ષમણ કર્યા. બહારથી શાંત અને સંતોષી છતાં નિમિત્ત મળતાં તેણે ગુણસેનને ભવોભવ મારનારો બનું એવું નિયાણું કર્યું એટલે અંદર અનંતાનુબંધી કષાય ભર્યો હતો.

કાનથી જે શબ્દ સંભળાય તે સામાન્ય જ્ઞાન, જ્યારે એનો અર્થ થાય ત્યારે તે વિશેષ બોધ થાય. આત્માનું વિશેષ લક્ષણ તે જ્ઞાન છે. આત્મા અરૂપી છે માટે રૂપ અને આકારથી તે બતાવી શકાય તેમ નથી. પણ પોતે આત્મા છે

તે જ્ઞાનના આધારે બોધ થાય છે. જ્ઞાન આત્મામાં રહેલું છે એટલે આત્મા જ્યારે શરીરમાંથી નીકળી જાય પછી ઈંદ્રિયો કે શરીર દ્વારા જ્ઞાન થતું નથી. જીવ દ્રવ્યમાં જ્ઞાન અવશ્ય હોય છે અને તે સિવાયના અન્ય દ્રવ્યોમાં જ્ઞાન હોતું નથી, માટે તે અજીવ કહેવાય છે. જ્ઞાન આત્માનું વિશેષ લક્ષણ છે અને જ્ઞાનને સાચી રીતે સમજવા ચાર નિક્ષેપા અને સાત નયથી સમજવું પડે છે.

- **જ્ઞાનનાં ચાર નિક્ષેપા :**

**૧. નામ નિક્ષેપો –**

'જ્ઞાન' આવા પ્રકારનો શબ્દપ્રયોગ કરવો તે. દા.ત. 'જ્ઞાન મુનિ' તે જ્ઞાનનો નામ નિક્ષેપો.

**૨. સ્થાપના નિક્ષેપો –**

સિદ્ધચક્રાદિ પટમાં (માડલામાં) 'જ્ઞાન' આલેખન કરવું. તે સ્થાપના નિક્ષેપો.

**૩. દ્રવ્ય નિક્ષેપો –**

દ્રવ્ય જ્ઞાનનાં બે ભેદ – (૧) આગમથી અને નો આગમથી. આગમથી દ્રવ્યજ્ઞાન એટલે જ્ઞાન પદનો આગમ પ્રમાણે અર્થબોધ હોય પરંતુ પ્રરૂપણા કરતી વખતે તે પ્રમાણે ઉપયોગ ન હોય ત્યારે તે દ્રવ્યથી જ્ઞાન કહેવાય અને તેવા અનુપયુક્ત જ્ઞાનીની અનુપયોગવાળી અવસ્થાને નો આગમથી દ્રવ્યજ્ઞાન જાણવું. અહીં જ્ઞાન અને જ્ઞાનીની ભેદ વિવક્ષા કરીને જ્ઞાનને આગમ અને જ્ઞાનીને નો આગમથી દ્રવ્યજ્ઞાન કહેલ છે. તથા પુસ્તકમાં લખેલા શ્રુતજ્ઞાનને પણ નો આગમથી દ્રવ્યજ્ઞાન જાણવું નો શબ્દ દેશવાચી છે, અથવા વાચના, પૃચ્છના, પરાવર્તના, ધર્મકથા અને અનુપ્રેક્ષારૂપ પાંચ પ્રકારનો સ્વાધ્યાય. તે સ્વાધ્યાયથી રહિત એવા આત્માનું જે જ્ઞાન તે પણ નો આગમથી દ્રવ્ય જ્ઞાન છે.

**૪. ભાવ નિક્ષેપો :**

જે જ્ઞાન ઉપયોગ વાળું હોય તે. અર્થાત્ જે જ્ઞાનમાંથી મિથ્યાત્વ દૂર

થાય તે જ્ઞાન આત્મ પરિણિતિવાળું બને તે મતિ આદિ પાંચ પ્રકારે છે. મિથ્યાત્વ મજબૂત હોય તો સત્યનો પક્ષપાત ન હોય. મિથ્યાત્વ મંદ થયું હોય તો તે પ્રશ્નો પૂછે આમ કેમ ? એમનામાં શંકા ઉભી રહે. ખોટાને સ્વીકારી ન લે. વ્યવહારને ન છોડો. કર્મલઘુતા એનાથી જ થવાની છે. ભમતાં ભમતાં અકામ નિર્જરાથી અને દ્રવ્યક્રિયાથી પણ કર્મલઘુતા થાય છે.

- **નયના ૭ પ્રકાર વડે જ્ઞાનની સમજ :–**

### ૧) નૈગમનય

નૈગમનય ઉપચાર ગ્રાહી છે. તે કારણમાં કાર્યનો ઉપચાર કરે છે. આથી વક્તાનાં મુખ વડે ઉચ્ચાર રૂપ મૂકાતા ભાષાવર્ગણાનાં સ્કંધોને નૈગમનય જ્ઞાન કહે છે. વક્તાની ભાષા જ્ઞાનનું કાર્ય કરે છે. તેથી જ્ઞાનનાં કારણભૂત ભાષાવર્ગણાનાં સ્કંધોને પણ જ્ઞાન તરીકે માને છે.

### ૨) સંગ્રહનય –

સમૂહમાં સ્વીકારે છે. આથી જ્ઞાન સર્વ જીવોમાં રહેલું છે. વિપરીત જ્ઞાન પણ જ્ઞાનાત્મક છે. તેથી જ્ઞાન કે અજ્ઞાન ચેતનાત્મક છે. તેથી સંગ્રહનયમતે મિથ્યાદષ્ટિનાં જ્ઞાનને પણ ચેતનાત્મક જ્ઞાન તરીકે સ્વીકારે છે.

### ૩. વ્યવહારનય –

પુસ્તક – પાટી, પ્રત તાડપત્રાદિમાં લખેલું તેને વ્યવહારથી જ્ઞાન માને. આત્મામાં જ્ઞાન પ્રગટાવવામાં તે નિમિત કારણ છે.

### ૪. ઋજુ સૂત્રનય –

જે વિષય જાણવામાં આવ્યો તે વિષયનાં જાણવાપણાની પરિણાત્મક જે વિચાર ધારાને જ્ઞાન કહે છે. વસ્તુત્વને જાણવાનાં પરિણામ સ્વરૂપ જ્ઞાન અહીં જ્ઞાન કાર્યરૂપ છે માટે ઋજુ સૂત્રનય.

### ૫. શબ્દનય –

સ્યાદ્વાદ ધર્મથી યુક્ત એવું જે જ્ઞાન. ક્યારેક દ્રવ્યાર્થિક નયની પ્રધાનતાવાળું ક્યારેક પર્યાયાર્થિકનયની પ્રધાનતા વાળું જે સ્વપર પ્રકાશક – આત્મહિત કરવાનાં ભાવનાથી યુક્ત જ્ઞાનને શબ્દનય જ્ઞાન કહે છે.

### ૬. સમભિરૂઢનય –

સર્વ પ્રકારની વસ્તુને જાણવાની જ્ઞાન શક્તિ, તેને સમજાવવા માટેની વચન શક્તિ અને તે તે વસ્તુમાં રહેલ પર્યાય પામવાની શક્તિ એમ ત્રણે પ્રકારની શક્તિનાં સમન્વયપૂર્વકની પ્રવૃતિવાળું જે જ્ઞાન છે તેને જ જ્ઞાન કહેવાય. સ્વ–પરને પ્રકાશિત કરે તે જ જ્ઞાન સાચું કહેવાય. સ્યાદ્વાદથી યુક્ત જ્ઞાન જ જ્ઞાન બને. એકને માને ને એકને ન માને તેને સ્યાદ્વાદ ન માને. મયણાનું જ્ઞાન બધા નયો દ્વારા જાણેલું હતું માટે અપૂર્વ વિશાળ બન્યું.

### ૭. એવંભૂતનય –

એવંભૂતનય પૂર્ણ હોય તો જ જ્ઞાન કહેશે. ૧૪ પૂર્વીને જ શ્રુતજ્ઞાની કહેશે. ૧૦પૂર્વીના જ્ઞાનને જ્ઞાન ન કહે. કેવળજ્ઞાનને જ જ્ઞાન કહે. બીજા કોઈ પણ જ્ઞાનને એ જ્ઞાન નહીં કહે. આપણે એવંભૂત નયને જ પકડવો પડે.

જ્યારે કેવળજ્ઞાન થાય ત્યારે જ કહેવાય કે જ્ઞાન થયું છે. તો ગર્વ ન આવે. કારણ કેવળજ્ઞાનની સામે બાકીના ૪ જ્ઞાન તો અંશમાત્ર છે. માટે જ પૂર્ણતાનું લક્ષ રાખવાનું છે. નહિ તો હું ૭ નયને જાણનારો છું એમ ગર્વ આવે અને નયની યુક્તિઓ દ્વારા વાદમાં બીજાને હરાવી દે. આપણી પાસે સત્તાએ કેવળજ્ઞાન છે તેનો સ્વીકાર કરતાં નથી ને જરાતરા આવડ્યું તો ગાતો ફરશે કે મને આટલું આવડે છે. સર્વજ્ઞ કથિત નિશ્ચય નહીં હોય તો અટકી જશે અને અટવાઈ જશે. માત્ર અટકી જાય તો વાંધો નહિ પણ અટવાઈ જાય તો ત્યાં વાંધો આવે.

જ્ઞાન જો મોહનો ત્યાગ કરાવે તો જ જ્ઞાન બને પણ મોહને વધારે તો જ્ઞાન અજ્ઞાન સ્વરૂપ જ છે. આત્માના સ્વસ્વરૂપને સમજાવે તે જ સમ્યક જ્ઞાન છે. સંસાર પર ઉદાસીન ભાવ આવે, વૈરાગ્યભાવ આવે તો જ સમ્યક જ્ઞાન છે. તે જ તારનારું છે. જે જ્ઞાનની હાજરીમાં રાગાદિ કષાયો ઉદયમાં આવે તે જ્ઞાન, જ્ઞાન જ નથી. "तज्ज्ञानमेव न भवति यस्मिन्नुदिते ते विभातिराग गण" (આચારંગ ટીકા).

જો સૂર્યોદય થાય ને અંધકાર રહે તો સૂર્યોદય થયો જ નથી. તે જ રીતે કેવળજ્ઞાન રૂપી સૂર્યોદય થાય તો મોહ અંધકાર પૂર્ણ મીટે જ. આત્માના સ્વભાવને પ્રગટ કરે તે જ તત્ત્વબોધ જ્ઞાન છે. તે જ મોક્ષમાર્ગનું મૂળ છે. માટે જ ज्ञानक्रियाभ्यां मोक्षः કહ્યું છે. જ્ઞાન તમામ ક્રિયામાં ભળવું જોઈએ તો જ જ્ઞાન નિર્જરાનું કારણ બને. આત્માને પોતાના આત્મા સિવાય કોઈ ઉપાદેય ન લાગવો જોઈએ. જગતના તમામ પદાર્થો પરથી ઉપાદેયતા હટી જાય, હેય પરિણામ આવે ત્યારે સમ્યગ્ દર્શન આવે. માત્ર આત્માના સ્વરૂપને જ જાણવું છે, એવો નિર્ણય થવો જરૂરી છે.

સંસારમાં બરાબર સેટ થઈ ગયા તે બરાબર ન લાગે. સારા લત્તામાં ઘર મળી જાય, હવા–ઉજાસ સારા હોય, આડોશી–પાડોશી સારા મળ્યા હોવા છતાં એ બધું ઠીક ન લાગે, એમાંથી સતત નીકળવાનું મન થાય તો સમ્યક દર્શન છે તેમ કહેવાય.

૭મા ગુણઠાણે જ્ઞાન–દર્શન–ચારિત્ર ત્રણેની એકતા હોય. જેવી શ્રદ્ધા–જ્ઞાન અને એને અનુરૂપ કાર્ય હોય તે ૭માં ગુણઠાણે હોય.

વર્તમાનમાં આપણે ડાળી–ડાળખાને પકડીએ છીએ, મૂળને પકડતા નથી. માટે તે પૂર્ણ જ્ઞાન બનતું નથી. રાગાદિ ભાવોનું કારણ બને છે. આપણે રૂપ આકાર પરથી વસ્તુનો નિર્ણય કરીએ છીએ, એ મોહનું કારણ છે. જેમ ધૂતારા બહારનું પેકીંગ સારું બનાવે તે જોઈ આપણે એમાં લલચાઈ ગયા. તેથી ધૂતારા ફાવી ગયા. તેમ મોહ પણ ફાવી જાય.

સાધુનું જીવન સતત જીવદયાપાલન રૂપ છે. તેથી તે દીક્ષા લઈ જ્યાં સુધી ષટ્જીવનિકાય સ્વરૂપ દશવૈકાલિકનું ૪થું અધ્યયન ન ભણે ત્યાં સુધી વડીદીક્ષા ન થાય. કારણ જ્ઞાનનું ફળ દયા અને દયાનું ફળ સંયમ છે. पढमं नाणं तओ दया। માટે પહેલા ભણવાની વાત મૂકી, માટે પાંચ પ્રકારના સ્વાધ્યાય છે. તે આત્મામાં સ્પર્શનારૂપ થાય, તો જ ભાવજ્ઞાન બને.

તમારી પાસે પૂંજણી હોય ? ન હોય તો ઘરમાં અવશ્ય રાખવી જોઈએ. અમારી પાસે સતત ઓઘો હોય જ તેનાથી સતત પૂંજવા–પ્રમાર્જવાનું થાય અને ઓઘો ન હોય તો ? તમે અમને ઉભા પણ રહેવા દો !

જ્ઞાની જગતને ભૂલી સ્વમાં મગ્ન બને છે. અજ્ઞાની સ્વને ભૂલી પુદ્ગલમાં મૂઢ બને. સ્વભાવ – વિભાવ શું ? એનું જ્ઞાન નથી તો ભણેલા હોવા છતાં અજ્ઞાની છે. જેમ ઝેર ભળેલો દૂધપાક પ્રાણ હરનાર બને છે તેમ મોહ ભળેલું જ્ઞાન મારનારું બને છે.

સર્વજ્ઞની દૃષ્ટિ પ્રમાણે ઉપયોગ ન મૂકો તો ઉપયોગ અશુધ્ધ છે. સમ્યક દર્શનના પરિણામ આત્મામાં હોય અને સર્વજ્ઞ સાથે ન હોય તેવું ન બને. કારણ સમ્યક દર્શન એ સર્વજ્ઞતાનું બીજ છે.

ભક્તિ કરવા દ્વારા પરમાત્માની ઉપાસના ખૂબ કરીએ છીએ. છતાં પરમાત્મા બહાર છે પણ જો તત્ત્વને પકડી લઈએ તો પરમાત્મા આપણામાં આવી ગયા.

દયા ધર્મનું મૂળ છે. સર્વજ્ઞની દૃષ્ટિ પ્રમાણે તમામ પદાર્થોનો વિચાર કરાય, જગતની દૃષ્ટિ પ્રમાણે ન કરાય.

આપણને પરમાત્મા મળી ગયાં છે. હવે આપણે વિચાર કરવાનો છે. પરમાત્મા શાંતિથી ભરેલા છે, સમાધિથી ભરેલા છે એટલે એનો અંશ આપણામાં આવવો જ જોઈએ.

અજ્ઞાનતામાં ડૂબવું એટલે શું ? મનગમતું સ્વાદિષ્ટ ભોજન મળી ગયું તેમાં મૂઢ બની ગયા. અપૂર્વ સ્વાદનો અનુભવ થાય ત્યારે પોતાની જાતને સુખી

માને એમાં સુખ નથી પણ એમાં સુખની માન્યતા કરી તે અજ્ઞાનમાં ડૂબવું. તમે ખુશમિજાજમાં હો ને સમાચાર મળે કે ભાઈ ગયા ! તો તમે આનંદમાં રહી શકો ? ના, તો તેમાં સુખ હતું તે ક્યાં ગાયબ થઈ ગયું ?

સર્વજ્ઞની દષ્ટિમાં જ્યાં સુખ નથી ત્યાં સુખ માન્યું માટે એ અજ્ઞાનતા છે. વ્યવહાર અને નિશ્ચય ભેગાં ન ચાલે તો ડૂબવાનું છે.

વૈભવને ઉચિત વેશ પહેરવો પડે પણ તેમાં ડૂબવાનું નથી. દા.ત. વરઘોડામાં જાય તો બનીઠનીને જાય. બધાં મને જુવે છે કે નહિ ? એ ભાવ આવે તો અજ્ઞાનતામાં ડૂબ્યા. ત્યાં અલિપ્ત ભાવમાં રહેવાનું હતું. સર્વજ્ઞના તત્ત્વને સમજ્યા તો ધર્મના તમામ વ્યવહાર કરીને પણ અલિપ્તતાને પામે. જીવ–અજીવનો બોધ થવો જોઈએ. હેય–ઉપાદેયનો બોધ થવો જોઈએ. તો જ યથાર્થ બોધ થાય. માત્ર પર્યાયથી જોવામાં યથાર્થ બોધ ન થાય.

અજ્ઞાની આત્મા આત્માને જે ભોગ્ય નથી તેને જ ભોગ્ય માને છે. આત્મા અરૂપી છે. એને અરૂપી એવા ગુણો મળે તો જ તે તગડો બને. પુદ્ગલથી પુદ્ગલ જ તૃપ્ત–તગડા બને. ધર્મી આત્મા અચિત્તને ભોગ્ય ન માને. ભોગ્ય માને તો તે મિથ્યાત્વ છે. તેના વિના નથી ચાલતું માટે વાપરવું પડે છે એ વાત જુદી છે. પણ માન્યતા તો અચિત્ત પણ અભોગ્ય જ છે, એવી જ હોવી જોઈએ. અજ્ઞાની આત્મા અભોગ્યને ભોગ્ય માની તેમાં ડૂબી જાય છે, તેમાં આનંદ માને છે.

સમક્તિ દષ્ટિ પણ બે કારણે વાપરે. (૧) ચાલે એવું જ નથી માટે વાપરે છે. (૨) આસક્તિ છે માટે છોડી નથી શકતો. છતાં પણ તે માન્યતાથી શુદ્ધ છે માટે આરાધક છે. એ માને છે કે આત્માને પુદ્ગલ ભોગ્ય નથી, ભોગવવું પડે છે. એમાં પશ્ચાતાપનો ભાવ છે.

આત્માના સ્વભાવથી વિરુદ્ધ વસ્તુ આત્માને આપવામાં આવે તો આત્માને પીડા થાય, તે નબળો પડે. ગુણો પર આવરણ આવે માટે વિરુદ્ધ

વસ્તુ ન અપાય પણ આત્માને આત્માના ગુણોનો જ ભોગ અપાય. જ્ઞાન એ આત્માનો ગુણ છે અને સ્વાધ્યાય એ જ્ઞાનનું કારણ છે, માટે સ્વાધ્યાય એ જ્ઞાનગુણને પ્રગટ કરવાનો ઉપાય છે એ જ લક્ષ્ય સાથે વાચનાદિ પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરવો જોઈએ.

જેને સ્વ–પરનું જ્ઞાન હોવા છતાં વિવેક પ્રગટતો નથી તે અજ્ઞાની છે. પર સ્વભાવમાં ભેદ કરવાના રુચિના સ્વભાવવાળો નથી થતો. કારણ કે અનાદિકાળથી તેની રુચિ પરમાં જ પડેલી છે. આથી પોતાના સ્વભાવમાં નથી, વિભાવમાં પડ્યો છે.

જ્ઞેયના જ્ઞાતા બનવાનો આત્માનો સ્વભાવ છે. જેમ પોતે જ્ઞેય છે તેમ જ્યાં રહ્યો છે તેના જ્ઞેયના પણ જ્ઞાતા બનવાનું છે. સ્વ જ્ઞેયના રુચિવાળા બની તેમાં રમણ કરવાનું છે પછી તેમાં સ્થિર થઈ જવાનું છે. પ્રથમ સમ્યગ્ દર્શનરૂપ *સ્વભાવ જ પ્રગટ ન થાય તો પછીના સ્વભાવ આવે ક્યાંથી ? જ્ઞાન શુદ્ધ થયા* પછી જ આ કાર્ય થાય. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ પણ ચાલુ છે અને બંધ પણ ચાલુ છે. પણ સાથે સાથે દર્શન મોહનીયનો પણ ક્ષયોપશમ થાય એવું નહીં.

પ્રથમ જ્ઞાન પ્રગટ થાય પણ સમ્યગ્ દર્શનથી એ પ્રગટ થયેલું જ્ઞાન શુદ્ધ ગણાય. આત્મામાં જ્ઞાન હતું પણ તે અજ્ઞાન સ્વરૂપે હતું તે દર્શન મોહનીયના ક્ષયોપશમથી શુદ્ધ થાય છે. માસતુષ મુનિને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ અલ્પાંશે હતો પણ દર્શન મોહનીયનો ક્ષયોપશમ જોરદાર હતો તેના કારણે જ્ઞાનનો અલ્પ અંશ પણ શુદ્ધ થતો જાય. તે શુદ્ધ અંશની તાકાત પણ કેટલી જબ્બર હોય છે. જેમ ઘાસમાં નાખેલી એક દિવાસળી સમગ્ર ઘાસને બાળી નાખવા સમર્થ છે તેમ જ્ઞાનનો એક વિશુદ્ધ અંશ કર્મને ભસ્મીભૂત કરવા સમર્થ છે. આ શુદ્ધ અંશ જ માસતુષ મુનિમાં મોહનાશ થવાથી કેવળજ્ઞાનની પૂર્ણતાને પામ્યું.

જ્ઞાનના પરિણામને જ તપ કહ્યો છે. જ્ઞાન ચઢવું તે દ્રવ્યજ્ઞાન કહેવાય. પણ પરિણામ પામી જાય તો તે ભાવજ્ઞાન કહેવાય. થોડું પણ ભાવજ્ઞાન અંદર

ઉતરી જાય તો અમૃત બની જાય. ઘણું પણ જ્ઞાન જો પરિણામ વગરનું હોય તો તે એના માટે ભારરૂપ બની જાય. કેમકે માન કષાય વધે અને બધાને અપ્રિય બને. આમ જ્ઞાનીનો ભાર ઉતરે છે અને જ્ઞાની કહેવાતા એવા અજ્ઞાનીનો ભાર વધે છે.

જેને જ્ઞાનાવરણીયનો ઉદય છે પણ દેવ—ગુરુ—ધર્મ પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા છે તે શ્રદ્ધાના બળે પરથી છૂટો થવાનો અને સ્વમાં રમણતા કરવાનો જ. કેમ કે દર્શન મોહનીયના ક્ષયોપશમના કારણે સ્વ આત્મ રમણતાની રુચિ પ્રગટવાથી આત્મરમણતાનો પુરુષાર્થ શરૂ થાય.

સામાયિક (= સમતા) એ જ મારો સ્વભાવ છે એવો નિર્ણય કરવા માટે તો ૧૪ પૂર્વનું ખેડાણ છે. તે માટે ચાર અનુયોગ જાણવા જરૂરી. ચાર અનુયોગમાં ચારિત્રાનુયોગ પ્રધાન છે. બાકીના ત્રણ દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ. સમ્યગ્ દર્શન વિના ચારિત્રાનુયોગ સફળ ન થાય અને તે માટે દ્રવ્યાનુયોગ જરૂરી.

ધર્મકથાનુયોગમાં દેવલોકના વર્ણનની વાતો આવે એમાં ઉત્પન્ન થવાનું થાય તો શું ઉકાળ્યું ? પણ એ વાત કહેતાં કહેતાં સાથે એનામાં ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને દ્રવ્યાનુયોગને ઘટાડતાં આવડવું જોઈએ. માત્ર કથા નથી કહેવાની.

કેવળજ્ઞાનનું બીજ સમ્યગ્ દર્શન છે. તેનાથી તેનામાં સ્વ અને પરનો વિવેક ઉત્પન્ન થાય છે. વિવેક થવાથી પરને હેય માની છોડવાનો પુરુષાર્થ કરશે અને આત્મામાં રમણતા કરશે.

● **પાંચ ઈન્દ્રિયોના વિષયોનું સેવન શા માટે ?** શાતા મળે માટે. શાતા એ કર્મનો વિપાક છે. આત્માનો ગુણ નથી, પુદ્ગલનો ગુણ છે.

આરાધના શું કરવી એનો પ્રથમ નિર્ણય કરો. સમતા એ આરાધના છે. તેને પ્રગટાવવાની છે. રતિ—અરતિનો ઉદય ન હોય તો સમતા આવે.

ગરમી ખૂબ થાય છે. મન સમાધિમાં નથી રહેતું તો તેનો ઉપાય કર્યો.

શીતળતાનો ઉપાય કરવા છતાં પણ તેમાં સુખ ન મળે પણ શીતળતા પ્રત્યે ગમો થઈ જાય તો સમાધિ ગઈ એટલે આરાધના જ નથી.

પરિષહને સહન કરવાનો અભ્યાસ કરવાનો છે. તેના અભ્યાસથી સહન કરવામાં આત્મા સમર્થ બને છે. અનુકૂળતામાં જે ડૂબે તે સાધના ન કરી શકે. સાધના મુશ્કેલ બને છે. ઈન્દ્રિયો તે જ્ઞાનેંન્દ્રિયો છે, તેના દ્વારા જ્ઞાન કરવાનું છે પણ આપણે તેને ભોગેંન્દ્રિય બનાવી દીધી છે. જ્ઞાનના સાધનની આશાતના કરીએ છીએ. આ રીતે અજ્ઞાની અજ્ઞાનતામાં અને જ્ઞાની જ્ઞાનાનંદમાં રમતા રહે છે.

દેવચંદ્રજી મહારાજ લખે છે કે આત્મ તત્ત્વ અવલંબે તે પર વસ્તુને માત્ર પરરૂપે માને છે ને ગુણમાં સ્થિર બની જાય છે માટે ગુણમાં રમણતા કરીને આનંદ માણે છે.

સાધુ સંસારના નિમિત્તોમાં રહેલો છે છતાં તે આનંદમાં રહે છે. કારણ તે જગતને માત્ર તત્ત્વદષ્ટિથી જોનારો છે. માત્ર પર્યાય દષ્ટિથી જોતો નથી માટે તે તેમાં ડૂબતો નથી. તત્ત્વ બોધના કારણે તે પોતાનામાં ડૂબે છે. જગતને જુવે છે પણ તેમાં તે ડૂબતો નથી. આત્મ સ્વરૂપ અવબોધ અનુભવલીન મુનિને માત્ર પોતાના ગુણોનો અનુભવ કરવાનું લક્ષ છે. તે જ આત્મા ભાવનિર્ગ્રંથ બને છે.

સાધુની સામે પણ પાંચેય ઈંન્દ્રિયોના વિષયો તો આવે જ છે. જંગલમાં જાય તો ત્યાં પણ કુદરતી સૌંદર્ય ભર્યું જ છે છતાં પણ તે ડૂબતો નથી. કારણ કે જગતને દ્રવ્ય – ગુણ – પર્યાયથી જુએ છે. ઝગમગાટ કરતો હીરો પણ સ્થાવર કાયાનું પુદ્ગલ છે. વર્ણ–ગંધ–રસ તેના પર્યાય છે માટે તે ડૂબતો નથી.

- **સાધુથી પરમાત્માની આંગી જોવા જવાય ?**

સાધુથી પરમાત્માની આંગી જોવા જવાય નહિ. પરમાત્માને સાક્ષાત્ માણવાનાં જ છે, જોવામાં લીન બનવાનું નથી. લીન બનીએ તો અમારી પરિણતિ કઈ ? ગુણ સ્વરૂપ પરમાત્મામાં ગુણમય બનવાનું છે. આત્મ સ્વરૂપની જાણ હોય તો આત્મ સ્વરૂપમાં લીન બનાય.

આત્મ દ્રવ્ય અરૂપી છે, અખંડ, છે. અસંખ્ય પ્રદેશી છે. ૧૪ રાજલોકમાં ફેલાય તેટલી શક્તિ છે. અક્ષય સ્વરૂપે છે, અગુરુલઘુ છે. ૧૪ રાજલોકમાં ફેલાય તેટલી અચિંત્ય શક્તિવાળા આત્માને કર્મ નિગોદના જીવ તરીકે અંગુલના અસંખ્યાતમાં ભાગમાં મૂકી દે છે. હું અવ્યાબાધ સ્વરૂપવાળો છું એવું જ્ઞાન આત્માને થઈ જાય તો બળતા શરીરમાં પણ તે હસતો રહી શકે.

જે આત્માને (મુનિને) પોતાના આત્માનો અવબોધ હોય તે આત્મા જેટલો પરથી નિવૃત્ત બને તેટલું વીર્ય આત્મામાં જાય એટલે તેટલો આત્મા તગડો બને. મુનિને મૌની કહ્યાં. કારણ કે તે આત્મવીર્યને પરમાં જતા રોકે છે. મન ભટકે છે તેમાં આત્મવીર્ય વપરાય છે. અનુભવમાં લીન થવું એટલે આત્મામાં રહેલા આનંદને ભોગવવું. મુનિ નિમિત્તથી પર નથી. સિદ્ધ ભગવંતોને અનંતા નિમિત્ત છે. કારણ કે જ્ઞાનમાં સચરાચર સૃષ્ટિ દેખાય છે. છતાં તે સ્વમાં જ રમણતા કરે છે.

કોઈપણ વસ્તુ જોઈને તે આપણને મનોજ્ઞ = સારી લાગે તો એ વિષય બની જાય છે. સારી લાગવી એટલે મોહની સ્પર્શના થઈ. સારી લાગે તો આત્મા તેમાં ડૂબે છે. વસ્તુ સારી પણ નથી અને ખરાબ પણ નથી. વસ્તુ એ વસ્તુ જ છે. અનુભવ લીન એટલે વસ્તુના વર્ણ – ગંધ – રસ – સ્પર્શનો માત્ર જ્ઞાતા બને, તેમાં વિકલ્પ ન કરે. વિકલ્પ આવ્યો એટલે મોહ આવ્યો. વસ્તુમાં કે વાતાવરણમાં ક્યાંય વિકલ્પ ન કરવો. સમતામાં રહેવું એટલે વિકલ્પ ન કરવા.

જીવ છે તો જીવ છે અને અજીવ છે તો અજીવ છે. માત્ર એને જાણવાના છે, તાણવાના નથી. તાણીએ એટલે આપણે તણાઈ જઈએ. બજારમાં ગયા ને કોઈ વસ્તુ જોઈ. દાગીના – સાડી વગેરે ગમી ગઈ. પૈસા નથી તો તે લઈ નથી શકતા પણ મનમાં તો આવી જ ગઈને ? વચનમાં અને કાયામાં પણ આવી જાય. કદાચ એ વસ્તુ લઈ લો તો પણ એ મનમાં તો ન જ ઘુસવી જોઈએ.

મુનિને વિકલ્પ નથી. કારણ કે હીરાના કે વિષ્ટાના ઢગલાને જોઈને તે તેને માત્ર પુદ્ગલના ઢગલા તરીકે જ ગણે. ત્યાં હેય પરિણામ હોવાથી તેને ત્યાં આકર્ષણ ન થાય પણ હેયના નિર્ણયમાં જે મુનિ કાચા હોય તેને આકર્ષણ થાય.

**"પ્રવચન અંજન સદ્‌ગુરુ જો કરે, દેખે પરમ નિધાન,**
**હૃદય નયણ નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન."**

સાધુ બહારથી આનંદમાં જ હોય અને અંદર ઉદાસીન ભાવમાં રમતો હોય. સુખ પામવું હોય તો તે અંદર જ છે.

- **મન અસ્થિર કેમ છે ?** અસ્થિર પયાર્યને પકડીએ તો તે સ્થિર કઈ રીતે રહી શકે ? જરૂર હોય તો ઔચિત્ય ભાવે વ્યવહાર કરાય પણ તેને મનમાં ન લેવાય. માટે મુનિને બધું જ તૃણવત્ લાગે છે.

- **અઘાતિના ઉદયે ઘાતિનો બંધ.**

અઘાતિના ઉદયથી આત્માને જે જે વસ્તુ મળી એમાં સ્વ સ્વરૂપનો ખ્યાલ ન હોય તો તેને મોહ પકડ્યા વગર ન રહે. અઘાતિના ઉદયે ઘાતિનો બંધ થાય. અઘાતિના ઉદયે રૂપ મળ્યું અને તેને પકડ્યું. મોહના પરિણામથી તે પકડાય તો તે મોહ એ ઘાતિ કર્મ છે. અર્થાત્ અઘાતિ ઘાતિનાં ઉદયમાં સ્વ–સ્વરૂપનું ભાન ન હોય તેને ઘાતિનો બંધ થાય.

સ્વભાવનું કાર્ય સ્વરૂપને પકડવાનું છે. મોહનું કાર્ય વિભાવને પકડવાનું છે. અઘાતિના ઉદયે તે સ્વરૂપ સંપૂર્ણ ઢંકાય. આયુષ્યના અંત સુધી અઘાતિનો ઉદય તીર્થંકરના આત્માનું પણ સ્વરૂપ પૂર્ણ ઢંકાય છે.

- **ધગધગતી શીલા પર પણ શીતલતા કોણ અનુભવે ?**

ધ્યેય મુખ્યત્વે સ્વ આત્માને જ પકડવાનો છે. શિયાળામાં ઉઘાડા રહેવાનું અને ચોમાસામાં સંલીનતામાં રહેવાનું છે. દશવૈકાલિકમાં આ વાત છે. અંગોપાંગને સંકોચીને રાખવાનાં છે. આપણને શાતામાં રહેવું એ જ સમાધિ લાગે છે પણ હકીકતમાં એ પીડા જ છે. જ્ઞાનીઓએ શાતા – અશાતા બંનેને પીડા કહી છે. આત્મા બંનેથી પર છે. ધગધગતી શીલા પર સંથારો કરે તે શીતલ લાગે એવું ક્યારે બને ? જ્યારે આત્માને દેહનું ભેદ જ્ઞાન થયું હોય તથા દેહથી જુદા થવા માટે અપૂર્વ વીર્યબળ પ્રવર્તાવે ત્યારે.

સાધુઓનો સમગ્ર આચાર પોતાના આત્માની અનુભૂતિ માટે છે, પુણ્ય

બાંધવા માટે નથી. મુનિને અવશ્ય અનુભૂતિ થાય, દેશવિરતિવાળા અંશથી અનુભૂતિ કરી શકે. ક્યારે અનુભૂતિ કરી શકે ? જો લક્ષ બંધાયું હોય તો. આજે વિવિધ પ્રોજેક્ટ આવ્યા તેથી લક્ષ ના રહ્યું. પછી અહીં શું કરે ? હકીકતમાં આત્મા સ્વયં પ્રભાવક છે પણ લક્ષ ન હોવાથી પારકી ચિંતા ઉભી થાય. ઉત્તમમાં ઉત્તમ ચારિત્ર મળ્યા પછી પણ આત્મા મનુષ્યભવ હારી જાય છે.

**"ચેતન કો પરખ્યો નહીં, ક્યો હુઆ વ્રતધાર ?**
**સાલ વિહોણી ખેતમેં, વૃથા બનાઈ વાડ."**

તું તને જાણ – તું તને સ્વીકાર... તું તને માણ. ચેતનને ઓળખ્યા વિના મહાવ્રત લીધા તો માત્ર ભાર જ ઉપાડવાનો છે. જેમ સાલ = ચોખા(પાક) ન હોવા છતાં ખેતરમાં વાડ કરે તો એનો ઉપયોગ શું ?

અરણિક મુનિ તપ કરી શકતા ન હતાં છતાં પણ આત્મહિત કરી લેવાનો નિર્ણય થઈ ગયો હતો તો ધગધગતી શિલા ઉપર સંથારો કર્યો. પોતાના આત્માનું આત્મા ધ્યાન કરે, તેની શક્તિનો વિચાર કરે ત્યારે સમગ્ર શક્તિને કેંદ્રિત કરીને ત્રણ ભુવનને ડગાવવા સમર્થ બને. ગમે તેવા દેવતાઈ ઉપસર્ગો આવી જાય તો પણ તે ક્ષોભ પામતા નથી. કારણ આત્માના અનંત ગુણોની વિચારણા કરે છે. ગુણમય બનવાનો પુરુષાર્થ શરૂ થઈ જાય તેને જગતની કોઈ શક્તિ પરાજિત કરી શકતી નથી. ઈંદ્રોની ઋદ્ધિ જોવા પણ તે તૈયાર થતા નથી, તે ઋષિને તે તૃણ સમાન લાગે છે. કારણ કે યોગી તો નિત્ય નિત્યનું જ ધ્યાન કરે છે. કર્મના ઉદયથી મળતાં તમામ પદાર્થો અનિત્ય છે. તીર્થંકર પદ પણ શાશ્વત નથી. માટે જ તીર્થંકરો પણ સાધના કાળમાં સિદ્ધ ભગવંતોનું ધ્યાન પકડે છે. નિત્યના ધ્યાનથી તેમની નિત્યમાં સ્થિરતા થઈ ગઈ છે. એટલે અનિત્યમાં એ આશ્ચર્ય પામતા નથી.

- **મુનિઓ પરિષહ – ઉપસર્ગમાં પણ આનંદિત કેમ ?"**

જે આત્માને આત્મામાં સત્તાગત આનંદનું જ્ઞાન થઈ ગયું અને તે

આનંદના પાનના રસિયા બન્યા તે પરિષહો – ઉપસર્ગોની તિતિક્ષા (= સહન) કરે છે અને તે આવે તો વધારે આનંદ માણી શકે છે. કારણ કે જેટલા અંશે મોહ મરે તેટલા અંશે આનંદ માણી શકે. અનાદિકાળથી મોહથી આનંદ દબાયેલો છે તે દૂર થાય એટલો આનંદ ઉછળે. જેટલી પ્રતિકૂળતા વધારે આવે તેટલો મોહ અંદરથી વધારે ઘટે ચામડી ઉતારવા આવેલા મારાઓને જોઈ ખંધકમુનિ કહે છે.

**"મુનિવર મન માંહિ આણંદ્યા, પરિષહ આવ્યો જાણીરે,**
**કર્મ ખપાવવાનો અવસર એહવો ફરી નહિ આવે પ્રાણી રે,**
**પ્રાણી તું કાયરતા પરિહર જે, જિમ ન થાવે ભવ ફેરો."**

● **મુનિ પરિષહોની ઈચ્છા કેમ કરે ?** કારણ હજી લોભ ગયો નથી. તેથી બાહ્ય વસ્તુ મેળવવાનો અપ્રશસ્ત લોભને કર્મ ખપાવવાના પ્રશસ્ત લોભમાં ફેરવી નાંખે છે. ને તેના દ્વારા શ્રેણી માંડે છે. ને આત્મ સ્વરૂપમાં તે તન્મય બની જાય અને મોહને મારતા જાય. આનંદને માણતા જાય. અને પરિણામની ધારા ચડી ગઈ તો સંપૂર્ણ મોહને મારીને પૂર્ણ ગુણોને પ્રાપ્ત કરી લે. વીતરાગતા પ્રગટ કરી કેવળજ્ઞાન પ્રગટાવે.

જેને મોહની પીડા સતાવતી હોય તેણે પીડાથી મુક્ત થવા માટે જ અહીં સાધુપણામાં આવવાનું છે. સુખ અને આનંદ એ બંને વસ્તુ ભિન્ન છે. જ્યાં સુધી આત્મા પર સંયોગોમાં છે ત્યાં સુધી બીજાની પીડામાં નિમિત્ત બને છે. આ સંયોગથી મુક્ત થઈને અવ્યાબાધ સુખને મેળવવા માટે જ તો શાસન છે. અનુભૂતિનો દઢ નિશ્ચય ન હોય તો શાસન સફળ બનતું નથી. સંયોગોને માત્ર દ્રવ્યથી નહિ પણ ભાવથી છોડવાના છે. જીવોને અનાદિકાળથી સંગની વાસના લાગેલી જ છે. અનેક પ્રકારના સંગ રહેલા છે. તે રાગ–દ્વેષના પરિણામથી રહેલાં છે.

● **જ્ઞાનના ૩ પ્રકાર છે : –** (૧) વિષય પ્રતિભાસ (૨) આત્મ પરિણતિમત્ (૩) તત્ત્વ સંવેદન. (૧) વિષય પ્રતિભાસ :– વસ્તુનું જ્ઞાન થાય પણ હેય–ઉપાદેયમાં સર્વજ્ઞની દષ્ટિ પ્રમાણે જ્ઞાન નથી કરતો અર્થાત્ હિરાદિ

જડને વિષે ઉપાદેય ભાવ થાય. જડથી ચેતનને કંઈ લાભ નથી છતાં જડના પ્રભાવે આત્મા જડ જેવો બની જાય છે. જડનું જ્ઞાન કરીને આત્માએ વધારે ચેતનવંતા બનવાનું છે.

આત્માનો પ્રેમ સ્વભાવ છે. એ આત્મા પર ઢોળાવાને બદલે અજ્ઞાનતાના કારણે રાગના વિકારના કારણે જડ પ્રત્યે ઢોળાય છે. વાણિયો ઉદાસ અને સાધુ સદા ઉદાસિન સુખિયા ભલા.

સાધુ સદા સંયોગોથી મુક્ત થવાની ભાવનાવાળો અને પ્રયત્નવાળો હોય. "પરસંયોગી જ્યાં લગે આત્મા ત્યાં લગે સંસારી કહેવાય."

દ્રવ્ય ને ભાવ બે પ્રકારનાં સંસાર છે. દ્રવ્ય સંસારનો કાયમી અંત લાવવા માટે પ્રથમ ભાવ સંસારને છોડવાનો. આત્મા અનાદિ કાળથી દ્રવ્ય સંસારને છોડે છે પણ તેની સાથેના ભાવ સંસારને છોડતો નથી. માટે દ્રવ્ય સંસાર ફરી ફરી વળગે છે.

અનાદિકાળથી જે જે સંગ મળ્યા. તેમાં આત્માએ મમતાની વાસના કરી તે વાસના આત્માએ છોડવાની છે. મારું મારું તે મમતા. ત્યાં જ મારામારી થાય. કરોડો કેવળી ભેગાં થાય તો પણ ધમાલ ન થાય. મોહ હોય ત્યાં બે વચ્ચે પણ ધમાલ થયા વિના ન રહે. માતા–પિતા–કુટુંબ પરિવાર વગેરેને પ્રથમ છોડવાનાં છે પછી આત્માએ તેની પ્રત્યેના મોહને છોડવાનો છે.

(૨) આત્મપરિણતિમત્ :– તત્ત્વનો સ્વીકાર કરે છે પણ તે પ્રમાણે આત્મા વર્તન કરતો નથી. સમ્યગ્ દષ્ટિ આત્માને આ જ્ઞાન હોય. મોહની પરાધીનતાના કારણે તેની સામે લડી શકતો નથી, રડ્યા કરે છે. માટે જગતમાં તેમના જેવો કોઈ દુઃખી નથી. તે જાણે છે કે મારા આત્મામાં અનંત આનંદનો સાગર ઘૂઘવાઈ રહ્યો છે છતાં હું તેના અંશને અનુભવતો નથી ને સંકલેશને અનુભવું છું. મારી મૂડી કર્મને હવાલે છે, મને મળતી નથી માટે તે દુઃખી છે. પરમાત્માની તમામ વાતોનો સ્વીકાર હોય, રુચિ હોય કરી ન શકે તેની માટે આંસુ સારતો હોય.

(૩) તત્ત્વસંવેદન :– જેને તત્ત્વ નિશ્ચય થઈ ગયો છે તેને અર્થાત્ આત્મામાં અનંત આનંદ છે તેનો અનુભવ કરવો છે તેને માટે ચારિત્ર છે. સાધુ જો આત્મ અનુભવ ન કરે તો વ્યવહારથી સાધુ છે, નિશ્ચયથી તે સાધુ જ નથી. અનંતા કાળમાં અનંતા ઓઘા લીધા પણ અનુભવનું લક્ષ નહોતું અને પર સંગનો રંગ લાગ્યો પણ પર સંગનો રંગ છૂટયો નહીં. માતા–પિતાના સંગને નિશ્ચયથી છોડવાનો છે...

દા = દીયતે, ક્ષા – ક્ષીયતે. સાધુએ સદા દાન કરવાનું છે. દાન એ આત્માનો સ્વભાવ છે. જે પોતાનું નથી તે દાન કરવાનું છે. સમગ્ર પર પદાર્થો એ ચોરીનો જ માલ છે. આત્માનો પોતાનો માલ નથી. આથી પ્રથમ ધનાદિનું દાન કરે પછી કર્મ–કષાયનું અને પછી તેના વડે પોતાનાં ગુણ પ્રગટ થાય તેનું દાન પોતાને જ સતત જે કરવાનું છે. તે સ્વભાવ રૂપ પ્રગટે.

સંવેગ રંગ શાળા ગ્રંથમાં કહ્યું છે કે – જે આત્મામાં તત્ત્વની રુચિ થાય તેને ધન્ય પુરુષ કહેવાય. શાસ્ત્રોની જાણકારી મેળવી લેવી જગતને જણાવી દેવી તે સુલભ છે પણ પોતાને જાણવું એ દુર્લભ છે. પોતાના આત્માને જાણવાની ઈચ્છા થાય ત્યારથી તે ચરમાવર્તી કહેવાય. તે અપુનર્બંધક અવસ્થામાં આવે. આત્માને જાણવાનું મન થાય ત્યારે તે યોગદષ્ટિમાં છે. આત્મા જણાય, તેનો નિર્ણય થાય પછી આત્માની રુચિ થાય તે આત્મા ધન્ય છે. જે તત્ત્વરુચિ પ્રમાણે વર્તે તે પૂજ્ય કહેવાય. સાધુ પણ પૂજ્યતાને પાત્ર ત્યારે જ બને કે જ્યારે એ સાધુતાનો ભોગી બને અર્થાત્ સ્વગુણોનો ભોગી બને. પોતાની વસ્તુ શું છે એ વાતથી જ ઘણાં દૂર છીએ તો ભોગવવાની વાત જ ક્યાં ? તત્ત્વની અનુભૂતિ ન થાય ત્યાં સુધી દીક્ષા પણ નિષ્ફળ છે.

આત્મા એક વખત અનુભૂતિમાં આવે પછી તેને જગત તરફ જવું દુર્લભ છે. મનુષ્યભવ આત્માને ભોગવવા માટે જ છે. બાકી બધા ભવોમાં પુદ્ગલોને તો ભોગવ્યા જ છે. જ્યાં સુધી આત્મગુણોને નહિ ભોગવે ત્યાં સુધી પુદ્ગલના ભોગ ચાલુ રહેશે.

આત્મા અત્યાર સુધી તમામ ભવોમાં પુદ્ગલાનંદી બન્યો જ છે. હવે આત્માનંદી બનવું છે. જેને નિર્મળ જ્ઞાન થાય છે તે જ ભોગવી શકે છે. જે જ્ઞાનમાં સ્વઆત્મ તત્ત્વનો નિર્ણય ન થાય તે જ્ઞાન મલિન છે. નિર્મળજ્ઞાન ત્યારે જ કહેવાશે જ્યારે તે સ્વપરનો પ્રકાશ કરશે. આત્મા ભોગી જ છે. અરૂપી એવો આત્મા અરૂપી એવા ભોગોને જ (ગુણોને) ભોગવી શકે છે. જે પોતાના ગુણોનો ભોગી છે તે પૂજનીય છે તેમના જન્મ–જીવન સફળ છે.

- **શાતાના વિપાક :**

શાતાના વિપાક= વિપરીત પાક – આત્માના સ્વભાવથી વિરુદ્ધ આત્માને જે કાંઈ મળ્યું તે વિપાક. કર્મ રાજા આત્માની વસ્તુ દબાવે છે, ને વિપરીત આપે છે. તે આપણને ગમે છે. તેથી આપણને વિપાક ગમે, સ્વભાવ ન ગમે.

દા.ત. શાતા કર્મનો ઉદય થયો. કર્મરાજા આપણી પાસે બધું સારું ગોઠવી દે. આત્માની સમજણ ન હોય તો જીવ શું કરે ? તીવ્ર આસક્તિથી તેને ભોગવવામાં લાગી જાય. તેને પુણ્યનો ઉદય માની ભોગવે અને સ્વ–પર ઉભયને પીડા આપે. તેને તે હેય ન લાગ્યું. આથી શું થયું ? આત્માનો ગુણવૈભવ ન મળ્યો પણ આત્માના ગુણવૈભવને દબાવવાનું મળ્યું. આવરણોના ઢગલા ઉભા થયા. આથી તે શાતા ભોગવી પણ ભવાંતરમાં કે તે ભવમાં પીડા આપનાર જ બનશે. માટે જ આત્માના ગુણોમાં જ આદર કરવા જેવો છે. બીજે ક્યાંય આદરબુદ્ધિ કરવા જેવી નથી.

ભરત ચક્રવર્તીને પ્રકૃષ્ટ પુણ્યના ઉદયે છ ખંડ મળ્યા ત્યારે તેને જિનવચન યાદ આવે કે આ સિંહાસન પર હું બેસું તો છું પણ એ મને ૭મી નરકમાં લઈ જનાર છે માટે પોતાને સાવધાન કરવા બ્રાહ્મણોને તૈયાર કર્યા હતા. તેઓ કહેતા કે – जितो भवान् – भीः वर्धते – તું વિષયોથી જિતાઈ રહ્યો છે. ભય વધી રહ્યો છે માટે સાવધાન થા. આપણા માટે આપણે કોઈને ગોઠવ્યાં છે ખરાં ? કે પ્રશંસા જ ગમે છે ? ચક્રવર્તી હોવા છતાં આત્માનું અસ્તિત્વ

તેમનામાં ધબકતું હતું. માટે જ તો અરીસાભવનમાં કેવળજ્ઞાન થયું. પૂર્વના ભવમાં આરાધના કરતાં ૭ લવ ખૂટયાં, વીતરાગતા પૂર્ણ ન આવી. પ્રશસ્ત કર્મ બંધાઈ ગયું માટે અનુત્તરમાં ૩૩ સાગરોપમ સુધી રહ્યાં પણ નિરાશંસ ભાવના કારણે ચક્રવર્તીના ભવમાં કેવળજ્ઞાન પામ્યા.

જીવ માટે પાંચ ઈંદ્રિયોના વિષયો ડૂબાડનારા છે. આત્મા માટે તમામ પર વસ્તુ અશુચિરૂપ છે તેનો વિચાર કરવો એ પણ અશુચિ છે. માત્ર તેને જાણવાની છે. સ્પર્શાય નહિ. પોતાના સ્વભાવની જ રુચિ થાય તો જાણેલું સાર્થક છે. તે જ જ્ઞાન છે. પોતાના સ્વભાવનું પોતાને ભાન નથી. પરને પોતાનો સ્વભાવ માનવો તે મહા અજ્ઞાનતા છે. વિભાવને સ્વભાવ માની તેમાં ડૂબે અને દોષોની ખાણરૂપે બને. જે પરમાં ડૂબેલો હોય તે સ્વ સ્વભાવમાં મગ્ન ન હોઈ શકે.

જે સ્વ પરનો ભેદ કરી શકતો નથી તે અજ્ઞાની છે. આવો અજ્ઞાની પરમાંથી શાતાનો વિપાક અને ઈંદ્રિયોના વિષયોને પકડે છે. બંને પુદ્ગલ સંયોગી છે. અનુકૂળ શાતાને અને અનુકૂળ ઈંદ્રિયોના વિષયોને પકડશે. અને તેમાં રાગ દ્વેષ કરશે. પણ માત્ર જો જ્ઞેયનો જ્ઞાતા બને તો સ્વભાવના સુખને અનુભવે.

શાતાનો વિપાક ઈંદ્રિયોનો વિષય બને છે તો પછી બે વિભાગ કેમ પાડયાં ? શાતાદિનો વિપાક માત્ર સ્પર્શેન્દ્રિયનો વિષય બને. શીતલતા, સ્નિગ્ધતા, લઘુતા, મૃદુતા બધા શાતાના વિષય બનશે. શાતાની ઈંદ્રિયોનો માત્ર સ્પર્શ જ લેવાનો છે. તે ૯ યોજન દૂરથી આવી શકે અને પકડાય. શબ્દના પુદ્ગલો ૧૨ યોજન દૂરથી આવે તે પકડાય. ચક્ષુ ૧ લાખ યોજન સુધીનું જોઈ શકે. બીજી ઈંદ્રિયોના વિષયમાં હજી કેવળજ્ઞાન સુલભ છે પણ સ્પર્શનેંદ્રિયના વિષયોને ભોગવતો હોય ને કેવળજ્ઞાન થવું અત્યંત દુર્લભ છે. સ્પર્શના વિષયો પણ ૮ છે.

જો મારો આત્મા શાતામાં રાગવાળો બનશે તો મારા ગુણો ઢંકાઈ જશે. માટે આત્મામાં જાગૃતિ લાવવી જરૂરી છે. નાક – આંખ – કાનના વિષયો તરત ફેરવી શકાય. બીજી ઈંદ્રિયો પર સંયમ લાવવો સહેલો છે પણ

સ્પર્શનેન્દ્રિયના વિષયોમાં આપણને ભાન પણ નથી આવતું તો રોકવાની વાત ક્યાંથી આવે ?

જે આત્મા પરને પકડતો નથી તે સ્વભાવમાં સ્થિર થાય છે. એટલે એ આત્માનો અનુભવ કરશે. જે વિષયો ઈંદ્રિયોને વિસ્મિત કરનારા છે. તેનો સંયોગ જ્ઞાનીને તૃણ સમાન બનશે. જેમ પરમાત્માના મુખારવિંદને જોવામાં તલ્લીન બનેલા દેવો જગતને તૃણ સમાન ગણે છે તેમ જ્ઞાનમાં ડૂબેલા જ્ઞાની આત્માઓ જગતમાં વિસ્મિત ન બને. તેને બધું તૃણવત્ લાગે. એટલે નિશ્ચય થાય કે આત્માની હવે રુચિ છે.

અવંતિ સુકુમાલે આર્ય સુહસ્તિ સૂરિ મહારાજનો સ્વાધ્યાય સાંભળ્યો અને જાતિ સ્મરણ જ્ઞાન થયું. ૩૨ પત્નીઓ, ધન–વૈભવ વિગેરે દેવલોકની સામે ફિક્કું લાગ્યું. તેમણે નલિની ગુલ્મ વિમાનમાં જે સુખો ભોગવ્યા હતા તે *નજર સમક્ષ આવ્યા માટે તરત ગુરુદેવ પાસે ગયા અને દીક્ષા આપવા વિનંતી* કરી. જ્ઞાની ગુરુ ૧૦ પૂર્વધર હતા. લાભનું કારણ જાણી (૧) રાતના દીક્ષા આપી, (૨) દેવલોક માટે દીક્ષા ન અપાય તે અપવાદે આપી (૩) માતા–પિતાની રજા વિના દીક્ષા આપી, (૪) જંગલમાં એકલા જવાની પણ રજા આપી, (૫) ઉપસર્ગને સહવાની પણ રજા આપી. કેમકે તેમાં તેઓ લાભનું કારણ જોતાં હતાં.

જંગલમાં શિયાળીએ એનું આખું શરીર વલોરી નાખ્યું, તે ઉપસર્ગને તેમણે સહ્યો. આમ રાત્રિના પ્રથમ પ્રહરમાં દીક્ષા આપી ને ત્રીજા પ્રહરમાં તો તેમનું કાર્ય પૂર્ણ થઈ ગયું. નલિનીગુલ્મ વિમાનમાં પહોંચી ગયા.....

સંપ્રત્તિના જીવને ખાવા માટે દીક્ષા આપી. ખાવા માટે દીક્ષા ન અપાય છતાં ય આપી, એનો લાભ આપણે જાણીએ છીએ ? વિશિષ્ટ જ્ઞાનીઓ જ વિશિષ્ટ ઉત્તમ આત્માઓને પારખી શકે. પત્થરારૂપ ઝવેરાતોને ઝવેરી જ પારખી શકે.

ભયંકર તાપનો કાળ હોય, તાપથી તપેલી શિલા હોય તેની ઉપર શાલિભદ્રાદિ સંથારો કરે છતાં પણ તેને તેવો તાપ ન લાગે. તો શું ઈંદ્રિયો બુઠી

થઈ જાય ? જ્ઞાનનો અભાવ થાય ? ના, જ્ઞાન તો તેમને થાય પણ આત્મા તે વખતે પોતાના અપૂર્વ વીર્યને પ્રગટ કરે છે. શરીર સાથે જે મોહનો પરિણામ છે તેમાં તે વ્યાકુળ થતા નથી.

આપણું આત્મવીર્ય મોહના પરિણામમાં જો ઢળી પડ્યું તો સ્વસ્થ ન રહી શકે. "આત્મવીર્ય જાગી જાય તો મોહ ભાગી જાય." શરીરનો રાગ છોડી અનંત શક્તિને પ્રગટ કરવાની છે. તીર્થંકર – કેવલીના આત્માને પણ દ્રવ્ય સંસારી કહેવાય પણ સિદ્ધ ન કહેવાય.

કેવલી શરીરમાં રહેવા છતાં યોગમાં સંપૂર્ણ નિરાગી થઈને વર્તે છે, પણ ઉપયોગ પૂર્ણ જાગૃત છે. શરીરથી ભિન્ન થઈને વર્તે છે. હવે તેમનો આવાસ સિદ્ધોમાં જ થવાનો છે પણ હજી આ સંસારમાં છે માટે સંસારી કહેવાય છે. કેમ કે હજુ શરીરથી સંપૂર્ણ મુક્ત નથી બન્યા.

અપુનર્બંધક દશામાં રહેલો તથા સમ્યગ્ દષ્ટિ આત્મા ભેદ કરવાની વૃત્તિવાળો છે પણ ભેદની પ્રવૃતિ નથી. છદ્મસ્થોને તથા ૪ જ્ઞાનના ધણીને પણ ઉપયોગ મૂકવો પડે છે. જ્યારે કેવલીને ઉપયોગ મૂકવાની જરૂર નથી. વિના ઉપયોગ મૂક્યે, ઉપયોગ નિરંતર ચાલુ હોય કારણ અનંત વીર્ય પ્રગટ થયું છે.

જ્ઞાની મોહના ઉદયને નિષ્ફળ બનાવી, કર્મનિર્જરા કરે. દા.ત. પતિ–પત્ની સામે રાગ દષ્ટિથી નહિ જુવે તો તે પોતાને દુઃખી માનશે. આ મારાથી હવે ઓસરી ગયા છે તે મોહના ઉદયને સુખ માને છે. જ્યારે જ્ઞાની મોહના ઉદયને નિષ્ફળ કરે છે. મોહાધીન બની જાય તો જાગૃતિના કારણે પશ્ચાતાપ કરી નિર્જરા કરશે.

પુદ્ગલનો સંયોગ ગમે તેવો હોય – અત્યંત શીતલ હોય કે અત્યંત ઉષ્ણ હોય બંનેમાં તે સમાધિથી રહી શકે જે જ્ઞાની પોતે વિચારે કે હું આત્મ દ્રવ્ય છું. આ પરદ્રવ્ય છે. તે તેના સ્વભાવ પ્રમાણે વર્તે છે. મારે મારા સ્વભાવ પ્રમાણે વર્તવાનું છે. અનંત શક્તિવાળો મારો આત્મા જો પ્રભુત્વ કેળવે તો પુદ્ગલ સ્વભાવની મારા પર કોઈ અસર ન થાય. પુદ્ગલનો પૂરણ–ગલનનો

સ્વભાવ છે. જો આત્મા સાવધાન ન રહે તો પુદ્ગલમાં પૂરાઈ જાય અને ગળ ાઈ જાય પણ જો પોતે સ્વભાવમાં સ્થિર થઈ જાય તો તે પુદ્ગલને ઓગાળી નાખે. વિવેકી આત્મા પ્રતિકૂળતાને શક્તિ પ્રમાણે સહન કરે.

જીવને જ્યારે પોતાની શક્તિનો ખ્યાલ આવે છે. ત્યારે તે પુદ્ગલની તાકાત પોતાના પર ચલાવવા ન દે. માટે તે પામર નહીં બને પણ શક્તિને જાગૃત કરે. એક મરણિયો ૧૦૦૦ને ભારે પડે છે તેમ જેની કાયાની મમતા તૂટે તે જ અણસણ પણ કરી શકે. મોહ નબળો પડે તો આત્મા સબળો થાય.

જગતના જે નિમિત્તો છે કે જે તેને ચલાયમાન, ક્ષોભાયમાન કરવા તત્પર થાય ત્યારે તે માત્ર પોતાના આત્મ ગુણોને પકડે તો, દેવો પશુઓ વગેરેના ભયંકર ઉપસર્ગોને પણ સહન કરી શકે.

આત્માને આત્માના ગુણોનો પ્રેમ જો જાગી જાય તો આત્મા ગમે તેવા મોહને પણ જીતી શકશે. ગુણો ગમી જશે પછી આત્મા શરીરમાં કદી રહી નહી શકે. શરીર પર એ કઠોર બની જશે. શરીર પર જો તે કઠોર ન બને તો તે આત્મા પર કઠોર બને છે. શરીરનો રાગ જાય પછી એ શરીરને ટકાવવા માટે વિવેકપૂર્વક જ વ્યવહાર કરે. જરૂર પડે ઘી–દૂધ પણ આપે ને જરૂર પડે લુખ્ખું પણ આપે ને જરૂર પડે ઉપવાસ પણ કરાવે.

જેને હવે આ દ્રવ્ય જીવન પર રાગ નથી તે જ નીડર–નિર્ભય બની જાય છે. તેને મરણનો ભય જ ન હોય.

આપણી બધી જ ક્રિયામાં દેહનો ત્યાગ કરવાનો છે. ગુણના સ્વરૂપમાં જવાનું છે. ગુણી સાથે ગુણનો અભેદ કરવાનો છે પણ આપણે તે કરી શકતા નથી. રૂપમાં રહીને અરૂપી થવાની, યોગમાં રહીને અયોગી બનવાની અને અજીવમાં રહીને જીવમય બનવાની જ સાધના કરવાની છે.

જે આત્માઓને યથાર્થ–પ્રત્યક્ષ બોધ થયો છે તે ગમે તેવા પરિષહો કે ઉપસર્ગો આવે તો તેને વ્યવહારથી સહન કરે છે પણ નિશ્ચયથી તો

આત્મરમણતામાં જ રહે છે. કારણ આ બધું બહાર ચાલે છે, આત્મામાં કાંઈ જ થતું નથી. માત્ર જ્ઞેયરૂપે જ જુવે છે.

***પરિષહ સહનાદિક પરકારા, એ હૈ સબ વ્યવહારા,***
***નિશ્ચય નિજગુણકરણ ઉદારા, લહત ઉત્તમ ભવ પારા.***

કોઈ આપણને કંઈ કહી જાય તો આપણે તેને કંઈ ન કહીએ અને માનીએ કે મેં કેટલું સહન કર્યું ? એ આપણી સમતા નથી. કોઈ કાંઈ કહે ત્યારે મનને સમજાવવાનું કે એ એનું કામ કરે, હું મારું કામ કરું. એણે શું કહ્યું તે મને જાણ નથી, કોઈ વિકલ્પ પણ ન કરે તે સહન કર્યું કહેવાય. પણ આપણે તો સંકલ્પ વિકલ્પોમાં રહીએ તો સમતા ક્યાં ?

જેઓને આત્માના ગુણો સિવાય બીજે ક્યાંય ડૂબવા જેવું લાગતું નથી એ આનંદમાં જ ઝીલે. જેઓને આત્માના આનંદનો અવબોધ થયો છે અને હવે જેને એમાં રસ જાગી ગયો છે તેવા આત્માને બાકી બધું પર – પર – પર જ લાગે છે, પીડાકારક લાગે છે. પરને જ્યારે પોતાની માનીએ છીએ પછી તે વસ્તુ કે વ્યક્તિ ગમે તેટલી દૂર હશે તો પીડા આપશે જ. કેમ કે મારાપણાની બુદ્ધિ તેમાં પ્રગટી પરને પર માનશું ત્યારે આપણે આપણા સ્વભાવમાં હોવાથી તે આપણને પીડા આપનાર બનતું નથી.

સનત્ ચક્રવર્તીએ રોગોને પર માન્યા અને આત્મગુણોમાં રમણતા કેળવી માટે રોગો પણ એમનું કંઈ બગાડી શક્યા નહિ. આમ જ્ઞાન જ્યારે પ્રતીતિના સ્તર પર થાય છે ત્યારે તેની રુચિ તેમાં જ પ્રગટે છે ત્યારે તેને બીજા રસો નિરસ લાગે છે અને તેની અંતરખોજ શરૂ થઈ જાય છે.

એક ગ્રંથ બરાબર સમજવો હોય તો તેને ૭ વાર વાંચવો એમ પૂ. રામચંદ્રસૂરિ મહારાજ કહેતા હતા કેમ કે તેમાં અનુપ્રેક્ષા પણ થાય. આત્મામાં અંતરખોજ શરૂ થાય એટલે આત્મામાં મોટામાં મોટી સિદ્ધિ એ પ્રગટ થાય કે આત્મા સર્વજ્ઞ સિવાય કોઈ દૃષ્ટિને પકડવા તૈયાર ન થાય.

અનંતાનુબંધી કષાય જે પરની સાથે તન્મયતા પ્રગટાવવાની તાકાત ધરાવનારો છે તે જ્યારે જાય પછી મિથ્યાદૃષ્ટિ જાય પછી સર્વજ્ઞની સ્યાદ્‌વાદ દૃષ્ટિ પ્રગટે. હવે જિનેશ્વરની પૂજા કરતાં ચિત્ત પ્રસન્નતા વધતી જ જાય.

જેણે પરમાત્મપદ ધારણ કર્યું છે એવા આત્માઓ પહેલા બહિરાત્મા–પામર આત્મા જ હતા પણ પછી સદ્‌ગુરુના સંગથી સમ્યકત્વ પામ્યા. ત્યાર પછી પુરુષાર્થ દ્વારા અંતરંગ ભાવમાં ઝીલ્યા. પામરમાંથી પરમ આત્મા યાને પરમાત્મા બની ગયા. આપણે પણ આ જ કાર્ય કરવાનું છે.

અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વનો ઉદય આપણા આત્માને પ્રસન્ન બનવા દેતો નથી. કેમ કે આપણને હજુ પરમાત્મા ગમ્યા જ નથી, માત્ર પ્રતિમા જ ગમી છે. **'જિનપ્રતિમા જિન સારિખી'** પ્રતિમામાં સાક્ષાત્ પરમાત્મા ઉપર અપૂર્વ બહુમાન જાગ્યા વિના રહેશે નહિ અને પૂજા કરતાં જે આશાતનાઓ થાય છે તે સ્વયં અટકી જશે, અમારે નહિ કહેવું પડે.

જેને સંયમ યાત્રા પ્યારી ન લાગે તેને તીર્થ યાત્રા ફળે નહિ. સંયમના પાલન વિના કરેલી યાત્રા પર્યટનરૂપે બની જાય છે. તીર્થયાત્રા પણ 'છ'રી પાલન પૂર્વક કરવાની છે. જેમાં ભાવવૃદ્ધિ જ ચાલે. સર્વવિરતિના ભાવ પ્રગટે.

અજિતનાથ ભગવાનના વખતમાં ૭૨ ક્રોડ આત્માઓ તીર્થને જોતાં જ કેવળજ્ઞાન પામી ગયેલ. જિનાજ્ઞાના પાલન વિના જિન પર વાસ્તવિક પ્રેમ ન પ્રગટી શકે.

શ્રાવક ૪ મહિના જિનવાણી સાંભળે, અંતરમા પરિણમે પછી 'છ'રીના પાલનપૂર્વક તીર્થયાત્રા કરે એટલે એનામાં સંયમના પરિણામ પ્રગટે. માટે જ **'જેના મનમાં અરિહંતનો વાસ, ત્યાં ન ટકે મિથ્યાત્વનો વાસ.'**

માટે જે વિચારણા કરવાની છે તે સર્વજ્ઞના વચન પ્રમાણે જ કરવાની છે. આ જ મિથ્યાત્વને કાઢવાનો સચોટ ઉપાય છે. તો બીજાની વાત કેમ ન સ્વીકારાય ? ત્યાં સર્વજ્ઞ નથી. માટે પૂર્ણતા નથી. આપણી પાસે સર્વજ્ઞ છે પૂર્ણતા છે તો બીજાની વાત કેમ સાંભળવી ? પણ એનો અર્થ એ નથી કે

એમના પ્રત્યે દ્વેષ કરવો. જીવ માત્ર પ્રત્યે દ્વેષ નથી કરવાનો. આત્માએ અત્યાર સુધીના અનંત પરિભ્રમણમાં પોતાના સ્વરૂપને જાણવામાં રસ લીધો જ નથી, તેમાં એ નિરસ જ રહ્યો છે. આત્માનો અનુભવ મળવો તે આ કાળની દુર્લભતા છે.

આપણે મુડદાલ જેવા છીએ કેમ કે આપણને આપણી આત્મશક્તિનો પરિચય નથી. જ્યારે આત્મ શક્તિનો પરિચય આત્માને થઈ જશે. તેની રુચિ તેમાં ભળી જશે તો પછી તેનું આત્મવીર્ય પણ ઉછળશે અને મોક્ષમાર્ગ ભણી તે દોટ મૂકશે. આ શક્તિની અજ્ઞાનતામાં તે હંમેશા અનુકૂળતાને જ શોધતો હતો. હવે તે પ્રતિકૂળતાઓને સ્વીકારી પોતાની શક્તિઓને માપશે. એટલે જંગલમાં, ગુફામાં, એકાકી વિહાર કરે. શક્તિની પ્રતીતિ કરવા જશે. અશાતામાં કઈ રીતે સમાધિમાં રહેવાય તેની શોધ કરશે.

સર્વજ્ઞનું બહુમાન એ સત્તામાં રહેલા સર્વજ્ઞનું જ બહુમાન છે. આપણે કોઈની માટે કંઈ કરવાનું નથી, આપણા જ આત્માના હિત માટે કરવાનું છે. મિથ્યાત્વ મંદ પડે તેનામાં જ પરમાત્મા અને તેમના ગુણો પ્રત્યે આદર બહુમાનભાવ થાય.

મોહના ક્ષય વિના અકામ નિર્જરા જ થાય. તે મોહ ન જાય ત્યાં સુધી નિજાનંદને ભોગવી ન શકાય. કાયાની મમતા મારક છે. સમતા તારક છે. સમતાવાળો સહન કરીને પણ ચિત્તની પ્રસન્નતાને પામશે જ. તેની પ્રસન્નતાનો પમરાટ વાતાવરણમાં પણ ફેલાવશે.

અભવ્યને મોહનો ક્ષય થતો નથી. કેમકે મોહનો ક્ષય થાય તો ગુણ પ્રગટે માટે તે પ્રથમ ગુણ સ્થાનકથી આગળ જતો નથી માત્ર પુણ્યબંધ જ કરે છે. એને વીર્યાંતરાયનો ક્ષયોપશમ થાય સાથે મિથ્યાત્વ ઊભું છે એટલે ગુણોની રુચિ નથી. જેમ વેપારી ધંધો કરવાથી મને નોટો મળશે એ શ્રદ્ધાથી કેટલું બધું સહન કરે છે, તેમ અભવ્યને પણ શ્રદ્ધા છે કે પરમાત્માએ કહ્યા મુજબ સહન કરીશ તો મને ૯મા ગ્રૈવેયકનું સુખ મળશે. ક્રિયા પરમાત્માના માર્ગની કરે છે પણ વૃત્તિ હંમેશા મોહજન્ય જ હોય છે માટે તેનો મોક્ષ થતો નથી.

મોહનો વિગમ થાય, કાયાની મમતા દૂર થાય તો સમતા પ્રગટ થાય. કાયાને કષ્ટ પડે છે તો પોતાને મહાફળ મળે છે એવી આત્માને અનુભૂતિ થાય તો નિર્જરા થાય છે. તેનાથી આત્મામાં સહજ આનંદ પ્રગટે છે. બાકી અકામ નિર્જરા થાય છે. ખંધક મુનિની ચામડી ઉતરી તો તેઓ સ્વભાવના આનંદમાં હતા. સાધુ જીવન તેનું જ સફળ છે જે અહીં અનુભવ માટે જ આવ્યો હોય.

લૌકિક નજરમાં દુઃખ દેખાય છે પણ તેમની તો લોકોત્તર દષ્ટિ છે. હું આવેલા દુઃખને મોહ વિના વેદી રહ્યો છું. આથી પોતાની વસ્તુ પોતાને પ્રાપ્ત થઈ રહી છે. આત્માનો ગુણ જે સમતા છે તેને જ હું પામી રહ્યો છું.

તત્ત્વના અર્થીપણા વિના વિરક્તભાવ ન આવે. વેશ પણ સહાયક તેને જ બને કે જેની તત્ત્વ પરિણતિ ઘડાઈ હોય નહિ તો આ વેશ દ્વારા જ અનંતા આત્માઓ નરક–નિગોદમાં ગયા છે.

આત્મા સહન કરવા દ્વારા આત્મા અને શરીરની ભેદરેખાને પકડે છે. આત્માની અનુભૂતિ એકવાર થાય તો તેને વારંવાર અનુભવવાનો તીવ્ર અભિલાષ જાગી જાય અને કાળ સારો હોય તો શ્રેણિ પણ માંડી દે.

- **શ્રેણી શું છે ?**

શરીર અને સંઘયણ બળની અનુકૂળતા હોય તો શ્રેણી માંડવી સરળ છે શરીરથી હવે આત્મા ભિન્ન થઈ રહ્યો છે એવી અનુભૂતિ કરે. રૂપ – આકાર સ્વરૂપ પોતે નથી એની સ્પષ્ટ પ્રતીતિ થાય છે. પોતાના સ્વરૂપમાં તદાકાર બની જાય છે ત્યારે તે ઘણા કર્મોને નિર્જરી નાખે છે એ જ ધ્યાન – એ જ શ્રેણી.

૮મા ગુણઠાણાથી શ્રેણીની શરૂઆત કરે. ૯મે ક્રોધ – માન – માયા સંપૂર્ણ નીકળી જાય. ૧૦માના અંતે લોભ પણ નીકળી જાય. શ્રેણીમાં આત્મા પોતાને અને શરીરને ભિન્ન સાક્ષાત્ જોઈ રહ્યાં છે. ૧૨મે મોહનો પૂર્ણ નાશ થાય છે. આ અનુભવ પછી જ્યાં સુધી આયુષ્ય છે ત્યાં સુધી જોશે એટલે સ્વની સાથે સર્વને એ રીતે જ જોશે.

જિનદર્શન કરતા ભાવનામાં ચડવાનું છે કે હું ક્યારે આપની જેમ 'સ્વ'

અને 'સર્વ'ના યથાર્થ દર્શન કરતો થાઉં. જે આપ વર્તમાનમાં સિદ્ધાવસ્થામાં પ્રતિપલ કરી રહ્યા છો. આપણે વર્તમાનમાં ભાવમાંથી સ્વભાવમાં જવાનું છે.

૧૩મા ગુણઠાણે મોહના પરિણામથી આત્મા પૂર્ણ મુક્ત થઈ ગયો એટલે તે શરીરમાં હોવા છતાં પણ તે ઉપકરણરૂપે બની જાય છે. ગુણોને ભોગવવામાં બાધક નથી બનતું. માટે જ સર્વજ્ઞનું આલંબન લેવાનું છે. જે આત્મા પોતાના જ્ઞાનને આસ્વાદે તે જ ધન્ય છે.

'સંવેગરંગશાળા' ગ્રંથમાં પણ આ જ વાત કરી છે. જગતમાં તે જ ધન્ય છે, તેમનું જ જીવન કૃતાર્થ છે જેને પોતાને તત્ત્વરૂપી બોધની રુચિ થઈ છે.

બોધ એ જ્ઞાનાવરણીયનો અને રુચિ એ દર્શનાવરણીયનો ક્ષયોપશમ છે. બધાને સમજાવે પણ પોતાને જ પોતાના જ્ઞાનની રુચિ ન થાય તેને માત્ર પુણ્ય બંધાય. બાકી કંઈ લાભ ન થાય. તેના દ્વારા બીજા પુરુષાર્થ કરીને કેવળ જ્ઞાન પણ મેળવી લે પણ કહેનારને શું ? અભવ્ય શુદ્ધ પ્રરૂપણા દ્વારા જ આવું પુણ્ય બાંધે છે. સામાની ભવિતવ્યતા પાકી હોય તો તેને લાભ થાય પણ પોતાને શું ? ગુરુની અનુમતિ મળે ને બીજાને ભણાવે તો તારામાં પરિણામ પામે. બીજાને તો તેના ક્ષયોપશમ પ્રમાણે લાભ થાય.

સ્વચ્છંદ મતિથી બીજાને ભણાવવાના નથી. શાસ્ત્રો ગમે તેટલા ભણ્યા પણ પોતાને રુચિ જ ન થઈ તો શું કામનું ?

પણ જેને તત્ત્વની રુચિ થઈ અને આત્માનંદને અનુભવે છે. સ્વમાં જ લીન બની ગયા છે તો તે તત્ત્વના ભોગી છે. તે પૂજ્ય છે. સર્વ ભવ્યોમાં તેઓ વિશેષ પૂજનીય છે. તત્ત્વની રુચિ ૪થા ગુણઠાણે છે અને અનુભૂતિ ૫–૬–૭ માદિ ગુણઠાણે ઉતરોત્તર વૃધ્ધિ પામે છે. સમ્યગ્ દર્શન ચાર પરિણામે પ્રગટ થાય. સદ્દહામિ – પત્તિઆમિ – રોએમિ – ફાસેમિ. અર્થાત્ સર્વજ્ઞ તત્વની શ્રદ્ધા – પ્રતીતિ – ઢચિ અને ઝંખના.

જેને આવો નિર્મળ બોધ થયો છે અને તેથી જ સ્વ સ્વભાવને વેદવાની

ઢચિ અને અનુભવવાની ઝંખના પૂર્વક ગુણ પ્રગટ થયો છે. અને તે ગુણને ભોગવવામાં જ તન્મય બની ગયાં છે એ જ આત્માનું પરમ સુખીપણું છે. આવાઓનું નામ લેવું એ પણ તારક છે. માટે જ આપણે પરમાત્માનું નામ લઈએ છીએ.

આમ પોતાના જીવનને ધન્ય અને કૃતાર્થ બનાવવા માટે જ્ઞાનીઓ જ્ઞાન સાગરમાં મરજીવા બની ડૂબે અને સર્વજ્ઞ કથિત તત્ત્વોની ખોજ અને મોજ પામી આનંદ અનુભવે.

**ગાથા – ૨ :**

**નિર્વાણપદમપ્યેકં, ભાવ્યતે યન્મુહુર્મુહુઃ ।**

**તદેવ જ્ઞાનમૃત્કૃષ્ટં, નિર્બન્ધો નાસ્તિ ભૂયસા ॥૨॥**

**ગાથાર્થ :** જે જ્ઞાન નિર્વાણપદને આપનારું છે તેવું એક પદ પણ ઘૂંટ્યા કરો. સર્વજ્ઞનું એક પદ પણ તમને નિર્વાણ સુધી પહોંચાડી શકે છે. જેમ અગ્નિનો એક નાનો કણિયો પણ ઘણું બધું બાળી નાખવાની તાકાત ધરાવે છે. ૯ પૂર્વનું જ્ઞાન અભવ્યને તારી શકતું નથી પણ મારનારું જ બને છે.

નિર્વાણ અને મરણ વચ્ચે ફરક છે. મરણ પામે તે જન્મે. મરણ એ વિયોગ છે, તે સંયોગવાળું છે. જ્યારે નિર્વાણ એટલે આત્મા દેહથી સદા છૂટી જાય. એટલે નિર્વાણ થવાથી દેહ સદા માટે બુઝાઈ જાય છે. બળેલા અંકુર ફરીથી ઉગવાના નથી. કર્મસંયોગરૂપ સંસારનો સદા માટે ત્યાગ એનું નામ નિર્વાણ.

માત્ર પરનું જ્ઞાન એકાંતવાદ છે. સ્યાદ્‌વાદમાં સંપૂર્ણ સત્યતા સમાઈ છે. એને કોઈપણ ખોટું ઠરાવી શકે નહિ.

માસતુષ મુનિને જ્ઞાની ગુરુએ સમગ્ર આગમમાંથી એક પદ 'મા રુષ માતુષ' ગોતીને આપ્યું. તેને નિર્વાણનું પદ માની ગોખવામાં લીન બનતાં કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું. પ્રાયઃ કરીને જીવોને પોતાના શરીરમાંથી છૂટવું ગમતું નથી. સંમૂર્ચ્છિમ જીવ કીડી વગેરે પણ બચવા માટે પ્રયત્ન કરે છે. મરવા તૈયાર

નથી. આત્મા શાશ્વત છે. જીવવાનો એનો સ્વભાવ છે. માટે એ જીવવા ઈચ્છે છે. પણ અજ્ઞાનતાના કારણે એ નાશવંત એવાં શરીરમાં જીવવા ઈચ્છે છે, પણ શાશ્વત રીતે જીવવા નથી ઈચ્છતો.

આપણને દ્રવ્ય પ્રાણો કોઈપણ રીતે ન છૂટે તેની ચિંતા છે પણ ભાવપ્રાણની ચિંતા નથી. દ્રવ્ય પ્રાણ કાયમ રહેવાના નથી, તેની ચિંતા છે. ભાવ પ્રાણો શાશ્વત રહેવાના છે પણ એની ચિંતા નથી.

નરકનો આત્મા જે શરીરથી દુઃખ થાય તેનાથી છૂટવા ઈચ્છે છે પણ શરીરને સદા છોડવા ઈચ્છતો નથી.

આપણને અનુકૂળતાની પીડા આપનાર રાગને છોડવાની ઈચ્છા છે? પ્રતિકૂળતાની પીડા આપનાર દ્વેષને છોડવાની ઈચ્છા છે?

માસતુષ મુનિને ગુરુએ **મારુષમાતુષ** મંત્ર આપ્યો. તે તેને વિઘ્ન લાગતું નથી? મોહરાજાનો મંત્ર વારંવાર જપ્યો છે. ત્યાં કંટાળો નથી આવતો. અહીં કંટાળો કેમ આવે છે?

'હું છું અને એ મારો છે' આ મોહનો મંત્ર છે જેનો ચોવીસે કલાક અજપાજપ ચાલુ છે હવે નિર્વાણપદનો જપાજપ જાપ ચાલુ કરવો પડશે.

જો નિર્વાણ જોઈતું હોય તો નવકારમંત્રનો જાપ એ રીતે કરો કે તમે નવકારમંત્રમાં એક થઈ જાવ. નવકાર ગણવા ન પડે. ગણાઈ જ જાય. કઈ રીતે થાય? વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મચિંતન, પરિશીલન અને નિધિધ્યાસન કરવાથી થાય.

વાચના :– ગુરુ પાસે વિધિપૂર્વક ભણવું.

પૃચ્છના :– ન સમજાય તે સમજવા ગુરુને પ્રશ્ન પૂછવા. જો માન કષાય નડે તો પૂછી ન શકે. શંકા પડે ને પૂછવા જવા માટે પગલા માંડે ત્યારથી નિર્જરા થવા લાગે. ઘણીવાર ગુરુ પાસે જતાં ક્ષયોપશમના કારણે સમજાઈ જાય. શંકાનું સમાધાન અવશ્ય કરવું.

પરાવર્તના :– પરાવર્તન એવી રીતે કરવું કે રાત્રે ઊંઘ ઉડી જાય તો સ્વાધ્યાયની રમણતા ચાલે.

અનુપ્રેક્ષા :– સૂત્ર બરાબર દઢ થયા હોય તો અર્થ પર વિશેષ વિચારણા કરી શકે. પ્રથમ સૂત્ર ધ્યાન પછી અર્થ ધ્યાન કરી આત્મામાં તેનું પરિણમન કરવાનું છે. આત્માએ અર્થમય (સ્વભાવમય) બનવાનું છે તે જ તત્ત્વનું પરિણમન.

પરિશીલન :– અર્થનું ભાવના દ્વારા વારંવાર ચિંતન કરવું.

નિદિધ્યાસન :– એકાગ્રતાપૂર્વક કરેલ ચિંતનથી આત્માએ ધ્યાનમય બની જવાનું.

દા.ત. લોગસ્સ સૂત્ર – પરમાત્મા સ્વમાં અને લોકાલોકમાં કેવળ જ્ઞાનના પ્રકાશ દ્વારા ઉદ્યોત કરનારા છે. ધર્મતીર્થોની સ્થાપના કરનારા છે. રાગદ્વેષથી રહિત છે તેવા એ ચોવીસે જિનેશ્વર ભગવંતો અને અન્ય પણ કેવળી ભગવંતોનું હું કીર્તન કરું છું. મારું પણ એવુ જ સ્વરૂપ છે. આવી વિચારણા કરવાથી એવો આનંદ આવે કે કાઉસ્સગમાંથી બહાર નીકળવાનું મન જ ન થાય. દેહને વોસિરાવી દેવો અર્થાત્ દેહની મમતાનો ત્યાગ કરવો.

તત્ત્વાર્થ સૂત્રના રચયિતા પૂ. ઉમાસ્વાતિ મ. પણ એ જ વાત જણાવે છે કે એક જિનવચન પણ આત્માને તારવા માટે સમર્થ છે. એક સામાયિકના પદથી અનેક આત્માઓ તર્યા છે. પ્રમાણભૂત જિનવચનને કોઈ પણ પ્રકારના વિકલ્પ વિના સ્વીકારવાનું છે. તે વચનને સતત ધારી લેવું જોઈએ.

- **શ્રદ્ધાએ ધ્યાનમાં કઈ રીતે જવાય ?** કોઈ પણ પ્રકારના વિકલ્પ વિના સ્વીકારવું એ જ શ્રદ્ધા. જિનવચન સર્વજ્ઞતામાંથી નીકળેલું છે, માટે એકાંતે હિતકર છે.

**મેહાએ :–** જિનવચન સિવાય, કોઈનું પણ વચન સાંભળવા યોગ્ય લાગવું ન જોઈએ. આત્મા સ્વ આગમ ભણ્યા પછી પરાગમ ભણવા માટેનો અધિકારી બને છે.

પરાગમમાં જે સત્ય તત્ત્વ છે તે જિનેશ્વરનું જ છે આવો વિવેક કરી શકે. સત્યને સ્વીકારવાની તૈયારી હોવી જોઈએ અને અસત્યને અસત્ય તરીકે જાહેર કરવાની તૈયારી હોવી જોઈએ. બુદ્ધિ એવી હોય કે જિનવચન સિવાય ક્યાંય પૂર્ણ સત્ય નથી માટે પૂર્ણ કલ્યાણ જિનવચનથી જ થાય.

**ધિઈએ :–** બીજા બધા રસમાંથી ધીરજ ખેંચી લે ને સાંભળવામાં ચિત્તને સ્થિર કરી દે, તો એક એક વસ્તુ તેને પકડાય પછી એની ધારણા થાય પછી તે એને સતત યાદ આવવી જોઈએ.

**ધારણાએ :–** ચિત્તમાં ધારણ કરેલા પદો. સૂત્ર–અર્થ પદોની ધારણા પછી જ ધ્યાનની શરૂઆત થાય.

**અણુપેહાએ :–** પછી એની પર અનુપ્રેક્ષા કરવાની છે. વારંવાર ચિંતન કરી ધ્યાનમાં રહેવાનું છે. આ રીતે કરે તો એક વચન પણ આત્માને વીતરાગ બનાવે. કારણ કે તે વીતરાગમાંથી નીકળેલું છે. આત્મા પોતાનો કર્તા છે. આત્મામાં રહેલા ગુણોનો કર્તા છે. તે કર્તા પણા દ્વારા પોતાના ગુણોનો આસ્વાદ કરે ત્યારે પરમાંથી તે વિશ્રામ પામે.

- **સંસાર લીલા કોના કારણે ?**

જેમ ભૂખ્યો માણસ ભોજન માટે ભટકતો હોય ને જે મળે તે ખાય તેમ આત્મા પણ ભૂખ્યો છે. પણ પોતાના ગુણોરૂપ ભોજન ન મળે તો પુદ્ગલનું ભોજન કરે છે. મોહની હાજરીમાં તે પીડા સુખરૂપ લાગે છે. જગતને તેની ભેટ આપીએ છીએ માટે સંસાર લીલોછમ રહે છે.

જેમ જેમ આત્મા પોતાના ગુણોનો આસ્વાદ કરે છે તેમ તેમ તે પોતાનામાં વિશ્રામ પામે છે. પોતાના તે તે ગુણોમાં તૃપ્ત થાય.

- **તપની વ્યાખ્યા શું ?** ઈચ્છાનો નિરોધ, પુદ્ગલના ગુણોનો ભોગ છોડે તો તે વાસ્તવિક તપ કહેવાય. પોતાનામાં તૃપ્ત થવું તે જ તપ છે.

અવગુણને પોષવાના નથી. તગેડી મૂકવાના છે. પુદ્ગલ સ્વરૂપ

શરીરને આત્માએ પોતાનું માન્યું છે. માટે શરીરને સુખરૂપ લાગે એવા ગુણોનો ભોગ આપીએ છીએ. શીતલતા એ પુદ્ગલનો ગુણ છે. તેનો ભોગ શરીરને આપીએ છીએ. શીતલતા એ શરીરને જરૂરી છે માટે આપીએ છીએ કે સુખ માટે ? આત્મા અને શરીર વચ્ચેનો ભેદ સમજાઈ જાય તો બધું સમજાઈ જાય. શરીરને જેની જરૂરિયાત છે તે નથી આપતા અને જેની જરૂરિયાત નથી તે આપીએ છીએ. શરીરને લૂખું–સૂકું આપો તો તે વધારે કામ આપે. તેની બદલે આપણે તેને સ્નિગ્ધતા વધારે આપીએ છીએ તેથી તે વધારે કામ નથી આપતું.

સાધુને વિગઈ વપરાય નહિ. વાપરવી હોય તો ગુરુની રજા વગર વપરાય નહિ. તે આપે તેટલું જ વપરાય. **"ખાના – પીના – સોવના મીલના વચન વિલાસ જ્યોં જ્યોં પાંચ ઘટાઈએ ત્યોં ત્યોં ધ્યાન પ્રકાશ"** ખાતાં–પીતાં ધ્યાન ન થઈ શકે. જરૂરીયાત વગર ખાવાનું નથી જો વધારે ખવાય તો વધારે પીવાનું–સુવાનું–હળવા–મળવાનું અને વિકથા કરવાના દોષો આવે. વધારે ખાય તેને પચાવવા પાણી પણ વધારે જોઈએ. તેના કારણે પેટ તંગ બને, ઈંદ્રિયો પર ભાર આવે. ખાવાનું પચાવવા સુવું પડે, ચેન ન પડે. તેથી તે બીજાને શોધે. તેની સાથે વિકથાઓ કર્યા કરે.

જે જ્ઞાન દ્વારા આત્મા પોતાને ઓળખી શકે ને તેમાં લીન બને તે જ્ઞાન ઉત્કૃષ્ટ જ્ઞાન છે. પોતાનામાં રહેલા સુખને એક વખત પણ વેદે તો હવે તેનું પરિભ્રમણ વધારે નથી. વિરતિધર્મમાં જ આત્મા પોતાના ગુણોનો સ્વાદ માણી શકે. માટે પર સંયોગોને છોડવાના છે. થોડું પણ ભાવના જ્ઞાન અમૃત સમાન છે. અનાદિકાળથી આત્માને જે કર્મનો સંયોગ મળેલો છે તેને તે દૂર કરવા સમર્થ છે.

પરમાં પ્રવૃત્તિ નિરસ બને તો સંસારનું સર્જન અટકે છે. જ્ઞાન પોતાનું કાર્ય કરે છે માટે જ્ઞાની કહેવાય. સર્વજ્ઞ પોતાના જ્ઞાનમાં જે વસ્તુ જેવી છે તેવી જોઈ રહ્યાં છે, તેવું જ આપણને દેખાય. તે રીતે જ તેને માનીએ તો યથાર્થબોધ થયો કહેવાય. અયથાર્થ ઉપયોગ એ જ અજ્ઞાન. આપણે ૨૪ કલાક પ્રાયઃ સતત વિભાવ દશામાં જ જીવીએ છીએ.

સર્વજ્ઞ કથિત તત્ત્વને જે માનતો નથી તે પરમાં ડૂબી, સંસાર સાગરમાં ડૂબી જાય છે. જે અભોગ્ય છે તે ભોગવવાથી આત્માના આનંદ ઉપર આવરણ આવી જાય છે. જેવી રીતે ડુક્કરને ગમે તેટલું સારું આપો છતાંય એનું ચિત્ત વિષ્ટામાં જાય છે. હંસ મોતીનો ચારો જ ચરે તેમ જ્ઞાનીઓ માનસરોવર રૂપ અરિહંત પરમાત્માનું આલંબન લઈને તત્ત્વરૂપ મોતીનો ચારો જ ચરે છે.

જેમ તાવ આવેને ઠંડી લાગતી હોય ત્યારે ધાબળો સારો લાગે, પણ જ્યારે તાવ જતો રહે, શરીર સ્વસ્થ થાય ત્યારે એ જ ધાબળો અકળામણ કરાવે છે, એને કાઢી નાંખીએ છીએ. તે જ રીતે જીવ જ્યારે પરમાં જાય છે ત્યારે શરૂઆતમાં તેની હૂંફ ગમે છે પણ જીવ જ્યારે પાછો સ્વભાવમાં જાય છે ત્યારે તે પરની હૂંફ એને અકળાવનારી લાગે છે. એ વિચારે છે – ઓહો ! આટલો બધો કર્મનો બંધ ? આટલી બધી પીડા ભોગવવાની ? આમ પાછો તે સ્વસ્વભાવરૂપ ઘરમાં આવી જાય છે.

સાધના કરતાં હું અર્થાત્ આત્મા અને શરીર ભિન્ન છે એવો અનુભવ થયા વિના રહે નહિ. જ્યારે પરમાં સતત પીડા છે એવી સંપૂર્ણ પ્રતીતિ થશે ત્યારે તે શરીર સાથે એક ક્ષણ પણ રહેવા તૈયાર નહીં થાય.

ધન્ના અણગાર છઠ્ઠ–અટ્ઠમના પારણે પણ નિરસ આહાર શરીરને આપે છે. ચાલતા હાડકાં ખડખડે છે. આંખો ઊંડી જતી રહી છે એવી સાધના કરી છે. આવું શરીર હજી ચાલે છે તો પ્રભુને વિનંતી કરે છે કે મને અનશન કરવાની રજા આપો. મધ્યાહ્ન સમયે ભર તડકામાં શીલા પર સંથારો કરી સમાધિપૂર્વક કાળધર્મ પામી અનુત્તરમાં જાય છે.

મેઘકુમારને દીક્ષામાં પ્રથમ રાતે જૈન સાધુની ચરણરજ ખૂંચતી હતી. વીર પ્રભુના ઉપદેશથી સાચું સમજી આંખની જયણા માટે દવાના ઉપયોગની છૂટ બાકીના બધા અંગોને વોસિરાવી દીધા આ તેમનું મહાપરાક્રમ હતું.

જ્યારે આપણને આપણો આત્મા ઓળખાશે ત્યારે તે ગટરક્લાસ શરીરમાં એક ક્ષણ પણ અંદર રહેલા સિદ્ધાત્માની આશાતના કરવા તૈયાર નહીં થાય. એવું પરાક્રમ કરવા માટે આપણે પણ તૈયાર થઈ જઈશું.

આત્માને આત્માના ગુણોના સ્વરૂપની ખાત્રી ન થાય ત્યાં સુધી અભોગ્ય વસ્તુમાં જ તેને આનંદ આવશે. આ જ વસ્તુ સમજાયા પછી દૃષ્ટિ પરાવર્તન થવાથી સવળે માર્ગે ચાલશે.

શોભન મુનિ પોતાના જ્ઞાન ધ્યાનમાં એવા મસ્ત છે. શ્લોકોની રચનામાં પડ્યા છે. ગોચરી લેવા જાય છે ત્યારે પણ જ્ઞાનની ધૂન જ સવાર છે. શ્રાવકને આ ખબર પડી. ગમ્મતમાં શ્રાવકે પથરા વહોરાવ્યા તો પણ ખબર ન પડી. ખરેખર ! જ્ઞાનની આવી મસ્તી આવી જાય તો પરમાનંદમાં મહાલ્યા વિના જીવ રહે ખરો !

પૂ. પ્રેમસૂરિ મહારાજ કર્મસાહિત્યની રચના કરતા હતા ત્યારે ૧૦–૧૫ સાધુ ભગવંતો એ જ્ઞાનામૃતમાં એવા મસ્ત બન્યા કે ગોચરી વાપરવાનું ભૂલી જતા. પૂ. જયઘોષસૂરિ મ., પૂ. રાજશેખરસૂરિ મ., પૂ. વીરશેખરસૂરિ મ., પૂ. જગતચંદ્રસૂરિ મ., પૂ. હેમચંદ્રસૂરિ મ. જેવા મહાત્માઓએ તે વખતે પરાક્રમ કર્યા હતાં. જ્ઞાનરૂપી અમૃતનું તેઓ ભોજન કરતાં હતાં. તેથી આ ભોજન તેમના માટે નિરસ બની ગયું હતું. નવકારશી કરનારા એકાસણામાં ચડી ગયા અને એકાસણા કરનારા ઉપવાસ કરતાં થઈ ગયાં.

પૂ. રાજશેખરસૂરિ મહારાજ અનુવાદ કરતાં હોય અને એમની પાસે જઈને કોઈ નકામી વાત કરે તો એમના મુખ પર રીતસર એમ લાગે કે સમય બગડી રહ્યો છે, અનુવાદમાં એવા લયલીન બની જતાં. આપણને સમયની કાંઈ કિંમત નથી. જ્યારે નિશ્ચય દૃષ્ટિ ખૂલશે ત્યારે જ તેની કિંમત સમજાશે.

આપણે ખાવાની બાબતમાં એમ વિચારીએ કે આ ભક્ષ્ય તો ચાલે. આ અચિત્ત છે તો એ વાપરવામાં શું વાંધો ? બૌદ્ધોએ આ જ ભૂલી કરી કે મરેલું માછલું છે તો ચાલે. જીવ તો છે નહિ પછી એને વાપરવામાં શું વાંધો ? એકાસણું કરીએ બધી વિગઈઓ બરાબર વાપરીએ. મોહરાજા ધર્મના બહાને આપણામાં સીધો સોંસરવો ઉતરી જાય એટલે ધર્મ કરીને પણ ડૂબવાનું જ આવે.

જે આત્માના સ્વભાવ અને સ્વરૂપને જાણતો નથી તે અજ્ઞાની છે. જેઓ જાણે છે પણ જ્ઞાન પરિણામ ન પામે તો તેઓને પણ અજ્ઞાની કહ્યાં છે.

જીવો અભોગ્ય પર પદાર્થો ભોગવે છે. તેથી સ્વભોગ્યરૂપ ગુણો પર પડદો પાડી દે છે. અભોગ્યને રસપૂર્વક ભોગવવાથી તેની જ પરંપરા મળશે. અને ગુણો ઉપરનું આવરણ વધતું જવાનું. જ્યારે આત્માર્થીને એવા જ્ઞાની ગુરુનો ભેટો થાય અને સાચું સમજાવશે તો તે ગમી જશે અને પુરુષાર્થ આદરશું ત્યારે આવરણ ખસશે.

જીવ સમતામાં રહે તો ઘાતિ કર્મોની નિર્જરા થાય અને અશાતા–શાતામાં ટ્રાન્સફર થઈ જાય. અને સમતામાં ન રહે તો શાતા અશાતામાં ટ્રાન્સફર થઈ જાય. આત્માને કેટલું નુકશાન થઈ રહ્યું છે તેની આત્માને જાણ નથી માટે જ તે પરમાં રસ–આદર–પ્રીતિવાળો છે.

વાપરવું એ આત્માનો સ્વભાવ જ નથી પણ સમાધિ વગેરે માટે વાપરવું પડે તો સચિત્ત તો નહીં જ, અચિત્ત જ વાપરવું. તેને પણ હેય માનીને વાપરવું. કેમ કે વાપરવું એ આત્માનો સ્વભાવ નથી, અણાહારી પદની પ્રાપ્તિ એ જ આત્માનો સ્વભાવ છે.

**ગાથા – ૩ :**

**સ્વભાવલાભ સંસ્કાર – કારણં જ્ઞાનમિષ્યતે ।**
**ધ્યાન્ધ્યમાત્રમતસ્ત્વન્યત્, તથા ચોક્તં મહાત્મના ॥૩॥**

**ગાથાર્થ :** અન્ય શાસ્ત્રકારો પણ એક જ વાત કરે છે કે તે જ જ્ઞાન ઈષ્ટ છે કે જેના દ્વારા આત્માનું કલ્યાણ થાય. તે સિવાયનું જે જ્ઞાન છે તે માત્ર બુદ્ધિનો અંધાપો છે. સ્વભાવનો જેનાથી લાભ થાય તે જ ઈષ્ટ છે. આત્મામાં જ્ઞાનાદિ ગુણરૂપ ધર્મ છે તે મય બનવા માટે આત્માએ ધર્મ કરવાનો છે. તે ખ્યાલ ન આવે તો શુભ ક્રિયા દ્વારા પુણ્ય બાંધે ને પરભવમાં સારી સામગ્રી મળે તેટલો લાભ થાય પણ ગુણોનો લાભ ન થાય.

આત્મામાં સંસ્કાર પડે માટે પંચાચારની આરાધના કરવાની છે. પાંચ ગુણોને પ્રગટ કરવા માટે પંચાચાર રૂપ વ્યવહાર ધર્મ કરતાં કરતાં અહંકાર આવી જાય તો ગુણોનો લાભ નથી થતો.

જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી સમજણ વધતી જાય, અને સાથે વીર્યાંતરાયનો ક્ષયોપશમ થાય તેના કારણે શક્તિ પ્રગટ થાય. તેના દ્વારા શું કાર્ય થાય ? આત્મામાં સંજ્ઞા અનાદિથી છે. તેના કારણે આત્માને આલોક ને પરલોકની આશંસા રહે છે. સંજ્ઞા ૪ છે. આહાર – ભય– મૈથુન અને પરિગ્રહ મોહનો ક્ષયોપશમ ન થાય તો મળેલી શક્તિ આત્મા પાસે શું અનર્થ ન કરાવે ? આ લોકમાં તેણે જે સુખ માન્યું છે તેની પાછળ રાત–દિવસ દોડ્યા જ કરશે. તીવ્ર અને નિરંતર રૌદ્ર અધ્યવસાયથી પહેલા સંઘવણ બળના કારણે વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી અને અનંતાનુંબંધી કષાયના ઉદયે મમ્મણ ૭મી નરકમાં ગયો. મન પાવરફુલ હોવાથી એકધારી વિચારધારા તીવ્ર ગતિએ ચાલે, અટકે નહિ. અનંતાનુબંધીનો ઉદય હોય એટલે આત્મામાં સંતોષનો પરિણામ ન આવે, પણ ધનાદિ પ્રાપ્તિની તીવ્ર તૃષ્ણા પ્રગટ થાય.

જ્ઞાન છે માટે સમજણ છે, વીર્યાંતરાયના ક્ષયોપશમથી શક્તિ વધારે છે. મિથ્યાત્વની સાથે પહેલું સંઘયણ છે. એટલે જીવ દ્રવ્ય પ્રત્યે તીવ્ર દ્વેષનો પરિણામ ઉભો થશે. બીજાને તુચ્છ માનશે. તંદુલિયો મત્સ્ય આવા વિચારોના કારણે ૭મી નરકમાં જાય છે. જે મત્સ્યની પાંપણ પર તંદુલિયો છે. તે મત્સ્ય ૧ હજાર યોજનની કાયાવાળો છે. તેથી તેનું મોઢું કેટલું મોટું હોય ? ભરતી આવે ત્યારે અનેક માછલા તેના મોઢામાં આવે ને પાછા નીકળી જાય. તે જોઈને તંદુલિયો વિચારે કે આ માછલું મૂર્ખ છે. હું હોઉં તો એકેને ન જવા દઉં. તેવા રૌદ્ર પરિણામના કારણે તે મરીને ૭મી નરકમાં જાય છે.

વીર્યાંતરાયના ક્ષયોપશમથી મન–વચન–કાયા ત્રણેયની શક્તિ પાવરફૂલ બને છે. શુકલધ્યાન માટે પણ પ્રથમ સંઘયણ જોઈએ. ત્યારે જ શ્રેણિમાં મનથી એક સરખી વિચારધારા ચાલે. મમ્મણને આખો દિવસ ધનની ચિંતા રહે ને આત્માની ચિંતા જ નથી.

જડનો જેટલો રાગ તેટલો જીવ પર દ્વેષ. પહેલા પોતા પર દ્વેષ થાય પછી જ બીજા પર થાય. આ જ આપણી અજ્ઞાનતા છે. **"આગ ઉઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે."** આ વાત જેને ખ્યાલમાં આવી ગઈ તે કદી બીજાનું અહિત ન ઈચ્છે. સમ્યક દષ્ટિ બીજાનું અહિત ન ચિંતવી શકે. કદાચ અહિત ચિંતન થઈ ગયું તો જાગૃતિના કારણે પશ્ચાતાપનો પરિણામ આવ્યા વિના ન રહે. **"જ્ઞાન, સુખની ખાણ, દુઃખ ખાણ અજ્ઞાન."** થોડા શબ્દોમાં ઘણું બધું કહી દીધું.

ચાર સંજ્ઞામાંથી મૂળ બે સંજ્ઞા છે. આહાર અને પરિગ્રહ. બે ના કારણે ભય અને મૈથુન ઉત્પન્ન થાય છે.

પરિગ્રહના કારણે ભય ઉત્પન્ન થાય અને આહાર વધારે હોય તો ઈંદ્રિયો સંયમમાં ન રહે, તેથી વધારે ચંચળ બને. જ્ઞાનીઓ શરીરને નક્કર બનાવવાનું કહે છે. વિગઈથી શરીર તગડું થઈ જાય પણ નક્કર ન થાય. તેથી શરીર નક્કર અને સુકલકડી હોય તો ધારે તે કામ કરી શકે. આહાર સંજ્ઞા શરીરનો પરિગ્રહ વધારશે. મૂળમાં તો આહાર સંજ્ઞા જ છે. શરીર માટે જ બીજો બધો પરિગ્રહ કરે છે.

પરિગ્રહ સુખ માટે છે અને તેનાથી સમાજમાં સારો કહેવાય. એ બંને ખોટી માન્યતા છે. નાનામાં નાનો માણસ પણ પરિગ્રહને ઈચ્છે છે. કારણ સમાજમાં તો જ એનું સ્થાન છે. સકલ પુદ્ગલ અને તેના ભોગોથી જે ઉદ્વિગ્ન થાય તે જ આત્માના સ્વભાવને જાણે છે. એ જ જ્ઞાનનું વાસ્તવિક ફળ છે.

૮મા વર્ષે દીક્ષા અને નવમા વર્ષે કેવળજ્ઞાન આવી ઝંખના કેમ નથી થતી ? કારણ કે તે જોઈતું જ નથી. પુદ્ગલની ઝંખના થાય છે. કેમ કે અનાદિથી આત્મા તેના સંગથી વાસિત છે.

સાધ્યનો નિર્ણય થાય તો તે માટે અપ્રમત્તપણે ઉદ્યમ ચાલુ થઈ જાય. જે જ્ઞાનના સંસ્કાર વડે જીવ આત્માના સ્વભાવના જ્ઞાનના લાભને પ્રાપ્ત કરે તે જ લાભ છે, તે જ જ્ઞાન છે. જો તે જ્ઞાન પ્રાપ્ત ન થાય તો તે માત્ર બુદ્ધિનો અંધાપો–બુદ્ધિનું દેવાળું જ છે.

આત્માના પ્રદેશમાં રહેલા અનંતા જ્ઞાનાદિ ગુણોનો આત્મામાં લાભ થાય તે જ જ્ઞાન કલ્યાણ કરનારું છે. જ્ઞાન આત્માના સ્વભાવનું સ્મરણ કરાવે, તેની રુચિ જગાડે, તેને પ્રાપ્ત કરવાની ઝંખના જગાડે, તે માર્ગમાં પુરુષાર્થ કરાવી આત્માનુભૂતિ કરાવે તે લાભ છે. બાકીનું બધું જ્ઞાન અજ્ઞાન સ્વરૂપ છે, અહિતને કરનારું છે.

સાધુએ 'ધર્મલાભ' આપતાં એ જ ઉપયોગ રાખવાનો કે હવે મારે ધર્મનો જ લાભ મેળવવાનો છે અને જગતના જીવોને પણ તેનો જ લાભ આપવાનો છે.

પોતાના જ ગુણોનું પોતાને દાન, પોતાને લાભ, પોતાને ભોગ ને પોતાનો જ ઉપભોગ–આત્માએ આ જ કરવાનું છે. "નિશ્ચયદષ્ટિ હૃદયે ધરી, પામે જે વ્યવહાર." તેને જ આ લાભ થશે. નહિ તો બહારના વ્યવહાર દ્વારા બહાર જ ભટકશે અને માનશે કે મેં ઘણો ધર્મ કર્યો.

દરેક આરાધના કરતાં યાદ આવે કે સત્તાએ હું કેવળી છું, સિદ્ધ છું. માટે આરાધના એ રીતે ઘડાય કે ક્રિયાયોગમાં ચઢ્યા કે જ્ઞાનરૂપે બની ગયા. તરત જ પોતાને અનુભવતો થઈ જાય. પછી તેમાંથી નીકળવાનું મન ન થાય, પરાણે નીકળવું પડે તો તે સફળ ક્રિયાયોગ છે. સતત તેમાં સ્મરણવાળો, તેના જ ઉપયોગવાળો હોય તેને જ જ્ઞાનીઓએ જ્ઞાન કહ્યું છે, તે વિનાના જ્ઞાનને ભારરૂપ કહ્યું છે.

શાસ્ત્રો લૌકિક હોય કે લોકોત્તર હોય – તેની વાત જો આત્મસ્પર્શનાના લક્ષ વિનાની હોય તો તે જ્ઞાન બુદ્ધિનો અંધાપો જ છે. જે જ્ઞાન સ્વ પરનો વિભાગ ન કરે, વિભાગ કરી પરને છોડાવી સ્વમાં રમતાં ન કરે – સ્વની સ્પર્શના ન કરાવે તો એ જ્ઞાનથી આત્માને શું લાભ થાય ?

શબ્દ એ પણ પરિગ્રહ છે, જો સાવધ ન રહે તો હું ૪૫ આગમનો જ્ઞાતા, હું આગમ જ્ઞાતા પુરુષ એવું વિશેષણ ઉભું કરે, તો તે માન કષાય જ્ઞાનને અજ્ઞાન સ્વરૂપે બનાવી દેશે.

આત્મામાં ગુણોની એકતા કરવાનું અને દોષોને ત્યાજ્ય સમજી કાઢવાનું મન ન થાય તો તે શાસ્ત્રો પણ આપણા માટે શું કામના ? પરિણામ ન પામેલું જ્ઞાન અને અવિરત જ્ઞાન પોપટ પાઠની જેમ નિષ્ફળ જાણવું. થોડું ભણવાનું પણ તે અંદર કેમ પરિણામ પામે તેવા લક્ષપૂર્વક ભણવાનું છે. અનુયોગ દ્વારમાં કહ્યું છે કે – જે શ્રુતજ્ઞાન શિક્ષિત, સ્થિત, જિત, મિત કરે તો તે સાચું.

શિક્ષિત :– જેટલું ભણવાનું હોય તે બધું ભણી જાય તેને શિક્ષિત કહેવાય.

સ્થિર :– તેને ભૂલે નહીં તો સ્થિર થયું કહેવાય.

જિત :– પરાવર્તન કરે ને વચ્ચેથી કોઈ ગમે તે ગાથા પૂછે તો આવડવું જોઈએ. શરૂઆતથી પૂછે, વચ્ચેથી પૂછે, કે છેલ્લેથી પૂછે તે તરત યાદ આવે.

મિત :– જે ગાથા હોય તેમાં લઘુ–ગુરુ અક્ષર કેટલા છે ? અનુસ્વાર, માત્રા, પાદ, શ્લોક, સંપદા વગેરે કેટલા છે તે જાણે.

અક્ષરનું ધ્યાન જ્ઞાનાવરણીય કર્મનો ઘણો ક્ષયોપશમ કરે છે. તેમાં અશુદ્ધ ગોખવાનું ન થાય. ગાથા ગોખતી વખતે પ્રથમ બરાબર ધારણા કરવાની કે તેમાં કેટલા અક્ષર છે ? અનુસ્વાર, માત્રા, પદ વગેરે કેટલાં છે ? પછી આંખો બંધ કરીને ગોખે તો ચિત્ત તેમાં તદાકાર બની જાય. ક્ષયોપશમ થાય, લયબદ્ધ ચાલે, સૂત્ર પછી અર્થ ચાલે પછી તેના પર અનુપ્રેક્ષા કરવાની છે. પછી એક બીજા સૂત્રોનું અનુસંધાન છે તેના રહસ્યો પકડાય.

પરિજિત :– સીધા, ઊંધા, આડાઅવળા ક્રમથી બોલે. જેમ ભર ઊંઘમાં પણ તમને તમારું નામ કોઈ પૂછે તો તરત જ બોલી જાઓ. તેવી રીતે કંઠસ્થ કરવાનું છે. ગુરુએ જે ઉદ્દેશ્યથી કહ્યું તે પ્રમાણે બોલે. જે ઘોષથી જે પ્રમાણે બોલવાનું હોય તે પ્રમાણે બોલે. દીર્ઘસ્વર હોય તો લંબાવીને, હ્રસ્વ સ્વર હોય તો ટૂંકાવીને બોલવાનું. જેટલા અક્ષર આવે તેટલા બરાબર તે જ રીતે બોલે.

જોડાક્ષરમાં તેની પૂર્વના અક્ષર પર ભાર આપવામાં આવે તો વચ્ચેનો અડધો અક્ષર ઊંચકાય. આ બધું શુદ્ધ હોય તો પણ તે દ્રવ્ય શ્રુત જ છે પણ જ્યારે એ મોહને દૂર કરે ત્યારે જ તે ભાવશ્રુત બને છે. દ્રવ્ય શ્રુત પણ જો શુદ્ધ ન હોય તો જ્ઞાનાવરણીય કર્મ બંધાય. શુદ્ધ હોય તો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય. દ્રવ્ય – ભાવ બંનેની ઉપેક્ષા ન ચાલે.

જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ અને વીર્યશક્તિનો ક્ષયોપશમ થાય એની સાથે મોહનો ઉદેશ થાય તો આહારાદિ ૪ સંજ્ઞાનો ઉદય થાય. આહારાદિને અભિલાષ જાગે. આત્મા પોતાના આત્માને સર્વજ્ઞની દષ્ટિ પ્રમાણે બરાબર જાણે તેને જ જ્ઞાન કહેવાય. તે સિવાયનું બધું જ્ઞાન અજ્ઞાન છે માટે આવા પ્રકારના જ્ઞાનનો ઉદ્યમ કરવો જોઈએ. નહિ તો ક્ષયોપશમથી નુકશાન થશે. જ્ઞાનશક્તિ અને વીર્યશક્તિનો દુરુપયોગ થશે. એવા ભવો મળશે કે જેથી તે બધી શક્તિઓ પુનઃ આવરાઈ જશે. એકેંન્દ્રિય આદિ ભવોમાં પરાધીનતા આવશે. શક્તિઓ બિડાઈ જશે. આત્માએ પોતાના અજ્ઞાનથી જ બધા દુઃખો ઉભા કર્યાં છે. તો હવે આત્માનું એવું જ્ઞાન ઊભું કરો જેથી આત્મા સદા માટે જ્ઞાની બની જાય. જ્ઞાન એવું ભણવાનું કે જેથી આત્મા શાંત થાય.

- **જ્ઞાન કેવી રીતે ભણવાનું છે ?**

જ્ઞાન ઉદ્દેશ – સમુદ્દેશ – અનુજ્ઞાપૂર્વક ભણવાનું છે.

ઉદ્દેશ :– ભણવાની રજા મળે.

સમુદ્દેશ :– દીર્ઘ કાળ અભ્યાસ કરી તેમાં સ્થિર બનવાનું. તે સૂત્ર નામની જેમ ચાલે પછી અર્થ અને તેનો ગાઢ અભ્યાસ કરવાનો.

અનુજ્ઞા :– અભ્યાસ કરી તેના રહસ્યોને આત્મસાત્ કરવાનાં.

જો આ રીતે ભણ્યા હોઈએ તો એક તત્ત્વના રહસ્યમાંથી દરેકનાં રહસ્યો સમજાઈ જાય. ભલે થોડું ભણો પણ સંગીન (સારી રીતે – લગનથી) ભણો તો તેના સંસ્કાર પડી જાય તો તે ભૂલાશે નહીં.

આમ પ્રથમ પાઠ ભણવાનો (ઉદ્દેશ) પછી એને સ્થિર કરવાનો (સમુદ્દેશ) અને પછી જિત–મિત અર્થાત્ વાચના – પૃચ્છના – પરાવર્તના અનુપ્રેક્ષા દ્વારા આત્મામાં પરિણમાવી દેવાનો તો તે ભાવશ્રુતનું કારણ બને છે.

**ગાથા – ૪ :**

**વાદાશ્ચ પ્રતિવાદાંશ્ચ, વદન્તોઽનિશ્ચિતાંસ્તથા ।**
**તત્ત્વાન્તં નૈવ ગચ્છન્તિ, તિલપીલકવદ્ ગતૌ ॥૪॥**

**ગાથાર્થ :** અનિર્ધારિત અર્થવાળા પૂર્વ પક્ષ અને ઉત્તર પક્ષને કહેતાં કહેતાં છ માસ સુધી કંઠ શોષ કરે પણ ગતિ કરવામાં ઘાંચીના બળદની પેઠે તત્ત્વનો પાર પામતા નથી.

જ્યાં આત્મા અને તેમાં પરિણમેલું જ્ઞાન એ બંને ન હોય તો બંને પક્ષે વાદી (પ્રશ્ન)–પ્રતિવાદીમાં (ઉત્તર) સામેનાને હરાવવાનો જ હેતુ હોય છે. નહીં કે વાદ દ્વારા સત્ય જાણવાનો ભાવ હોય. વાદ તો ગણધરવાદ જેવો જોઈએ. જે જાણતા ન હતા એ પ્રભુ દ્વારા જાણીને સંયમ લઈ કેવળી બની ગયા. કેમ કે તેઓમાં સત્યને જાણવાનો ભાવ હતો. જો તેમ ન હોય તો તે વાદ ઘાંચીના બળદ જેવો છે. આગળ વધાતું નથી. પામી શકાતું નથી. પામેલાને પણ ગુમાવી દે છે. મિથ્યાભિમાનની વૃદ્ધિ થાય છે માટે અયોગ્ય સાથે વાદ પણ ન કરાય. માન કષાય વિનય ગુણનો નાશ કરે છે. અનુપ્રેક્ષા વગરનું બધું જ્ઞાન દ્રવ્ય જ્ઞાન કહ્યું છે. જ્ઞાનની પ્રવૃત્તિમાં ગમે તેટલો આગળ વધે પણ વૃત્તિને ન તપાસે તો તે જ્ઞાન અનર્થનું કારણ બને છે. જે મોહના પરિણામથી મૂકાય તે મુમુક્ષુ.

જેમાંથી કંઈ મળવાનું નથી તેવા વાદ–પ્રતિવાદનો મતલબ નથી. કારણ કે તેમાં આત્મા ઠેરનો ઠેર જ રહે છે. વાદવિવાદ કરવાનો હેતુ સામાનો પરાજય કરવાનો અને પોતાનો જય થવાનો છે. માટે તે પામી શકતો નથી. જેમ ઘાંચીનો બળદ આખો દિવસ ફરે છતાં ત્યાંનો ત્યાં જ રહે છે તેમ.

જેને આત્મહિત કરવું છે તે જાણતો હોય છતાં પ્રશ્નો પૂછે. કારણ પોતે વધારે જાણે અને બીજાને પણ તેનાથી લાભ થાય. જેમ ગૌતમસ્વામી

વાદ કોની સાથે કરાય ? જે પાપભીરુ હોય, તત્ત્વને જાણવાની ઈચ્છાવાળો હોય, વાદ દ્વારા પોતાનું આત્મહિત થતું હોય, તેની સાથે કરુણાદિ ભાવોનો પોતાને લાભ થતો હોય તો, સત્યને સ્વીકારવાની તૈયારી હોય, સંકલેશ ન થાય. મોટો પણ નાનાની વાત સ્વીકારી લેશે તો મૈત્રીભાવ વધશે, પણ વૈમનસ્ય નહીં થાય.

આત્મા અનાદિકાળથી દુઃખનો ભોગી બન્યો છે ને બીજાને પીડા આપે છે. આત્માના અજ્ઞાનથી દુઃખી થવાય છે. હવે આત્મજ્ઞાન માટે પ્રયત્ન કરવાનો છે. આત્મજ્ઞાન મેળવી એવી રીતે અભ્યાસ કરવાનો કે જેથી આત્મા સહજ જ્ઞાની બની જાય. ચામડાની દૃષ્ટિ મટી જાય. દૃષ્ટિ જ્યાં પડે ત્યાં રાગ ભસ્મીભૂત થયા વગર ન રહે. તત્ત્વદૃષ્ટિ ન હોવાથી. રાગના કારણે મનમાં કચરા રાખીને રાત–દિવસ મહિના વર્ષો આપણા ભસ્મીભૂત થઈ રહ્યાં છે.

અધ્યાત્મ કલ્પદ્રુમમાં કહ્યું છે કે જો સાધુ તત્ત્વજ્ઞાન દ્વારા આત્માની અનુભૂતિ નથી કરતો તો તે માત્ર ઊંટની જેમ ભારને વહન કરે છે.

અધ્યાત્મ સારમાં પણ કહ્યું છે કે – ધનિક માણસને પુત્ર–પરિવારથી પોતે મહાન છે એવું લાગે છે. તેમ શાસ્ત્રો ભણાવવા–ગણાવવા દ્વારા જે પોતાની જાતને પંડિત માને છે તે અધ્યાત્મ રહિત છે.

જો આત્મા જ્ઞાનમાં ડૂબે તો આનંદને માણે અને જ્ઞેયમાં ડૂબે તો આનંદને ગુમાવે. પરના જ્ઞાતા બનીને સ્વને અનુભવવાનું છે. તમને કહેવા દ્વારા અમારા આત્માની જાગૃતિ વિશેષ વધારવાની છે.

સાધુએ ઉપકરણ પણ સાદા રાખવાનાં છે. તેના પર પોતાને રાગ ન થાય તે જોવાનું છે. લોક સામે નથી જોવાનું. ઉપકાર કરે તે ઉપકરણ નહિતર તે પણ અધિકરણ. ભણવાનું એવી રીતે છે કે આત્માના ગુણોની રુચિ થાય. અનાદિકાળથી પરમાં થયેલી રુચિને અપૂર્વ પુરુષાર્થ કરીને ફેરવવાની છે. સામાન્ય પુરુષાર્થથી તે નહિ ફરે.

પોતાના સિવાય બાકી બધું જાણે તેમાં અવશ્ય મોહનો પરિણામ છે.

મોહ વિના આત્મા પરમાં ડૂબી શકતો નથી. સ્વના જ્ઞેયનો જ્ઞાતા બને ત્યારે મોહનો વિચ્છેદ થાય છે. બહાર જાય તો ઉછાળો આવે છે, અંદર જાય તો ગંભીર બને છે. તેને પછી બીજાને જણાવવાની તત્પરતા ન આવે. એથી જ એવા જ્ઞાની પૂર્ણતાને વરે છે. માટે જ કેવળી–કેવળજ્ઞાન થયા પછી પોતાના મુખે કહે નહીં કે હું કેવળી છું. આ જ જિનશાસનની ગંભીરતા છે.

કંઈક બનવું – કંઈક થવું એ જીવનો સ્વભાવ છે. પણ એ સ્વમાં ભળ વાને બદલે પરમાં ભળી જાય છે ત્યાં મહત્વાકાંક્ષા પ્રગટ થાય છે. તેમાં મોહ ભળી અહિત કરવામાં કાંઈ બાકી રાખતો નથી.

જે સત્ય સમજી ગયાં છે તે પરને છોડી ચાલી નીકળ્યા. પછી તીર્થંકર હોય, ચક્રવર્તી હોય, રાજા હોય કે શાલિભદ્ર હોય. તેઓ સર્વ સમૃદ્ધિને છોડીને સ્વને પામવા ચાલી નીકળે છે અને મોહને પરાજિત કરી તેના ફૂરચે–ફૂરચા ઉડાવી દઈ પોતાના આત્માના સામ્રાજ્યને પામી જાય છે. અનંતા આત્માઓ પામી ગયા.

જ્ઞાનમાં વિનય ભળ્યો હોય તો તે બીજાને આગળ કરે. કોઈ આવે તો શિષ્ય તેને ગુરુ પાસે મોકલે પણ પોતે સમજાવવા બેસી ન જાય. મોહ વિનયગુણને હરી લે છે. માન આવે તો તે નાનો બનવા જ ન દે.

આપણે ત્યાં આર્ય સંસ્કૃતિ હતી તે આત્મપ્રધાન હતી માટે વિનયગુણ સહજ હતો. શીખવવો પડતો ન હતો. આજે અનાર્ય સંસ્કૃતિના પનારે પડીને બધું સાફ થઈ ગયું. આર્યરક્ષિત બ્રાહ્મણ હતા. માતાએ મામા મહારાજ પાસે મોકલ્યા. સાધુને કઈ રીતે વંદન થાય તે જાણતા ન હતા. બીજા શ્રાવકે કર્યું તે પ્રમાણે બરાબર ધારીને કર્યું. આર્ય સંસ્કૃતિમાં આ ગુણ સહજ હતો.

પરમાં સુખ નથી, સ્વમાં જ સુખ છે આ નિર્ણય કરવામાં આત્માના ભવોના ભવ પસાર થઈ ગયા. જે ભવમાં આ નિર્ણય થયો તે ભવ આપણો સફળ.

અનુપ્રેક્ષા = વારંવાર આત્માને આત્મા વડે સતત જોયા કરવો. જ્ઞાન

ગુણ મારા આત્મામાં પરિણામ પામે છે કે નહિ. આત્મા અંદર જાય તો મોહ અંદરથી ભાગે.

આપણા જેવા જીવો માટે આ કલિકાલમાં તરવા માટે **જ્ઞાનસાર** શાસ્ત્ર સમર્થ છે. કેમકે તેમાં સમગ્ર આગમોના તમામ રહસ્યોનો નિચોડ અને અનુભવ મૂકી દીધો છે. અને પૂ. દેવચંદ્રજી મ. એ "જ્ઞાનમંજરી" નામની ટીકા રચીને એકદમ સરળતાથી પોતાના અનુભવો તેમાં ઠાલવ્યાં છે. વર્તમાનમાં તેઓ મહાવિદેહમાં પૂર્ણતાનો સ્વાદ માણી રહ્યાં છે. અહીં કેવી ભૂમિકા રચીને ગયા હશે કે ત્યાં કેવલી પર્યાયમાં છે. આપણો પુણ્યોદય છે કે આપણને બેઠો માલ મળી ગયો છે. હવે રાત–દિવસ એમાં જ મચી પડીએ. ગુરુકૃપાથી એની દિશા મળી શકે. મોહ ઉપર વિજય મેળવવો એ આત્માનો સદ્‌ગુણ છે પણ આપણે લોક પર વિજય મેળવવા નીકળ્યાં છીએ તેથી અશાંતિની આગમાં પડીએ છીએ.

પરમાત્માએ વિજય મેળવ્યો. કોની સાથે લડીને ? આંતર્‌રિપુ સાથે લડીને વિજય મેળવ્યો. બહારના વિજયમાં તો પરાજય છે. જ્યારે અંદરના પરાજયમાં વારંવાર લડતાં પણ મહાવિજય છે. આત્મામાંથી સંસારને કાઢવાનો છે. તો જ આ સંસરણરૂપ જન્મ–મરણની પીડામાંથી મુક્ત થવાશે.

ફક્ત જાણકાર શું કરે ? તમે જે બોલ્યા તેમાંથી ઝીણામાં ઝીણી ભૂલ પકડી શકે. બોલ્યા તેમાંથી રહસ્યને પકડવાને બદલે મહત્તા ભૂલને આપી, આથી તેવા જીવો કાંઈ પામી શકતા નથી, જાણીને તાણવામાં જ પડ્યા રહે છે.

શુષ્કવાદ કરે તેને માત્ર ગળું સુકાવવાનું જ આવે, રહસ્યને ન પામી શકે. જ્યાં પણ તત્વ આવે ત્યાં ગુણને જ પકડવાનાં છે. વસ્તુમાં રહેલો જે ધર્મ તે જ તત્ત્વ છે. તે ગુણ કે સ્વભાવ ન પકડાય ત્યાં સુધી આત્મા તેના પારને નથી પામતો. અર્થાત્ પોતાનામાં રહેલા ગુણને તે પામતો નથી. સર્વજ્ઞની વાત પર શ્રદ્ધા ચોક્કસ છે પણ પ્રતીતિના સ્તર પર નિર્ણય નથી.

વાચના–વ્યાખ્યાનાદિ સાંભળતાં મૂંગા નથી બેસી રહેવાનું. પ્રશ્નો

પૂછવાનાં છે. ન સમજાય ત્યાં સુધી ઉત્તર પણ આપવા જોઈએ. જો અમે કંટાળીએ તો અમને પરમાત્માના તત્ત્વ પર બહુમાન જ નથી. જે સમજવા માટે પ્રશ્નો પૂછવા આવે છે તે લઘુકર્મી આત્મા છે. તો તેને સમજાવવું જોઈએ. તેની આશાતના અમારાથી ન કરાય. સમજાવવું એ અમારી ફરજ છે. જેનામાં અર્થીપણું નથી તે સાંભળીને ચાલ્યો જશે. પ્રશ્નો નહીં પૂછે તે નિર્ણય પણ નહીં કરી શકે.

જેને તત્ત્વનો નિર્ણય નથી તે માત્ર વાદ–પ્રતિવાદ કરીને સમયનો બગાડ જ કરે છે. વસ્તુના ધર્મસ્વરૂપ જે સાર છે તેને તેઓ પામતા નથી. કેમકે ધર્મના રહસ્યને પામવાનો નિર્ધાર જ નથી, રુચિ જ નથી પણ માત્ર એકબીજાને જય–પરાજય કરવાનો જ હેતુ રહેલો છે. જ્ઞાન આત્માને ત્યારે જ લાભ કરે કે તેના પરિણામનું આત્મામાં લક્ષ હોય, નહિતર નહિ. જ્ઞાનાવરણીય સાથે જો દર્શન મોહનીયનો ક્ષયોપશમ ન હોય તો તે મોહથી દુઃખી થાય છે. જ્ઞાન દ્વારા હું જ્ઞાની છું એવો ભાસ થાય છે અને તે માન કષાય અને મિથ્યાત્વનો પરિણામ છે. સર્વજ્ઞ કથિત જ્ઞાન જે આત્માને સ્પર્શે તેને જ જ્ઞાની કહેવાય.

એક ગાથા ગોખી – કલાક – બે કલાક મહેનત કરી ન ચઢે – યાદ ન રહે તો જીવ દુઃખી થાય છે – ખેદ પામે છે પરંતુ તે યાદ નથી આવતું કે –

**आज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च ।**

ભગવાનની આજ્ઞા છે કે યાદ રહે કે ન રહે તો પણ ભણવાનું. તેથી જ્ઞાનનો ક્ષયોપશમ થાય જ છે. જ્ઞાનાવરણીય તૂટે જ છે. પછી ગાઢ કર્મ હોય તો તૂટતાં વાર લાગે માટે નિરાશ થવાનું ન હોય. પરમાત્માની આજ્ઞાની આરાધનાથી જ મોક્ષ મળે છે અને વિરાધનાથી ભવોનું જ સર્જન થાય છે. માટે હે જીવ ! તું નિરાશ ન થા પણ આજ્ઞાનું પાલન કર અને તેનો આનંદ માણ.

જે જ્ઞાન આવડે તેમાં દિવ્ય કૃપા ગુરુ ભગવંતની છે એમ માને તો પછી ત્યાં માનકષાય ક્યાં રહી શકે ? પોતાનામાં વિનયગુણ કેટલો આવ્યો ? તે જોશે અને બીજામાં રહેલા ગુણો તેને ઉપાદેય લાગશે. આંબાનું વૃક્ષ જેમ

ફળો આવતાં જાય તેમ તેમ નમતું જાય જ્યારે આપણે તો સંજ્ઞિ છીએ. તેથી આપણે તો સમજીને વધુ નમ્ર બનવાનું છે. ગુણીજનોનો વિનય કરવાનો છે, તેથી ગુણોનું બહુમાન થશે.

બીજાની ભૂલ પર આનંદ ન આવવો જોઈએ. જ્ઞાન પરિણામ ન પામે તો જ આવું બને. છદ્મસ્થની ભૂલ થઈ શકે. ગૌતમ સ્વામીની પણ ભૂલ થઈ હતી. પણ તે ભૂલને સ્વીકારી તેની માફી માગી હતી. તેમ આપણે પણ માફી માગતા શરમાવું ન જોઈએ. નહીં તો બધે મેં કર્યું – મેં કર્યું એમ થશે. તે કર્તાભાવ ઊભો કરાવશે. આખા સંસારનો આધાર આ કર્તાભાવ છે.

એકલવ્ય અર્જુન કરતાં વધારે બાણાવલી બન્યો તેમાં તેણે ગુરુની કૃપા જ માની ને ગુરુએ જ્યારે ગુરુદક્ષિણામાં અંગૂઠો માગ્યો તો આનંદથી આપી દીધો. કોઈપણ વિકલ્પ વિના આપી દીધો. કેમ કે તે સાચો શિષ્ય હતો. જ્યારે અત્યારે આપણે સાચા કહેવાતા સાચાં છીએ ખરા ?

જન્મદાતા માતા–પિતાને પોતાની ચામડીના જોડા બનાવી પહેરાવે તો પણ તેમના ઉપકારમાંથી મુક્ત નથી બની શકાતું. જ્યારે ગુરુ તો ભવોભવના જન્મને ફેડનારા છે. તો તેના ઉપકાર સામે બધું જ ગળી જવા તૈયાર થશે. બધું જ ગૌણ કરી દેશે. પણ મેં બુદ્ધિથી મેળવ્યું છે એમ લાગશે તો હવે હું તૈયાર થઈ ગયો છું. બીજાને પમાડી શકું છું તો પછી ગુરુને છોડતાં વાર નહિ લાગે. કલિકાલની આ જ તો ખાસિયત છે......

ગુરુ ગોતવામાં ભૂલ તે જ કરે જેને આત્મ કલ્યાણની ભૂખ જ નથી તે ફસાય છે. તત્ત્વનો નિર્ણય કરવાનો જેને નિર્ધાર છે તે ક્યાંય ફસાતા નથી પણ જે અનુકૂળતાના અર્થી છે તેને ફસાતાં વાર નહિ લાગે. બંને લાલચુ બન્યા પછી શું થાય ? તત્ત્વનો છેડો શું ? આત્મશ્રેયને સાધવું તે. આત્યંતિક (એનાથી વધારે બીજું સુખ નથી એવું અંતિમ) અકૃત્રિમ – સ્વાભાવિક આત્મજ્ઞાન નિરંતર આત્માનો અનુભવ કરાવે. જે કદી જાય નહિ, નાશ ન પામે, સહજ રહેવાનું છે. હવે આત્માને અનુભવ કરવા માટે પરપદાર્થની જરૂર નહીં પડે.

આવું જે માત્ર જ્ઞાન તે કેવળજ્ઞાન છે. આવા જ્ઞાનનો લાભ થાય તો અવશ્ય આનંદની અનુભૂતિ થાય જ ! પછી શું પ્રાપ્ત કરવાનું બાકી રહે ? કંઈ નહિ.

૫ સમિતિ – ૩ ગુપ્તિના પાલનવાળો પણ ૧૨મા ગુણસ્થાનકે પહોંચી જાય પણ જેને આત્મ તત્ત્વ પામવાનો અભિલાષ નથી તેને માટે તો માત્ર શ્રમની જ પ્રક્રિયા છે. તેને માટે બધું ગોળરૂપ નહિ પણ ખોળરૂપ જ બને છે. તેને માટે દ્રવ્યજ્ઞાન માત્ર બોજારૂપ બને. જેને જ્ઞાન પરિણામ પામ્યું છે તેને પરમ આનંદ આવે. નહિ તો બધું ભણીને પારંગત થઈ જવું ને સભા કેટલી ભરાઈ? કેટલા અનુષ્ઠાન થયા ? શિષ્ય કેટલાં વધ્યા ? વગેરે પંચાતમાં પોતાનું આત્મ ધન લૂંટાવશે અને ઘાંચીના બળદની જેમ ઠેરનો ઠેર રહેશે.

જ્ઞાન મેળવીને સ્થળાંતર કરવાનું છે. અર્થાત્ ગુણસ્થાનક પર આરોહણ કરવાનું છે. તે ન થાય તો શું લાભ ? અભવિ ૯ પૂર્વ ભણીને પણ ઠેરનો ઠેર. તાત્ત્વિક રીતે પ્રથમ ગુણસ્થાનકે પણ નથી આવી શકતો. જ્યારે ૫ સમિતિ – ૩ ગુપ્તિવાળો ગુણસ્થાનક પર આગળ વધે છે. જેને જ્ઞાન પામવાનો અભિલાષ છે પણ પરિણમન કરવાનો નિર્ધાર નથી તે શાસ્ત્રો વાંચી કંઠસ્થ કરીને માત્ર મજૂરી જ કરે છે.

જ્ઞાન તો સ્વની પાસે જ રહે. માટે યથાર્થ જ્ઞાન પામવા માટેની જ આત્મામાં રુચિ ઊભી કરવી. સર્વજ્ઞ પરમાત્માએ કહેલ તત્ત્વને વિષે રુચિ પ્રગટી જાય અને આત્માને આત્માનો બોધ થાય. પોતાના દુઃખી આત્માને વર્તમાનમાં જોઈ તેના પ્રત્યે કરુણાનો પરિણામ પ્રગટી જાય તો જ જ્ઞાન પરિણમ્યું છે, તેમ કહેવાય.

મારામાં સતત ધર્મની વૃદ્ધિ થતી જાય અને આત્મામાં સતત સંવેદના ચાલે કે હવે મારે આ દુઃખી જીવો સાથે નથી રહેવું. નહિતર મારા તરફથી પણ તેમની પીડામાં નિરંતર વૃદ્ધિ થયા જ કરશે. માટે હું સર્વવિરતિ સ્વીકારી શ્રમણ સંઘમાં ચાલ્યો જાઉં. કેમકે –

**'સાધુ તો સુખિયા ભલા, દુઃખિયા નહીં લવલેશ,**
**અષ્ટકર્મ ચૂરવા, પહેર્યો સાધુનો વેશ.'**

માટે હું પણ છ કાયની વિરાધનાથી બચવા તેમ જ સાધુપણાના ગુણોની અનુમોદના કરી ગુણમય જીવન જીવી સુખિયો બની જાઉં.

**ગાથા – ૫ :**

**સ્વદ્રવ્યગુણપર્યાય–ચર્યા વર્યા પરાઽન્યથા ।**
**ઈતિ દત્તાત્મસંતુષ્ટિ–ર્મૃષ્ટિજ્ઞાનસ્થિતિર્મુનેઃ ॥૫॥**

**ગાથાર્થ :** પોતાના શુદ્ધ આત્મ દ્રવ્યમાં અને શુદ્ધ જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ ગુણોમાં અને શુદ્ધ વ્યંજન–અર્થ–પર્યાયમાં રમણતા હિતકર છે, પરમાં નહિ. આ પ્રમાણે મુનિના જ્ઞાનનો સંક્ષેપથી સાર છે. જે મુનિના આત્માને સંતોષ આપે છે.

● **મુનિની સ્થિતિ કેવી હોય ?** જે મુનિ પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયમાં જ ચર્યા કરે છે તેની મર્યાદા જેનામાં છે તેના દ્વારા જે સંતોષ પામે છે તેની જ જ્ઞાનસ્થિતિ છે. બાકી બધું પર છે. મુનિ પોતાની જ્ઞાનની રમણતામાં જ રમનારો હોય. તત્ત્વથી જાણનારો, સ્વીકારનારો અને તત્ત્વમાં જ રમનારો હોય.

સ્વદ્રવ્યથી શું કહે છે ? જે ગુણનો આધાર હોય તેને જ દ્રવ્ય કહેવાય. આત્મા દ્રવ્ય છે. તેમાં ગુણો રહેલાં છે. તેના પર્યાયોમાં જ તેની વર્તના છે. પર્યાય ક્રમભાવી છે. ગુણ સદાય સાથે રહેનારાં છે માટે તે સહભાવી છે. ગુણ સદા દ્રવ્યમાં રહેનારા છે. ગુણની ભિન્ન–ભિન્ન અવસ્થાને પર્યાય – પર્યાયની ઉત્પત્તિ છે ને નાશ છે માટે ક્રમભાવી.

માટી છે તેના ઘડાદિ જુદા–જુદા આકાર બન્યા તે પર્યાય થયો. અગ્નિમાં પકાવવામાં આવે તો તેના વર્ણમાં ફેરફાર થયો. વર્ણની અવસ્થા બદલાય તે પર્યાય ને વર્ણરૂપે વર્ણ રહ્યો તે ગુણ.

પાંદડું ઉગે ત્યારે લાલ હોય પછી લીલો થાય પછી પીળો બને તે વર્ણરૂપે વર્ણ રહ્યો પણ પર્યાયો બદલાયા. વર્ણ કોઈપણ પુદ્ગલમાં એક સરખો નહીં રહે પણ કોઈપણ એક વર્ણ અવશ્ય રહેશે.

આત્મામાં કેવળજ્ઞાનનો નાશ કદી નથી થવાનો પણ જેમ જ્ઞેય ફરે છે તેમ જ્ઞાન પણ ફરે છે. પ્રથમ ઘડો જોયો, પછી પુસ્તક જોયું. જ્ઞાન પણ તે રીતે ફરે છે. અવધિ, મનઃપર્યવ પણ પર્યાયરૂપે ફરે છે. શુદ્ધ કેવળજ્ઞાન પ્રગટ્યું તે કાયમ રહેવાનું છે, તેમાં પણ પર્યાયરૂપે રહેવાનું જ છે. પર્યાયનું પરિવર્તન થાય. પ્રથમ જ્ઞાન પછી દર્શન એમ ફર્યા કરે. પર્યાયનું પરિવર્તન થાય, ગુણનું પરિવર્તન ન થાય.

ઉપયોગરૂપ પર્યાયો ફરે છે. જ્ઞેયના જેટલા પરિવર્તન ફર્યા તે જ્ઞાનમાં જ ફર્યા કરે છે. પિક્ચરમાં પડદા પર દશ્યો ફરે છે, પડદો ફરતો નથી. તેવી રીતે કેવળજ્ઞાન તો તે જ સ્વરૂપે છે. તે ફરતું નથી પણ જે દશ્યો ફરે છે તે દશ્ય પદાર્થોના પર્યાયો ફરે છે, તે કેવળજ્ઞાનમાં દેખાય છે. મતિ–શ્રુત–અવધિ–મનઃ પર્યજ્ઞાન પણ નિત્ય નથી, કેવળજ્ઞાન નિત્ય છે.

મુનિ પૂર્ણતામાં રમનારો હોય માટે જ યોગીઓ નિત્યનું ધ્યાન કરે છે. આત્મા નિત્ય છે માટે તેનું ધ્યાન ધરે છે. આપણે પર્યાયમાં સંતોષ માનનારા છીએ. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવજ્ઞાન પર્યાય છે ને આપણે તેમાં સંતોષ પામનારા છીએ. કેવળજ્ઞાન એ પૂર્ણ છે માટે લક્ષ તો પૂર્ણતાનું જ જોઈએ.

- **મુનિનું સાધ્ય શું ?** મુનિના સાધ્ય માત્ર બે જ ! સ્વભાવ અને સ્વરૂપ. જ્યાં સુધી એની પૂર્ણતા ન થાય ત્યાં સુધી એની સાધના ચાલુ રહે, જંપીને ન બેસે.

- **મુનિ માટે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ચર્યા કઈ ?** પોતાના દ્રવ્યની પૂર્ણતા ને ગુણની પૂર્ણતા. તેમાં જે સહાયક બને તે જ તેની શ્રેષ્ઠ ચર્યા છે. તે સિવાયની બધી જ ચર્યા પર છે.

આ જ લક્ષપૂર્વક તમામ ચર્યાઓ કરે. માટે જ જે વ્યવહાર કરવાનો છે તે બધો નિશ્ચયને પૂર્ણ કરવા જ કરવાનો છે. આટલો તપ કર્યો, સ્વાધ્યાય કર્યો, પ્રતિષ્ઠા કરી વગેરેમાં જ સંતોષ માની લીધો. જો લક્ષ દ્રવ્ય–ગુણની પૂર્ણતાનું નથી તો તે ક્રિયા દ્વારા પુણ્ય બંધાશે તો સારા ભવો–સારો દેવલોક મળશે પણ

સાચો માર્ગ નહીં મળે. શુદ્ધ આત્માના લક્ષણરૂપે જે દ્રવ્ય–ગુણ છે અને અનંતજ્ઞાન – અનંતદર્શન પર્યાયસ્વરૂપે છે. તેને પામવા માટે સ્વર–વ્યંજન–સૂત્ર, સૂત્ર દ્વારા અર્થ અને અર્થ દ્વારા આત્માએ તે સ્વરૂપે પરિણામ પામવાનું છે. સૂત્ર જાણ્યા – અર્થ જાણ્યા પણ તે પ્રમાણે આત્મા પરિણામ ન પામ્યો તો તે મોહના પરિણામમમાં જ છે, તે પરમાં જ પરિણતિવાળો છે. જ્ઞાનયોગ દ્વારા સ્વભાવરૂપે પરિણામ પામવાનું છે. તો જ તે આત્મ સુખનો અનુભવ કરી શકશે. સ્વને વેદશે ત્યારે જ અનુભવ થશે. અર્થ પ્રમાણે વર્તવું એટલે આત્મવીર્યને ગુણરૂપે પરિણામ પમાડી દેવાનો છે. જ્યારે તે પોતાને અનુભવતો હોય ત્યારે તે કાયયોગથી છૂટી જાય છે. ક્રિયાયોગથી જ ચડવાનું છે, તેનાથી જ સ્થિર થવાનું છે ને પછી તે તે યોગોથી પરિણામથી છૂટી જવાનું છે.

દરેક ક્રિયાયોગમાં પ્રણિધાન મૂકવામાં આવ્યું છે. પ્રણિધાન સાધ્યની સિદ્ધિનું હોય. દા.ત. ચૈત્યવંદન કરવાનું છે. પ્રથમ ખમાસમણ આપવાનું છે. પછી ચૈત્યવંદનનો આદેશ માગવાનો. હવે તે ક્રિયા સિવાય બધાનો નિષેધ થઈ જાય. તમામ ક્રિયા ઈરિયાવહિયં પૂર્વક કરવાની છે. તેમાં કાઉસ્સગ્ગ કરવાનો છે. પૂર્વની પાપ ક્રિયાથી પાછા ફર્યા છીએ. જ્યારથી આજ્ઞા માંગે છે ત્યારથી જ તે પોતાનું પારતંત્ર્ય વ્યક્ત કરે છે. જો પોતાની યોગ્યતા હોય તો ગુરુ આદેશ આપે છે. કરેહ = કરો. પહેલું વિનય દ્વાર છે. તેના વિના આગળ કોઈ કાર્ય ન થાય. 'ઈચ્છં' કહીને તેનો સ્વીકાર કર્યો તેથી આપણે પ્રતિજ્ઞાબદ્ધ થઈ ગયા, હવે બીજું કોઈ કાર્ય ન થાય. એ ઉપયોગ આવવો જોઈએ.

અજિતશાંતિ રાગપૂર્વક – સંપદાપૂર્વક બોલી ગયા પણ તેમાં જે વંદના કરવાની હતી તે કેટલી થઈ? અર્થના ઉપયોગમાં જઈને – પરમાત્માના અર્થના ઉપયોગમાં પોતાનામાં તે ઉપયોગ જાય ને એકાદ સમય પણ તદાકાર બની જઈએ તો વંદના સફળ થાય. આના માટે આવી ભૂમિકા ઘડવી પડે. માટે પ્રથમ સૂત્રો પછી તેના અર્થ ભણવા પડે પછી તેને તત્ત્વથી જાણવું પડે ત્યારે તે કાર્ય સ્વભાવરૂપે થાય. અપ્રમત્તપણે બધું જ કર્યું તે દ્રવ્યક્રિયા થઈ, તન્મયતા આવે

તો જ સાર્થક છે. મુનિ માટે જ આ બધું બતાવ્યું છે. દેશવિરત માટે તો અત્યંત અલ્પ સમય ઘટે. કારણ તે સંસારમાં છે માટે તેને કોઈને કોઈ પ્રશ્ન ઊભો જ છે. જ્યારે મુનિ બધું છોડીને આવ્યો છે માટે તેના માટે હવે સાધ્ય આ જ છે.

● **મુનિની મર્યાદા શું ?** મુનિએ સદા જ્ઞાનરૂપી મર્યાદામાં જ રહેવાનું છે. સાધુયોગ એ માત્ર જ્ઞાનયોગ જ છે. માત્ર ઉપયોગની જ સાધના કરવાની છે. યોગમાંથી છૂટી ઉપયોગની સાધના કરવાની છે. સાધુએ માત્ર જ્ઞાન સ્થિતિમાં જ રહેવાનું છે. આવું પાળનારા માટે જ શાસન છે. "પરિણામે બંધ–ઉપયોગે નિર્જરા, યોગ એ મારો સ્વભાવ નહીં, ઉપયોગ એ જ મારો સ્વભાવ. જે સાધના મોક્ષ સાથે જોડી આપે તે યોગ. યોગમાં રહીને અયોગીપણાની સાધના કરી કેટલાય જીવો કેવળજ્ઞાનને પામી ગયા.

● **મુનિની પ્રધાન સાધના શું ?** જ્ઞાનમાં ઉપયોગ. મુનિએ સવારે પ્રતિક્રમણ પડિલેહણાદિ ક્રિયા કર્યા પછી સૂર્યોદયથી પ્રથમ ઉપયોગનો કાઉસગ્ગ કરવા પૂર્વક સાધનાનો પ્રારંભ કરવાનો છે. જો થોડો ઉપયોગ મૂકે તો આખો દિવસ ગમે તે યોગમાં હોય તો ય તે નિર્જરા જ કરતો હોય.

જો ઉપયોગની શુદ્ધિ હોય તો મુનિ આનંદની સંતોષની અનુભૂતિ કર્યા જ કરે. જે સ્વ આત્મ દ્રવ્ય – ગુણ – પર્યાયમાં ઉપયોગ મૂકે તે ઉપયોગ શુદ્ધિમાં જઈ શકે છે. જો સ્વમાં ન હોય અને પરમાં હોય તો ઉપયોગ શુદ્ધિ ન કહેવાય. ઉપયોગ ત્યારે જ શુદ્ધ કહેવાય જ્યારે જ્ઞાન પોતાનું કાર્ય કરે. પરનો પ્રકાશ કરે અને સ્વનો પ્રકાશ ન કરે તો જ્ઞાન પોતાનું કાર્ય કરતું નથી.

આપણે ત્યાં સાધુઓએ આ જ પ્રક્રિયા કરવાની છે. સ્વમાં જવાનું છે પણ તે હાલમાં છૂટી ગઈ છે. જીવ વિચાર ને નવ તત્ત્વ જાણવાના શા માટે છે? સ્વ જીવનાં સ્વભાવ ને સ્વરૂપને સમજી તે પ્રમાણે જીવનમાં આદરવાના છે. આ નિશ્ચય કેટલાંને થયો ? મુમુક્ષુ આત્માને શરૂઆતમાં જ આ ભણાવીને નિશ્ચય કરાવી દેવાનો છે તે નિશ્ચય માર્ગ તો આજે આખો ઊડી ગયો છે. જીવના ભેદ કડકડાટ આવડે છે પણ જીવને શિવ માની તેની જોડે કેવો વ્યવહાર કરવાનો

છે એ સમજાવવાનું જ મોટે ભાગે ગાયબ છે. અહીં ગાથામાં ચર્યા–વર્યા લખ્યું તો આ નિશ્ચય થાય ત્યારે જ એની બધી ચર્યા શ્રેષ્ઠ થશે. ચર્યા અર્થાત્ તન્મયતા – પરિણતિ. આત્મા પોતાના ગુણમય સ્વભાવમાં થઈ જવું તો તે વર્તનમાં આવ્યો કહેવાય.

પર દ્રવ્ય ગુણ પર્યાયમાં વર્તતા મુનિ શ્રેષ્ઠ નથી. આખો ઉપદેશ મુનિ માટે જ છે. કારણ મુનિ જ પોતાના ગુણમાં રમણ કરી શકશે. આત્મરમણતા કરવા માટે બાહ્ય સંબંધો છોડવા પડે. બહારથી આત્મા નિવૃત્ત ન થાય ત્યાં સુધી અંદરમાં કઈ રીતે જઈ શકે ?

● **સ્વદ્રવ્ય એટલે શું ?** દ્રવ્ય ગુણોનો આધાર હોય. દ્રવ્ય વિના ગુણો રહી શકતા નથી. અનાદિકાળથી આત્મા અવિરત ભટકી રહ્યો છે. સમ્યક દર્શનથી શુદ્ધ થયેલા જ્ઞાન દ્વારા તે અટકવાના ભાવવાળો બને પછી આગળ જતાં સ્વભાવરૂપ બને.

સર્વજ્ઞના વચન પ્રમાણે જ્ઞાન થાય તો ઉપયોગ શુદ્ધિ થાય. જીવ છે કે અજીવ ? તે રીતે આગળ વિચારણા થાય. માત્ર જીવ તરીકે આપણે નથી જોઈ શકતા. કેવલી જાણી શકે. આત્મામાં પડેલી શક્તિ પણ આવરણવાળી છે. તેથી જાણી નથી શકાતું. વસ્તુને જીવ તરીકે માનીએ છીએ માટે મિથ્યાત્વ છે. કારણ જીવાજીવ છે. તે રીતે નથી માનતા માટે મોહ ફાવી જાય છે.

આપણે દ્રવ્ય ને ગુણથી જ્ઞાન કરતાં નથી. માત્ર પર્યાયથી જ્ઞાન કરીએ છીએ. પણ દ્રવ્યને ગુણથી વિચારણા કરવાથી મોહ અટકી જાય. પર્યાયકૃત અવસ્થાને જાણીને રહીએ તો સંસારમાં રહી શકાય ને દ્રવ્ય–ગુણ–પર્યાયથી દ્રવ્યને જોતાં જાવ તો સંસારનો ઉચ્છેદ થતો જાય.

તત્ત્વની દૃષ્ટિ એવી કેળવી લો કે મોહ અંદર જતાં અટકી જાય. પછી વિશિષ્ટ તપ કરવાની જરૂર નથી. આત્મા દ્રવ્ય છે, અને કેવળજ્ઞાન એનો ગુણ છે તે કદી આત્માથી દૂર થતો નથી તો તેની રુચિ થશે. કેવળજ્ઞાન અરૂપી છે. આવરણ બધા રૂપી છે. આવરણને હટાવવા જ પડે તો જ કેવળજ્ઞાન થાય. અનુભવ સ્વને સ્વનો જ થાય, બીજાનો ન થાય.

આત્મદ્રવ્યને સ્વદ્રવ્ય કહેવાય. તે સિવાયનું બીજું પર કહેવાય. દરેક દ્રવ્યનો નિશ્ચિત સ્વભાવ હોય તેના થકી તે બીજા દ્રવ્યોથી જુદું પડે. સ્વરૂપ સમાન હોઈ શકે છે. દા.ત. આત્મ દ્રવ્ય અને આકાશ દ્રવ્ય બંને સ્વરૂપથી સમાન છે. પણ બંનેમાં ભેદ છે. જ્ઞાનાદિ પાંચ ગુણો માત્ર આત્મામાં જ રહેલાં છે. અન્ય દ્રવ્યોમાં ન હોય. જીવ દ્રવ્યમાં ચેતના લક્ષણ છે તે અન્ય દ્રવ્યમાં નથી. તેના કારણે તે અન્ય દ્રવ્યોથી છુટું પડે છે. ગુણ દ્વારા દ્રવ્ય ઓળખાય છે. આપણને ભ્રાંતિ પુદ્‌ગલમાં જ થાય છે.

હવે આત્માએ પોતાના સ્વભાવની ઓળખાણ કરી લઈ આત્માને પોતાના સ્વભાવમાં લાવવાનું છે. પંચાચારનું પાલન પણ મૂળ સ્વભાવમાં આવવા માટે કરવાનું છે. આ નિર્ણય નહિ થાય ત્યાં સુધી ધર્મનો પણ માત્ર વ્યવહાર જ થશે.

મતિ–શ્રુત–અવધિ મનઃ પર્યવ આ ચારજ્ઞાન કેવળજ્ઞાનના પર્યાયો છે. કેવળજ્ઞાનના અંશરૂપ સૌથી અલ્પ પ્રકાશ એ મતિજ્ઞાન છે.

જેમ–જેમ જ્ઞાનાવરણીય કર્મોનું આવરણ હટતું જાય તેમ જ્ઞાનનો પ્રકાશ વધ્યો તો તે જ્ઞાનરૂપે તેનાથી શ્રુત વધારે વધ્યું તો અવધિજ્ઞાન તેનાથી વધારે વધ્યું તો મનઃ પર્યવજ્ઞાન અને પૂર્ણ પ્રકાશ થયો – પૂર્ણ વિકાસ થયો, આવરણ સંપૂર્ણ દૂર હટી ગયું તો કેવળજ્ઞાન પ્રગટ થયું.

ચેતનાના વિકાસના કારણે તે એકેન્દ્રિયથી બેઈન્દ્રિય એમ આગળ –આગળ વિકાસ કરતાં પંચેન્દ્રિય સુધી પહોંચી શકે છે. જો દુરુપયોગ કર્યો તો પાછું ઘટી જાય. જેમ દેવશર્માનો આત્મા તેઈંદ્રિય બન્યો. સદુપયોગ કરો તો કેવળજ્ઞાન સુધી પહોંચી શકશો. મોહ હટે એટલે ગુણોનો અનુભવ કરે. તત્ત્વજ્ઞાન ભણવાનો હેતુ માત્ર તેટલો જ છે કે આત્માની શુદ્ધ અને અશુદ્ધ અવસ્થા કેવી છે ? પછી શુદ્ધ અવસ્થા પ્રગટાવવાની રુચિ પ્રગટ થાય. વર્તમાનમાં સ્વભાવ મિથ્યાત્વથી આવરિત છે. અઘાતિ કર્મનાં ઉદયથી સ્વરૂપ ઢંકાયેલું છે માટે શ્રદ્ધા થતી નથી ને વિભાવરૂપે સ્વરૂપ પ્રગટ થયું છે તે પ્રત્યક્ષ દેખાય છે. માટે નિશ્ચય થઈ શકતો નથી. માટે જ સદ્‌ગુરુને પકડવા માટે, તેમનો

સમાગમ સતત કરવો પડે. તેમની પાસે ભણવું પડે પછી આગળ વધી શકાય.

ગુણો સહભાવી હોવાથી આત્માથી છૂટા નથી પડવાના પણ ક્રમભાવી પર્યાય નાશ પામશે. માટીમાંથી માટલું બન્યું તેનો નાશ થયો. કોડિયું બન્યું – પર્યાય નાશ પામે છે. સાધુની ચર્યાને શ્રેષ્ઠ કહી કારણ કે તે હંમેશ પરથી પર થવાની ક્રિયામાં હોય છે. સર્વજ્ઞએ બતાવેલા સૂત્રને – અર્થને સાધુ પકડે છે તેના દ્વારા તે મય બનવાની પ્રક્રિયા કરે છે. માટે તેની ચર્યા શ્રેષ્ઠ (વર્યા) છે. આગમ ભણીને પણ જો આ કળા ન શિખ્યા તો માત્ર આત્મા આગમ ભણી કંટાળી જાય. કારણ કે તેમાં નિર્યુક્તિ – નય– નિક્ષેપા વગેરે જુદી જુદી રીતે ખૂબ ચર્ચાઓ કરવામાં આવી છે. આત્મા સ્વભાવથી જ્ઞાની–ભોગી છે. વસ્તુમાં જે ધર્મ છે તેમાં રમવાનો તેનો સ્વભાવ છે. માટે જ **"વર્તે નિજ ગુણ ભોગે રે."**

આત્મા પરમ તપસ્વી ત્યારે બને કે જ્યારે પુદ્‌ગલના ગુણોની ઉપેક્ષા કરી અને સ્વના ગુણમાં રમે. પુદ્‌ગલના ગુણોમાં રમણતા મોહના ઉદયથી થાય છે. જે સ્વભાવમાં રમતો હોય તે જ ઉત્તમ મહાત્મા કહેવાય છે. પરભાવ એ આત્મા માટે હેયરૂપ છે. પરના સંગથી છૂટા થવાનો ભાવ ન થાય ત્યાં સુધી પરનો બંધ સતત થયા કરે છે.

મુનિને ખાવાનો પરિણામ ન હોવાના કારણે, શરીરને ટકાવવા માટે આપે છે, પણ ખાવાનો રસ નથી. ખાવા પ્રત્યે અંદર ઉદ્વેગનો પરિણામ છે. માટે તેને ખાવા છતાં ઉપવાસી કહ્યો. ખાતી વખતે તેનું ચિત્ત જ્ઞાનમાં જ હોય અર્થાત્ સ્વસ્વભાવમાં હોય પણ સ્વાદમાં ન હોય.

પરભાવનો આત્મા ત્યાગ કરે તો મોક્ષ થાય. તેથી પરમાં જવાનો ભાવ બંધ કરે. પ્રથમ ભવનો ભય ઊભો કરીને પછી એ પ્રમાણે છોડતો જાય તો આગળ–આગળનો વિરતિ પરિણામ થતો જશે. ચારિત્ર મોહનીય છૂટતો જશે. અને આત્માને જરૂર વીતરાગના અંશની અનુભૂતિ થશે.

જે જ્ઞાન આત્માને પરમ સંતોષ આપે છે તે મુનિને ઈષ્ટ છે. જે જ્ઞાન

દ્વારા આત્મા પોતાના આત્મ દ્રવ્યને ઓળખે, ગુણને ગુણોના પર્યાયને ઓળખે અને તેમાં સ્વરુચિવાળી રમણતા પામે તે જ્ઞાન અલ્પ પણ સારું છે. જે જ્ઞાનથી આત્માનો નિશ્ચય ગુણોનો નિશ્ચય થાય એ આત્મા પોતાના આત્મા સિવાય ક્યાંય રમતો નથી.

આત્મ રમણતાની અંદર પરિગ્રહ બાધક છે. પરિગ્રહનું પ્રત્યાખ્યાન કરવું. પ્રત્યાખ્યાન દેશથી અને સર્વથી એમ બે રીતે થાય છે. અલ્પ પણ કરે અને સર્વ પણ છોડે. જો માત્ર દ્રવ્યથી પરિગ્રહ છોડે તો પરિગ્રહની વૃદ્ધિ થાય, અને ભાવથી પરિગ્રહ છોડે તો નિર્ગ્રંથતાની વૃદ્ધિ થાય.

● **ધર્મનો મહિમા કેમ વધે ?** ધર્મનો મહિમા બે રીતે વધે. (૧) આત્માની અંદર ધર્મ વધે. (૨) ધર્મ કરવાથી બાહ્ય ઋદ્ધિ વધે તો પરિગ્રહ થાય છે. પરિગ્રહનો ત્યાગ કરવાનો છે. દેશથી વિરામ પામેલા અને સર્વથી વિરામ પામેલાઓએ પચ્ચક્ખાણપૂર્વક ત્યાગ કરવાનો છે. તો જ તે નિવૃત્ત થાય. જેમ વિષ્ટાને છોડો પછી તેનો વિચાર ન આવે, એમ હેય વસ્તુને આત્માની બાધક જાણી છોડી દો, તો બાધક ન થાય. અર્થાત્ છોડેલું પાછું ન મળે. જે છોડો તેમાં ચિત્ત ન ચોંટે.

પરિગ્રહ એ દસમો ગ્રહ છે. ધન અગ્યારમો પ્રાણ છે. સ્વજન પણ પરિગ્રહ છે. એનો પરિગ્રહ આત્માએ છોડવાનો છે. સામાયિકમાં ભાવથી તે છોડો તો જ સમતાના સ્પર્શની ખબર પડે. સ્વજન–પરિજનનો સંયોગ દુઃખનું કારણ છે.

બાર ભાવનામાં એકત્વ ભાવનાને પકડવાની છે. હું કોણ ? સદા માટે એકલો. જો આત્મા એમ માને તો કોઈનો વિચાર ન આવે. ચાર ભાવના સંસાર છોડવા માટે, બાકી અંદર જવા માટે. આત્માએ એકાકી વિહાર કરવાનો છે.

સમગ્ર જન–સ્વજન–પરિજનથી જુદા થઈએ તો જ સાચો વૈરાગ્ય પ્રગટે. જ્યારે બધા આગમોને ભણી લે પછી જ્ઞાનગર્ભિત તાત્ત્વિક વૈરાગ્ય આવે. વર્તમાનમાં સાથે રહી એકલા થઈ જવાનું છે. જો આત્મ રમણતા માણવી

હોય તો પ્રીતિ–ભક્તિ–વચન–સંગથી રહિત થવાનું હવે એને સાંભળવાનું પણ શું ? પોતાના સત્તામાં રહેલા ગુણો તે જ ધર્મકથા. બાકી બધું વિકથા.

સંયમના અનુભવનો અચિંત્ય પ્રભાવ હોય છે. પોતાના આત્મતત્ત્વનું સતત ચિંતન થવું જોઈએ. અનંત ગુણોનું સતત ચિંતન–એવું વિચારાય કે અનંત કેવળજ્ઞાનનો પ્રકાશ આત્મામાં પથરાય એના આનંદની શું સીમા હશે ? ત્યાગથી આત્માને સહજ સુખ મળે છે. દા.ત. ઉપવાસ કરીએ એટલે ખાવાની ચિંતા ગઈ. ભલે લાંબુ ટકી નથી શકતા. ધ્યાનની ધારાથી અનંત કેવળજ્ઞાન મેળવવું છે, અનુભવવું છે.

જેનું સ્મરણ કરો, જાપ કરો એના જેવા બનતા જાઓ. આત્મા પોતાના ગુણોના પર્યાયોની વિચારણા કરતાં કરતાં પોતે ગુણમય બનતો જશે. આત્મામાં રહેલી અનંત લક્ષ્મીની પ્રતીતિ થશે. હજી આત્માને તેટલું લક્ષ નથી, કારણ આત્માને પોતાની ચિંતા જાગી નથી. સામાયિક–પૌષધમાં હો ત્યારે મારે મારા આત્મા સિવાય કોઈ ચિંતા કરવી નથી. સાવદ્ય યોગનો ત્યાગ કર્યો છે. બહારની ચિંતા = કથા ન કરાય.

જ્યાં સુધી ચિત્તવૃત્તિ પરમાં હોય ત્યાં સુધી મગ્ન ન થાય. એનું ફળ એ કે સ્વમાં મગ્ન બને તો આનંદનો અનુભવ થાય, તેથી સર્વ પરભાવની અનુમોદના બંધ થાય. સ્વમાં મગ્ન ન બનાય તો ધર્મના બહાને પણ પરમાં અનુમોદના–માન સન્માન વગેરે માટે ધર્મ થાય. નિવૃત્તિ લેવાનું મન ન થાય, પ્રવૃત્તિમાં જોડાવાનું મન થાય. આ રીતે અનુમોદના પણ સાધુથી ન થાય. મુનિ કરણ–કરાવણ–અનુમોદના ત્રણેથી દૂર હોય. આત્મરમણતાની અનુમોદના હોય, બીજા સુકૃતની અનુમોદના સાધુને ન હોય.

ગૃહસ્થને પ્રશસ્તની અનુમોદના હોય, મુનિને પ્રશસ્તની પણ ન હોય. શ્રાવક પૂજા કરે તેની નહિ પણ ગુણલક્ષી પરિણામની અનુમોદના કરાય. મુનિથી સંયમ પર્યાય ન ઉજવાય. શ્રાવકો ઉજવે – મુનિઓ નહિ. મુનિએ તપ ગુપ્ત કરવાનો છે. સંયમનું બળ હોય તો પ્રભાવ પડે, ચારિત્રનું બળ કામ કરે.

મુનિ ત્રિકાળ ભૂત–ભવિષ્યથી છૂટી ગયા છે. વર્તમાનમાં જ રમણ કરે છે. તેને ભૂત–ભવિષ્યની ચિંતા ન હોય. ત્રિકાળના વિષયથી રહિત–યાદ પણ નહિ રાખવાનું. ભાવિનો મનોરથ પણ ન હોય. **માત્ર વર્તમાન જોગ જ.** જે જ્ઞાન દ્વારા પોતાનામાં સંતોષ મળે, જે અનુભૂતિ કરવાની છે એ થઈ ગઈ માટે બીજું યાદ ન આવે. મુનિએ સદા જ્ઞાનરૂપી મર્યાદામાં જ રહેવાનું છે.

દ્રવ્યથી પંચાચારનું પાલન છે ને ભાવથી તે મય પરિણામરૂપ બની જવું. શરીરની ચર્યા શક્તિના આધાર પર છે. તે બધાની સરખી ન હોય. પણ જ્ઞાનની ચર્યા તો સુતાં–સુતાં પણ કરી શકાય તેમ છે. એમાં વાંધો ન આવે.

આત્માએ પૂર્વે દ્રવ્યાચારનું પાલન કરીને નિશ્ચયથી એને પરિણત કરી દીધું હોય તો તે ગમે તેવી સ્થિતિમાં પણ જ્ઞાનચર્યામાં રહી શકે. બાહ્ય દ્રવ્યાચારના પાલનમાં અહંકારની પુષ્ટિ થવાનો સંભવ છે. જ્યારે ભાવાચાર સાથે દ્રવ્યાચારનું પાલન કરવાથી સંતુષ્ટિ થાય છે. પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયમાં પરિણમવાથી આત્મહિત થાય. મનને જીતવાનો એક જ ઉપાય છે. સ્વમતિને છોડો–આગમ મતિને પકડો. તો મન ક્યાંય નાચ નહીં કરે. સર્વજ્ઞ તત્વ પ્રમાણે વિચારવું એ જ આગમમતિ છે.

જ્ઞાનથી પોતાને 'હું આ છું' અને 'આ નથી' તેનો નિર્ણય થઈ જવો જોઈએ. ખાવું–હરવું, ફરવું, ઊંઘવું એ મારો સ્વભાવ નથી, શરીરનો સ્વભાવ છે. એટલે તરત બ્રેક લાગી જાય–હેય લાગે. ઝોળી લઈને વહોરવા જાય તો પણ નિર્જરા કરીને જ આવે. સાધુએ મોક્ષની સાધના કરવા માટે શરીરને ટકાવવું છે તો લાવવું જરૂરી છે.

સાધુ ગચ્છમાં બેઠો–બેઠો બીજું કંઈ ન કરે તો પણ બધાનું જોઈ–જોઈને નિર્જરા કરે. જો આ મહાત્મા કાઉસ્સગ્ગ કરે છે, કોઈ પાણી ગાળે છે, કોઈ કાજો લે છે, કોઈ ભણે ગણે છે, કોઈ વેયાવચ્ચ કરે છે – વિ. જોતાં જોતાં અનુમોદના કરીને નિર્જરા જ કરે. અને જો આણે આમ ન કર્યું. તેણે તો તેમ જ કરવું જોઈએ આવું જોયા કરે–કે વિચારે તો તે અહીં પણ આખો દિવસ કર્મ જ

બાંધ્યા કરશે. હવેનાં શિષ્યોને તૈયાર કરતાં ગુરુને નાકે દમ આવી જાય છે. જરાક ઉણપ રહી તો તું–તા થતાં વાર નહીં લાગે. દૃષ્ટિ એવી બનવી જોઈએ કે સામેનાનું પરાવર્તન થઈ જાય.

પોતાના સ્વભાવને જાણીને બધું કરે તો બધામાં નિર્જરા થાય, સ્વ સ્વભાવના જ કર્તા બનવાનું છે. જ્ઞાની નહીં હોય તો બધે જ માર ખાશે. ક્રોધ–માન–માયા–લોભ કરવો એ મારો સ્વભાવ નથી. એમ યાદ આવે તો આત્મા તરત ત્યાંથી અટકે. આ જ્ઞાનના ઉપયોગની વાત આવી. હવે બીજા ગુણ સમ્યક દર્શનની વાત – આ સ્વભાવ નથી એ જ્ઞાનથી જાણ્યું તો ખાવાની રુચિ ન થાય. તેનો પરિણામ અંદરમાં પ્રગટ થાય તો સમ્યક દર્શનમાં છે એ નક્કી થાય. સાધુનો સ્વભાવ ન બોલવાનો છે. ન બોલવાની રુચિ–આવી જાય તો ન બોલે. **મુનેઃ ભાવં મૌનમ્ ।** માટે જ ઈતરોમાં જૈન મુનિની છાપ કે જૈન સાધુ જેમ તેમ ન બોલે, કારણ વગર હસે પણ નહિ, ને હસે તો નક્કી ગંભીર કારણ હશે એમ માને.

## "જૈન મુનિ કારણ વિના હસે નહિ ।"

સુનંદા પતિ સાથે હરણિયાનું માસ ખાઈ રહી છે ને બે મુનિ ત્યાંથી પસાર થયા ને તેમનું હાસ્ય જોયું તો સુનંદાને ધ્રાસકો પડ્યો ને પતિ સાથે મુનિ પાસે જઈને વંદના કરીને પ્રશ્ન કરે છે. ત્યારે મુનિએ કહ્યું કે, "તે તારો યાર છે જેનું માંસ આજે તે ખાધું. પૂર્વના છ ભવોનો સંબંધ કહ્યો, તે સાંભળીને સાધુ જીવનનો નિર્ણય કર્યો. સાધ્વી બનીને એવું જીવન જીવ્યા કે અવધિજ્ઞાન પ્રગટ થયું. ત્યારે ઉપયોગ મૂકીને જોયું કે હરણિયો ક્યાં ઉત્પન્ન થયો છે? વિંધ્યાચલમાં હાથી તરીકે ઉત્પન્ન થયો છે. તો ગુરુણીની રજા લઈને ત્યાં ચાતુર્માસ રહીને તેને પ્રતિબોધ પમાડ્યો.

હવે ચારિત્ર ગુણ–જેની રુચિ હોય – વીર્ય તે જ દિશામાં જાય. ખાવું તો પડે – બોલવું તો પડે તો ભગવાનની આજ્ઞાનો ઉપયોગ લાવે ને ખાઈને – બોલીને પણ નિર્જરા કરે. સાધુના વિશેષણો છે કે **ખાવા છતાં ઉપવાસી,**

**બોલે તો ય મૌની. 'યોગી–ભોગી – વક્તા – મૌની – અનુપયોગે ઉપયોગી'** સતત ઉપયોગમાં જ રહે.

સાધુ જીવન જ એવું જીવે કે તેની સહજ પ્રભાવના થાય. બીજી કઈ પ્રભાવના કરવાની છે? આપણે જે સ્થાનને પામ્યા છીએ તેની ગંભીરતા જાય તો લોકો વિચારે કે 'આ આવા છે' તો એ બોધિદુર્લભ બની જાય.

૧) જ્ઞાનગુણથી જે વસ્તુ જેવી હોય તેને તે રીતે જાણવી.

૨) દર્શન ગુણથી સ્વ સ્વભાવમય બનવાની રુચિ.

૩) ચારિત્રગુણથી તે–તે સ્વભાવમય બની જાય.

૪) તપ ગુણથી કોઈ પણ પ્રકારની ઈચ્છા તેને જાગે જ નહિ.

સાધુ આત્મગુણોમાં રમણતા કરે છે, ને પુદ્ગલના ગુણોને છોડી દે છે. પછી ગોચરી કેવી લાવે ? અરસ–નિરસ આહાર લાવે જેમાં આંખ ચોંટે નહીં તેવું તેને લાવીને આપે. આવ્યા પછી આનંદ પામે, આવો આત્મા વાપરીને પણ નિર્જરા કરે છે.

સ્વ દ્રવ્ય–ગુણ–પર્યાયની જે ચર્યા છે તેનાથી જ આત્મા સંતોષ પામી શકે છે. જે જ્ઞાન સ્વરૂપને સ્વભાવમય બનાવી તેમાં જ રમણતા કરાવનારું બને તે જ શ્રેષ્ઠ ચર્યા છે.

- જૈન શાસનમાં બે વાત પર ભાર મુકવામાં આવ્યો છે. (૧) પરસંગ અને (૨) પરભાવ હેય છે.
- પરભાવ અનુભવ = પુદ્ગલમય બની જવું.
- પરસંગ = પુદ્ગલાદિનો સંયોગ
- પરભાવ = પુદ્ગલાદિના સંયોગથી ઉત્પન્ન થતો લાગણીનો પરિણામ.

પરદ્રવ્યનાં ગુણો અને પર્યાયોમાં રમણ કરવું – અનુભવવું તે આત્મા માટે અહિતકારી છે. નિશ્ચયવાદ પરભાવને હેય બતાવે છે. પરસંગને હેય

માનતું નથી. પરસંગ છે ત્યાં સુધી બંધ પરિણામ છે, ત્યાં સુધી જ સંસાર છે. માટે પરસંગ એ મોટામાં મોટો ગુનો છે. જિનશાસનમાં બે વાત પર ભાર મૂકવામાં આવ્યો છે. પરસંગ અને પરભાવ હેય છે, કેમ કે તે બન્ને વિભાવ છે, અર્થાત્ ભવવર્ધક છે. પરભાવના સંપૂર્ણ ત્યાગથી જ મોક્ષ થશે. પરદ્રવ્યનો ત્યાગ કર્યો પણ જો પરભાવ ન છૂટયો તો પણ કદાપિ મોક્ષ થવાનો નથી.

ઈતરમાં સત્સંગ કરવો જોઈએ એમ કહે છે પણ અસત્ સંગ સર્વથા છોડવો જોઈએ એમ નથી કહેતા. આત્મા સિવાય બધો સંગ છોડવાનો છે એ માન્યતા શુદ્ધ થવી જોઈએ. દ્રવ્યનો ત્યાગ કર્યો પણ ભાવથી ત્યાગ નહીં તો દ્રવ્યનો સંયોગ તો આત્મામાં ઊભો જ છે. માટે બંનેનો ત્યાગ જરૂરી છે.

જ્યાં સુધી સર્વજ્ઞનું તત્ત્વ ન સમજાય ત્યાં સુધી ધર્મ ધર્મરૂપે નથી થતો. વર્તમાનમાં પર સંગ અને પર ભાવના શક્યનો ત્યાગ કરો, અશક્યને હેય માનો શક્તિ આવે ત્યારે ત્યાગનો ભાવ રાખો તો બચી જશો. પરમાત્માના તત્ત્વને પાયાથી સમજવામાં ન આવે તો આજના કાળમાં આપણને ફસાતા જરાય વાર ન લાગે.

શિવરાજર્ષિને વિભંગ જ્ઞાન થયું તેના દ્વારા તેને ૭ દ્વીપ – સમુદ્ર દેખાયા, તેથી તેમણે પ્રરૂપણા કરી કે દુનિયા આટલી જ છે. પછી પરમાત્મા મળ્યાને સાચું તત્ત્વ સમજી ગયા. તે પ્રમાણે નિશ્ચયવાદીઓ પણ જાણે તેટલું જ કહે. કેમ કે સર્વજ્ઞદષ્ટિ ન હોય તો તત્ત્વનો અવબોધ યથાર્થપણે થતો નથી.

સર્વ વિરતિમાં શરીર સિવાયના સર્વસંગનો ત્યાગ કરવાનો છે. કારણ કે શરીરને છોડી શકાતું નથી. તેથી શરીરને હેય માનીને રાખવું પડે છે.

સર્વ વિરતિમાં ઉત્કૃષ્ટે ગુપ્તિ માર્ગ આવે તો કાઉસ્સગ્ગ–ધ્યાનમાં રહી જાય. શ્રાવક પૂર્ણ ત્યાગ કરી શકતો નથી, તો અલ્પકાળ માટે જેટલો ત્યાગ કરી શકે તે દેશવિરતિ. તે પણ સર્વસંગ હેય છે એમ માનીને કરે.

પ્રથમ માન્યતા ફેરવવાની છે, પછી આચરણ આવે. પરભાવનો આત્મામાં અનુભવ થવો તે સર્વ દોષોનું મૂળ છે. મોહના ઉદયને ભોગવો તો

કર્મબંધરૂપ બંધનમાં આવી ગયા એ નિશ્ચિત વાત છે. પરસંગ, પરભાવ અને પરભાવનો અનુભવ એમ ત્રણ વસ્તુ બતાવી. શરીર વગેરે જે કાંઈ પર દ્રવ્યનો સંયોગ છે તેના કારણે આત્મામાં થતાં મોહના પરિણામો–લાગણીઓ ક્રોધ–માન–માયા–લોભ–મિથ્યાત્વ–રતિ–અરતિ વગેરે પરભાવ છે. દા.ત. તમે વાપરવા બેઠાં – ત્યારે ઉપયોગ આવે કે મોહરાજાની સવારી આવી છે!!! મહાનુભાવ ભક્તિથી આગ્રહ કરે એટલે લોભ અંદર વિહવળતા ઉત્પન્ન કરે તો ચિત્તમાંથી સમાધિ ગઈ, ઉદાસીનતા ગઈ તે પરભાવનો અનુભવ છે. જમવા બેઠા તે કર્મનો ઉદય તો આવી જ ગયો તેને નિષ્ફળ કરતાં જાવ તો બંધ નહિ, પણ મોહને ભોગવો ત્યારથી બંધ શરૂ. પુદ્ગલને ભોગવો કે ન ભોગવો – દ્રવ્ય જોઈને તમારી ચેષ્ટામાં ફેરફાર થતો જાય તો મોહરાજાની અસર આપણામાં શરૂ થઈ ગઈ.

સંયોગની સાથે ભાવ અને તમે તેની કેટલી સ્પર્શના કરો છો તેના પર કર્મબંધનો આધાર છે. દ્રવ્યનો સંયોગ હેય છે. તેને ઉપાદેય માન્યો તો પહેલા જ વાંધો ઊભો થયો. સર્વજ્ઞની દષ્ટિમાં જે હેય છે તે હેય જ લાગવું જોઈએ, જે ઉપાદેય છે તે ઉપાદેય જ લાગવું જોઈએ.

સંયોગ એ મોહની ઉત્પત્તિનું નિમિત્ત કારણ છે અને મોહની ઉત્પત્તિ પણ હેય જ છે. હેયનો ત્યાગ નથી થતો તો તેને પ્રશસ્તમાં ફેરવી નાંખવાનો છે. પુત્ર અને પત્ની પર દષ્ટિ ગઈ ને રાગ થયો તો તે રાગ હેય જ છે. તેથી તે છોડવા રાગને પરમાત્માની ભક્તિમાં વાળી દેવો તો તે પ્રશસ્ત રાગ થયો કહેવાય.

પ્રશસ્ત રાગમાં જવા માટે ત્રણ વાત આવે. (૧) કાં તો દ્રવ્યનો ત્યાગ કરો, અથવા (૨) ભક્તિ કરો, અથવા (૩) તે રાગનું પાત્ર દેવ–ગુરુ–ધર્મમાં ફેરવી નાંખો – એટલે રાગની તીવ્રતા ઘટી જશે.

મોહનો પરિણામ સત્તામાં હોય ત્યાં સુધી વાંધો નથી પણ ઉદયમાં આવ્યો તો સર્પ કરતાં પણ ભયંકર છે. ભૂલેચૂકે પણ તેનો અનુભવ કરવો નહિ. જીવે દ્રવ્ય ત્યાગ અનંતીવાર કર્યો પણ તેના અનુભવને એક યા બીજી

રીતે ન છોડ્યો. માટે બધું પાછુ જ વળગ્યું. તપ કરવામાં બાકી નથી રાખ્યું. કાયાને ગાળી નાંખી, બાળી નાંખી પણ મનથી પુદ્‌ગલભાવને અનુભવવાનું ચાલુ રહ્યું તેથી ઘણુ કરેલું પણ નિષ્ફળ ગયું માટે જ્ઞાનીઓએ દ્રવ્ય ત્યાગ માત્ર નહીં પણ ભાવત્યાગની મહત્તા બતાવી. આનાથી બચવા માટે સદ્‌ગુરુનું શરણ અને તેની પાસે કંઈ પણ છૂપાવવું નહીં. જો તે ગુરુદેવને અંતરના પરિણામથી પશ્ચાતાપપૂર્વક કહેતો હોય તો અડધા પાપ તો ત્યાં જ ખતમ થઈ જાય. ગમે તેવા મોહનો ઉદય આવી જાય તો પણ ગીતાર્થ ગુરુ એને છેલ્લામાં છેલ્લો ઉપાય કરીને બચાવી લે. અયોગ્યથી આ માર્ગ ગુપ્ત જ રાખવાનો છે.

પુદ્‌ગલના સ્વભાવને જાણવું એ તો આત્માનો સ્વભાવ છે. પુદ્‌ગલને છોડી ન શકે પણ મોહના પરિણામને એ છોડી શકે છે. પુદ્‌ગલના જ્ઞાતા બનાય પણ મોહથી તેનો અનુભવ ન કરાય.

જ્ઞાનની સ્પર્શના થાય તો જ તે આનંદને આપનારું છે, નહિતર તે જ્ઞાન માત્ર જાણકારી છે. મોહના પરિણામના કારણે જ્ઞાન પોતાને અનુભવી શકતું નથી. જ્ઞાન ગુણોનું કાર્ય કરતું થઈ જાય, અને આત્મવીર્ય સ્વમાં ગુણોરૂપે પરિણમી જાય ત્યારે એ પરિણતિનો આનંદ અનોખો હોય છે. જેણે અલ્પ પણ આનંદની અનુભૂતિ કરવી હોય તેણે અલ્પ પણ છોડવું પડે. દેશથી વિરતિ સ્વીકારવી જ પડે. સર્વથા અંતરથી ત્યાગ કરે અર્થાત્ સર્વથી વિરતિ સ્વીકારે તેને જે વિશેષ આનંદની અનુભૂતિ થાય તેની તો વાત જ શી કરવી ?

પરમાત્મા જેવું સામાયિક દંડક ઉચ્ચરે છે ત્યારે અંતર્ગત જે વિશુદ્ધ પરિણામની ધારા વહે છે તેથી પ્રભુ ૪થા ગુણથી સીધા ૭મા ગુણ ઠાણે આવી જાય છે, અને મનઃપર્યય જ્ઞાન પ્રાપ્ત થાય છે.

જે આત્મા પોતાનામાં પૂર્ણ સામર્થ્ય જુવે છે તે શકય કારણોનો સર્વથા ત્યાગ કરે છે, તે સર્વવિરતિધર કહેવાય છે. અને શક્યમાં મર્યાદા બાંધીને જે ત્યાગ કરે છે તે દેશવિરતિધર કહેવાય છે.

૧) પોતાનું ન હોય તેને પોતાનું માનવું તે પાપ.

૨)	પોતાનું ન હોય ને પોતાનું માનીને પાસે રાખવું તે પાપ.

૩)	તેને ભોગવે તો મહાપાપ.

પ્રથમ પાપ તો એ છે કે પોતાનું નથી તેને પોતાનું માન્યું તે જ મિથ્યાત્વ છે. હેય માની લીધું પણ વસ્તુને છોડી નહિ તો પાપ ન છૂટયું. તેથી તેને પચ્ચક્ખાણ પૂર્વક છોડી દેવું જોઈએ.

દ્રવ્યને પરિગ્રહ નથી કહ્યું પણ તેમાં મૂર્ચ્છા—આસક્તિ ભળી પરમાં જોડાઈ ગયા, એકમેક બની ગયા તો તે મૂર્ચ્છા પરિગ્રહ છે.

૯ ગ્રહ છે પણ ૧૦મો પરિગ્રહ છે. ચારે બાજુથી ઘેરી વળેલો ગ્રહ તે પરિગ્રહ. માટે પરમાત્માએ અનંતકાળથી જેનાથી આત્મા ભ્રમણ કરી રહ્યો છે તેનાથી બચવા પરિગ્રહને છોડવાનું કહ્યું છે.

નમિ રાજર્ષિ વિચારે છે કે આ દાહજવર જો મને મટી જાય તો હું આ બધાનો ત્યાગ કરીને ચાલી નીકળીશ. માત્ર ભાવ કર્યો ને ચમત્કાર થયો. દાહ મટી ગયો. ભાવનો જો આ પ્રભાવ છે તો સ્વભાવના પ્રભાવની તો શી વાત કરવી ?

જેને પણ પોતાના માન્યા કે વસ્તુને પોતાની માની તે માન્યતાના પરિગ્રહનો ત્યાગ કરવો પડે. પછી તેમાંથી ઓછું કરવું અથવા ત્યાગ કરવો, આત્મા જેવો પરનો ત્યાગ કરે છે તેવો જ સમતારૂપી લક્ષ્મીનો અનુભવ કરે છે. જીવ જેટલો મારાપણાનો ત્યાગ કરે છે એટલો જ સમતાને વેદે છે. જૈન શાસન એટલે ત્યાગ ભાવનું શાસન ! કેવું અદ્ભૂત છે આ જિનશાસન !

સામાયિક દંડક ઉચ્ચરીએ ત્યારે તમામ પરિગ્રહનો ૪૮ મિનિટ માટે ત્યાગ કરવો જ પડે છે. માટે જ તેટલા સમય તેને સાધુ જેવો કહ્યો. માટે જ જ્ઞાની ભગવંતો પોકારી—પોકારીને કહે છે કે બાહ્ય અને અભ્યંતર બંને પરિગ્રહ સંસાર છે. માટે તેને છોડો તો સમતાના આનંદને વેદશો અને પરંપરાએ મુકિતરૂપી શ્રી (લક્ષ્મી)ને વરશો.

દેવ–ગુરુની સાક્ષીએ જે પચ્ચક્ખાણ લીધું છે તેનું વારંવાર સ્મરણ કરવાથી તે દઢ બને છે. શુદ્ધ બને છે. ઉપયોગમાં રહેવાથી પચ્ચક્ખાણનો ભંગ થતો નથી. અમોએ જાવજ્જીવનું સામાયિક ઉચ્ચર્યું છતાં દિવસમાં ૯ વાર કરેમિભંતે આવે છે. છદ્મસ્થ જીવ વારંવાર ભૂલી જાય તેને યાદ કરાવવા આ વાત મૂકી છે. સાધુ અને શ્રાવક બંને માટે શક્યનો ત્યાગ મૂક્યો છે.

દીક્ષા લે ત્યારે પૈસાનું ટ્રસ્ટ બનાવીને રખાય નહિ. જગતમાં હવે મારું કંઈ છે જ નહિ એવું માનીને ચારિત્ર લે તે ચારિત્રનું સારી રીતે પાલન કરી શકે છે. પણ જે મમતાને મૂકીને નથી આવતો તે ચારિત્રનું પાલન સારી રીતે કરી શકતો નથી. પ્રાયઃ તેવા જીવોનું ચારિત્રથી પતન થાય છે. ચારિત્ર એટલે માત્ર આત્માના ગુણોની અનુભૂતિ કરવી તે. સાધુના જ્ઞાન–દર્શન–ચારિત્ર જાણે બોલતા હોય, પ્રેરણા આપતા હોય, દિશા ચિંધતા હોય તો મહાન પ્રભાવના છે. નામ–વેશ–વિધિ–વ્યવહાર વગેરે બધાનું પરાવર્તન થઈ જવાથી ચારિત્ર નથી આવી જતું. આ માત્ર સાધન છે.

દ્રવ્યનો ત્યાગ કર્યા પછી તેના મમત્વનો પણ ત્યાગ કરવાનો છે. આ વાત સમજાવવામાં આવી નહિ, માત્ર એટલું જ સમજાવવામાં આવે કે છ કાયના કૂટામાંથી છૂટી જાઓ. ઓઘો લઈ નાચવા માત્રથી ચારિત્ર નથી આવતું.

જ્ઞાની ભગવંતો જે પ્રમાણે કહી ગયાં છે તે પ્રમાણે પ્રથમ તો સમજવાનો પ્રયત્ન કરો. મારે આ માર્ગે જ ચાલવું જોઈએ પણ હજુ તે માર્ગે ચાલી શકતો નથી તે પ્રમાણે સરળતાથી સ્વીકારો.

પોતાના સ્વભાવમાં રમવું તે ચારિત્ર છે. મોહવનમાં ન ભમવું. મોહમાં ભમવું એટલે પુદ્ગલના ગુણો ગમવા, તેમાં રમવું. પણ તેમાં તે રમી ન શકે. કારણ આત્માનો એ સ્વભાવ નથી એટલે રમણને બદલે ભ્રમણ અને આનંદને બદલે ઉપાધિ રૂપ પીડા ભોગવશે. પીડામાં પણ ભ્રમના કારણે આનંદ મળી રહ્યો છે એમ માને. હવે જે સાચી વસ્તુ સમજણમાં આવી છે તેને કેમ પકડી રાખવી તેના વિશે ચિંતન–મનોમંથન કરી તે દિશામાં પ્રયત્ન કરવાનો છે. મોહ

રાજાએ એટલી બધી જાળ ફેલાવી છે કે શરૂઆતમાં તેમાં ખૂબ મહેનત પડે. પણ અંતે વિજય તો આત્માનો જ છે. પોતાનું જે નથી તેના હવે પચ્ચક્ખાણ કરે.

સાધુ જીવનમાં પણ જો સર્વ વિરતિ શું છે એ સમજે નહિ તો પરિગ્રહથી મૂકાય નહી. મોહરાજા તો આપણી પર સવાર થવા માટે તૈયારી કરીને બેઠો જ છે. આત્મામાં કાર્ય માત્ર સામાયિક ધર્મને પ્રગટ કરવાનું છે. તેની માટે માત્ર સામાયિક દંડક નહીં પણ પાંચ મહાવ્રતો ઉચ્ચારાવાય છે. તેનું સ્વરૂપ ન સમજે તો સામાયિક શુદ્ધ ન થાય માટે એનું સતત સ્મરણ કરવાનું છે.

તેમ દેશવિરતિધર છે તો ૫ અણુવ્રત તો લેવા જ પડે અને તેની શુદ્ધિ માટે જ બાકીના ૩ ગુણવ્રત ને ૪ શિક્ષાવ્રત છે. જે પણ વસ્તુનો ત્યાગ કરીને પછી મોહના પરિણામ ન થાય તેનું ધ્યાન રાખવાનું છે.

નવ પ્રકારના પરિગ્રહ બતાવ્યા છે. જમીન, વસ્તુ, ઘર–હાટ, રાચરચીલું, રૂપું, સોનું (ઘડ્યા વિનાનું સોનુ) ધન, ધાન્ય, દાસ–દાસી, પશુ બધું જ પરિગ્રહ છે. એ બધો ખ્યાલ આવવો જોઈએ. જેના પર જીવ મમતા કરી શકે, મારાપણાનું લેબલ લગાડી શકે તે બધું જ પરિગ્રહ.

મિથ્યાત્વના ઉદયથી પરિગ્રહ સંજ્ઞા જોરદાર વધે. કારણ અનંતાનુબંધીનો ઉદય વધે, તેથી તીવ્ર આસક્તિ કરાવે. જરૂરિયાત હોય તેટલું રાખો તો તે પરિગ્રહ છે જ પણ તે અર્થદંડનું પાપ છે અને જરૂરિયાત વગરનું રાખો તો અનર્થદંડનું પાપ છે. પ્રયોજન છે ને મમતા નથી અને પ્રયોજન છે ને મમતા પણ છે તે બંનેના પરિણામમાં ફરક પડે.

- **ચારિત્ર ઉપકરણ ઘરમાં રાખવાના ફાયદાઓ :** ચારિત્રના ઉપકરણ ઘરમાં રાખો – દર્શન કરો ને ભાવના ભાવો કે હું ક્યારે આને વહન કરનારો બનું, બીજા નંબરે કોઈ મહાત્માને નિર્દોષ વહોરાવવાનો લાભ મળે, કોઈ મુમુક્ષુ હોય તો તેનો પણ લાભ લઈ શકાય. એટલે ૩ લક્ષ હોય. (૧) સ્વલક્ષ (૨) સુસાધુ લક્ષ (૩) મુમુક્ષુનો લાભ મળે. પોતાના માટે અને મુમુક્ષુ

માટે હોય તો જ સાધુ ભગવંતો માટે નિર્દોષ થાય. માત્ર સાધુ ભગવંતો માટે રાખેલું હોય તો તે દોષિત બને.

- **રાત્રિ ભોજન ત્યાગના ફાયદાઓ :** રાત્રિભોજનનો ત્યાગ કરવાથી પ્રાણાતિપાત વ્રત શુદ્ધ થાય. પરિગ્રહનો ત્યાગ થાય. પરમાત્માની આજ્ઞાના પાલનથી અદત્તાદાનનો ત્યાગ થાય, રાત્રિભોજન કરવાથી વિષયોની વાસના વધે છે. તેનો ત્યાગ કરવાથી ઈંદ્રિયો પર અંકુશ આવે તેથી મૈથુન વિરમણ વ્રતનું પાલન થાય. તેમ જ રાત્રિના આરંભ. સમારંભ માટે મૃષા બોલવું પડે. તેથી રાત્રિભોજનથી અટકવાથી મૃષાવાદ વિરમણ વ્રતનું પાલન થાય. એમ એકેક નિયમ એક બીજાના પૂરક બને છે. આ દેશવિરતિધરની વાત થઈ.

સર્વવિરતિધર માટે ગામમાં ઘર નહિ, સીમમાં ખેતર નહીં, પણ આ જો ઉપયોગ ન હોય તો જ્યાં–જ્યાં ત્યાં–ત્યાં ભકત–ભક્તાણીનો પરિગ્રહ વધે. આ મારું ક્ષેત્ર છે. એમ બોલી મમતા ન કરાય. આ ન સમજાય તો અમને મમત્વનો દોષ લાગે. સાધુએ તો જ્યાં નિર્દોષ ભૂમિ મળે ત્યાં આરાધના કરવાની છે.

મને આ તિથિ સાચી લાગે છે માટે હું આ કરું છું. પણ આ જ સાચું છે ને તું પણ આ જ કર. આમ ઠોકી ન બેસાડાય. માન્યતા ફરક તો રહેવાની જ છે. પરમાત્માના વખતમાં પણ હતી આ બધાને સમજાવી શકવાના નથી. સત્ય સમજવા આવે એને સમજાવવા પણ એની માટે ઝંડો લઈને ફરવાનું નથી વિવેકથી કાર્ય કરવાનું છે.

સાધુ અને શ્રાવકમાં કાળથી અને પરિણામથી ભેદ પડે. શ્રાવકે સર્વથા સ્વીકાર્યું નથી. અનુમોદન ચાલુ છે. આથી શ્રાવકને દુવિહં–તિવિહેણં અને સાધુને ત્રિવિધ – ત્રિવિધે એટલે કે તિવિહં = તિવિહેણંનું પચ્ચક્ખાણ હોય છે.

શ્રાવક માટે ઉત્કૃષ્ટથી શ્રમણ ભૂત પ્રતિમાનો સ્વીકાર અને સાધુ માટે એકાકી વિહાર, સ્મશાન, જંગલને વિશે કાઉસ્સગ્ગ વગેરે ઉત્કૃષ્ટથી છે. અત્યારે ઘણા કારણોને લીધે બંને થતા નથી.

આત્મામાં સ્વસત્તામાં જે અનંત ગુણો રહેલાં છે તેનું જ સ્મરણ, તેમાં જ રમણતા અને તેની સાથે વાતો કરવાની છે.

નિશ્ચયને ઉડાવીને વ્યવહાર માર્ગ પકડવાથી આપણા હાથમાં આવે શું ? વિશુદ્ધ માર્ગ જ ચાલ્યો જાય. જમાલી અગીયાર અંગ ભણેલા હતા. 'કડે માણે કડે' આટલો જ ફરક હતો. છતાં એને શાસનમાંથી બહાર કાઢ્યા.

પરમાત્મા ભાખી જ ગયા છે કે ઉત્તમ આત્માઓ પણ મમત્વના કારણે માર્ગથી પતિત થશે. આ પાંચમા આરાનો – દુષમ કાળનો પ્રભાવ છે.

આપણને ખબર ન હોય તો મૌન રહેવું. આપણે પરમાત્મનો જે અદ્ભુત તત્ત્વમાર્ગ – સ્યાદ્વાદ છે તેને પકડીને આગળ વધવાનું છે અને તેનાથી જ સિદ્ધિ પામવાની છે.

પરમાત્માએ વ્યવહાર તીર્થની સ્થાપના પણ આત્માની અનુભૂતિ માટે જ કરી છે. સર્વવિરતિ ગ્રહણ કરીને દેવલોકના સુખ ઝંખીએ, પ્રરૂપણા પણ એવી જ કરીએ કે એક સામાયિક કરવાથી આટલું પુણ્ય બંધાય તો પરમાત્માના માર્ગને તત્ત્વથી ન સમજ્યા. આવો સામાયિક રૂપ વિરતિનો પરમ ધર્મ આપણને મળ્યો પણ આપણે વાણિયા એનો ઉપયોગ ભાજીપાલા બકાલાની જેમ વેંચી રહ્યા છીએ. શ્રાવક હોય કે સાધુ હોય બંને માટે માર્ગ તો એક જ છે. આરાધના તો જ્ઞાન–દર્શન–ચારિત્રની જ કરવાની છે. મોક્ષમાર્ગ એક જ છે. માર્ગથી ભેદ નથી પડ્યો. કાળથી અને પરિણામથી ભેદ પડ્યો છે. સાધુ માટે સર્વથી અને શ્રાવકો માટે દેશથી = અલ્પકાળ માટે. જેઓ પ્રત્યાખ્યાનનું નિરતિચાર પાલન નથી કરી શકતા તેઓ માટે તેનો ભંગ ન થાય માટે આગાર (=છૂટ) રાખવામાં આવ્યાં છે.

સંસારભાવમાં રહીને ધર્મ થાય જ નહિ, સંસારને છોડીને જ ધર્મ થાય. બે ઘડીના સામાયિક માટે પણ દેશથી પાપ વ્યાપારોનો ત્યાગ કરવો જ પડે.

અગીયાર પ્રતિમા વહન કરનારો રજોહરણ રાખે છે. ઘર ત્યાગે છે.

ગોચરી જાય છે. ઉપાશ્રયમાં રહે છે છતાં તેને શ્રમણ નથી કહેવાતો. કારણ તેણે જાવજ્જીવ માટે સંસારનો છેડો ફાડ્યો નથી, તે શ્રમણોપાસક જ કહેવાશે. પરિણામ ઉછળે તો સર્વવિરતિ ગ્રહણ કરે, ન થાય તો ૧૧ મહિના પૂર્ણ થતાં ઘરે પાછો જાય. કારણ તેને સર્વવિરતિનો પરિણામ નથી આવ્યો.

જેટલા અંશે પરિણામથી ત્યાગ થાય તેટલા અંશે આત્માની અનુભૂતિ થાય. મોહનો પરિણામ એ જ સંસાર. શ્રાવક શ્રમણભૂત પ્રતિમાનો સ્વીકાર કરે અને સાધુ એકાકી વિહાર કરે એ બંને માટેની ઉત્કૃષ્ટ ભૂમિકા છે.

*જિન કુળમાં જન્મેલાએ આ વાતનું જ ખેડાણ કરવાનું છે. આ વાત* ઊંચી છે એમ કહીને એને છોડી નથી દેવાની. ભૂખ્યાં હશે તે મેળવવા બધે જશે. રાજચંદ્રમાં જશે, દાદા ભગવાનમાં જશે, બધે ભટકશે. પરમાત્માના સાચા માર્ગને સમજનારા, સ્વીકારનારા આ કાળમાં ઓછા જ રહેવાના. એમ પ્રભુએ જ કહ્યું છે. અધ્યાત્મ માર્ગને મોટામાં મોટો ફટકો પડ્યો છે. ગચ્છના ભેદ શિથિલાચારને કારણે પડ્યા. ક્રિયાદ્ધાર કરનારા ઉત્તમ આત્માઓ હોવા છતાં પણ કાળના પ્રભાવે કંઈક પોતાનું ઘાલ્યું માટે આ ભેદો પડ્યા.

કર્મ એ સૌ પ્રથમ પરિગ્રહ છે એના ઉદયથી બાકીના તમામ પરિગ્રહો આવે છે. આત્મા જ્યારે પરિગ્રહને અલ્પકાળ માટે કે સર્વથા ત્યજે ત્યારે આત્માની અનુભૂતિ કરી શકે એ જ શ્રેષ્ઠ ચર્યા છે.

અનાદિ કાળથી આત્મા સંગભાવમાં રહ્યો છે તેના કારણે આત્મા પીડા અનુભવે છે. સ્વજન (= કુટુંબ) – પરિજન (= મિત્રો, નોકર, ચાકર વગેરે) આ બધાને આત્માએ સુખના કારણ માન્યા છે. એ બધાથી આત્મા ઘેરાયેલો છે, તેટલા મોહના પરિણામથી સુખી–દુઃખી થાય છે. આપણા ગુણો છે તે આપણા સ્વજન છે. જે સદા સાથે રહે ને આનંદ આપે છે તે સ્વજન. મુનિએ ગુણોને જ સ્વજન માન્યા છે એટલે મુનિને કોઈની જરૂર પડતી નથી. સ્વજન છોડી દીક્ષા લીધી ત્યાં શિષ્ય–પરિવાર – અનુકૂળ પકડ્યા તો ત્યાં ને અહીંયા કંઈ ફેર નથી. એક સંસાર છોડી બીજો સંસાર પકડ્યો.

જ્યાં લાગણી હોય ત્યાં પરા (= ઉત્કૃષ્ટ) ભક્તિ થાય. જ્યાં લાગણી ન હોય ત્યાં વેઠ થાય.

દરેક વ્યક્તિ સાથે ગુણના સંબંધથી જ વ્યવહાર કરવો. જેને વૈયાવચ્ચની જરૂર છે તેની વૈયાવચ્ચ કરવામાં નાના–મોટા ન જોવાય. જે વખતે જેની પ્રધાનતા હોય એને સ્વીકારાય. એમ કરશે તો તરશે. ગુણનું બહુમાન બીજા ગુણોને પણ ખેંચી લાવે છે.

જે સાંભળી શકે, જેનામાં લાયકાત હોય તેને જ ગુરુ કહે બીજાને નહિ. મહાન પુણ્યોદય હોય તેને જ ગુરુ કહે એમ શિષ્યને લાગવું જોઈએ. મારો પુણ્યોદય છે માટે મને કહ્યું. જે ગુરુના હૃદયમાં હોય તેનું જ નામ મુખમાં આવે. ગુરુ ગમે તેમ વર્તતા હોય તો પણ ગુરુનું સ્થાન શિષ્યના હૃદયમાંથી જાય નહિ. આ એકલવ્યે કરી બતાવ્યું છે. ગુરુએ ભણાવવાની ના કહી તો પણ જંગલમાં તેમની મૂર્તિ બનાવીને તેમની સામે ધનુર્ધારી બન્યો. છતાં જ્યારે ગુરુએ ગુરુ–દક્ષિણામાં જમણા હાથનો અંગૂઠો માંગ્યો તો આપવામાં કોઈ વિકલ્પ ન કર્યો.

જાતના પક્ષપાતી બન્યા માટે આપણને શુભાશુભ વિકલ્પો જાગ્યા. ગુણના પક્ષપાતી બનાય તો અસારમાંથી પણ સાર શોધે.

ગુરુ મોક્ષમાર્ગના પથપ્રદર્શક છે તે માર્ગે શિષ્યે ચાલવું પડે નહિ તો નિર્ધારિત સ્થળે પહોંચી ન શકાય. માટે ગુરુની સહાય લઈને ગુણવૈભવને જ પામવાનો છે. ગુરુ પાસે બાળક થઈ, બુદ્ધિને ગિરવે મૂકી સમર્પિત થઈ જવામાં જ કલ્યાણ છે. ગુણોનું એકાંતે અર્થીપણું ન પ્રગટે ત્યાં સુધી ગુણી પ્રત્યે – ગુરુ પ્રત્યે બહુમાન ન આવે. ગુરુએ આને પ્રેમથી બોલાવ્યો, મને ન બોલાવ્યો. આપણામાં પક્ષપાત આવ્યો માટે ગુરુ પ્રત્યે આવો પક્ષપાત થાય છે. આપણે પહોંચવું જ ન હોય તો પછી ગમે તેટલા ઉત્તમમાં ઉત્તમ ગુરુ મળે તો પણ ઠેકાણું ન પડે.

એક બાજુ એકલવ્ય છે. બીજી બાજુ માસતુષ મુનિ છે. બંનેમાં પોતે

તરવું એ છે એવો નિશ્ચય છે. ગુરુ પ્રત્યે શ્રદ્ધા હતી માટે મનમાં કોઈ વિકલ્પ નથી. માટે ગુરુ પાસે બાળક બની ગયા તો તે તરી ગયા. ગુરુ શોધવા પહેલાં બધો જ નિર્ણય કરી લો, નિર્ણય કર્યા પછી એમને ગૌતમ માની લો. પછી ગુરુ કહે તેમ કરો તો એકાંતે કલ્યાણ જ છે. ગુરુના હૃદયને ભેદીને ચાલ્યો જાય તે શિષ્ય. તેને અષ્ટ મહાસિદ્ધિ સાથે જ છે. શિષ્ય જો ગુરુની સાથે રહેતો હોય પણ આજ્ઞામાં વર્તતો ન હોય તો તે પાસે હોવા છતાં દૂર જ છે. જે ગુરુથી હજારો માઈલ દૂર હોય પણ ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તતો હોય તો તે દૂર હોવા છતાં પણ નજીક છે.

આત્મામાં રહેલા અનંત ગુણોનું ચિંતન કરી પોતાના આત્માને વર્તમાનમાં દોષિત જોઈ તેની ઉપર કરુણા વરસે. આત્માના અનંત ગુણ વૈભવના દર્શન કરી તેને પામવાનો તલસાટ જાગે. પોતાનામાં રહેલા સમ્યગ્ જ્ઞાનથી મુનિ સ્વના આનંદને વેદે છે, ભોગવે છે. તે જ જ્ઞાન સારભૂત છે. બીજું બધું અસાર છે. પોતાના આત્મગુણોનો પોતે નિર્ણય કરે બાકી બધો ક્રિયા–કલાપ વ્યર્થ છે. આત્માની રમણતા માટેના આચાર–ક્રિયામાં મગ્ન બની સ્વના આનંદને અનુભવવાનો છે.

સ્વપરિણતિ = પોતાના ગુણો રૂપે પરિણમન પામવું તે.

પરપરિણતિ = પુદ્ગલ – પરદ્રવ્ય રૂપે પરિણમન પામવું તે.

મહાત્માઓને હવે માત્ર એક જ લક્ષ હોય કે આત્મવીર્ય કઈ રીતે ગુણોમાં પરિણમન પામે ? માત્ર બાહ્ય ક્રિયાનું જ લક્ષ હોય તો તે પોતાના ધર્મના કારણભૂત બનતી નથી. તેનો નિર્ણય હોય કે સર્વજ્ઞકથિત શાસન અને તેનું આગમ–આ બે મારા છે તે સિવાય જગતમાં મારું કાંઈ જ નથી. તો તે જ્ઞાન ચર્યા શ્રેષ્ઠ છે. તે સિવાયની ક્રિયા વ્યવહારથી સારી લાગે, ધર્મી કહેવડાવે પણ તે માત્ર કાયકલેશ જ છે. માત્ર ક્રિયા દ્વારા નિર્જરા થતી નથી, માત્ર બંધ જ થાય છે.

જીવ પરાધીનતા (કાયા) પામીને, અનેક જીવોની હિંસા કરીને,

બીજાને દુઃખ પીડા આપીને સંસારમાં આનંદ મેળવે છે. જ્યારે મુનિઓ પોતાનામાં રહેલા જ્ઞાન દ્વારા સહજ – નિર્ભેળ આનંદને ભોગવે છે, ત્યારે તેનો જગત સાથેનો સંબંધ છૂટી જાય છે. જગતનું સુખ તેને નિઃસાર = તુચ્છ લાગે છે.

જે વસ્તુ વર્તમાનમાં ભોગવીએ છીએ તેની અનુમોદના અને તેના નિમિત્ત કારણોની અનુમોદના ભેગી ચાલે છે. જે વસ્તુ તૈયાર થઈને આવી તેના સ્વાદનું જે જ્ઞાન થાય છે તેને આપણે સુખરૂપે સ્વીકારીએ છીએ તે વખતે ચિત્ત પ્રસન્ન હોય છે. તે બતાવે છે કે વર્તમાનમાં તે સુખ અનુભવી રહ્યો છે તેના વિના ચિત્ત પ્રસન્ન બનતું નથી. વસ્તુ બરોબર લાગી તેની અનુમોદના માત્રથી અટકી જતું નથી. જે આગ્રહપૂર્વક વપરાવી રહ્યા હોય, જેણે બનાવ્યું હોય તે બધાની પણ અનુમોદના ભેગી હોય છે. આ અનુકૂળતા મળી છે. તેના કારણે ચિત્ત પ્રસન્ન છે તે કષાયના ઘરની છે. તેમાં મોહ ભળ્યો છે માટે અનુમોદના થઈ છે. પાપ તો કરીએ છીએ, સાથે પાપનો વઘાર (= અનુમોદનથી અનુબંધ) પણ કરીએ છીએ. પણ તેનું જ્ઞાન કે ભાન પણ આપણને હોતું નથી. આ બધાના અભાવમાં મુનિને અનંતગણી ચિત્ત પ્રસન્નતા હોય છે. આત્મા પુદ્ગલના અભાવે ગુણોનો અનુભવ કરે છે.

દ્રવ્ય–ગુણ–પર્યાયની વિચારણા કરી મોહના પરિણામને ભળવા દેવો નહિ. પ્રથમ તો દ્રવ્ય–ગુણ–પર્યાયને હેય માને, એની સાથેના વહેવારને પણ હેય માને પછી એમાં મોહના પરિણામને ભળવા ન દે અને આનંદને વેદે. ૪થા ગુણઠાણે ભેદજ્ઞાન થાય અને ભેદ કરવાની રુચિ પ્રગટે, પાંચમે અંશથી અભ્યાસ કરે, છટ્ઠે અભ્યાસ વધે, પછી અભ્યાસ કરતાં ૭મે અપ્રમત ગુણઠાણે પહોંચાય. એમને એમ સીધી છલાંગ નથી મરાતી.

જીવ તત્ત્વનો રસિયો બને ત્યારે તે આનંદને માણે છે. તેથી તે ભોજન વખતે ઉદાસીન પરિણામમાં વર્તે છે. સારી–સારી વસ્તુ ખાતા આનંદ અનુભવવો એનાથી સુખ માનવું, વસ્તુ સારી કે ખરાબ નથી તે તો જેવી છે તેવી જ છે પણ મોહનો પરિણામ તેમાં સારા–નરસાની અનુભૂતિ કરાવે છે.

આપણે તો માત્ર જ્ઞેયના જ્ઞાતા જ બનવાનું છે. જે આત્મા મોહના પરિણામને પકડવાનું સામર્થ્ય નથી ધરાવતો તે મોહને અનુભવે છે.

આત્મા આત્માના પરિણામ સહજ રીતે અનુભવી શકે તે માટે ધર્મક્રિયાનો યોગ બતાવ્યો છે. આપણી સમગ્ર ક્રિયાઓ ધ્યાન સ્વરૂપે છે. તેનું ભાન નથી માટે ગતાનુગતિક ચાલે છે. ધ્યાન રૂપે બને ત્યારે તે આત્માનો અનુભવ કરાવે.

આત્માના દ્રવ્ય – ગુણ – પર્યાયનો નિશ્ચય જથે કરવાનો છે. જેને આ નિશ્ચય ન હોય તે કઈ રીતે અનુભવ કરી શકે ? ન કરી શકે. તે માત્ર શુભ ક્રિયા રૂપ બને છે. તે પુણ્ય બંધાવે ને આપણને થાય મેં ઘણો ધર્મ કરી લીધો ને આપણને હાશ થાય ! પણ ધર્મ કેટલો થયો તે તો જ્ઞાની જ જાણી શકે.

ધર્મની રક્ષાના પરિણામ જો જંગલમાં જાગી જાય તો ત્યાં પણ સહાય મળી જાય છે. શરીરના ભોગે મારે મારા આત્માની રક્ષા કરવી છે, તો આત્માના તે પરિણામને વ્રત દ્વારા બાંધી દેવો. જો માસક્ષમણ કરવાનું ધાર્યું હોય તો ૩૦ દિવસ સુધી તે તપ મજેથી કરી શકાશે. પછી વિકલ્પો ચાલુ થઈ જશે. છૂટું કરું ? બેસણું કરું ? એકાસણું કરું ? પરિણામ આત્માના ગુણ રૂપે પ્રગટ થાય ત્યારે આત્મા શૂરો બની જાય છે. ત્યારે જ મનને વ્રત દ્વારા બાંધી લેવું પડે. મનને તેવા પરિણામ જલદીથી ફરી નથી આવતા. પરિણામ જતાં ધારા મંદ પડી જાય છે. આત્મામાં પ્રવેશેલો પરિણામ આત્માને મરણિયો બનાવે છે. 'કરેંગે યા મરેંગે'. પ્રતિકૂળતાને સહન કરીને પણ આત્મ ઘરમાં મજેથી રહે છે. તે વખતે તે પરભાવના અનુભવને તુચ્છ માને છે.

પાંચે ઈંદ્રિયોના અનુકૂળ વિષયોને ભોગવવાની જીવની ઈચ્છા હોય. જ્ઞાનીઓએ દેશનામાં સમજાવ્યું કે વિષયો વિષ જેવા છે. દેખાવમાં સુંદર અને પરિણામે કિંપાક ફળ જેવાં છે. તેથી સમ્યક દૃષ્ટિ જીવ વિચારે કે આ વિષયોના ભોગવટાથી મારું શું થશે ? ઓહ ! નરકની વેદના ! વિષયો અનંતીવાર ભોગવ્યા છતાં ય જીવ તૃપ્તિ નથી પામતો. ધિક્કાર છે આ વિષયની લાલસાને ! આ

વિષયોથી સર્યું. એમ ભાવના ભાવતાં તે વિષયોથી વિરામ પામી જાય. વિષયો તેને હવે સ્વપ્નમાં પણ યાદ ન આવે. સમજણપૂર્વક તત્ત્વને પકડવાથી તે મિથ્યાત્વનો હ્રાઁસ કરે છે. ભોગવવાનો ભાવ એ જ મોહ નિર્લેપ ભાવ હોય. ભોગ ભોગવતાં પણ શ્રુતજ્ઞાનમાં રમણતા હોય તો તે નિર્જરા કરે છે.

## ○ ગુરુની કૃપા અને અવહેલનાનું ફળ ○

રાગાદિ ભાવ એ જ કામ છે. આયંબિલમાં રસથી વધારે ખાય તો તે વિકાર રૂપ બને. સ્થૂલભદ્રજી કોશ્યાના ઘરમાં રહ્યા. ષટ્ રસ ભોજન કર્યા. છતાં પણ વિષયોથી ન લેપાયા. આથી સ્થૂલભદ્રજીને લોકો ૮૪ ચોવીસી સુધી "શ્રેષ્ઠનૈષ્ઠિક બ્રહ્મચર્ય–વિજેતા" તરીકે યાદ કરશે. જ્યારે સિંહ ગુફાવાસી મુનિ ગુરુની ના ઉપર ગયા તો એમનું પતન થયું. આ છે ગુરુની અવહેલનાનું ફળ.

બાર ભાવનામાંથી એકત્વ ભાવના અને અસંગ અનુષ્ઠાનનું સેવન રોજ કરવું જોઈએ. સાધુ સ્વ આગમ અને પર આગમ ભણી ગણીને તૈયાર થાય એટલે ગુરુ એને એકાકી વિહારની આજ્ઞા આપે. તે નિશ્ચયથી પોતાનો ગુણો સાથે રહે. વર્તમાનમાં આવો અભ્યાસ પાડવામાં વાંધો નથી. એકાકી વિહાર માટે પ્રથમ સંઘયણ અને અભ્યાસ હોવો જરૂરી છે. આત્મામાં રહેલા ગુણ વૈભવનું સતત ચિંતન–મનન કરે. ગમે તે યોગમાં હોય પણ ઉપયોગથી આત્મામાં પહોંચી જાય.

શાસ્ત્રો વાંચે, ગુરુ પાસે સાંભળે, અનંત જ્ઞાનાદિ ગુણોનો નિર્ણય કરે એને પણ જ્ઞાનના અનંત વૈભવનો પ્રકાશ થયા કરે. પ્રતીતિના સ્તર પર આવતાં જાય તેમ તેમ તેની અદમ્ય ઝંખના ઊભી થાય. જો આ ન કર્યું તો જીવ શું કરશે ? જુદી જુદી દિશાઓના વ્યવહારો ઉભા કર્યા કે બસ ગમે તેમ કરીને લોકોને ભેગા કરો. તેઓ ધર્મ કેમ પામે ? એ ચિંતામાં પડ્યા. સંસ્થાઓ સાધુઓએ નથી ચલાવવાની તો પછી ગૃહસ્થ વેષમાં જ રહેવું. અહીં તો સાધુની મસ્તી જોઈને જીવો ખેંચાઈને આવે. શ્રમણોપાસકો આવી મસ્તીના જ ખપી હોય.

શ્રાવકો એવા હતા કે જેને જોઈને સાધુ પણ ખોટી ગરબડ કરતા અટકી જાય. શ્રાવકો જો આવ હોય તો વિચારો કે સાધુ કેવા તૈયાર હોય?

**ગાથા – ૬ :**

**અસ્તિ ચેદ્ ગ્રન્થિભિજ્જ્ઞાનં કિં ચિત્રૈસ્તન્ત્રયન્ત્રણૈઃ ? ।**
**પ્રદીપાઃ ક્વોપયુજ્યન્તે, તમોઘ્નીદષ્ટિરેવ ચેત્ ? ॥૬॥**

**ગાથાર્થ :** જો ગ્રંથિના ભેદથી ઉત્પન્ન થયેલું આત્મપરિણતિવાળું જ્ઞાન છે. તો વિવિધ પ્રકારના શાસ્ત્રોના બંધનનું શું કામ છે ? જો દષ્ટિ જ અંધકારનો નાશ કરનારી છે તો દીવાઓની શી જરૂર ?

જો આત્માને ગ્રંથિને ભેદવાથી આત્મામાં જ્ઞાન પ્રગટ થાય તો પછી જુદા જુદા પ્રકારના શાસ્ત્રના જ્ઞાનથી સર્યું. જેને એવી દષ્ટિ પ્રગટ થઈ ગઈ છે કે તે અંધકારમાં પણ સ્પષ્ટ જોઈ શકે છે તો તેને દીવાની શી જરૂર ? આત્મામાં રહેલી મોહની ગ્રંથિ ભેદાઈ જાય. તે જ્ઞાન પ્રગટ થઈ જાય તો શાસ્ત્રની શી જરૂર ?

અભવીને ૯ પૂર્વનું જ્ઞાન થાય છે પણ ગ્રંથિભેદ થતો નથી. તે અનેકોને મોક્ષમાર્ગના મુસાફર બનાવી શકે છે પણ પોતે તો સંસારનો જ મુસાફર બને છે. એટલે જ્ઞાન તો ગ્રંથિભેદ પૂર્વકનું જ જોઈએ, તો તે જ્ઞાનથી આત્મા તરી શકે.

અનંતાનુબંધી–૪ અને દર્શન–૩ = દર્શન સપ્તક જ્યાં સુધીમાં ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમને પામે અને સાથે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય તો તેવા જીવને ભેદજ્ઞાનની દશા પ્રગટી જાય. પછી બધી પરપુદ્ગલ વસ્તુઓથી છૂટા થવાનું જ મન થાય. ગમે તેટલા શાસ્ત્રો સાંભળો, જિનવાણી સાંભળો–પછી એ પ્રમાણે જો જીવાય તો મુનિપણું સાર્થક છે. એકવાર ગ્રંથિ ભેદાય એટલે અર્ધપુદ્ગલ પરાવર્ત્તમાં જ તે જીવ મોક્ષે જાય.

બધાથી નિરાળા થવાનો ભાવ થાય, તેને જ આત્મજ્ઞાનનો લાભ થાય. તે જ્ઞાન તેને પરિણતિ તરફ લઈ જાય. પરિણતિ જેટલા અંશે થાય એટલો આનંદ વેદાય.

રાગદ્વેષને ભેદનારું સમ્યગ્ જ્ઞાન છે. તે જો આત્મા પાસે હોય તો આત્માને આ શાસ્ત્રો શા માટે ? દ્વાદશાંગીનું રહસ્ય રાગ–દ્વેષથી મુકત બની સમતા કેળવવાનું છે. એક જ નવકાર કે એક જ સામાયિક તારનાર બને. બંને એક જ છે. ભિન્ન નથી. નવકારનું ફળ સર્વ પાપોનો નાશ, સામાયિકનું ફળ પણ આ જ. સામાયિકના પરિણામમાં જ શુદ્ધ નવકાર છે.

અહંકારને હલાવનારી દષ્ટિ મળી ગઈ તો બીજા જ્ઞાનની જરૂર નહિ. તે જ જ્ઞાન દ્વારા રાગ–દ્વેષના પરિણામ નષ્ટ થાય. બાકીનું જ્ઞાન, જ્ઞાન નથી. રાગ–દ્વેષને ભેદવા માટે સમર્થ તે જ્ઞાન છે.

- **જ્ઞાન ૩ પ્રકારો**

૧) **વિષય પ્રતિભાસ જ્ઞાન :** મિથ્યાત્વની હાજરીમાં જ હોય. વિષયો પ્રત્યે જ રુચિવાળો હોય. ત્યાગ કરે – કષ્ટ સહન કરે પણ ગુણ પ્રત્યેની રુચિ જ ન થાય.

૨) **આત્મ પરિણતિમત (તત્ત્વ પ્રતિપત્તિ) જ્ઞાન :** ૪થા ગુણ સ્થાનકે આવેલો જીવ કે જેની ગ્રંથિ ભેદાઈ છે. સર્વજ્ઞ તત્ત્વનો સંપૂર્ણ સ્વીકાર કર્યો છે. બસ તેને આત્માના ગુણને જ અનુભવવાની રુચિ હોય, એ જ એનું અંતિમ રહસ્ય છે.

૩) **તત્ત્વ સંવેદન જ્ઞાન :** આ જ્ઞાન ગુણને અનુભવવારૂપ છે. જે મુનિ ભગવંતોને જ હોઈ શકે. તત્ત્વ પ્રતિપત્તિ જ ન હોય તો તત્ત્વ સંવેદન આવે ક્યાંથી ?

**જ્ઞાનનું કાર્ય :** વિરતિ, નિશ્ચયથી આત્માએ પોતાના વિભાવમાંથી અટકવું, વ્યવહારથી ૧૮ પાપ સ્થાનક અટકવું.

જે જ્ઞાનથી પોતાના સ્વભાવ અને વિભાવની ખબર પડે તે આત્મજ્ઞાન, તે જ વાસ્તવિક જ્ઞાન છે. કેવળજ્ઞાન પ્રગટે પછી દીવડાની જરૂર નથી. ગ્રંથિભેદ થવાથી જે જ્ઞાન થાય છે તે કેવળજ્ઞાનનું બીજ છે. કેવળી જાણે છે અને આ

શ્રદ્ધા કરે છે એને વિકલ્પ જ નથી. કેમ કે ગ્રંથિભેદ થવાથી માન્યતા શુષ્ક થઈ ગઈ છે.

નિગોદમાં અસંખ્યાતા ગોળા છે અને તે દરેકમાં અનંતી નિગોદ રહેલી છે. એક નિગોદમાં અનંતા જીવો રહેલાં છે. તે જીવો ખૂબ પીડાને પામે છે. કેવળી એ જુવે છે. ગ્રંથિભેદવાળો આત્મા તેને નિર્વિકલ્પ સ્વીકારી લે છે. તેથી તેના ધ્યાનમાં આરૂઢ થઈને તીવ્ર રુચિવાળો થાય છે. સાધન સામગ્રી હોય તો તેને શ્રદ્ધાએ ચઢતાં વાર ન લાગે. અપૂર્વ વીર્યોલ્લાસ ફોરવે. તદ્‌ગત પુરુષાર્થ કરી ૪થી થી ૧૩ મે પણ પહોંચી શકે છે. કેમ કે ભૂખ્યા માણસને કકડીને ભૂખ લાગી હોય ને ભોજન સામે હોય તો ખાધા વિના ન રહી શકે. તેવી જ રીતે તત્ત્વપ્રેમી જીવ રુચિ પ્રગટી જતાં તદ્‌ગત પુરુષાર્થ કર્યા વિના ન રહે. તદ્‌ગત જ્ઞાન પરિણમી જાય તો કેવળજ્ઞાનને ખેંચી લાવ્યા વિના રહે નહિ. જેની ગ્રંથિ ભેદાઈ નથી તે મિથ્યાત્વ દશામાં જ હોય.

સ્વલક્ષ કેંદ્રિત થાય અને આત્માને અંદર ઉહાપોહ થતો હોય તો તે ગ્રંથિભેદનું કારણ બની શકે છે. આપણને સ્પર્શના કેમ ન થાય? મોહ હજુ કેમ પીડે છે ? તો તે આત્માને ગ્રંથિભેદની દિશામાં આગળ લઈ જાય છે. જેમ દૂધપાક શરીરને પુષ્ટિકારક છે પણ ઝેર ભળે તો ગરબડ થાય તેમ જ્ઞાન તો નિર્મળ જ છે. એમાં મિથ્યાત્વ ભળે એટલે મલિન બને. રુચિનો પરિણામ ફરી જવાથી તે વિભાવમાં જાય. જ્ઞાનના ક્ષયોપશમ સાથે મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમ થવો જરૂરી છે.

અભવ્યને ૯ પૂર્વનું જ્ઞાન હોય છે પણ અનાદિ મિથ્યાત્વના કારણે તે જ્ઞાન દ્વારા દેવલોકની જ રુચિ થાય છે. આથી તે લોકોને તત્ત્વમાર્ગ સમજાવે, તેનાથી અનેક જીવો મોક્ષમાં જાય પણ તેનો સંસાર અકબંધ જ રહે છે.

જ્યારે માસતુષ મુનિને જ્ઞાન ન હતું પણ રુચિ જબરદસ્ત હતી તો કેવળજ્ઞાન મેળવી લીધું. જેને ગ્રંથિભેદ થઈ જાય તેને શાસ્ત્રો ભણ્યા વિના પણ શ્રદ્ધાના બળે કેવળજ્ઞાન થઈ શકે છે. નિસર્ગ અને અધિગમથી – ક્ષયોપશમ થતા સમ્યક્ત્વ પ્રકટ થાય છે. અપૂર્વ શ્રદ્ધારૂપ સમ્યક દર્શન આવે અને સદ્‌વર્તનરૂપ ચારિત્ર આવે તો જ વીતરાગતા અને સર્વજ્ઞતા આવે.

માસતુષ મુનિને ગ્રંથિભેદ સાથે ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ હતો. ગુરુ વચન પર અપૂર્વ શ્રદ્ધા હતી. વિકલ્પ ન હતો. ગુરુએ બે પદ ગોખવા આપ્યા. એ બે પણ યાદ નથી રહેતા. મા ઢષ મા તુષ માંથી એક પદ માસતુષ બની ગયું. સાથે રહેલાં સહાધ્યાયીઓ મશ્કરી કરે છે. છોકરાઓ હસે છે છતાં તેમને ક્રોધ ન આવ્યો. ગોખવામાં અરતિ–ભેદ ન થયો. એમ ન થયું કે ગુરુએ મને આ શું ગોખવા આપ્યું. યાદ જ નથી રહેતું. આવી ૧૨ વર્ષની અખંડ સાધનાના બળે – એક પદના ચિંતનથી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. પદ ન આવડયું પણ તેનો અર્થ જીવનમાં બરાબર ઉતરી ગયેલ.

આપણું તો ખંડ–ખંડ સામાયિક છે, ધારાબદ્ધ ચાલવું જોઈએ. નહિતર દોષો વધતાં–વધતાં તે સામાયિકની ગુણવત્તા નહિ રહે. સામાયિકનું ફળ નહિ મળે.

મુમુક્ષુનું લક્ષ જ્ઞાનને પરિણમાવવાનું જ હોવું જોઈએ. ગુરુનું લક્ષ પણ એ જ હોવું જોઈએ કે શિષ્યમાં જ્ઞાન પરિણમન પામે છે કે નહિ ? પરિણામ ન પામે તો અવસરે ટકોર કરીને સુધારે.

## ○ ગુરુ શિષ્યને અનુકૂળ થાય, પણ શા માટે ? ○

પંચ વસ્તુક ગ્રંથમાં કહ્યું છે કે ગુરુ શિષ્યને અનુકૂળ થઈને શિષ્યનો વિશ્વાસ સંપાદન કરી તેને માર્ગે લાવે. અવસરે શામ–દામ–દંડ–ભેદ બધું જ કરે. કોરું જ્ઞાન શું કરે ? ગુરુ શિષ્યની ભૂલ સુધારવા યુક્તિ–પ્રયુક્તિ દ્વારા અવસરે કહે. વારંવાર ટોકવાનું નથી. શિષ્યના અપરાધને કેમ દૂર કરવો એ ગુરુની ફરજ છે. માટે 'અનુવર્તક' શબ્દ લખ્યો. પગ પણ પકડે અને અવસરે એને ચાલતો પણ કરી દે.

જ્ઞાન મેળવતી વખતે આત્મામાં પરિણામનું લક્ષ હોય તો જ જ્ઞાન પરિણમન પામે. વર્તમાનમાં લક્ષ માત્ર જ્ઞાન મેળવવાનું જ છે. જ્યાંથી મળે – જેટલું મળે ત્યાંથી મેળવી લેવું છે. એટલે શું થાય ?

ગ્રંથિભેદ ન થયો હોય તો પ્રાપ્ત જ્ઞાન દ્વારા બીજાને શિખામણ

આપવામાંથી ઊંચો ન આવે. આત્મલક્ષની પરિણતિ ઘડાઈ નથી. જો ગ્રંથિભેદ થયો હોય તો તે આત્મલક્ષી બની જાય છે. ઓહો ! મારા પરમાત્મા કેવા ! મારા ગુરુ કેમ ? ગુણોના ભંડાર ને હું અપૂર્વ દોષોનો ભંડાર ! ક્યારે હું આ દોષોથી છૂટીશ ? કદાચ કર્મવશ તે દોષોથી છૂટી ન શકે પણ મનમાં તેનો પારાવાર પશ્ચાતાપ હોય. આ જ્ઞાનમાંથી તેને સ્વભાવમાં જતા વાર નથી લાગતી. તે અંદરમાં સતત પોતાની ચિંતા કરે તો તે મિથ્યાત્મ મોહને હટાવી રહ્યો છે.

*રાગદ્વેષની તીવ્ર ગાંઠના કારણે જીવ આત્મસ્વભાવ પ્રમાણે વર્તી* શકતો નથી. અને જાણી પણ શકતો નથી. તેની રુચિ જ પ્રગટવા નથી દેતો. ગ્રંથિભેદ થવાથી જે જ્ઞાન થાય તે જ વાસ્તસ્વીક જ્ઞાન છે. આ થાય પછી શાસ્ત્ર જ્ઞાન ન હોય તો પણ ચાલે. કેમ કે શાસ્ત્રજ્ઞાન દ્વારા ગ્રંથિભેદનો જ પુરુષાર્થ કરવાનો છે.

- **ગ્રંથિભેદ કયો આત્મા કરી શકે ?** ગ્રંથિભેદમાં ૩ વસ્તુની જરૂર પડે.

(૧) પંચેંન્દ્રિયપણું – એકેંન્દ્રિયથી ચઉરિંદ્રિય સુધીના જીવો ગ્રંથિભેદ કરી શકતા નથી.

(૨) પંચેંન્દ્રિયપણામાં પણ મન મળે તો પુરુષાર્થ દ્વારા સમકિત પામી શકાય. અર્થાત્ અસંજ્ઞી પંચેન્દ્રિય ગ્રંથીભેદ ન કરી શકે.

(૩) જીવ પર્યાપ્ત અવસ્થાવાળો હોવો જોઈએ. ૬એ પર્યાપ્તિ પૂર્ણ થયેલી હોવી જોઈએ.

સંમૂર્ચ્છિમ મનુષ્યમાં પંચેંદ્રિયપણું છે પણ બીજી બે વસ્તુ મન અને પર્યાપ્તપણું નથી. તેથી તે ગ્રંથિભેદ ન કરી શકે.

તિર્યંચ પંચેંદ્રિય સંમૂર્ચ્છિમ ૧૦૦૦ યોજન લાંબો હોય, પૂર્વક્રોડ વર્ષનું આયુષ્ય હોય પણ મન નથી "પર્યાપ્તપણું છે. તો પણ ગ્રંથિભેદ ન કરી શકે. મરીને તે ૧લી નરકમાં જાય. યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ – અનિવૃત્તિકરણ

– આ ૩ કરણથી યુક્તજીવ ગ્રંથિભેદ કરી શકે. અંતમુહૂર્ત માટે અનંતગુણ વિશુદ્ધિ હોય.

## ગ્રંથિભેદનું સ્વરૂપ

અભવ્ય જીવ ગ્રંથિદેશે આવે ત્યારે કાંઈક વિશુદ્ધિ હોય છે. આયુષ્ય સિવાયનાં ૭ કર્મની સ્થિતિ અંતઃ કોડાકોડિની સ્થિતિ થઈ જાય ત્યારે તેને દ્રવ્યથી ધર્મની પ્રાપ્તિ થાય. નવકાર – કરેમિ ભંતે દ્રવ્યથી મળે. યથાપ્રવૃતિકરણ સુધી અકામ નિર્જરા કરતાં કરતાં જીવ આવે.

જે આત્મા ગ્રંથિ નથી ભેદવાનો, તેના કરતાં જે ગ્રંથિ ભેદવાનો છે તેને અનંતગુણ વિશુદ્ધ ચિત્તની વિચારધારા વધતી જાય છે. અભવ્ય – ભવ્ય – દુર્ભવ્ય બધા જ જીવો કરતાં તેની પ્રતિ સમય ગુણવૃદ્ધિ થતી જાય, તેનું ચિત્ત અધ્યવસાયથી નિર્મળ થતું જાય. મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને વિભંગજ્ઞાન અજ્ઞાન છે પણ બીજા કરતાં તેમનું અજ્ઞાન વિશુદ્ધિવાળું હોય.

મિથ્યાત્વની હાજરીમાં ૯ પૂર્વનું જ્ઞાન પણ અજ્ઞાન જ છે ને સમકિતની હાજરીમાં અષ્ટપ્રવચન માતાનું જ ફક્ત જ્ઞાન પણ જ્ઞાન સ્વરૂપે છે.

૩ પ્રકારની શુભ લેશ્યામાંથી એક શુભ લેશ્યા હોય. જઘન્ય હોય તો તેજોલેશ્યા, મધ્યમ હોય તો પદ્મલેશ્યા અને ઉત્કૃષ્ટ હોય તો શુક્લલેશ્યા હોય.

આત્મા જ્યારે યથાપ્રવૃતકરણ કરે ત્યારે તે ગ્રંથિદેશે આવે ત્યારે અંતઃ કોડાકોડિની સ્થિતિમાં હોય. ગ્રંથિભેદ પૂર્વની આત્માની ભૂમિકા બતાવી છે. રાગ – દ્વેષ – મોહની જે અપૂર્વ તીવ્રતા છે તે ઘટી જાય છે. અનંતાનુબંધીના પરિણામો ઘટીને અહીં સુધી આવી ગયા.

અશુભ કર્મો તેનો રસ (અનુભાગ) ૪ ઠાણિયો હોય તેને ૨ ઠાણિયો કરે. રસ ઓછો કરી નાખે. રસની તીવ્રતા ઘટાડવાની છે. શુભ રસ ૪ ઠાણિયો કરે. પોતાને યોગ્ય જે હોય તેનાં પ્રમાણે શુભ પ્રકૃતિ બાંધે છે, તે વખતે આયુષ્ય ન બાંધે. કારણ આયુષ્ય ઘોલનાં (અસ્થિર) પરિણામે બંધાય. એકસરખી

પરિણામની તીવ્રતા હોય ત્યારે ન બંધાય માટે શ્રેણિમાં આયુષ્ય ન બંધાય. ૭ મા ગુણઠાણે નવું આયુષ્ય ન બાંધે, પણ ૬ઠ્ઠે શરૂ કર્યું હોય તો ૭ મે પૂર્ણ કરી શકે. સમકિત પ્રાપ્ત થયા પછી જો જીવ તિર્યંચ કે મનુષ્ય હોય તો તે દેવ પ્રાયોગ્ય કર્મ બાંધે. દેવ ને નારક હોય તો મનુષ્ય પ્રાયોગ્ય કર્મ બાંધે.

પણ ૭મી નરકમાં સમકિતની પ્રાપ્તિ થાય પણ સાથે આવે નહિ તે તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધે તેને મનુષ્ય આયુષ્ય ન બંધાય. સ્થિતિબંધ *પલ્યોપમના અસંખ્યાત ભાગ ન્યૂન બાંધે, અધિક ન બાંધે. અશુભ કર્મો બાંધે* તો ૨ ઠાણિયા બંધાય, ૪ ઠાણિયા ન બાંધે. તે પણ પ્રતિ સમય હીન (રસ) બાંધે. અશુભ કર્મ પણ રસથી અત્યંત હીન બંધાય, શુભ કર્મ ૪ ઠાણિયો બંધાય. સમકિતની હાજરીમાં અશુભ પ્રવૃત્તિ કરે તો પણ જાગૃતિ અને પશ્ચાતાપના કારણે અલ્પ કર્મ બાંધે.

શુભ પ્રવૃત્તિ કરે તેના અનુબંધ તીવ્ર થતા જાય. આત્મા અપૂર્વકરણ કરે. અર્થાત્ ભવચક્રમાં આજ સુધી ન થયા હોય તેવા શુભ અધ્યવસાય આત્મામાં પ્રગટ થાય. તેના કારણે આત્મા ગ્રંથિને ભેદી નાંખે છે. હવે ફરી રાગ દ્વેષની ગ્રંથિને ઉત્કૃષ્ટ ન બાંધે. અભવ્ય ગ્રંથિદેશે આવેલો સંખ્યાત અસંખ્યાત કાળ ત્યાં રહે પછી પાછો ફરી જશે. કારણ તે અપૂર્વ વીર્યોલ્લાસ નથી ફોરવી શકતો. જે ચરમ યથા પ્રવૃત્ત કરણ કરે છે તેને રાગ પર દ્વેષ પર તીવ્ર પરિણામ આવી જાય કે હવે આ પાપ જ ન જોઈએ. તેની માટે એ અપૂર્વ વીર્યોલ્લાસ ફોરવે છે. તીવ્ર અધ્યાવસાયની ધારા પાછી નહીં ફરે.

જે મિથ્યાત્વના દળિયા છે તેને ઉપશમાવી દેશે એને ઉદયમાં નહિ આવવા દે. ખપાવી શકે એટલા ખપાવી જ દેશે એટલે અનિવૃત્તિકરણે આવશે. મિથ્યાત્વના દળિયાને દબાવી દીધા તે સત્તામાં છે પણ ઉદયમાં નથી એટલે એના પરિણામ આત્મામાં નહિ આવે. સત્તામાં જે છે તેનું શુદ્ધિકરણ થયા કરશે. એટલે અંતર્મુહૂર્ત સમ્યક્ત્વના કારણે વિરાગદશા દશાના આનંદનું વેદન કરશે. અંતર્મુહૂર્ત પછી ત્રણ પૂંજમાંથી કોઈ એક પૂંજ ઉદયમાં આવશે. અશુદ્ધ– અર્ધશુદ્ધ અને શુદ્ધ પૂંજમાંથી અશુદ્ધ પૂંજ ઉદયમાં આવે તો મિથ્યાત્વ, અર્ધશુદ્ધ

ઉદયમાં આવે તો મિશ્ર મોહનીય, અને શુદ્ધ પૂંજ ઉદયમાં આવે તો સમ્યક્ત્વ મોહનીય અર્થાત્ ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ થાય. પ્રથમ પ્રાયઃ ઉપશમ સમક્તિની પ્રાપ્તિ થાય. ક્ષયોપશમ સમક્તિમાં પ્રદેશોદયમાં મિથ્યાત્વનો ક્ષય થતો જાય અને સત્તામાં રહેલાનો ઉપશમ થાય.

જેને એકવાર પણ સમક્તિની પ્રાપ્તિ થઈ જાય તે વળી પાછો જો મિથ્યાત્વી બની જાય તો પણ હવે તે કદી કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ નહીં બાંધે. ઉપશમ માત્ર દર્શન મોહ અને ચારિત્ર મોહનો જ થાય. બાકીના કર્મોનો ક્ષયોપશમ કે ઉદય થાય, પણ ઉપશમ ન થાય.

જ્ઞાન દષ્ટિને નિર્મળ ન કરે તો જ્ઞાનની કંઈ વિશેષતા નથી. કરણ = જીવના અધ્યવસાય, વિચાર. મોહ જેમ જેમ નિવૃત્ત થતો જાય તેમ તેમ અધ્યવસાય નિર્મળ થતાં જાય. આત્મવીર્ય જ્ઞાન સાથે જોડાય ને ધારા ચાલે. અધ્યવસાય નિર્મળ થતાં જાય ને આત્માભિમુખ બનતાં જાય. તેથી તે ચેતનાને જાગૃત કરે. મિથ્યાત્વનાં અધ્યવસાય જગત તરફ પ્રેરે છે. ૩ કરણો ઉત્તરોતર વૃદ્ધિને પામતા જાય છે. યથાપ્રવૃત્ત કરણ કરતાં અપૂર્વકરણના અધ્યવસાય અનંતગુણ પ્રમાણ વિશુદ્ધ થાય છે. તીવ્ર વિશુદ્ધ થતાં ગ્રંથિ ભેદાય છે.

જ્ઞાનમાંથી પ્રથમ મિથ્યાત્વ મોહના પરિણામ હટતાં જાય પછી ચારિત્ર મોહના પરિણામ હટતાં જાય અને અધ્યવસાયો વિશેષ નિર્મળ થતાં જાય. મિથ્યાત્વનો સંપૂર્ણ ઉપશમ થઈ જાય ત્યારે આત્મા અંતમુહૂર્ત માટે સમ્યક દર્શન ગુણને વેદે છે.

કોઈ આત્મા ચરમાવર્ત્તમાં આવેલો છે, કોઈક અપુનર્બંધક દશામાં આવ્યો છે. સર્વજ્ઞનું શાસન ન મળ્યું હોય તો પણ કર્મલઘુતાના કારણે મુક્તિનું લક્ષ જાગી જાય છે. મુક્તિનો રાગ ઓઘથી છે એટલે વિષય–કષાય ઘટી જાય છે તેથી તેને ભવરાગ ન હોય. સમ્યગ્ દર્શન તો આત્માનો પરિણામ છે એટલે ગમે તે લિંગમાં આવે. તાપસો જંગલમાં જઈને તપ વગેરે કરે છે. અપુનર્બંધક દશામાં તીવ્ર કર્મ બાંધવાની યોગ્યતા ગઈ. મિથ્યાત્વ પૂર્ણ નથી ગયું. એટલે આવ–જા ચાલ્યા કરે

અંતઃકરણ એટલે મિથ્યાત્વના દળિયાને ઉપશમાવી દીધાં. યથા પ્રવૃત્તિકરણમાં જે વિશુદ્ધિ હતી તેના કરતા અનંતગણી વિશુદ્ધિ આવે. આખા ભવચક્રમાં વીર્ય ક્યારેય ઉલ્લસિત થયું ન હતું તેવો ઉલ્લાસ થાય. અનિવૃત્તિકરણમાં અધ્યવસાય એકસરખા ચાલે.

સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી આત્મા અપૂર્વ આનંદને પ્રાપ્ત કરે છે. હવે તેને પર પુદ્ગલનું આકર્ષણ રહેતું નથી. યંત્રો–તંત્રો, મંત્રોના ચકડોળે તે ચડતો નથી. સર્વજ્ઞના વચન, એ જ એના માટે શ્રેષ્ઠ યંત્ર – તંત્ર – મંત્ર બની જાય છે.

આગમ સૂત્રની રચના ૧૦ થી ૧૪ પૂર્વધર જ કરી શકે. પૂર્વો બધા વિદ્યાઓથી ભરેલા છે. તેને જાણનારા જ આગમની રચના કરે. એટલે તેમાંનું એક પદનું જ્ઞાન પણ ગ્રંથિભેદ – કૃત હોય તો તે કેવળજ્ઞાન અપાવે. ઈક્કો વિ નમુક્કારો – ગ્રંથિભેદ થયેલું જ્ઞાન જોઈએ. ૧૦ થી ૧૪ પૂર્વનું જ્ઞાન નિયમા ગ્રંથિભેદવાળું જ હોય. સંસાર પ્રત્યેનો રુચિ પરિણામ જાય અને આત્માની રુચિ જાગે તો ગ્રંથિભેદ થયો છે એમ સમજવું.

ભરત રાજાને એક બાજુ કેવળજ્ઞાનની વાત આવી બીજી બાજુ ચક્રરત્ન ઉત્પન્ન થયાની વાત આવી તો એમણે કેવળજ્ઞાનને પ્રધાનતા આપી, એના પરથી નક્કી થઈ ગયું કે રુચિ ક્યાં હતી ? જેને માર્ગનું જ્ઞાન થઈ ગયું હોય તે પછી આડોઅવળો ફંટાશે નહિ. એને દિવ્યચક્ષુની પ્રાપ્તિ થઈ ગઈ છે. નિકાચિત કર્મો માર્ગથી ઘસડી નીચે લઈ જાય તો પણ માર્ગ શું છે તેની જાણ છે એટલે માર્ગ પર આવી જાય.

અંર્તમુહૂર્તનો જ કાળ સ્પર્શી જાય, આત્માને અનુભવ થાય, ચિત્તની પ્રસન્નતા થાય. જેમ કોઈ પ્રેમી હોય એને વર્ષો પછી પ્રેમિકા મળવાની હોય ત્યારે એને જે આનંદ થાય તેવો આનંદ ચરમાવર્તમાં આવતા થાય. સમકિત પામતાં જીવને જેમ પ્રેમીને જુવે ને જે આનંદ આવે તેવો આનંદ થાય. ચારિત્ર પામતાં જીવને જેમ પ્રેમી–પ્રેમિકાને ભેટે ત્યારે જે આનંદ આવે એવો આનંદ

આવે. જગતને ભૂલી જાય. અનુભવને વ્યક્ત કરવા માટે વાચા નથી. પોતાને જ અનુભવાય આત્મા અગોચર છે.

યથાપ્રવૃત્તિકરણ પછી અપૂર્વકરણ – ગ્રંથિભેદ પછી અનિવૃત્તિકરણ થાય. પરિણામથી નિવૃત્ત ન થવું = પાછા ન ફરવું. પરિણામની ધારા વધતી જાય. અટકે નહિ. વિશુદ્ધ કોટિના અધ્યવસાય વધતા જાય. આખા કાળચક્રમાં અપૂર્વકરણ બે વાર આવે. (૧) ગ્રંથિભેદે ત્યારે અને (૨) ક્ષપક શ્રેણિ માંડે ત્યારે. સમક્તિનો પરિણામ વીતરાગતા ન પ્રગટે ત્યાં સુધી આવે.

અધ્યાવસાયના સ્થાનો ૧૪ રાજલોક પ્રમાણ અસંખ્ય હોય. જુદી જુદી તીવ્રતા – મંદતાવાળા હોય. દરેક જીવોની કર્મસ્થિતિ જુદી–જુદી બંધાય. નિગોદના જીવો સાથે જન્મે–મરે પણ એક સરખા અધ્યવસાયવાળા ન હોય. 'પૃથ્વીકાય' આદિ સૂક્ષ્મ નિગોદના જીવનું – અને બાદર નિગોદના જીવ મનુષ્યાદિનું એમ ભિન્ન–ભિન્ન આયુષ્ય કર્મ બાંધે.

**ગાથા – ૭ :**

**મિથ્યાત્વશૈલપક્ષચ્છિજ્જ્ઞાનદમ્ભોલિ શોભિતઃ ।**
**નિર્ભયઃ શક્રવદ્યોગી, નન્દત્યાનન્દનન્દને ॥૭॥**

**ગાથાર્થ :** મિથ્યાત્વરૂપ પર્વતની પાંખને છેદનાર, જ્ઞાનરૂપ વજ્ર વડે શોભાયમાન, નિર્ભય યોગી નંદનવનમાં ઈંદ્રની જેમ ક્રીડા કરે છે. અર્થાત્ આવા યોગી સ્વાભાવિક સુખને અનુભવે છે.

આ રીતે ગ્રંથિભેદ દ્વારા જેઓને આત્મજ્ઞાન થયું છે તેઓ કેવા છે ? જેઓની રાગ દ્વેષ રૂપ બે પાંખો છેદાઈ ગઈ છે. ઈંદ્રને જેમ વજ્ર હોવાથી નિર્ભય છે તેમ ગ્રંથિભેદ જેનો થયો છે એવા મુનિ જ્ઞાનરૂપી વજ્રથી શોભી રહ્યાં છે.

ઈંદ્ર જેમ ઈચ્છા પડે ત્યારે ઈંદ્રાણીને લઈને નંદનવનમાં આનંદ માણવા માટે ચાલી જાય છે તેમ મુનિ પણ આત્મારૂપી નંદનવનમાં આનંદથી વિહરે છે.

ક્ષાયોપશમિકવાળો ક્ષાયિકની ચિંતામાં જ હોય. તેને ટકાવી રાખવા સતત સત્સંગ, સ્વાધ્યાય, સદ્‌ગુરુ, કલ્યાણમિત્રો વગેરેને ગોઠવી દે. સદ્‌અનુષ્ઠાનો વગેરેમાં ગોઠવાઈ જાય, જેથી ક્ષયોપશમિક ચાલ્યું ન જાય. મુનિએ પણ મિથ્યાત્વ રૂપી પર્વતની રાગ–દ્વેષ રૂપી બંને પાંખ સમ્યગ્ દર્શન રૂપ વજ્રથી કાપી નાંખી છે. હવે એને કોઈનો ભય રહેતો નથી. તે યોગી છે. તેને હવે કંઈ મેળવવું નથી. આત્માની વસ્તુ કોઈ ચોરી જનાર નથી તેથી તે નિર્ભય છે. ઈંદ્રને ૮ ઈંદ્રાણી છે. દેવોની બધી સમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે તેમ આત્મારૂપ ઈંદ્રને જ્ઞાનાદિ પાંચ રમા છે, તેમાં તે મહાલે છે.

પર્વતને પાંખ આવે એટલે પર્વત ઉડે અને અનેકના ચૂરે ચૂરા કરે એટલે ઈંદ્રને વિનંતી કરવાથી વજ્ર દ્વારા ઈંદ્રે તેની બે પાંખોને છેદી તેથી પર્વત સ્થિર થયો. એવી 'લોક વાયકા' છે. તેવી જ રીતે મુનિએ સર્વજ્ઞ કથિત જ્ઞાનરૂપી વજ્ર દ્વારા મિથ્યાત્વની રાગ–દ્વેષ રૂપી બે પાંખો કાપી નાંખી છે.

મિથ્યાત્વ જવાના કારણે મારો આત્મા એ મારો, એની ગુણસંપત્તિ મારી એ સિવાય જગતમાં મારું કંઈ નથી – આવો નિર્ણય યોગીએ કરી લીધો માટે એ નિર્ભય છે. આત્મસંપત્તિ સતત વૃદ્ધિને પામનારી છે એટલે જે નિર્ભય હોય તેને કોઈ પરિગ્રહ નથી. તેથી તે 'નિર્ગ્રંથ' બની ગયો છે. માટે સદા આનંદમાં મસ્ત રહે. આપણે પરને 'સ્વ' માની બેઠા છીએ, એટલે એ છૂટી ન જાય તેનો આપણને ભય છે.

## • નિર્ભયતા કઈ રીતે પ્રગટ થાય ?

પર વસ્તુને પર માનવાથી, પોતે વસ્તુથી પર છે તેવો દઢ નિર્ણય કરવાથી નિર્ભયતા પ્રગટ થાય. જેમ જેમ પોતાની વસ્તુ પ્રાપ્ત થાય તેમ તેમ પરની મમતા છૂટે. મમતા પર વસ્તુ પર થાય. મમતા છૂટે તો બધા સંબંધો નિરાળા થાય. પોતાનું પોતાની પાસે રહે કોઈ લઈ ન શકે, પોતાનાથી છૂટી પણ ન પડે માટે ચિંતા કરવાની જરૂર નથી.

મૈત્રી જીવ સાથે થાય, જીવ સાથે મમતા ન થાય પણ પ્રેમ થાય. પ્રેમ

એ આત્માનો સ્વભાવ છે. પ્રેમનો વિભાવ એ મમતા. વિકારભાવ નીકળે તો વસ્તુ શુદ્ધ પ્રેમગુણને પકડે.

શરીર રોગોથી ઘેરાયેલું હોય, પણ શરીર પરની મમતા ન હોય તો આત્મરમણતા માણી શકે.

પોતે કરેલી ભૂલોનો એકરાર – પશ્ચાતાપ થાય તો બહાર દોડા દોડી કરવી નહિ. દીક્ષા ધર્મ કરેલા સર્વ પાપોનું પ્રાયશ્ચિત છે. દીક્ષા લેવાની જેનામાં શક્તિ ન હોય તે ગુરુ પાસે આલોચના લઈ સર્વ પાપથી રહિત બનવાની ભાવના રાખે. શક્તિ આવે તો દીક્ષા લે, નહિ તો દેશવિરતિ સ્વીકારી શક્ય હોય તેટલા પાપ બંધ કરે તો પ્રાયશ્ચિત સફળ થાય.

જ્ઞાનીઓને સાંભળી–સમજીને આચરણમાં લાવવામાં વાંધો આવે છે. આચરણમાં લાવવા માટે મોહને દૂર કરવો પડે છે. સંયોગથી હું પર છું એ ઘૂંટતા રહેવાથી અડધો રોગ ચાલ્યો જાય. પછી છોડવું દુષ્કર નથી. માટે ઔચિત્ય વ્યવહારથી જીવન જીવવાનું છે. ભગવાનના તત્ત્વોને સમજી, મોહને જાણીને મોહની સામે તત્ત્વથી યુદ્ધ કરવાનું છે. તત્ત્વોને જાણવા અત્યંત આવશ્યક છે.

જ્ઞાનના પરિણામ રૂપ સમ્યક દર્શનને પામ્યા વિના ચારિત્રના પરિણામ આવે નહિ. પરિણામ વિનાનું ચારિત્ર દ્રવ્ય ચારિત્ર કહેવાય.

**ગાથા – ૮ :**

**પિયૂષમસમુદ્રોત્થં, રસાયનમનૌષધમ્ ।**
**અનન્યાપેક્ષમૈશ્વર્યં, જ્ઞાનમાહુર્મનીષિણઃ ॥૮॥**

**ગાથાર્થ :** પંડિતો જ્ઞાનને સમુદ્રમાંથી નહિ ઉત્પન્ન થયેલું અમૃત, ઔષધ વિનાનું રસાયણ અને અન્યની અપેક્ષા વિનાનું ઐશ્વર્ય કહે છે.

- **જ્ઞાન અમૃત સ્વરૂપ :**

આત્મ દશાના જ્ઞાનને અમૃત કહ્યું છે. અમૃત પીધા પછી મરણ થતું નથી. તેમ જ્ઞાનવાનને મરણ નથી. સમ્યક્ત્વ પામ્યા પછી શરીરનું જ મરણ

છે, આત્માનું નહિ. કોઈપણ પર વસ્તુના અભાવથી નિર્મળ સંપત્તિ પ્રાપ્ત થઈ છે. ઔષધ વિનાનું રસાયણ છે. જેના પાનથી ઘડપણ મરી જાય, હવે જન્મ પણ ન થાય. આવું વિશિષ્ટ આશ્ચર્ય કરનારું એવું સ્વપર પ્રકાશક જ્ઞાન છે. રોગોની નિવૃત્તિ માટે પરમ રસાયણ છે. જ્ઞાનથી સમૃદ્ધ હોય તે કદાચ દેહથી ઘરડો થશે પણ મનથી ઘરડો થશે નહિ. તેનું મરણ નથી પણ નિર્વાણ છે. તે આત્માને નિરાશા ન હોય, જ્ઞાન દ્વારા તે સદા યુવાન જ રહે. અપેક્ષાથી પર હોય.

જ્ઞાન દ્વારા જ આરોગ્યની પ્રાપ્તિ થાય છે. સદા નિર્વિકલ્પ દશાને પ્રાપ્ત કરાવનારું એવું જ્ઞાન જ ઉપાદેય છે. પરભાવથી મોહિત થયેલો આત્મા જીવના ૧૪ ભેદોમાં પરિભ્રમણ કરે છે. જે આત્મા પોતાના સ્વરૂપની ઝંખનાવાળો છે, તે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગરૂપી પોતાના દોષોનો ત્યાગ કરી જ્ઞાનરૂપ અમૃતમાં ડૂબી જઈ સતત તેનું પાન કર્યા કરે છે. જે તત્ત્વથી જ્ઞાનને સ્વીકારે તેનું પરિભ્રમણ અટકે છે. જીવે અમૃતરૂપ સર્વજ્ઞકથિત જ્ઞાનને પ્રાપ્ત કરવાનો જ પુરુષાર્થ કરવાનો છે.

આત્માનો સ્વભાવ અમર બનવાનો છે. તેથી મારો નાશ ન થાઓ એવી ઈચ્છા આત્મામાં સતત રહે અને એ માટે આકાશ પાતાળ એક કરે. જીવને દ્રવ્ય પ્રાણો વહાલા છે. ભાવ પ્રાણો અમર છે. મૃત્યુ પામવાના નથી છતાં આપણે એને પકડતા નથી.

મિથ્યાત્વ એ પ્રમાદ છે. પ્રમાદ એ મૃત્યુ છે. આત્માએ પોતાના સ્વભાવમાં તત્ત્વરૂપી અમૃતપાન વડે નિત્યમાં નિત્યપણાનું આરોપણ કરવાનું છે. સદા પોતાના સ્વભાવમાં રહેનારો હું અમર છું. મરીશ નહિ. આ તત્ત્વ અમૃત છે. તત્ત્વને ઘૂંટીને આત્મામાં પરિણમાવવાનું છે. પર વસ્તુ મારાથી અન્ય છે, હું બધાથી અન્ય છું. હવે આત્માને અપેક્ષા ન રહે. અપેક્ષા પરિણામ એ જ સંસાર. પરની અપેક્ષા તૂટી જાય તો વર્તમાનમાં અમર બને.

આત્માનું જ્ઞાન પરમ ઉપાદેય છે. સાચી વસ્તુનું જ્ઞાન થાય તો ખોટાનો

નાશ થાય. પર વસ્તુ પર રૂપે લાગે તો કામ થાય. સાચી વસ્તુનો બોધ થયા પછી ખોટી વસ્તુનો ત્યાગ થાય.

જિનશાસનની પ્રાપ્તિ થાય ત્યાં તત્ત્વ જાણવા – વાંચવા મળે. પ્રીતિ જાગે તો પોતાને જાણે, દોષોનો ખ્યાલ આવે તો દોષોનો નિકાલ કરે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યૂચારિત્ર ગુણો પ્રાપ્ત કરે છે. આ રીતે પોતાનાં સ્વરૂપનું જ્ઞાન થાય પછી મોહથી વિરક્ત થાય. આત્મામાં આનંદ સ્વભાવ પ્રગટ થાય માટે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે યથાર્થ પ્રયત્ન કરવો જોઈએ.

OOO

# • છઠ્ઠું અષ્ટક •

## શમાષ્ટક

શમ=સમતા. સમતા જ્ઞાનીને હોય. **'જ્ઞાન કળશભરી આત્મા સમતા રસ ભરપૂર.'** જ્ઞાનથી ક્રોધાદિના પરિણામો શમી જાય છે. તેથી જ્ઞાનના ફળ રૂપ સમતા આત્માને પ્રાપ્ત થાય છે. આત્મામાં પ્રગટ થયેલી વીર્યશક્તિ સ્વભાવ પ્રમાણે પરિણામ પામે તેને શમ કહેવાય.

આત્માનું જ્ઞાન મોહના કારણે અશુદ્ધ છે. મોહ નીકળે તો જ્ઞાન આત્માના સ્વભાવ રૂપ બને નહિતર વિભાવરૂપ બને. આત્મશક્તિ પ્રગટ થયા પછી તેમાં મોહ ભળે તો આત્માની વિરુદ્ધ દિશામાં જાય. આત્મામાંથી મોહ ન જાય ત્યાં સુધી એ શક્તિ નકામી.

● **દ્રવ્યશમ કોને કહેવાય ?** ચિત્તમાં ક્રોધાદિ કષાયો હોય એટલે કે અસમાધિભાવ હોય અને બહારથી મન–વચન–કાયાનો સંકોચ કરવો તે દ્રવ્યશમ છે. જેમ અગ્નિશર્મા ત્રણ માસના ઉપરાઉપરી ઉપવાસ થયા પછી ગુણસેન રાજા ઉપર ગુસ્સે ભરાયો છતાં આહાર. પાણીનો ત્યાગ કરીને તપમાં લીન થયો. પ્રસન્ન ચંદ્ર રાજર્ષિનું પુત્ર સ્નેહથી મન દ્વારા કરાયેલું જે યુદ્ધ તે દ્રવ્ય શમ.

● **દ્રવ્યથી શમના પ્રકારો :**

**દ્રવ્યથી શમના આગમથી અને નોઆગમથી બે ભેદ છે.**

**આગમથી દ્રવ્યશમ :–** શમના સ્વરૂપને જાણનારો જ્ઞાની આત્મા હોય પરંતુ

તેની પ્રરૂપણા કરવાના અવસરે ઉપયોગ દશા ન હોય તે આગમથી દ્રવ્યશમ છે.

**નોઆગમથી દ્રવ્યશમ :–** માયા–કપટપૂર્વક, ધનલાભ, વિદ્યાલાભ આદિ સિદ્ધિ માટે તથા આવો શમભાવ રાખીશ તો દેવગતિ મળશે એમ સમજી દેવગતિ આદિના સુખો મેળવવા માટે ઉપકાર ક્ષમા, અપકાર ક્ષમા, વિપાક ક્ષમા આ ત્રણમાંથી કોઈપણ ક્ષમા રાખવાપૂર્વક ક્રોધની શાંતિ કરવી તે નોઆગમથી દ્રવ્યક્ષમા છે. અંદરથી ક્રોધાદિ કષાયો, ધનવાન, લબ્ધિલાભ – દેવ સુખના લાભનો લોભ કષાય વર્તે છે માટે તેને નોઆગમથી દ્રવ્ય શમ કહેવાય છે.

- **ક્ષમાના પ્રકારો :**

**ઉપકાર ક્ષમા :–** સામે કોઈ વડિલો, ધર્મગુરુઓ, ઉપકારી, પુરુષો ઠપકો આપતા હોય ત્યારે આ વડિલ પુરુષ છે, ઉપકારી છે એમ સમજીને જે ક્ષમા રાખવી તે.

**અપકાર ક્ષમા :–** સામે હલકા માણસો હોવાથી ક્રોધ કરીશું તો વધારે અપકાર (નુકસાન) થશે એમ સમજીને ક્રોધ ન કરવો તે.

**વિપાક ક્ષમા :–** ક્રોધ કરવાથી ચીકણાં કર્મો બંધાયછે અને ભવાંતરમાં નરક નિગોદના ભવોમાં ઘણાં દુઃખો આપે છે. આમ કર્મોના વિપાકોના ભયથી શાંતિ રાખવી અને ક્રોધ ન કરવો તે વિપાક ક્ષમા છે.

- **ભાવથી શમના પ્રકારો :**

**ભાવથી શમના આગમથી અને નોઆગમથી બે ભેદ છે.**

**આગમથી ભાવશમ :–** ઉપશમના સ્વરૂપને જાણનારા જ્ઞાનીપુરુષ ઉપશમનું સ્વરૂપ સમજાવતી વખતે ઉપયોગવાળા હોય તો તે સમયે તે વ્યાખ્યાતા પુરુષ આગમથી ભાવશમ કહેવાય છે. કારણ કે અંદર જ્ઞાન છે માટે આગમથી અને ઉપયોગ પ્રવર્તે છે માટે ભાવથી શમ કહેવાય છે.

**નોઆગમથી ભાવશમ :–** સદ્‌ગુરુ આદિના સમાગમથી, સત્સંગથી અને

સ્વાધ્યાયાદિથી મિથ્યાત્વ દશાનો ત્યાગ કરીને જેવસ્તુ જેમ છે તેમ યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવા પૂર્વક, ચારિત્ર મોહનીય કર્મના ઉદયનો અભાવ કરીને એટલે કે ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ કરીને આત્મામાં શુભ ક્ષમાદિ ગુણોની પરિણતિ પ્રાપ્ત કરવી તે નોઆગમથી ભાવશમ કહેવાય છે. આગમથી અને નોઆગમથી આ ભાવશમ જ જીવને ઉપકારી છે.

**નોઆગમથી ભાવશમ લૌકિક – લોકોત્તરનાં ભેદથી બે પ્રકારના છે.**

**લૌકિક ભાવશમ :–** વેદાંતવાદીઓ, બૌદ્ધ દર્શનકારો, સાંખ્યો, મીમાંસકો ઈત્યાદિ અન્ય દર્શનકારો પોતપોતાના સિદ્ધાંત મુજબ યોગી તરીકેનું જીવન જીવવામાં જે શમભાવ રાખે છે તે લૌકિક (લોક ગ્રાહ્ય) શમત્વ જાણવું. સર્વજ્ઞ વચન દ્વારા સંપૂર્ણ સત્ય તત્ત્વનો નિર્ણય નથી માટે મિથ્યાત્વ છે.

**લોકોત્તર ભાવશમ :–** જિનેશ્વર વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના વચનોને અનુસારે આત્માના શુદ્ધ સ્વરૂપની રમણતાની સાથે એકતા થવારૂપ જે ક્રોધાદિનો અભાવ તે લોકોત્તર ભાવશમ છે. કારણ કે ક્ષમાદિ ગુણો લોકગ્રાહ્ય નથી. મોહનો ઉપશમ થાય તોજ ક્રોધાદિ કષાયો ઘટે છે તો જ સાચી સમતા ગણાય. જેમ અગ્નિના કણિયાનો વિશ્વાસ ન કરાય એમ આત્મામાં ખૂણે ખાંચે પડેલો મોહ કષાય સંપૂર્ણ નાશ ન પામે તો તે ગમે ત્યારે ઉદયમાં આવે. નિમિત્તને પામીને સત્તામાં રહેલા કષાયો ઉદયમાં આવે છે. સમક્તિ આવ્યા પછી રાગ–દ્વેષ તીવ્ર ન બંધાય.

આગમથી સૌ પ્રથમ મિથ્યાત્વના પરિણામનો ત્યાગ કરવો પડે. મિથ્યાત્વી જીવને કોઈ બાળી નાંખે તો પણ સમતા ન ગુમાવે. એક અક્ષર પણ ન બોલે છતાં તેની સમતા ગણાતી નથી. મિથ્યાત્વ છે માટે શરીરને હેય નથી માનતો, આત્માનો સ્વભાવ સમતા છે એવું જ્ઞાન પણ નથી.

૪ થા ગુણઠાણે સમતા બીજભૂત છે. પાંચમાથી સમતાની શરૂઆત થાય. અપુનર્બંધક દશાવાળાને મંદ મિથ્યાત્વ છે તેથી તેને જેટલા અંશે મુકિતનો રાગ છે તેટલા અંશે સમતા છે.

શ્રેણિક મહારાજા ૪થા ગુણઠાણે છે. પુત્ર કોણિક મારી નાંખવા આવે છે ત્યારે પુત્ર મને મારવા આવી રહ્યો છે એમ સમજી એને પિતૃહત્યાનું પાપ ન લાગે માટે પોતે હીરો ચૂસીને મરણ પામે છે. સમ્યક દૃષ્ટિ આત્મા દુશ્મનનું પણ બુરું ન ચિંતવે. પણ સમ્યગ્ દૃષ્ટિને અવિરતિનો ઉદય હોવાથી શ્રેણિક રાજાને અણસણનો ભાવ ન થવાથી અપ્પાણં વોસિરામિ ન કર્યું.

પ્રદેશી રાજાને પત્નીએ ઝેર આપ્યું. તે દેશવિરતિધર હોવાથી પાંચમે ગુણઠાણે છે. તેથી તરત અણસણ કર્યું. સર્વ જીવરાશિની સાથે ક્ષમાપના કરી લીધી.

અહીં શમ એટલે મિથ્યાત્વ અને ચાર અનંતાનુંબંધીનો ઉપશમ લેવાનો છે. ક્ષયોપશમિકમાં પણ મિથ્યાત્વ ઉપશમ છે તે ઉપાદેય છે. તે જીવને ગુણ તરફ લઈ જાય છે. કેમ કે ઉદયમાં આવતા કર્મોનો ક્ષય અને મિથ્યાત્વનો ઉપશમ હોવાથી એટલે કે મિથ્યાત્વ વર્તમાનમાં નહીં હોવાથી જીવ સ્વભાવ તરફ આગળ વધી શકે છે. ઉપશમ સમ્યક્ત્વ અંતર્મુહૂર્ત કાળ રહે. ત્યારે નિર્મળ સમ્યક્ત્વના પરિણામો આવે. પડવાનો છે પણ અન્તર્મુહૂર્ત કાળ વિરાગ દશાના આનંદને પ્રાપ્ત કરે છે. ૧૧મું ગુણસ્થાનકે સંપૂર્ણ મોહનો ઉપશમ છે તેથી વિતરાગ દશાને અન્તર્મુર્હૂત કાળ અનુભવે પછી પડે.

સમકિતના પાંચ લક્ષણમાં જે શમ છે તે મિથ્યાત્વના ઉપશમનો પરિણામ છે અને અનંતાનુબંધીનો તે ઉપશમ છે.

મમ્મણ શેઠ ધન નથી મેળવતો ત્યારે પણ ધન મેળવવા જેવું લાગે છે અને સમ્યકદૃષ્ટિ ધન મેળવતો હોય ત્યારે પણ તેને ધન હેય લાગે છે.

વસ્તુ મેળવવા જેવી છે, મેળવવી જોઈએ તે મિથ્યાત્વનો પરિણામ છે. વસ્તુ પ્રત્યે આદરનો પરિણામ છે ત્યાં લોભનો પરિણામ ચાલુ જ છે. તો સમતા ક્યાં રહી ?

- **આત્માના પરિણામ પર બંધનો આધાર**

આત્માના પરિણામ કેવાં છે ? તેના પર જ બધો બંધનો આધાર છે.

મિથ્યાત્વ ઉદયમાં છે એટલે પર વસ્તુ મેળવવા જેવી લાગે છે. એટલે સંતોષનો પરિણામ નથી. સમકિતના ઉદયમાં તે મેળવતો હોય તો પણ તેને હેય માને છે. અનંતાનુબંધીનો પરિણામ અટકી ગયો છે તેથી અનુબંધ અલ્પ પડે. કેમ કે હેય માનીને આદરે છે પણ તેનો પશ્ચાતાપ તો ચાલુ જ છે. મિથ્યાત્વીને પશ્ચાતાપનો ભાવ ન હોય. અનુભવરૂપે સમતાની શરૂઆત પાંચમા ગુણ સ્થાનકે આવે. માટે દેશવિરતિ સામાયિક પાંચમા ગુણસ્થાનકે છે.

**ગાથા – ૧ :**

**વિકલ્પવિષયોત્તીર્ણઃ, સ્વભાષાલમ્બળઃ સદા ।**
**જ્ઞાનસ્ય પરિપાકો યઃ, સ શમઃ પરિકીર્તિત : ॥૧॥**

**ગાથાર્થ :** જેમાં ઈષ્ટપણાની અને અનિષ્ટપણાની કલ્પના નથી, નિરંતર આત્માના શુદ્ધ સ્વરૂપનું આલંબન છે, એવો જ્ઞાનનો પરિપાક તે શમ છે. વિકલ્પરૂપી વિષયોથી નિવર્તવું અને સ્વભાવના આલંબનને સ્વીકારે ત્યારે જે જ્ઞાનનું ફળ પ્રાપ્ત થાય છે તેને સમતા કહી છે. મિથ્યાત્વ મોહ હોય ત્યારે તેનું જ્ઞાન યથાર્થ ન થાય, અનેક વિકલ્પો ચાલ્યા જ કરે. માટે ચિત્તની સ્થિરતા – સમકિતના પરિણામ આવ્યા વિના ન આવે. વિકલ્પ એ ચિત્તની અસ્થિરતાનો પરિણામ છે.

રત્નથી મઢેલો હાર જોઈ ચિત્ત ડામાડોળ થાય, સ્થિર ન રહે. હારના રંગ, આકાર, ડિઝાઈનને પકડ્યા એટલે ભ્રમ= મોહ ભળ્યો. મિથ્યાત્વના કારણે આત્મરતિ કરતાં હાર વધારે કિંમતિ લાગે છે. આદરનો પરિણામ આત્મરત્નના બદલે હાર પર ગયો. સમ્યકદર્શન, સમ્યકજ્ઞાન સમતા વિ. બધા આત્મરત્નો છે.

વસ્તુ માત્ર જ્ઞેયરૂપે જોવાય તો ત્યાં વિકલ્પ ન આવે. જરૂરિયાત હોય તો વ્યવહારનો ઉપચાર હોય, પણ રસ ન હોય.

- **પરના સ્વભાવથી વિપર્યાસ**

પરના સ્વભાવને પકડવો એ વિપર્યાસ કહેવાય. જ્ઞેયના જ્ઞાતા

બનવાનો આત્માનો સ્વભાવ છે. આથી જો સ્વના સ્વભાવને પકડે તો શુદ્ધ જ્ઞાન થાય. પણ જો જ્ઞાન પરમાં ભળે – તેમાં જો મોહ ભળે તો તે અશુદ્ધ થયેલું જ્ઞાન આત્મામાં વિકલ્પોની જાળો ઊભી કરે. વિકલ્પો થવાથી ચિત્ત વિભ્રમ થાય અર્થાત્ ચકડોળે ચડેછે. આથી સર્વજ્ઞની દષ્ટિ પ્રમાણે જ્ઞાન થતું નથી. જેટલા અંશે મિથ્યાત્વ એટલા અંશે વિભ્રમ ઊભા થાય, તેટલા અંશે આત્મવીર્ય પણ અસ્થિર થાય.

સમતામાં પ્રધાન કારણ જ્ઞાનછે. સમ્યકજ્ઞાનથી શુદ્ધ એવું જે જ્ઞાન છે તે જ આ ભ્રમોમાંથી આત્માને બહાર કાઢે. ચિત્તની અસ્થિરતા માન્યતા સંબંધી છે. સર્વજ્ઞની દષ્ટિમાં જે હેય છે તે મિથ્યાદષ્ટિને ઉપાદેય લાગે છે. માટે માન્યતા સંબંધી અસ્થિરતા થાયછે. વસ્તુ મેળવવી રુચિનો પરિણામ છે. પણ તે પર વસ્તુને મેળવવાની ગતિવાળી ચિત્તવૃત્તિ હોય તો તે અનંતાનુબંધી કષાયના ઉદયથી થાય છે. 'આ મેળવવું' એ ચારિત્ર મોહનીયનો પરિણામ છે. મિથ્યાત્વીને આત્મગુણો સિવાયનું બધું જ ઉપાદેય લાગે, સમ્યક દષ્ટિને આત્મગુણો જ ઉપાદેય લાગે. જેમ ડુક્કરને વિષ્ટા ઉપાદેય લાગે અને બીજાને વિષ્ટા હેય લાગે.

**પર વસ્તુને મેળવવાની સતત ઈચ્છા તે આર્ત્તધ્યાન અને તે ન અટકે તો રૌદ્ર પરિણામને ખેંચી લાવે.**

સમ્યક દષ્ટિ મૂળિયાને જ પકડે. તેને મિથ્યાત્વ સહિત વિષય–કષાયોની પરવશતા હેય લાગે. અનંતાનુબંધીનો પરિણામ આત્માને અસ્થિર કરે છે. પરવસ્તુ મેળવવી એ જ એના જીવનનું સાધ્ય બની જાય છે. જે રૌદ્ર પરિણામને ખેંચી લાવે છે. આ બધા મિથ્યા પરિણામોથી બચવા સમતા સ્વભાવ સ્થિરતા જરૂરી છે. તે માટે નિર્મળ જ્ઞાનમાં સ્થિરતા જરૂરી. તે માટે સર્વજ્ઞ વચનની ઉપાદેયતા જરૂરી તો મોહનો વિગમ થયા વિના ન રહે. જેમાં મોહનો પરિણામ છે તેમાં તેને ઉપાદેય બુદ્ધિ થવાથી વિષયનો વ્યાપ વધે છે તેથી તે પરિગ્રહનું બંધન= પરિણામ ન કરી શકે. તેને માટે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ –ભાવ પ્રતિબંધવાળા બની જાય. મિથ્યાત્વ અને મોહના કારણે આત્માનો

પરવસ્તુ મેળવવાનો વ્યાપ વધતો જ જાય છે. મોહના પરિણામ મનમાં ભળે એટલે ભ્રમ પેદા થાય. જ્ઞાનના વિષયમાં ભ્રમ ઊભો કરે... ઈંદ્રિયો જ્ઞાન કરવાનું સાધન છે. મન પણ જ્ઞાનનું સાધન છે. મનમાં જ્ઞાનનો પરિણામ થાય એટલે ઈંદ્રિયો દ્વારા પ્રગટ થાય. જ્ઞાન અને મોહ બંનેની શક્તિ વધારે છે. ક્યારેક આત્મા બળવાન બને, ક્યારેક કર્મ બળવાન બને.

## ● કર્મબંધનો આધાર માન્યતા પર

હિંસકવૃત્તિ નિરંતર ચાલતી હોય અને પશ્ચાતાપનો ભાવ ન હોય તે રૌદ્રધ્યાનનું લક્ષણ છે. જીવ કેટલું કરે છે તે મહત્ત્વનું નથી પણ માન્યતા કેવી છે ? તેના પર કર્મબંધનો આધાર છે. મિથ્યાત્વના કારણે ઉત્પન્ન થયેલા વિકલ્પો અને તેને સુખરૂપે માની લેવાનો જે ભાવ હતો તે મિથ્યાત્વ જતાં પોતાના ગુણોના આસ્વાદનો—સ્વભાવના સુખની રુચિ પ્રગટે તેની માન્યતા હવે ફરી ગઈ. પહેલા પુદ્ગલમાં સુખ માનતો હતો પણ હવે તે સમજે છે કે જીવ આત્મગુણોમાં જ તૃપ્તિ પામે છે. તેથી હવે તે સ્વનું જ આલંબન લે છે.

મિથ્યાત્વ અને અનંતાનુબંધી જ ગયા આથી ચિત્તવૃત્તિ સ્થિર થઈ. એક સરખા જે મેળવવાના ભાવ હતા તે પણ ચારિત્ર મોહ જતાં લાવ—લાવના પરિણામના બદલે ચિત્તવૃત્તિ મંદ પડવાથી સંતોષ ગુણને પામે છે. જે જે વસ્તુ હેય માની તેનો ત્યાગ કરતો ગયો, તેમ તેમ મોહ જતાં સમતાનો પરિણામ પ્રગટ થયો.

## ● મિથ્યાત્વ મોહનીયથી વિપર્યાસ

મિથ્યાત્વ મોહનીય જેમાં સુખ નથી એમાં સુખ દેખાડે છે. સુખનો અનુભવ ચારિત્ર મોહનીય કરાવે. આ ભ્રમ ભાંગે નહિ ત્યાં સુધી આત્મા પરથી છૂટો ન પડે. મમ્મણ શેઠનો આત્મા રાત દિવસ લક્ષ્મીને ગ્રહણ કરવા માટે દોડે, રાત દિવસ અટક્યા વિના ધન પ્રાપ્તિના વિકલ્પમાં રમ્યા કરે આમ હિંસા થાય. અનીતિ નથી કરતો તો પણ ૭મી નરકનું આયુષ્ય બાંધે છે. મિથ્યાત્વ મોહ વધારે બળવાન, એની હાજરીમાં અનુબંધવાળું કર્મ બંધાય. પ્રવૃત્તિ કરે

કે ન કરે પણ મન સતત પ્રવૃત્તિમાં જ છે. નિરંતર ક્રોધનો ઉદય–બીજા પર ક્રોધ કરવો એ બીજી વાત. સૌથી પહેલા પોતાની જાત પર જ ક્રોધ. અપ્રીતિ થવી એ ક્રોધ છે. ધન તો જડ છે. રાત–દિવસ જડનો રાગ–ત્યાં જીવ પર દ્વેષ.

મમ્મણ શેઠ ધન મેળવવાના રૌદ્ર ધ્યાનમાં હતો એ વગર ૭મી નરકનું આયુષ્ય ન બંધાય. તે પોતાના આત્માને ભૂલી, પૈસા મેળવવામાં ખૂંપી ગયો.

સમ્યક જ્ઞાન, સમ્યક દર્શન અને સમ્યક ચારિત્રનું આલંબન સ્વીકારવું તે સ્વભાવ પરના ભોગમાં તૃપ્તિ થાય તેના કરતાં કંઈ ગણો આનંદ પરભોગના ત્યાગમાં છે. તેના અનુભવમાં હવે વૃદ્ધિ થાય. તેના આસ્વાદમાં તે વિશેષ આનંદને અનુભવે. તે સ્વાદ આગળ બધું બેસ્વાદ લાગે.

જીવ બે વસ્તુના કારણે સંસાર ત્યાગે. એક તો અકળામણથી અર્થાત્ દુઃખ ગર્ભિત વૈરાગ્યથી અને બીજું સમજણપૂર્વક છોડે તે જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી, જે લાંબો કાળ ટકે, કર્મને નિર્જરે ને પરિણામ વિશુદ્ધ બનતાં જાય.

પુણ્યના ઉદયથી બધું જ મળી ગયું હોય, ભોગવી શકે છે. રોકટોક નથી ને તેમ છતાં મળવા છતાં પણ પીઠ ફેરવી દે તે સાચો વૈરાગી.

ધર્મની શરૂઆત ઉપયોગથી થાય. જ્ઞાનનું શુદ્ધરૂપે પ્રર્વતમાન થવું તે ઉપયોગ. "હું આ છું અને આ નથી." આવી રીતે ઉપયોગ આવ્યા પછી તે રીતે પરમાંથી આત્મવીર્યને ખેંચી સ્વમાં ફોરવે ત્યારથી ધર્મની શરૂઆત થાય છે અને ત્યારે જ સમતા આવી કહેવાય. જ્ઞાનનું ફળ જ્ઞાનીઓએ સમતા બતાવ્યું છે. જ્ઞાન હોવા છતાં પણ સમતાના પરિણામનો અનુભવ ન થાય તેનું કારણ મોહનો પ્રકોપ છે.

જીવ પરમ સ્વાર્થી છે. સ્વાર્થ માટે બધું છોડી દે છે સ્વભાવનો નિર્ણય થાય અને એમાં રુચિ જાગે તો સંસારમાં હોવા છતાં સંસારમાં ન હોય. પ્રવૃત્તિ હોય વૃત્તિ ન હોય. આટલી અજબગજબ તાકાત આમાં ભરેલી છે.

જીવને સર્વજ્ઞની દષ્ટિએ જીવરૂપે ઉપાદેય લાગવો જોઈએ. અજીવ હેય લાગવો જોઈએ. આ બંને પરિણામ આત્મામાં થઈ જાય તો ભાવ પછી

સ્વભાવ. જીવ વિશે કેવો ભાવ ? મૈત્રી–પ્રમોદ–કરુણા, માધ્યસ્થભાવ, સર્વજ્ઞ પ્રમાણે મૈત્રીભાવ. જીવ વિશે જાણેલું જ્ઞાન સમ્યક જ્ઞાન છે. સર્વજ્ઞ પ્રમાણે યથાર્થ બોધ સમ્યક જ્ઞાન છે. સમ્યક દર્શન હોય તો કરુણા આવે જ. હેય–ઉપાદેયનું સર્વજ્ઞ પ્રમાણે નિર્ણય તે સમ્યક જ્ઞાન રૂપે બને અને તેની અંદર રુચિનો પરિણામ ભળે તો સમ્યક દર્શન રૂપે બને.

હેયમાં છોડવાનું. ઉપાદેયના ગ્રહણ કરવાની રુચિ પ્રગટ કરવાનું જ્ઞાન થાય પછી રુચિ ન થાય તો સમ્યક દર્શન ન મળે. રુચિ પરિણામ અતિ મહત્ત્વનો છે. જેની રુચિ જાગે એને અનુરૂપ પ્રવૃત્તિ કર્યા વગર ન રહે તો જ નિશ્ચય સાચો. નહિતર ભ્રમવાળો નિશ્ચય. નિશ્ચય થાય તો રુચિ પ્રગટ થાય. એક ગુણ બીજાને જગાડે. સમ્યક દર્શન આવે ત્યાં ચારિત્ર ગુણ પ્રગટ થવાની તૈયારી. પહેલા સમ્યક જ્ઞાન થાય પછી સમ્યક દર્શન થાય પછી જ સમ્યક ચારિત્ર આવે. સર્વજ્ઞની બધી જ વાત સાપેક્ષ હોય તેના વચન પર અપૂર્વ શ્રદ્ધા નથી. માટે જ જે ફાવે તેની વાત પકડી તેને પ્રધાનતા આપી.

- **આત્મા અશાંત કેમ ?**

જેટલા વિકલ્પો વધારે, એટલા અંશે ચંચળતા. મનને એકમાંથી અનેક મનોરથ થાય. ધનને મેળવવાનો એક વિકલ્પ થાય, ધનની મહત્તા લાગે તો ૧૮ પાપસ્થાનકમાં ઘૂસી જાય. હવે શાંતિથી વિચારો કે આત્મા મોહને વશ બની, કેટલાય વિકલ્પોની કલ્પના જાળમાં ઘેરાતો જાય છે. આથી મોહની જાળમાંથી નીકળવા માટે પરમાત્માએ સરળ ઉપાય બતાવ્યો છે.

કર્મના સંયોગથી સંસારી આત્માની બે વિભાવદશા આવી પહેલી અઘાતિ કર્મના ઉદયથી સ્વરૂપના વિકાર રૂપી કાયા રૂપે અને બીજી સ્વભાવના વિકાર રૂપે વિષય કષાય વિભાવ અવસ્થા = દશા પામ્યો છે. એ મિટાવવા પોતાના સ્વરૂપનો નિશ્ચય કરી જ્ઞાનાદિ સ્વભાવ વડે પોતાના સ્વરૂપને પકડીને ધ્યાનમાં સ્થિર થવાનું છે.

અસ્થિર એવા પર પુદ્ગલ સાથે જોડાઈ રહ્યા છીએ. તેથી આત્મા

અસ્થિર સ્વભાવવાળો થયો છે. એમાંથી આત્માને મુક્ત કરવાનો છે. આત્મા મોહનો પરિણામથી જોડાયેલો છે માટે અસ્થિર છે. માટે મોહના પરિણામને છોડવાનો. આત્માના પાંચ સ્વભાવ– જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય છે.

પરમાત્મા એ સ્વભાવની પૂર્ણતા છે. આત્માને જ્યારે જ્યારે પોતાના સ્વભાવનું સ્મરણ થાય ત્યારે પાપનો નાશ અને જ્યારે સ્વભાવનું વિસ્મરણ થાય ત્યારે ભાવ મરણ અર્થાત્ પાપનો બંધ થાય.

- **જિનની આજ્ઞા કઈ ?** એક સમય પણ પ્રમાદ ન કર તારા સ્વભાવમાં રહેવાનો પ્રમાદ ન કર. પ્રમાદ એ વિભાવ છે. સ્વભાવમાં હોય તો પ્રમોદને માણે, વિભાવમાં જાય તો પીડા ભોગવે.

- **જ્ઞેયને બે રીતે જાણવાનો**

જ્ઞેયને સામાન્ય ધર્મથી અને વિશેષ ધર્મથીએમ બે રીતે જાણવાનો, તો જ યથાર્થ બોધ થાય અને તે થાય તો સમ્યગ્ દર્શન–ચારિત્ર–તપ શુદ્ધ ગુણોનું પ્રગટીકરણ થાય. તપનો સ્વીકાર પચ્ચક્ખાણ વિરતિપૂર્વક કરવો પડે. દ્રવ્યથી વ્યવહારથી તપ કે ચારિત્ર આવે બાકી પરિણામથી ક્રમબધ્ધ પહેલા જ્ઞાનનો પરિણામ લાવવો જ પડે.

સામાન્યમાં ફક્ત આકાર ઓળખો, વિશેષમાં એનો રૂપ–રંગ–સ્વાદ જુદા. સામાન્ય શાક એ સામાન્ય, પણ દૂધી, તુરિયા, ગલકા એ વિશેષ લક્ષણ. ચોકસાઈ કરો તો વિશેષથી જ થાય. છદ્મસ્થને પહેલા સામાન્ય પછી વિશેષ બોધ થાય.

- **ચારિત્રનો પરિણામ આત્મામાં કઈ રીતે પ્રગટ થાય ?**

વર્તમાનમાં ચારિત્ર એટલે દીક્ષા=સર્વવિરતિ. સામાન્યથી નિવૃત્તિ–પ્રવૃત્તિ ભેદે વ્યવહારથી ચારિત્ર આવ્યું. પ્રવૃત્તિ એ વ્યવહાર અને *નિશ્ચય એ પરિણામથી જ નિર્જરા થાય. આ ભેદ પકડાવો જ જોઈએ. અર્થાત્* ચારિત્રની પ્રવૃત્તિમાં સમતાનો પરિણામ જરૂરી. વ્યહવારથી જ્ઞાન

આગમ–શાસ્ત્ર–અક્ષર લીપિ, પરિણામથી નિશ્ચયથી –જ્ઞાન–પરિણામ સ્વરૂપે જે મોહથી રહિત તે શુધ્ધજ્ઞાન.

જ્ઞાન સાથે મોહ ભળે એ અશુદ્ધજ્ઞાન, કેવલીનું જ્ઞાન પૂર્ણ શુદ્ધ છે. માટે કેવલીના જ્ઞાનને પ્રમાણભૂત ગણાય એના જ જ્ઞાન પ્રમાણે વિચારવાનું અને બોલવાનું જ્ઞાનાચારાદિ વ્યવહારને સાધન ન ગણીએ તો મોહ ફાવશે. ચારિત્રને આત્મામાં પ્રગટ કરવા માટે જ્ઞાનીઓએ વ્રત બતાવ્યાં. સાધન બતાવ્યાં પણ એ સાધનને પૂર્ણ ન મનાય. તે વ્રતોના પાલન વડે આત્મામાં ચારિત્રનો પરિણામ સમતા પ્રગટાવવાનો લક્ષ જોઈએ.

- **વ્યવહારથી ચારિત્ર બે પ્રકારે** : પ્રવૃત્તિ અને નિવૃત્તિરૂપ વ્યવહાર ચારિત્ર બે પ્રકારે છે.

સામાયિક લેવી વ્યવહારથી ચારિત્ર ધર્મ, સંસારની સાધનાથી નિવૃત્તિ પણ આત્મધર્મ માટે પ્રવૃત્તિ. સામાયિકમાં પહેલી પ્રતિજ્ઞા કઈ કરી **કરેમિ ભંતે સામાઈમં** હું સામાયિકમાં= સ્વભાવમાં રહેવાની પ્રતિજ્ઞા કરું છું. જિનશાસનનું પહેલું પ્રણિધાન – "મારે શું કરવાનું છે ?" ચૈત્યવંદન –સામાયિક, આ સિવાય બીજું કાંઈ નહિ. આ બધા અનુષ્ઠાન કરતી વખતે સંવેગ ભાવ જરૂરી.

સમ્યક દર્શન આવે તો આસ્તિકય આવે અસ્તિત્વ= હું કોણ ? આત્મદ્રવ્ય જીવદ્રવ્ય ગુણથી ભરેલો છું. વર્તમાનમાં જીવાજીવ રૂપ થયો છે. મારા ગુણો આવરણવાળા થઈ ગયાછે માટે દોષવાળો છું. જાત પર કરુણાભાવ આવે. પોતાના આત્મા પર દયા આવે. કરુણા પ્રગટ થાય તો નિર્વેદ પ્રગટ થઈ જાય. સામાયિકમાં વ્યવહારથી કરેમિ ભંતે ઉચ્ચર્યું. નિશ્ચયથી સ્વભાવમાં આવવાનું છે. કર્મને વશ બની, આત્મા પામર બન્યો છે આ પામરપણું છોડવાનું છે. સામાયિક લેવાની અદ્ભૂત ક્રિયામાં તેવા ભાવ થાય છે ? જિનશાસનમાં સૌથી પ્રથમ અને શ્રેષ્ઠ અનુષ્ઠાન સામાયિક છે. સામાયિકમાં નવકારને તત્ત્વથી ન સમજીએ તો નકામું.

## ● નવકાર ગણો અને જગતથી છૂટા થાઓ

નવકાર ૧૪ પૂર્વના પિંડરૂપ છે. ૧૪ પૂર્વી પણ અંતસમયે શાસ્ત્રો, આગમ ભણવાનું બંધ કરે અને નવકારમય બની જાય. નવકાર એ પાંચ અધ્યયન રૂપ છે. ઓછામાં ઓછો સ્વાધ્યાય નવકારરૂપ છે. સામાયિકમાં સ્વાધ્યાય કરીશ એના આદેશ લેવાય છે. સામાયિક સ્વાધ્યાય માટે જ છે. પોતના સ્વભાવમાં સ્થિર થવા માટે જ છે. સંસારના વ્યવહારમાં પણ સામાયિકના ભાવ હોય સામાયિક પાળતી વખતે કયો પરિણામ ? સંસારમાં જવાનો કે સાવધાન થવાનો ?

આત્મા જ્યારે મોહને આધીન બને ત્યારે વિકલ્પની હારમાળા થાય. વિકલ્પોને બદલી નાખે અને પોતાના સ્વભાવને પકડે તો પોતાના આત્માનો સ્વાદ મેળવે. પુદ્‌ગલનાં વર્ણાદિ પાંચ સ્વભાવને મોહનો પરિણામ પકડે પણ જીવ પોતાના સ્વભાવને પકડે નહિં ત્યાં સુધી મોહ ફાવે. આત્માએ અનંત જ્ઞાન, દર્શન–ચારિત્ર– તપનું આલંબન લેવાનું છે. પોતાનું આલંબન પકડે તો આત્મા–આત્મદર્શી બને. વાપરી લઉં, ભોગવી લઉં એ મોહના પરિણામ છે. જેને સ્વભાવનું જ્ઞાન છે તેને ખબર છે કે હું જે જોઉં છું તે પુદ્‌ગલ છે, રૂપી છે હું અરૂપી છું.

વિષ્ટા જોઈ, જ્ઞાન થયું તરત દષ્ટિ ફેરવી લઈએ, તો શેરડી, કેરી આદિ જોઈને એના રસને ભોગવવાની ઈચ્છા થાય પણ શેરડીના કુચ્ચા જોઈને તેણે ગ્રહણની ઈચ્છા ન થાય. એ રીતે આત્માને ભોજન કરતી વખતે ભોજનના પદાર્થોમાં ધ્યાન ન હોય, એ જ્ઞાનમાં ઓતપ્રોત હોય આત્માને આત્માનું ભોજન મળે તો તગડો થાય, જ્ઞાનમાં મોહ ભળેલો છે. મોહને કારણે બધું ઊંધું દેખાય છે. શરીરને તગડું કરવાની મહેનત ચાલુ છે. રોગનું નિદાન બરાબર થાય તો તેના ઉપાય થાય. આત્માને આત્માનો વિચાર મોહ ઓછો થાય તો આવે. મોહને રવાના કરવા માટે જાગૃત બનવું પડે. જેમ જેમ ભાવ પ્રગટ થાય તેમ તેમ પોતાના સ્વભાવમાં રહેવાનું મન થાય અને એ માટે પુરુષાર્થ ચાલુ થાય.

પોતાના સ્વભાવનો આસ્વાદ અને ભોજનનો સ્વાદ બંને અલગ છે.

જેમ આત્માનો ઉપયોગ શુદ્ધ બનતો જાય તેમ આત્મા સમતામાં આવતો જાય. જ્ઞાનમાંથી મોહનો પરિણામ નીકળતો જાય તેમ સમતા પ્રાપ્ત થાય. આથી મોહ કઈ રીતે ઓછો થાય તેની સતત વિચારણા કરવી જરૂરી છે. જ્ઞાનીઓને ઊંઘ ઓછી, આહાર ઓછો. જ્ઞાનની રમણતા હોય તો જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય બંને કર્મ ઓછાં થાય. તપ સહિતનું જ્ઞાન આનંદ માટે. આનંદ એ તપનું ભોજન. તપનું અજીર્ણ ક્રોધ છે. જ્ઞાની આનંદમાં હોય અને તેમાં તપનો પરિણામ ભળે તો વધારે વૃદ્ધિ થાય.

**● પ.પૂ. હરિભદ્રસૂરિ મ. એ યોગ બિંદુમાં યોગના પાંચ પગથિયા બતાવ્યાં છે. (૧) અધ્યાત્મ (૨) ભાવના (૩) ધ્યાન (૪) સમતા (૫) વૃત્તિ ક્ષય.**

**(૧) અધ્યાત્મ યોગ :–** અનાદિથી મિથ્યાત્વનો પરિણામ આત્મામાં છે. તેથી આત્મા અનાદિથી પરભાવથી પરિણત છે. તેથી તે ઔદયિક ભાવને સારરૂપ માને છે. કર્મના ઉદયથી પ્રાપ્ત થતું બધું ઔદયિક ભાવનું છે.

ધર્મ વડે ધર્મના ફળ રૂપે જે મળે તેને ધર્મનું ફળ માને છે. કર્મના ઉદયમાં ધર્મ નથી. કર્મના ક્ષય ઉપશમ અને ક્ષયોપશમમાં ધર્મ છે. મિથ્યાત્વના ઉદયમાં આ ન સમજાય. પુણ્ય પણ ધર્મ છે. પુણ્ય જે પોતાનું નથી તે આપશે અને કર્મે આપેલી આત્મા સિવાયની વસ્તુને પોતાની માનશે. લોક તો આનો જ અર્થી છે માટે લોકોને રાજી કરવા જે કહેવાનું હોય ત્યારે અમારે પણ પુણ્યની જ વાત કરવી પડે. ધર્મનું સાચું ફળ ધર્મની વૃધ્ધિ થવી એ જ છે.

**● કોઈપણ પ્રકારનો ધર્મ દાન–શીલ–તપ વગેરે કરીને આકાંક્ષા–(ફળ) કઈ ?** ધર્મના ફળરૂપે ધર્મની વૃધ્ધિ કરવાનું મન છે ? કે ધર્મના કારણને ધર્મ માની લીધો છે. ધર્મ કરતાં પ્રતિકૂળતા આવે તો ચિત્ત આનંદિત ન થાય કેમ કે જીવ પ્રતિકૂળતાને ઈચ્છતો નથી. અનુકૂળતાની ઈચ્છા એ જ પુદ્ગલના સંયોગની ઈચ્છા. જીવ ધર્મ કરી અધર્મને ઈચ્છે છે. આથી ધર્મ નિષ્ફળ ગયો. સર્વજ્ઞએ કહ્યા મુજબ ધર્મ કરવાથી ફળ કેમ ન મળે ? જ્યાં

સુધી નિર્ધાર ન થાય ત્યાં સુધી નકામું. જ્યાં સુધી મિથ્યાત્વનો પરિણામ જાય નહિ ત્યાં સુધી પરનું મમત્વ ન છૂટે.

પરમાત્મા પાસે જઈને ભવની ભાવઠ ભાંગવાની ઈચ્છા કરવાની. પ્રભુની સ્પર્શના કરવા છતાં અંદર કષાયો ઓછા ન થાય તો એ સ્પર્શના શું કામની? હે પ્રભુ! હું આપને સ્પર્શું, અને મને આપના ગુણો જરા પણ ન સ્પર્શે? તમે આટલાં સમર્થ અને હું આટલો કંગાળ ? પરમાત્મા મળ્યા છતાં ફળ્યા નહિ.....

સમતાના પરિણામથી નિર્જરા થઈ તો કેવળજ્ઞાન મળે. પણ સામાયિકથી આટલું દેવલોકનું આયુષ્ય બંધાય એ જ જીવને ગમશે, તે ગ્રહણ કરશે.

- **ધર્મ કરવા વડે કોને કેવા પ્રકારનું ફળ મળે ?**

**દ્રવ્યથી દ્રવ્ય ફળ મળે, ભાવથી ભાવ ફળ મળે, સ્વભાવથી સ્વભાવ ફળ મળે**

(૧) અભવ્યનો આત્મા દ્રવ્યથી જ ક્રિયા કરે છે માટે તેને દ્રવ્ય જ મળે છે.

(૨) જે પ્રશસ્ત ભાવથી ક્રિયા કરે છે તેને આગળ વધીને પુણ્યાનુબંધી પુણ્ય બંધાય.

(૩) સંસારની કોઈપણ આશંસાથી ધર્મ કરે તેને માત્ર પુણ્ય જ બંધાય કે જે પુણ્ય તેનું ભવભ્રમણ વધારે. માત્ર ભાવથી અને મુક્તિ મેળવવાની ઝંખનાથી જ જે ધર્મ કરે છે તત્ત્વને જાણતો નથી પણ આશયશુદ્ધિના કારણે તે પુણ્ય તેને લાંબા ગાળે મોક્ષમાં સહાયક સામગ્રીનું ફળ આપનાર બને. પણ જીવ જ્યારે પોતાના સ્વભાવરૂપ અર્થાત્ ગુણને પામવા માટે જ ધર્મ કરે અને ગુણમય *બની ક્રિયા કરે ત્યારે તે નિર્જરા કરે છે.*

*પરમાત્માનાં પગ પકડો નહિ પણ પરમાત્માના તત્ત્વનું શરણું પકડો.* તો જ સંસારમાં સમાધિ પ્રાપ્ત થશે. પુણ્યના ઉદયથી મળતી વસ્તુ મારે

મેળવવી નથી, અનાદિકાળથી એને ભોગવવા દ્વારા મારા આત્માના સ્વભાવને ભોગવી ન શક્યો. આ જેને સમજાય જાય તે તરે. ચક્રવર્તી મળેલી સત્તાને ભોગવે તો ૭મી નરક મળે અને છોડે તો મોક્ષ કે સ્વર્ગ મળે. પર વસ્તુ આત્માને પીડાકારી છે માટે ભોગવવાની નથી. આપણે આપણા આત્માને કેવો છેતર્યો છે ? ધર્મના પ્રભાવે બધું મળે છે, માટે ધર્મ કર. ક્ષેત્રો સાચવવામાં આત્માના ક્ષેત્રનો વિચાર ન કર્યો.

સમ્યકદર્શન વિના ભાવથી ક્રિયા થઈ શકતી નથી. સમ્યક્ત્વ ભળે ત્યારે જ મૈત્ર્યાદિ ભાવો ભાવરૂપ બને છે. મૈત્રી ભાવ સર્વ જીવો પ્રત્યે વિશાળ દૃષ્ટિથી જુએ છે. સ્વાર્થ સંબંધ વિનાનો મૈત્રીભાવ હોય છે. સામાન્યથી સર્વ જીવમાં સિદ્ધત્વ પડેલું એટલે મૈત્રીભાવમાં સમગ્ર જીવરાશિને સ્વીકારી લેવાની છે. ભાવના ભાવતા ભાવતાં જ્યારે તે આત્મામાં પરિણત થઈ જાય છે ત્યારે તે ભાવ સ્વભાવમાં પરિવર્તિત થાય છે.

- **'અધ્યાત્મ યોગ કોને કહેવાય ?'**

અત્યાર સુધી મિથ્યાત્વના ઉદયથી જીવે અધર્મને ધર્મ માની કાર્ય કર્યું છે. આ મિથ્યાત્વ રોગ જ્યારે નીકળે છે ત્યારે ભાવ આરોગ્યરૂપી બોધિલાભની જીવને પ્રાપ્તિ થાય છે. ત્યારે નિરામય=નિરોગી બનેલા આત્માને આત્મા સિવાય સર્વ–સંગથી દૂર થવાનો ભાવ આવે છે અને શુદ્ધ આત્મતત્ત્વની ભાવનાથી ભાવિત અંતઃકરણવાળા જીવને જ્યારે સાચું તત્ત્વ સમજાય કે સ્વભાવદશા એ જ સાચો ધર્મ છે, ત્યારે તે જીવની મન–વચન–કાયાની યોગ પ્રવૃત્તિ વડે પ્રવર્તેલા તે જીવના યોગને અધ્યાત્મ યોગ કહેવાય છે.આત્મા સંબંધી જે કાંઈ થવું તે જ અધ્યાત્મ. જ્યાં આત્માને અનુલક્ષીને કોઈ વાત જ નથી તે અધર્મ જ છે. પછી ભલેને ગમે તેટલી મોટી વાતો કેમ ન હોય ?

અધર્મથી છૂટવા મૈત્ર્યાદિ ૪ ભાવના અને અનિત્યાદિ ૧૨ ભાવના વારંવાર ભાવવાની છે. જો અધર્મ ન હોય તો કર્મબંધ કેમ થાત ? માટે જ કર્મબંધથી છૂટવા અને સ્વભાવ ધર્મને પામવા અધર્મને સર્વજ્ઞના વચનમાં જોડીઈને ધર્મમાં પરિવર્તિત કરવાનો છે.

સ્વભાવની સન્મુખ થવા માટેનો જે ભાવ તે પ્રશસ્તભાવ. ઓઘથી પણ મોક્ષનો ભાવ આવે તો તે પણ આત્માને લાભ કરાવે. બાર ભાવનાના કારણે જગતની અનિત્યતા = અસારતા સમજાય છે. તેથી સંસારને ભોગવવાનો જે ભાવ હતો તેનાથી છૂટતો જાય છે. એમ કરતા ૪થા ગુણઠાણે જીવ સંવેગ અને નિર્વેદમાં રમતો થાય છે. ગુણને અનુભવવાનો ભાવ તે સંવેગ અને દોષોથી વિરમવાનો જે ભાવ તે નિર્વેદ. જે અવશ્ય સ્વભાવ ધર્મને પ્રાપ્ત કરાવે, પરથી છોડાવે તે નિર્વેદ. સ્વના ગુણોને ભોગવવાનો, સંવેગ આવે તેમ તેમ આત્મા આગળ વધતો જાય. આસ્તિક્ય આવે એટલે આગળ–આગળના લક્ષણો આવતા જાય.

પોતાના સ્વભાવને ભોગવવા માટે સ્વરૂપને જ પકડવું પડે, કેમ કે તે જ નિર્ધારિત લક્ષ છે. સ્વરૂપથી અભિમુખ થયેલો આત્મા મોક્ષના ઉપાયથી જીવ પોતાના અનુભવના ભાવ વડે જ સ્વરૂપમાં સ્થિર થાયછે. વ્યવહાર એ ભાવ છે અને નિશ્ચય તે સ્વભાવ છે. આત્મા જ્યારે તત્ત્વચિંતન કરે છે ત્યારે પોતાના જીવનમાં તે મય બનવા માટે વ્રતોનો સ્વીકાર કરે છે. આપણે ભાવ કર્યો કે કોઈ જીવ દુઃખી ન થાઓ, કોઈને પીડા ન મળો એ ભાવના ભાવી તે સાચી ક્યારે કહેવાય ? કે જ્યારે આપણા તરફથી બીજા જીવોને પીડા ન મળે, તો ભાવના સાચી કહેવાય. પુરુષાર્થ તે દિશા તરફનો હોવો જોઈએ. તેના માટે જ વ્રત–નિયમમાં આવવું જ પડે.

- **જગતમાં સાચો મિત્ર સાધુ જ બને.**

જીવ જેટલી પ્રવૃત્તિ કરે તેટલી સ્વ પરની પીડા ઊભી કરે અને તે જેટલી નિવૃત્તિ કરે એટલો ધર્મ, માટે જ નિવૃત્તિ ધર્મની મહત્તા છે.

સરંભ–સમારંભ–આરંભમાં પીડા જ છે. વિચાર માત્ર કરવાથી પીડા આપવાની સ્વીચ શરૂ થઈ જાય છે. ૬ કાયના જીવોની હિંસાનો પ્રારંભ થઈ જાય છે. માટે જ જગતના સાચા મિત્ર સાધુ જ બને. મોહના પરિણામનો ઉચ્છેદ થાય ત્યારે જ મૈત્રી સંભવે. સાધુ ભગવંત પોતાના માટે કોઈ વસ્તુ બનાવે

નહિ, બીજા પાસે બનાવડાવે નહિ અને જે બનાવે તેને અનુમોદે નહિ. માટે જ તેઓને તિવિહં તિવિહેણં પચ્ચક્ખાણ છે.

આત્મા, 'સમતા એ જ મારો સ્વભાવ છે' એમ માનીને સાધના કરે અને તેમાં રહેલા બાધક તત્ત્વને દૂર કરે ત્યારે સમતા પ્રગટ થાય છે. જ્ઞેયનો જ્ઞાતા બને પણ જ્ઞેયમાં ડૂબે નહિ તો સમતા–સ્વભાવ પ્રગટ થાય છે.

ઔચિત્યથી યુક્ત વ્રતવાળાને સર્વજ્ઞના વચન દ્વારા કરાતું ચિંતન અને તેના દ્વારા જે ભાવો થાય તેને જ અધ્યાત્મ કહેવાય છે. જ્યારે આત્મા વ્રતવાળો હોય ત્યારે ઉચિત પ્રવૃત્તિ આવે. બિનજરૂરી પ્રવૃત્તિનો ત્યાગ કરી અને જેના વિના ચાલી શકે તેમ જ નથી તેવી પ્રવૃત્તિ ઉચિત બને છે. વ્રત પણ અધ્યાત્મનું કારણ ત્યારે જ બને કે જ્યારે તત્ત્વનું ચિંતન હોય. સર્વજ્ઞ કથિત વચનને કહેનાર શાસ્ત્ર કે આગમ તેનાથી ચિંતન કરવાનું છે.

તત્ત્વને અન્યો પણ માને છે છતાં પણ અહીં સર્વજ્ઞ પ્રમાણેનું ચિંતન હોય તો તે મૈત્ર્યાદિ ભાવથી યુક્ત બને છે. કારણ કે સર્વજ્ઞ સિવાયના બીજાનાં વચનો કે બીજાના શાસ્ત્રો અપૂર્ણ છે. આથી જ સર્વજ્ઞ કથિત વચન પ્રમાણે જીવાદિ તત્ત્વોનું ચિંતન કરે ત્યારે મૈત્ર્યાદિ ભાવથી સભર બને છે ત્યારે જ તે અધ્યાત્મ બને છે.

સત્તાએ જીવો એક સમાન સ્વભાવ અને સ્વરૂપવાળા છે પણ કર્મકૃત અવસ્થાના કારણે વર્તમાનમાં જીવોમાં સ્વરૂપને સ્વભાવની સમાનતા નથી. વિવિધતા ને વિચિત્રતા છે માટે સમતાને કેળવવા મૈત્ર્યાદિ ૪ ભાવનાઓ દ્વારા વ્યવહાર કરવાનો છે તો જ ધર્મ ઘટે. માટે જ વ્યવહારથી ધર્મ, મૈત્ર્યાદિક ભાવનાથી યુક્ત હોય ત્યારે જ બને.

નિશ્ચયથી वत्थु सहावो धम्मो – વસ્તુનો સ્વભાવ તે જ ધર્મ છે. માટે જ સામાયિકની વાત આવી. ૪ ભાવના દ્વારા સમતાની સિદ્ધિની વાત આવી. પહેલા ત્રણ યોગ આવે પછી જ સમતા આવે.

કર્મના ઉદયથી મળેલી સામગ્રીને સ્વીકારીને તેમાં જ સુખની ભ્રાંતિ

થાય છે. પરમાત્માની કૃપાથી સંસાર સારી રીતે ચાલે છે એ માન્યતા ખોટી છે. પરમાત્મા પોતાના જેવા જ જગતના જીવોને બનાવે છે. તેના બદલે ઉપરોક્ત વિચારવું એ મિથ્યાત્વ છે. સંસાર વિસર્જનના બદલે સંસારના સર્જનનું કાર્ય થઈ રહ્યું છે.

આત્મા અચરમાવર્ત્તમાં રોગી જ છે, એને ઔદયિક ભાવ જ ગમે. જ્યારે ચરમાવર્તમાં આવશે, કર્મની લઘુતા થશે ત્યારે ધર્મ શું છે ? એ સમજાશે. ઔચિત્યપૂર્વકનો વ્યવહાર ક્યારે બને ? વ્યવહાર સંપૂર્ણ હેય લાગવો જોઈએ. આત્માની શુદ્ધ દશા વિનાનું બધું હેય છે. આ માન્યતા શુદ્ધ કરો. જેટલી જરૂર હોય એટલો વ્યવહાર કરો. તાકાત હોય તો બધો વ્યવહાર છોડી દેવાનો છે. જ્યાં સુધી કેવળજ્ઞાન પ્રગટ ન થાય ત્યાં સુધી અપ્પાણં વોસિરામિ. પહેલાં ગુપ્તિમાં આવવાનું, ન રહેવાય તો સમિતિમાં આવવાનું. સાધુપણામાં ન અવાય તો દેશવિરતિમાં આવો પણ કારણ વગરનો વ્યવહાર ન હોય. કોઈને પીડા ન આપવી હોય તો સર્વવિરતિ સ્વીકારવાની. નહિ તો વ્રત લઈ પીડા આપવાનું બંધ કરો. ભાવના એ કરવાની કે કોઈપણ જીવ પીડા ન પામો પણ આનંદ પામો. સાધુપણું લેવાથી આ ભાવના સાર્થક થાય.

પૂર્ણતા પામવાનું લક્ષ = સાધ્ય ચોખ્ખું હોવું જોઈએ. ઉચિત વ્યવહાર જ કરવાનો, અધિક ન કરાય. સર્વજ્ઞના વચનોને પકડવાથી મૈત્ર્યાદિ ભાવ પ્રગટ થાય. તત્ત્વથી જીવનું સ્વરૂપ જાણ્યા પછી જ ઔચિત્ય વ્યવહાર આવે. જીવે જીવ પર શું ઉપકાર કરવાનો ? આપણા આત્માને પીડા આપવાનું બંધ કરવાનું. આ જ ઉપકાર છે. જો બીજા આત્માને પીડા ન આપે તો જ પોતે પીડાથી મુક્ત થાય. બીજાને પીડા આપે તો પોતે પીડા વગર ન રહી શકે. જીવ પ્રત્યેની દષ્ટિ નથી તો અધ્યાત્મ નથી. પહેલા અધ્યાત્મ પ્રગટ કરવાનો છે પછી આત્મદષ્ટિથી જોવાનો પ્રયાસ કરવો પડે.

**ભાવના યોગ :–** અનિત્યાદિ બાર ભાવનાઓ વડે સર્વ પ્રકારના પરભાવોને ક્ષણભંગુર અસાર સમજીને આત્મગુણોનો અનુભવ કરવા રૂપ

શુદ્ધ આત્મ સ્વરૂપને અભિમુખ એવી યોગ પ્રવૃત્તિપૂર્વક મધ્યસ્થ વૃત્તિવાળા બનીને પોતાના આત્માને મોક્ષના ઉપાયોમાં જોડતા આત્માનો જે આત્મ પરિણામ તે ભાવનાયોગ કહેવાય છે.

પ્રતિદિન વૃદ્ધિથી યુક્ત એવા અધ્યાત્મયોગનો મનની પ્રસન્નતાપૂર્વકનો જે વારંવાર અભ્યાસ તેને જ ભાવનાયોગ કહેવાય છે એમ યોગવિંશિકામાં કહ્યું છે. યોગના પાંચ ભેદમાંથી પ્રથમ અધ્યાતમ યોગ આવે પછી જ બીજો ભાવનાયોગ આવે છે. ભાવના અભ્યાસ વિના ઘટતી નથી માટે વારંવાર ભાવનાથી તે જીવ ભાવિત બને છે. સતત તેની વૃદ્ધિ થયા કરે ત્યારે ચિત્તમાં સમાધિરૂપ મેઘનું પ્રગટીકરણ થાય છે. ચિત્તમાં પ્રસન્નતાનો પમરાટ મહેકે છે. ભાવનાનું ફળ ધ્યાન છે. ધ્યાનમાં જવા માટે અનિત્યાદિ બાર ભાવનાથી ચિત્તને વાસિત કરવું પડે છે. દ્વેષને રોકવા મૈત્ર્યાદિ ચાર ભાવના અને રાગને રોકવા અનિત્યાદિ ૧૨ ભાવના ભાવનાની છે.

**ધ્યાન યોગ :–** અધ્યાત્મ યોગનો અભ્યાસી થયો છતા પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત આમ ચાર પ્રકારની ભાવના સ્વરૂપ પરિણતિમાં એક ધ્યાનવાળો બનેલો જીવ ધ્યાનયોગી કહેવાય છે.

ખોટી પકડ અને આસક્તિ દ્વારા ચિત્ત વિભ્રમ થાય છે. તેને દૂર કરવા ૧૨ ભાવનાઓ છે. સર્વજ્ઞ ભગવંતે શરીર, સંપત્તિ, સ્વજન વિ. ને અનિત્ય કહ્યાં છે. માટે તે હેય=છોડવા લાયક છે. તેનો ત્યાગ થાય તો ચિત્ત ધ્યાનમાં સ્થિર થાય. ધ્યાન માટે વૈરાગ્યની જરૂરી છે. વૈરાગ્ય માટે તત્ત્વનિર્ણય બરાબર થવો જોઈએ કે આ જ હેય અને આ જ ઉપાદેય છે. તત્ત્વનો પાકો નિર્ણય થાય તો ચિત્ત હેયમાંથી સહજ રીતે હટે.

દા.ત. કેન્સરનું નિદાન થઈ જાય એટલે જીવ તરત સાવધાન થઈ જાય અને જેનાથી એ રોગ વધે એ બધું જ એ સહજતાથી ત્યાગી દેશે. કેમકે સામે મોત દેખાય છે. આપણે કેન્સરના ભયથી ત્યાગીએ પણ ગુરુ કહે તો ન સ્વીકારીએ. અધ્યાત્મમાં જવા મનને ધ્યાનમાં સ્થિર કરવાનું છે. જ્યારે મન

પર (પુદ્‌ગલ)માંથી સહજ હટે ત્યારે જ બને. ૧૨ ભાવના જડ વસ્તુ પ્રત્યે ચિત્તના આકર્ષણથી ચિત્તને હટાવવા માટે છે. મૈત્ર્યાદિ ચાર ભાવના જીવ દ્રવ્ય પ્રત્યે દ્વેષ કરતાં અટકાવે છે.

પોતાની વ્યક્તિ જ જ્યારે આપણા પ્રત્યે પ્રતિકૂળ બને છે ત્યારે વૈરાગ્ય આવે છે. જીવ પ્રત્યે વૈરાગ્ય ન હોવો જોઈએ. તેના પ્રત્યે તો પ્રેમ જ લાવવાનો છે. તેના માટે જ મૈત્ર્યાદિ જ ભાવના છે. તેનાથી સમતાનો પરિણામ લાવવાનો છે. જીવ તરફથી ઉપસર્ગને પરિષહ આવે તો ચિત્ત તરત ચલાયમાન થઈ જાય. રાત્રે ૧ાા–૨ વાગે ઊઠી ગયા. નિરવ શાંતિ હોય તે કાઉસ્સગ્ગ કરવા બેઠા ને કૂતરાનો, જોર જોરથી ભસવાનો અવાજ આવે તો શું થાય ? દ્વેષ ભાવ આવે ને ? આ કેમ ભસે છે ? એવો વિકલ્પ પણ ન આવવો જોઈએ. આપણે સામાયિકમાં = સમતામાં છીએ. દરેક જીવ પોતપોતાના સ્વભાવ પ્રમાણે વર્તે છે. આપણો અધિકાર આપણા સ્વભાવ પ્રમાણે વર્તવાનો છે. સર્વવિરતિમાં–પૌષધમાં કે સામાયિકમાં આપણે આપણા 'સમતા સ્વભાવને પ્રગટ કરવા અર્થાત્ સમતામય બનવાની પ્રતિજ્ઞા ધારણ કરી છે, હવે કોઈપણ વિકલ્પ કરી ન શકાય.

જગતના જીવો અજ્ઞાનતા–કષાય વિષયને વશ વિવિધ વર્તન ચેષ્ટા કરે તો તેમાં આશ્ચર્ય શા માટે પામવું જોઈએ ? વિચિત્રતા જોઈને વિકલ્પો શા માટે કરવાના ? આપણે પોતાના સ્વભાવમાં= સમતામાં જ રહેવાનું છે. જગત પોતાની સમજણ પ્રમાણે વર્તી રહ્યું છે, તેમ આપણે પણ આત્માના સ્વભાવમાં રહેવાની સમજણ કેળવવી જોઈએ. જ્યારે મન વિકલ્પમાં ચડે ત્યારે વિચારવાનું મેં ભગવાન પાસે પ્રતિજ્ઞા લીધી છે કે હું મારા સ્વભાવમાં રહીશ પછી કોઈ કંઈ કરે એમાં મારે શું ? આપણે અનાદિકાળથી પરમાં છીએ ત્યારે હસતા – ખીલતાં હોઈશું.

સાધના કાળમાં સાધના શું કરવાની તેના ઉપયોગમાં નથી. ઉપયોગ જ આખો ગાયબ થઈ ગયો છે. માટે બધી જ સાધના ગાયબ થઈ જાય છે. આપણે ભગવાનને વચન આપીને ભંગ કરીએ છીએ. જેમ જેમ આત્મામાં

પ્રતિદિન અધ્યાત્મની વૃદ્ધિ થાય તેમ તેમ ચિત્તસમાધિની વૃદ્ધિ થતી જાય છે.

- **મનની અસમાધિ શું ?** આત્મા અનિત્યમાં નિત્યની બુદ્ધિ કરી એની પાછળ વ્યવહાર કરે છે તે અસમાધિ.

ભાવના વિના ધ્યાન ઘટે નહિ, આનો અભ્યાસ કરવો પડે. રોજ એની વૃદ્ધિ થવી જોઈએ. તો મનને સમાધિમાં લાવી શકાય.

વ્યક્તિનો સંયોગ થાય પછી પોતાનો સંબંધ બાંધ્યો પછી નિત્ય રહેવાના ભાવ પ્રયાસ કરશે. પોતાની રાગદશા એના ઉપર ઢોળી દેશે. જ્યારે એ તૂટે ત્યારે રાગની આગ આત્માને બાળીને ખાખ કરે છે. એની ચિંતામાં પોતે ઢળી પડે છે. જેવો વિયોગ થાય કે ત્યાં આઘાત લાગે છે. વિયોગની આગ સહન કરવી દુષ્કર છે. ગાઢ રાગ પરિણામ, અતિ ભય વગેરે મૃત્યુનું કારણ છે. આપણે સંબંધોને ન છોડીએ તો સંબંધો આપણે નહીં છોડે.

જીવ સાથે મૈત્રી, જડ સાથે ઉદાસીનતા અને જીવને નિત્ય, અજીવને અનિત્ય માને તો તેનામાં વૈરાગ્ય આવે. અધ્યાત્મ ભાવ આવે. પહેલા અધ્યાત્મભાવ આવે પછી વૈરાગ્યભાવ આવે પછી સ્વભાવમાં આવે માટે જડમાં રાગ કરવાનો નથી. અનિત્યાદિ ૧૨ ભાવના ગાઢ થાય ત્યારે અનિત્ય વસ્તુ અનિત્ય લાગે, નિત્ય વસ્તુ નિત્ય લાગે. આમ બાર ભાવનાને ઘુંટવાની છે.

વિષયોથી મુક્ત બની સ્વભાવમાં રહેવું. આત્મા પરના સંયોગો સાથે રહીને પોતાના સ્વભાવને ભૂલી ગયો છે. પ્રવૃત્તિ હેય છે, એ સ્વીકાર કરવાનું. જે પ્રવૃત્તિની જરૂર નથી તે પ્રવૃત્તિ બંધ કરવી અને જે પ્રવૃત્તિ કરવી પડે તે ઉચિત રીતે કરવી. કોઈ જીવને પીડા ન આપતા હો પણ વ્રત સ્વીકાર્યું ન હોય તો પણ પીડા આપો જ છો. ઉચિત પ્રવૃત્તિ કરતી વખતે પણ રાગદ્વેષ ન કરવાં તો સંસાર છૂટતો જાય.

- **મારા અને બીજાના આત્માને શું હિતકારી શું અહિતકારી છે ?**

આત્માની વિચારણા વગર અધ્યાત્મ ઘટે નહિ. જડ પ્રત્યે જેટલો રાગ વધે એટલો જીવ પ્રત્યેનો દ્વેષ વધતો જાય. નિત્યતાની સાથે સંબંધ બાંધવાનો

છે. નિત્ય સાથે મૈત્રીભાવ કરાવવાનો છે. આપણી મૈત્રી અનિત્ય સાથે છે. नित्यं ध्यायन्ति योगिनः।

## ● ધ્યાન એટલે શું ?

સાધુ નિત્યનું જ ધ્યાન કરે. ધ્યાનમાં જે પોતાનું છે તેને પકડી રાખવાનું છે. શરીર પરથી ચિત્તવૃત્તિ ઊઠે નહિ ત્યાં સુધી ચિત્ત સ્થિર ન થાય. સમ્યક્ત્વ દ્વારા વસ્તુનો દઢ નિર્ધાર થાય તો જ ધ્યાનની મસ્તી આવી શકે. ભાવનાનું ફળ ધ્યાન છે. પહેલાં નિર્ણય કરવાનો પછી પ્રવૃત્તિ.

પરમાત્મા રુક્ષ પુદ્ગલનું ધ્યાન કરતા હતાં. સંગમે ૨૦ ઉપસર્ગ કર્યા ત્યારે પણ પરમાત્માં ધ્યાનમાં મસ્ત હતા. પ્રભુ દેહથી સર્વથા મુક્ત ન હતા. છેલ્લામાં છેલ્લી રાગદશા કાઢવા માટે ધ્યાન કહ્યું છે.

અશુભ આલંબન યોગમાંથી છૂટી શુભ આલંબન પકડવાનું, પછી સૂક્ષ્મ ઉપયોગમાં રહેવાનું જેમાં આપણું મન સ્થિર થાય એ પ્રતિમા પર ધ્યાન કરવાનું. શુભમાંથી શુદ્ધમાં જવાનું, જો આત્મ સ્વરૂપનું ભાન ન હોય તો શુભભાવ છે. પરમાત્માનું ગુણ સ્વરૂપે ધ્યાન કરવાનું. પરમાત્મામાં જે ગુણ છે એ મારામાં પણ છે. ધ્યાતા–ધ્યેય–ધ્યાન એક બની જાય. સ્થિર થાય, આત્મા પોતાનો સ્વભાવ પકડી એમાં સ્થિર થાય, તો અપૂર્વ નિર્જરા થતી જાય. આની માટે ભવોની સાધના કરવી પડે. ગુણસાગરની ૨૧ ભવની સાધના છે. વિરતિ વિના ધ્યાન નહિ. ધ્યાન એક સમય માટે પણ આખો દિવસ એનો આનંદ રહે. સમયથી અધિક આવે તો કેવળજ્ઞાન મળે.

જ્યાં નિર્ણય ન હોય ત્યાં વિકલ્પ હોય. પરમાત્માએ જે જોયું તે જણાવ્યું. એમાં શ્રદ્ધા કરી નિર્ણય થવો જોઈએ. પરમાંથી સ્વમાં આવવા માટે મિથ્યાત્વ છોડવું પડે. આત્માને આત્મા ન ગમે ત્યાં સુધી મિથ્યાત્વ. સહન કરવાની તૈયારી નથી. આપણને આત્માના સ્વભાવના લાભની રુચિ નથી તેથી સ્વભાવ પ્રગટ ન થાય જ્યારે ધન મેળવવા માટે બધી તૈયારી છે. આત્માના સુખ માટે શરીર સુખ જતું કરવું પડે.આપણને શરીર મળતા તેના સુખમાં જ

આનંદ છે. તેને છોડવાની તૈયારી નથી. સ્વ સાથે સર્વ જીવોનો નિર્ણય કરવાનો છે.રસ માટે ખાવાનું નથી. શરીરને ટકાવી રાખવા ભાડુ આપવાનું છે.

- **સમતાયોગ :–** ધ્યાન યોગનું ફળ સમતાની પ્રાપ્તિ. ધ્યાનના બળ દ્વારા જેણે મોહનીય કર્મને ભસ્મીભૂત કર્યું છે. એવો આત્મા ક્રોધ–માન–માયાદિની પરિણતિ વિનાનો જ્યારે બને છે ત્યારે સમતાયોગી કહેવાય છે. અત્યંત અજ્ઞાન દશાથી કલ્પાયેલી ઈષ્ટ અને અનિષ્ટ વસ્તુઓમાં સમ્યગ્જ્ઞાન થવાથી તે અજ્ઞાનદશાપૂર્વકની ઈષ્ટાનિષ્ટ બુદ્ધિનો ત્યાગ કરીને રચાયેલી જે સમતા તે સમતાયોગ કહેવાય છે.

ઈચ્છેલું કે માંગેલું મળી જાય તો મમતા વધે પછી આનંદ આવે. મૂર્ચ્છાના પરિણામમાં સમગ્ર ભાન ભૂલી જાય. કોઈપણ વસ્તુનો નિર્ણય લેવામાં અસંખ્યાત સમય પસાર થઈ જાય, જ્યારે કેવલીને એક સમય લાગે. દ્રવ્ય–ગુણ–પર્યાયથી વસ્તુને પકડો તો મોહ છૂટે. સર્વજ્ઞને ભૂલ્યા તો સંસારમાં રખડ્યા. સર્વજ્ઞ કથિત તત્ત્વથી અનિત્યાદિ ૧૨ ભાવનાઓનું જો ચિંતન થાય તો આત્મામાં રહેલા આસક્તિનાં પરિણામો ઘટતાં જાય. જો જીવ દ્રવ્ય પ્રત્યે પ્રેમ નથી તો દ્વેષ ભાવ અંદર અવશ્ય પડેલો જ છે. તેના કારણે ગુણીયલ આત્માઓ પ્રત્યે આપણને પ્રેમ પ્રગટતો નથી. વસ્તુ કે વ્યક્તિને દ્વેષપૂર્વક છોડવાના નથી. પર સંયોગને હેય માની તેના પ્રત્યેના રાગદ્વેષના પરિણામને છોડવાનો છે.

સમગ્ર પુદ્ગલ દ્રવ્ય માત્ર પરમાણુ સ્વરૂપ છે અને નિત્ય છે. પરમાણુમાં રહેલા ગુણો સતત પરિવર્તનશીલ છે. તેના કારણે પુદ્ગલ દ્રવ્ય અનિત્ય કહેવાય છે. તેમાં રહેલા વર્ણ–ગંધ–રસ–સ્પર્શ બદલાયા કરતા હોય છે. આ પુદ્ગલનું વિષયક્રમ આત્મા સમજી જાય તો પછી તેને પુદ્ગલ દ્રવ્ય વિષે રાગ નહીં જાગે, પણ તેનાથી છૂટીને જીવને આત્મામાં જ વિશ્રાંતિ પામવાનું મન થશે.

આમ પુદ્ગલ દ્રવ્યમાં સમદષ્ટિ અને જીવમાં સત્તામાં રહેલા સ્વભાવ

અને સ્વરૂપ દ્વારા સમદષ્ટિ લાવવાની છે. પદાર્થનો સૂક્ષ્મરૂપે બોધ થાય તો તેનું ધ્યાન વિશેષથી થાય.

જીવ–અજીવનું સ્વરૂપ વિચારવું. તેના પર્યાયોનું ચિંતન કરવું. દરેક પદાર્થને ચાર નિક્ષેપા ૭ નય અને દ્રવ્ય–ગુણ–પર્યાયથી વિચારીએ તો તે પદાર્થનો સૂક્ષ્મતાથી બોધ થાય છે. શ્રદ્ધાપૂર્વકનો નિશ્ચય જેટલો દઢ– તેટલું ધ્યાન વધુ દઢ થાય.

પ્રથમ દ્રવ્ય કેવું છે ? તેનું જ્ઞાન થાય પછી તેમાં કયા ગુણો રહેલાં છે અને તેના પર્યાયો કયા કયા છે તેનું જ્ઞાન થાય. આમ ઉત્પત્તિથી માંડી તેના અંતિમ પર્યાયને પકડે ત્યારે વસ્તુનો પૂર્ણ બોધ થાય છે અને રાગાદિ ભાવો થતાં નથી. સ્થૂલ બોધ હોય તો ઉપર ઉપરની અવસ્થામાં દેખાશે, તેનાથી રાગાદિ ભાવો થાય છે.

જ્ઞાન સમતાનું કારણ ત્યારે જ બને કે તે જ્યારે સર્વજ્ઞ તત્ત્વથી ભાવિત બન્યું હોય. સર્વજ્ઞ પ્રણીત ફોર્મ્યુલા વિના ધ્યાનની પ્રક્રિયા જીવને ઘટી જ નથી શકતી, પછી તે પ્રતિમા હોય કે બીજી વસ્તુ હોય. મિથ્યા–મોહ જ્યારે ચિત્તમાં પ્રવેશે છે ત્યારે ચિત્ત અસ્થિર બને છે. તેના ગયા પહેલા ગમે તેવા ધ્યાનમાં જવા જાય તો પણ તેને ધ્યાન લાગતું જ નથી. ધારો કે પ્રતિમા પકડી જો તેમા મોહની પ્રવૃત્તિ હશે તો પ્રતિમા સારી છે, આંગી સારી છે. તે રૂપ અને આકારને જ પકડશે. જ્યારે મોહ નહિ હોય તો પ્રભુના મુખારવિંદમાં ઝળહળતી વીતરાગતા દેખાશે. આંખો કેવી નિર્વિકારી છે. આંતર ગુણોમાં જ આપણું મન સ્થિર થશે. વીતરાગતા દેખાશે તો વીતરાગ દશામાં જવા માટે મન સ્થિર થશે, તો મોહનીય જાય નહિંતર મોહની વૃદ્ધિ થાય. વીતરાગતાથી વીતરાગતાની વૃદ્ધિ થાય. સત્તાગત વીતરાગતા ખીલતી જશે. મોહવૃત્તિ જશે તો ચંચળતા ઘટતી જશે. મિથ્યાત્વના બળે વસ્તુની બે પ્રકારની કલ્પના થશે ઈષ્ટ અથવા અનિષ્ટ, વસ્તુ તો વસ્તુ જ છે, પણ દષ્ટિમાં ભેદ પડ્યો. જો વસ્તુની અંદર ઈષ્ટ–અનિષ્ટ કાંઈ ન લાગે–વસ્તુ–વસ્તુ સ્વરૂપે જ લાગે તો તેને સમતા આવી

કહેવાય. સર્વજ્ઞના વચન પ્રમાણે દ્રવ્ય–દ્રવ્ય રૂપે, ગુણ–ગુણરૂપે ને પર્યાય–પર્યાયરૂપે લાગે તો જ્ઞાન સમતાના પરિણામવાળું બને છે.

સમતાનો પરિણામ આત્મામાં છે પણ મોહના કારણે અનુભવાતો નથી તે માટે આપણે નિરીક્ષણ કરવું પડે. જ્ઞાનમાં રતિ–અરતિરૂપ પરિણામ ભળે ત્યારે સમજવું કે તેમાં મોહ પરિણામ ભળ્યો છે.

વસ્તુનું જ્ઞાન થવાથી જ્ઞાન મલિન થતું નથી પણ તેમાં લાગણીરૂપ (કષાયજન્ય) મોહ પરિણામ ભળે ત્યારે તે જ્ઞાન મલિન બને છે. દા.ત. ગુલાબજાંબુ છે, તે પુદ્ગલ દ્રવ્ય છે. વર્ણ–ગંધ. રસ–સ્પર્શ તેમાં રહેલાં છે. જેમ જેમ દ્રવ્યો ફરતા જાય ત્યારે પણ તેમાં મોહજન્ય ફેરફાર થયા કરે છે. ઉપશમભાવની સમતા અંતર્મુહૂર્ત રહે. ક્ષયોપશમ ભાવની સમતા વારંવાર આવે ને જાય. ક્ષાયિક ભાવની સમતા કાયમ માટે રહે. જ્યારે શ્રેણિમાં ચઢે ત્યારે જે કર્મક્ષય થાય તે ફરી ઉદયમાં ન આવે. તેને વૃત્તિ ક્ષય કહેલ છે.

● **વૃત્તિક્ષય યોગ :**– અન્ય જીવ દ્રવ્ય તથા પુદ્ગલ દ્રવ્ય વગેરેના સંયોગે કર્મના ઉદયને આધીન એવી અનાદિકાળથી પ્રવર્તતી જીવની જે વૃત્તિ છે. (મોહોદયજન્ય જે પ્રવૃત્તિ છે.) તે ફરી ન આવે અને જો તેનો ક્ષય કરીને તે ક્ષયવાળા જીવનું આત્મ સ્વરૂપમાં જ જે વર્તવું તેને વૃત્તિ ક્ષયયોગ કહેવાય છે. સમતાને અનુભવવાનો દીર્ઘકાળ અભ્યાસ કરે ત્યારે તે સામર્થ્ય પ્રગટે તો ક્ષાયિક સમતા આવે.

યોગવિંશિકામાં – મન દ્વારા વિકલ્પોનો અભાવ શરીર દ્વારા પરિસ્પંદન ફરી પાછું થવું નહિ. સંપૂર્ણ પ્રવૃત્તિનો નિરોધ થાય ત્યારે આત્મામાં વૃત્તિ સંક્ષય કહ્યો.

પ્રસન્નચંદ્ર રાજર્ષિની પ્રકૃષ્ટ સમતા ને સાધના–પણ પુત્ર સ્નેહથી મનોયોગથી ચલાયમાન થયા તો ક્યાં પહોંચ્યા? ૭મી નરક અને પાછા સમતામાં આવ્યા તો કયાં પહોંચ્યા ? અનુત્તર વિમાન અને કેવળજ્ઞાન પામી ગયા. એટલે ૮મા ગુણઠાણે ક્ષય થાય તે ફરી ન આવે. ૯મા ગુણઠાણે ૩ વેદ ને

ક્રોધ–માન–માયાનો ક્ષય કર્યો. તે ફરી ઉદયમાં ન આવે. એટલે ૮મા ગુણસ્થાનકથી ક્ષયની શરૂઆત થાય અને ૧૨માં ગુણઠાણે એ સંપૂર્ણ મોહનો ક્ષય કરે છે.

કેવળીઓને મોહનાશથી સંપૂર્ણ મોહ ગયો એટલે ભાવ ચંચળતા ગઈ એટલે પૂર્ણ સમતા છે. ત્યાં ધ્યાન નથી. સાધનામાં જેટલા અંશે સમતા અનુભવે તેટલી તેની સફળતા.

સામાયિકો ઘણી થઈ ગઈ છે કે ક્રોડ વર્ષનું ચારિત્ર પાળ્યું પણ સમતા ન અનુભવી તો તેનો અર્થ નથી. પણ માત્ર ૨ ઘડીની એક સામાયિક પણ સમતાનો અનુભવ કરાવે તો કર્મ ક્ષય થયો, નિર્જરા થઈ તો આગળના ગુણસ્થાનક પર પહોંચ્યા. તે જ હવે વધારે આગળ પહોંચવા આત્મા ઉલ્લસિત થાય.

જે ધર્મ કરે ત્યારે તે અધિક ધર્મ કરવા ઉલ્લસિત થાય તો ભાવ પરિણામની ધારા વધે અને બે ઘડીની ૧ સામાયિક કરી તો હવે બીજી કરવાનું મન થાય. નિર્જરાના લક્ષવાળા છો અને આશય બીજો નથી તો પુણ્યાનુબંધી પુણ્ય બંધાય. અને પ્રવૃત્તિ શુભ હોવાથી અનુબંધ શુભ અને શુદ્ધ પડે. આંશિક નિર્જરા પણ મહત્વની છે. કેમ કે તે શુદ્ધ અનુબંધ આત્મામાં પાડે તેથી ભવાંતરમાં સાધનામાં સહાયક બને. સદા માટે વૃત્તિ સંક્ષય કરવાનું કષાયનો સંપૂર્ણ નાશ ન થાય ત્યાં સુધી પ્રયત્ન કરવાનો.

મિથ્યાત્વ મોહ જ્ઞેયમાં જે નથી તે દેખાડે અને ચારિત્રમાં જે નથી તે અનુભવાવે. દર્શન મોહનીયનો ક્ષયોપશમ થાય તો જ્ઞાન શુદ્ધ થાય. આત્માના મોહના પરિણામને અટકાવવા માટે સંયોગથી છૂટવાનું છે.

શરીરની મમતા એવી તોડવાની કે ભાવીમાં આ શરીર ન મળે, હવે એ રીતે શરીરમાં રહેવાનું કે શરીર સાથે રહેવાનો ભાવ જ પડ્યો ન હોય. મોહ હોય તો જ આયુષ્ય કર્મ બંધાય. દેહ હોવા છતાં દેહાતીત બનવાની સાધના કરવાની દેહાતીત થઈ આત્મામાં સ્થિર થવાનું. સર્વ ઘાતી + સર્વ અઘાતી કર્મનો સંપૂર્ણ ક્ષય કરવાની વૃત્તિ.

ગાથા – ૨ :

**અનિચ્છન્ કર્મવૈષમ્યં, બ્રહ્માંશેન સમં જગત ।**
**આત્માઽભેદેન યઃ પશ્યેદસૌ મોક્ષં ગમી શમી ॥૨॥**

**ગાથાર્થ :** જે આત્મા કર્મના ઉદયથી થયેલી વિષમતાને પ્રધાનપણે ઈચ્છતાં નથી, અને આખા જગતને ચેતના લક્ષણ વડે સમાન ગણે છે. તેથી સર્વ સંસારી જીવો પોતાને આત્માથી તુલ્ય છે. આવું જે દેખે છે તે આ શમભાવવાળા યોગી પુરુષ મોક્ષગામી થાય છે.

જે આત્મા જગતના જીવાત્માઓની વિષમતાને વિચિત્રતાઓને લક્ષમાં લેતો નથી અને બ્રહ્મઅંશથી સમગ્ર જગતને એક સરખા જુએ છે, આત્માના આનંદપણાને વેદે છે તેવા આત્માઓ મોક્ષ પામે છે. અર્થાત્ સમતા પરિણામવાળો મોક્ષ પામે છે. સમતા વિનાનો આત્મા ક્યારેય મોક્ષ પામી શકતો નથી. વિષમતામાં પ્રથમ ગતિની પછી જાતિની વિષમતા આવે છે. આત્મામાં વિષય ગતિ કે વિષય જાતિ નથી પણ સિદ્ધ સ્વરૂપી છે.

આપણે જાતિને પકડીને જાતની ઓળખ ગુમાવીએ છીએ આથી સમતાને ગુમાવીએ છીએ. આત્મા 'જાઈ–જરા–મરણ સોગ પણાસણસ્સં= જન્મ–મરણ–શોક આદિનો પ્રણાશ= નાશ કરનારો છે ને અક્ષય સ્થિતિમાં રહેવાવાળો છે. એટલે જીવ જ્યાં વિષમતાને પકડે છે ત્યાં ત્યાં સમતા હણાય છે. આપણે વિષમતાને પકડી જગત જોડે વ્યવહાર કરવા જઈએ તો આપણને વિષમતા જ મળે – સમતા ન મળે.

જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી, ક્ષયોપશમથી કે ક્ષયથી દરેક જીવોમાં અનેક પ્રકારની તરતમતા જોવા મળે છે. ૧૪ પૂર્વીઓ પણ ક્ષયોપશમથી ભિન્ન હોય છે. કેવળી સિવાય કોઈના જ્ઞાનમાં એકતા હોતી નથી. આથી જીવ વિષમતાને ત્યાગે અને સત્તામાં રહેલી સામ્યતાને પકડે તો જ સમતાદેવીના પધરામણા થાય, અન્યથા નહીં. માટે પ્રથમ આ નિર્ણય દઢ થવો જોઈએ કે સત્તાએ તમામ જીવો સમાન છે.

નવતત્ત્વમાં પ્રથમ જ આ વાત આવી. –**એગવિહા** એ સાધ્ય બતાવ્યું એને દષ્ટિમાં રાખીને સંસારી જીવોને ૨ પ્રકારે, ૩ પ્રકારે, ૪ પ્રકારે, ૫ પ્રકારે, ૬ પ્રકારે, ૧૪ પ્રકારે ૫૬૩ પ્રકારે વિ. ભેદ બતાવ્યા. **એગવિહા** એ નિશ્ચય છે. શાસનમાં નિશ્ચયની જ પ્રધાનતા છે અને તેની સિદ્ધિ માટે જ બધા વ્યવહારો મૂક્યાં છે.

એક પણ જીવ પ્રત્યે વિષમ પરિણામ ન રહે ત્યારે જીવ સિદ્ધ બને. જીવ અજીવનાં આકર્ષણમાં દબાયેલો છે એટલે એનું સ્વરૂપ પૂર્ણ દબાઈ ગયું છે તે ઉપયોગમાં નથી આવતું માટે તે રીતે વ્યવહાર કરવો દુષ્કર બની ગયો. ચામડીની આંખથી કેવું ને કેટલું દેખાય ?

સ્વભાવની સામ્યતાને (કેવળજ્ઞાન) પ્રગટ કરવા સ્વરૂપને પકડ્યા વિના નહીં ચાલે. બધા જ દોષો=વિષમતાને જે દૂર કરી શકે અને ગુણ માટે જ જેને પક્ષપાત છે તેનામાં પ્રમોદભાવ છે.

**अपास्ता शेष दोषाणां, वस्तु तत्त्वावलोकिनां**
**गुणेषु पक्षपातो प्रमोद प्रकीर्तित : ।**

વિષમતા દોષોના કારણે આવેલી છે. જીવને શિવ તરીકે જુવે તો જ જીવ સ્વભાવ ધર્મમાં આવી શકે છે અને ત્યારે જ ગુણોનો પક્ષપાત ઊભો થશે.

જ્ઞાનાંતરાય અને વીર્યાંતરાયના ક્ષયોપશમથી કે મંદતાથી દરેક જીવમાં ભિન્નભિન્ન શક્તિઓ જોવા મળે છે. તે સમાનતાની દષ્ટિથી જોતાં જ સિદ્ધપણું પ્રગટ થાયછે. માટે જ સિદ્ધિ ભગવંતો જીવોનાં દોષો જોતા નથી પણ સત્તામાં રહેલા સિદ્ધત્વને જ જુવે છે, તેઓ તે જ જોઈને સિદ્ધ થયા અને સિદ્ધ થઈને પણ એ જ જુવે છે. આમ ન જુવે તો વ્યવહાર માર્ગ નિશ્ચયને પ્રગટાવનાર નહીં બને, પણ સંસાર માર્ગનો જ સહાયક બની, ભવવૃદ્ધિ કર્યા કરશે.

- **મુખ્ય મોક્ષના બે પ્રકારો**

**(૧) ઘાતી કર્મનો ક્ષય=મોહનો સંપૂર્ણ ક્ષય.**

***(૨) અઘાતી કર્મનો ક્ષય=યોગનો સંપૂર્ણ ક્ષય.***

કર્મના ઉદયથી જીવાત્મામાં જુદી જુદી વિષમતા છે એને ન ઈચ્છતો જીવ મોક્ષ પ્રગટ કરી શકે. કર્મની વિષમતાને પકડીએ તો છૂટવાને બદલે પકડાઈએ. નિશ્ચયથી જીવોમાં ભેદ નથી. કર્મમાં ભેદ છે. એ છોડી દો. આત્માની ગતિ ઉર્ધ્વ છે. કર્મ વળગે તો પોતાની ઉર્ધ્વ ગતિ છૂટે અને કર્મ પ્રમાણે ચાલે. વ્યવહારની ગતિ ૪–તિર્યંચ, દેવ, મનુષ્ય અને નરક. જીવની વિષમતા આ જ કે કર્મનો વળગાડ વળગવાથી પોતાની ગતિ છોડી, પારકાની ગતિએ ચાલે. હમણાં આપણે આપણી ગતિમાં નથી, તે છોડવાની છે. ધર્મનો વ્યવહાર કરીને સ્વમાં સ્થિરતા–સ્વમાં રમણતા કરવાની છે. આપણને આપણો પરિચય નથી. આત્મા સાથે ધર્મકથા કરો. આત્મા સાથે ચર્ચા કરવાની ટેવ નથી પાડી. હરી ફરીને મસાલો જોઈએ છે. મનુષ્ય ગતિ આત્માને મનુષ્ય ભવ સુધી પહોંચાડવાનું કામ કરે.

મનુષ્યને મનુષ્યજાતિ પર ગમો ઊભો થાય. આત્માનો પ્રેમ ગયો, જાતિ પર પ્રેમ આવ્યો. બધા જીવો પર સમાનતા આવવી જોઈએ, એ મૂકી જાતિ–કુટુંબ સમાજ પર સમાનતા આવી. જે રીતે પ્રભુ જુએ છે એ રીતે જોતાં શીખીશું તો મોક્ષમાર્ગ પર આવશું. વ્યક્તિને રૂપ – આકારથી પકડો તો વિકાર ઉત્પન્ન થાય. નામ પણ પુદ્ગલ છે. જિન શાસનમાં આર્ય–આર્યા બોલાય, નામથી નહિં. આપણે આપણી જાતને લેટેસ્ટ માનીએ છીએ માટે નામથી બોલાવીએ છીએ. ગુરુના ગુણ પ્રત્યક્ષ ગાવાનાં, પુત્રના પરોક્ષ, નોકરના કામ પતે પછી અને સ્ત્રીના મર્યા પછી પણ ગુણગાન ન ગવાય. આ પ્રક્રિયા મોહ ન વધે તેની માટે હતી.

મોહ પર્યાયને પકડે. રૂપ–આકાર–જાતિ–ગતિ– કર્મએ જુદી–જુદી દિશામાં જીવોને ગોઠવેલા છે. એક પ્રકારવાળા જીવને અનેક પ્રકારમાં ગોઠવી દીધા. બધી વિષમતા છોડી સિદ્ધના દર્શન કરવાના.

કર્મે જે વસ્તુ આપી છે તે ન ઈચ્છવી, કર્મના ક્ષયથી આત્મામાં જે પ્રગટ થાય તે ઈચ્છવું. મન કર્મના ઉદયથી મળ્યું છે. જે પોતાનું નથી, માટે તેને જ મન સતત ઈચ્છે છે.

જે મોહને મૂકે તે મુનિ. મુનિઓ બહારથી મૌન ધારણ કરે અને આત્માથી આત્મ રમણતામાં રમે. મોહ ઈચ્છા કરવા દ્વારા જીવને આત્માથી બહાર લઈ જાય. આત્માનો સ્વભાવ ઈચ્છા કરવાનો નથી.

ભાવશ્રાવક ભાવના ભાવે કે ક્યારે રૂડો અવસર આવે ને મુનિપણું પાળું ! ભવની કે મોક્ષની ઈચ્છા ન થાય. તપ = ઈચ્છાનો નિરોધ. પોતાના ગુણનો ભોગી આત્મા એ જ પરમ તપ છે.

કોઈપણ પરવસ્તુની ઈચ્છા કરવી એ પાપ. રાગના ઉદયથી પાપ થાય. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ મુનિપણું હું ક્યારે પામી શકું ? એ ભાવ અનુબંધ એવો પાડો કે આ નિયમા મળી જાય. સંસારનો વ્યવહાર ચાલુ હોય છતાં ભાવ ન હોય. શ્રાવકે સાધુની સામાચારી નિરંતર સાંભળવાની છે, સાધુએ કહેવાની છે. શ્રાવક સાવધાન ન બને તો સાધુપણાના પતનમાં એ પણ નિમિત્ત બને.

જીવની વિષમતા પકડી એટલે રાગાદિ ભાવો પ્રગટ્યા. કર્મની વિષમતાને પામી કરુણા આવે તો માર્ગ સાચો. વ્યક્તિગત આત્મા જુદા છે. બધા જીવ દ્રવ્ય સંખ્યામાં એક નથી, પણ સંખ્યા વ્યક્તિગત જુદા છે.

ગુરુ શિષ્યને વ્યવહારથી વઢે, અંદરથી કરુણા હોય. કરુણા હોય તો ગુરુને લાભ નહિતર નુકશાન.

ચિત્તની પ્રસન્નતા હોય તો જ્ઞાન પરિણમેલું છે એમ કહેવાય. દરેકનું જ્ઞાન ભિન્ન ભિન્ન, શારીરિક શક્તિ પણ ભિન્ન–ભિન્ન. કર્મના ઉદય અને આવરણ પણ ભિન્ન–ભિન્ન.

જે આત્માઓ પોતાના સ્વભાવમાં નથી રહેતા અથવા શક્તિનો દુરુપયોગ કરે તે આત્માઓ વીર્યાંતરાય કર્મ બાંધે. આત્માએ સાવધાની રાખી છતી શક્તિને ફોરવવાની છે. અંતરાય કર્મના બંધને અટકાવવો જોઈએ.

જગતના અનુભવમાંથી પોતાની જાતને શીખવવાનું, સુધરવાનું છે. ધર્મને તત્ત્વથી બરાબર સમજી પછી જ્યાં કરુણા કરવાની છે ત્યાં કરુણા કરવાની ત્યાં કરુણા ન કરીએ તો સમ્યક દર્શન જાય.

દોષને જોઈને અનુકંપા થાય તો જ ગુણાનુરાગ છે. કોઈના દોષ જોવા નથી જોવાઈ ગયા તો બળતરા થાય કે કરુણા આવે ? સમાનતા માત્ર કેવળીમાં છે, એમનામાં કોઈ ભિન્નતા નથી, માટે જ સિધ્ધના સ્વરૂપનું ધ્યાન કરવાનું છે. અરિહંતો પણ સિધ્ધના સ્વરૂપની પ્રરૂપણા કરે. આપણે અરિહંતની આજ્ઞા પાળવાની છે. દરેક જીવમાં સિદ્ધના દર્શન કર ! એ જ આજ્ઞા છે. એ જ સરળ માર્ગ છે.

જીવોમાં વિષમતા ઉદયથી, આવરણથી અને ક્ષયોપશમથી એમ ૩ ભેદે જોવા મળેછે. માટે ચેતના લક્ષણથી એક પ્રકારે જીવોને જોવા ઘટે. અર્થાત્ દરેક આત્મા સ્વભાવ અને સ્વરૂપથી સમાન છે એમ જ્યારે સ્વીકારીએ ત્યારે સર્વજ્ઞવચનનો સ્વીકાર કર્યો કહેવાય. તો સમતાનો પરિણામ આવે અથવા (૧) દ્રવ્યત્વ (૨) વસ્તુત્વ (૩) સત્વ (૪) અગુરુલઘુત્વ (૫) પ્રમેયત્વ (૬) ચેતનત્વ (૭) અમૂર્ત્તત્વ (૮) અસંખ્ય પ્રદેશત્વ. આ સ્વરૂપથી સમાનતા છે.

- **સ્વરૂપથી સમાનતાના પ્રકારો**

**(૧) દ્રવ્યત્વ :–** દ્રવ્ય છે તો તેનું અસ્તિત્વ ત્રણે કાળ હોય. અહીં દ્રવ્યાસ્તિકાય નયથી સ્વરૂપ પકડ્યું.

**(૨) વસ્તુત્વ :–** પદાર્થ જ્યાં અસ્તિત્વ હોય ત્યાં વસ્તુત્વ હોય જ.

**(૩) સત્ત્વ :–** સત્તાપણું સદા રહે.

**(૪) અગુરુલઘુત્વ :–** તેના કારણે એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે બનતું નથી. બધા પોત પોતાનાં અસ્તિત્વને જાળવી રાખશે.

**(૫) પ્રમેયત્ત્વ :–** જેના કારણે વસ્તુ અનુમાન પ્રમાણથી કે પ્રત્યક્ષ પ્રમાણથી જણાય તે. આ ન હોય તો આપણે જાણી ન શકીએ.

**(૬) ચેતનત્ત્વ :–** જીવ દ્રવ્યમાં જ છે. બાકી બધા અચેતન છે.

**(૭) અમૂર્તત્વ :–** અરૂપીપણું

**(૮) અસંખ્ય પ્રદેશપણું :–** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવાસ્તિકાય

અસંખ્ય પ્રદેશી છે. આકાશાસ્તિકાય– અનંતપ્રદેશી છે. પરમાણુ ૧ પ્રદેશી અને કાળ વર્તમાનકાળ રૂપે છે. (અસ્તિ=પ્રદેશ, કાય=સમૂહ) કાળને અપ્રદેશી પણ કહ્યો છે. કાળની ગણના અપેક્ષાએ છે ને અપેક્ષાએ નથી એમ બંને રીતે ઘટે છે.

આમ આખું જગત દ્રવ્યાસ્તિકાય નયથી આ રીતે રહેલું છે જે અસંખ્ય પ્રદેશથી પરિણત છે. આમ અહીં સ્વરૂપથી સમગ્ર જગત સાથે અભેદતા બતાવી. આત્માનો સ્વભાવ સમતા કેળવવાનો છે. જો સમ પરિણામ આવે તો સમતા આવે અને વિષમતા જાય.

જડમાં પણ સ્વરૂપથી એકતા છે તો આપણે તેમાં રાગાદિભાવ કેળવવાની શી જરૂર છે ? આકાશાસ્તિકાય અરૂપી અને નિર્લેપ છે માટે રાગાદિનું કારણ બની શકતા નથી. અને બીજા દ્રવ્યો પણ એમ સમાન હોવાથી રાગાદિનું કારણ બની શકતા નથી. જીવાસ્તિકાયમાં મલિન અવસ્થાના કારણે રાગાદિ ભાવો થાય છે. જો તમે એની દોષકૃત અવસ્થાને છોડો અને સત્તાગત રહેલાં ગુણોને પકડો તો ગુણ જ પ્રગટશે. જેમ બીજાના દોષોને પકડીએ તેમ ગુણોને પકડતાં પણ શીખવું જોઈએ તો દોષો એક બાજુ ધકેલાઈ જશે.

જેવોએ સિદ્ધપદ પ્રાપ્ત કર્યું છે. તેમણે ઉદયગત – આવરણ અને ક્ષયોપશમને ન પકડ્યું. કેમ કે તેમાં વિષમતા જ રહેવાની. આથી તેઓ સત્તાગત પરિણામને પકડી સમ સ્વભાવ કેવળી સિદ્ધ થયા.

હમણાં આપણે ભિન્ન પરિણામવાળાની સાથે રહ્યાં છીએ માટે તેમનામાંની ભિન્નતાને આપણે પકડીએ છીએ માટે સંઘર્ષ થાય છે. આણે આમ કેમ કર્યું ? એવો હઠાગ્રહ ન જોઈએ. કર્મકૃત અવસ્થા છે માટે એમ પણ થાય !

આપણે સમતાની સાધના કરવાની અને બીજાની વિષમતામાં નિમિત્ત ન બનવું. વ્યવહાર ભલે ભિન્ન ભિન્ન કરવો પડે પણ અંતરમાં ભિન્નતા ન હોવી જોઈએ. માટે સમકિતના ૬૭ બોલમાં કુશળતા નામનો ગુણ મૂક્યો.

આત્મા જ્યારે સમગ્ર જીવરાશિને પોતાના આત્મા સમાન જોશે ત્યારે જ આત્મા સમતાને પામશે અને તે જ આત્મા મોક્ષને પ્રાપ્ત કરશે. જ્ઞાનથી જાણી લઈએ, સર્વજ્ઞની દૃષ્ટિ પ્રમાણે સ્વીકારી લઈએ પછી તે પ્રમાણે વર્તીએ તેના વિશે રાગ–દ્વેષના પરિણામ ન કરીએ તો જ સમતા. આપણે અભેદપણે રહેવાનું છે પણ આપણે ભેદ પરિણામે રહીએ છીએ. સમાનપણે જાણવું, સમાનપણે સ્વીકારવું, સમાનપણાની રુચિ કરવી એ સમ્યક દૃષ્ટિ જ કરી શકે છે. સમાનપણે વર્તવાનું આવે ત્યારે વાંધો આવે છે. તે રીતે માત્ર યોગી જ વર્તી શકે છે. અજીવ પ્રત્યે સમાનપણે વર્તવું એટલે તેના પ્રત્યે રાગ–દ્વેષના પરિણામ ન કરવા અર્થાત્ ઉદાસીનતા ધારણ કરવી.

સામાન્યપણે અગુરુલઘુ સમાન છે. પણ આપણે તેને કિંમતી તરીકે સ્વીકારીએ છીએ. હીરા માટે બીજાના પ્રાણ લેતાં પણ જીવ અચકાતો નથી. કારણ કે જીવ કરતાં હીરો વધુ કિંમતી લાગ્યો. જીવ હલકો (લઘુ) માન્યો, હીરો મહાન (ગુરુ) લાગ્યો. જીવને જ્યારે હલકો માનીએ ત્યારે તેની સાથે અસદ્ વ્યવહાર કરી શકાય. નહિ તો હલકો વ્યવહાર ન કરી શકાય.

કચરાને કચરો માનો તો ફેંકી દો છો, સારું લાગે તેને રાખો છો. જીવની જોડે પણ આવો જ વર્તાવ કરીએ છીએ માટે સમાનપણે નથી રહી શકતાં. કેમ કે મોહ–રાગ–દ્વેષ ચાલુ જ છે. આપણે જીવને ગુરુ–લઘુ માન્ય માટે સ્વભાવના ગુણ અગુરુલઘુ ધર્મને ભૂલ્યા.

જે જીવોએ એકેંદ્રિય જીવોને પણ પોતાના જેવા જ માની તેની રક્ષા કરી તે જીવો કેવળજ્ઞાન પામી ગયા. તે જીવોની ઉપેક્ષાથી આત્માની જ ઘોર આશાતના થાય છે.

આપણે જગતની વાતથી આપણી જાતને મોટી માની લીધી છે પણ સર્વજ્ઞની વાતથી આપણી જાતને મોટી માની નથી.

જે અંદર અધ્યાત્મભાવથી ભરાય તે બહાર પૌદ્ગલિક ભાવથી ખાલી થાય. જગતના સર્ટીફીકેટની એને જરૂર નથી.

જગતના સર્વ જીવોને સમાન દૃષ્ટિથી જુઓ એ જ તમારું સાચું સામાયિક છે. સામાયિક ભાવ પ્રગટ કરવા માટે જડ વસ્તુ પ્રત્યે સમાન પરિણામ લાવવો જરૂરી છે, તો જ જીવ પ્રત્યે સમાન ભાવ આવશે.

જડ પ્રત્યેનો રાગ જીવ પ્રત્યે દ્વેષરૂપે અસમાન ભાવ પ્રગટાવે છે. માટે જડ પ્રત્યે ઉદાસીનરૂપે સમાનભાવ કેળવવો જ રહ્યો. તેમાં જે સુખબુદ્ધિનો ભ્રમ થયો છે, તદ્‌ગત મતિ થઈ ગઈ છે તે દૂર થાય.

જૈન શાસનનું અંતિમ લક્ષ્ય (= સાધ્ય) એ જ છે કે તમામ જીવોને સમાન દૃષ્ટિથી જોવા. ત્યારે જ શુદ્ધ સામાયિક પરિણામ પ્રગટ થાય. તે પરિણામ લાવવા માટે જડ પ્રત્યે સમાન પરિણામ લાવવો જરૂરી છે.

આખું જગત માત્ર પરમાણુઓનો ઢગલો જ છે. પરમાણુઓના પરિવર્તન સિવાય કાંઈ જ નથી. જો આ સમજે તો રાગાદિ પરિણામ છૂટે, એટલે દ્વેષ જાય. તો જ જીવ દ્રવ્ય પ્રત્યે અભેદભાવ પ્રગટશે.

જીવતા જીવની સાથે આપણો વ્યવહાર કેવો ? જે જીવ સિદ્ધ સ્વરૂપે છે. તેની સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ ? જીવની અંદર ખોળિયાને ન જોતાં, જીવ જોવો. જીવમાં જીવત્વનું દર્શન થાય અને જડમાં જડત્વનું દર્શન ન થાય ત્યાં સુધી જીવન જીવ્યા ન કહેવાય.

બેઈંદ્રિય, તેઈંદ્રિય, ચઉરિંદ્રિય જીવોને ઉપદ્રવના કારણ રૂપે જોઈએ છીએ માટે તેમના પ્રત્યે હલકી દૃષ્ટિ બંધાશે. કર્મ બંધ નીચ કોટિનો બંધાશે. તેમ જીવોને ત્રાસ આપો તો ઉપદ્રવ વધારે થાય. જીવદયાના પરિણામ ગયા.

૩૫ વર્ષ પહેલા મચ્છરદાની વાળો સાધુ કોઈક મળે, અત્યારે મચ્છરદાની વિનાનો પ્રાયઃ કોઈક મળે. સામાયિકમાં દયાનો પરિણામ સતત ચાલતો હોય. એ જીવદયાનું પાલન વધારે કરે. આપણે શક્યનું પાલન કરવાનું છે, અશક્યમાં પશ્ચાતાપ કરવાનો છે. આપણે શક્ય છે એનું પાલન કરતા નથી તો અશક્યની વાત જ ક્યાં આવે ?

આત્માને પીડાનું અભયદાન એ દીક્ષા, જેને શરીરની અનુકૂળતા જોઈતી નથી એ જ પીડાનું અભયદાન આપી શકે. દા.ત. હાથ ધોવા માટે નળ ખુલ્લા ન રાખી શકે. થોડા પાણીથી હાથ સાફ કરે. તો જીવદયાનો પરિણામ રહે. સંસારમાં રહીને તે પ્રમાણે કરશો તો સાધુપણામાં અવાશે. ચરાચર વિશ્વને અભયની દૃષ્ટિથી જોવાનું. પરમાત્મા પર રાગ ન કરાય, પ્રેમ કરાય, રાગ જડ પર કરાય. રાગ આકારને પકડે. રાગના કારણે ગૌતમસ્વામીની વીતરાગતા અટકી. રાગ વ્યક્તિત્ત્વને પકડે જ્યારે પ્રેમ ગુણને પકડે. રાગવાળો અટવાઈ જશે, પ્રેમવાળો અટવાશે નહિ. પરમાણુને પરમાણુ સ્વરૂપે, જીવને જીવ સ્વરૂપે, સ્વીકારી સમદૃષ્ટિએ જે વર્તે તે મોક્ષને પાત્ર.

## આત્મવત્ સર્વભૂતેષુ

સમદૃષ્ટિવાળો જીવ પોતાના આત્માની જેમ જગતના બધા જીવોને જોશે. હું સિદ્ધ છું અને બધા જીવો સત્તાએ સિદ્ધ છે. આત્મા પર બહુમાન આવશે ત્યારે જીવવાની મહત્તા સમજાશે. પછી આત્મા આત્મા માટે જીવશે. પોતાનો આત્મા પરમાત્મ સ્વરૂપ છે. બધે પરમાત્મા દેખાશે. 'શરીરની દૃષ્ટિ હોય તો પ્રમાદ, આત્માની દૃષ્ટિ હોય તો પ્રમોદ.'

તમારા આત્મા તુલ્ય બીજા આત્મા લાગશે તો તમારો વ્યવહાર તમારા આત્મા જેવો થશે. પોતાના આત્માને પરમાત્મા માને તો પરમાત્માની આશાતના કરાય ? જગતને પરમાત્મા માને તો જગતની આશાતના કરાય ? પ્રમાદ કરવો એ જ આશાતના. જેવો પોતાની સાથે વ્યવહાર કરશે એવો જ જગતના જીવો સાથે કરશે. જ્યાં સુધી સમાન તત્ત્વ ન આવે ત્યાં સુધી મૈત્રીભાવ ન આવે. મૈત્રી કરવાની એ રૂપે જીવન જીવવાનું, એ માટે વિરતિધર્મ સ્વીકારવાનો, આપણી પરમાત્મદશા સત્તામાં છે એ પ્રગટાવવાનો ઉલ્લાસ જોઈએ. આપણને નિશ્ચય નથી કે હું પરમાત્મા છું માટે પાપો મજેથી કરીએ છીએ. જેને ભાન થાય એ પાપ કરી ન શકે.

આપણે પુદ્‌ગલના વિકારને પકડ્યાં છે માટે સત્તાએ જીવ દ્રવ્ય સમાન નથી લાગતા. એકેંદ્રિય જીવ સાથે કેવો વ્યવહાર કરવો ! ત્રસમાં આપણને એ

જીવ છે એવો ઉપયોગ છે માટે તેની પર પગ મૂકીને નથી ચાલતા. પણ એકેંદ્રિય પર જીવ તરીકેનો પરિણામ લાવવો પણ દુષ્કર છે. સમગ્ર સુખનો આધાર એકેંદ્રિય જીવો જ છે. પુદ્ગલ પ્રત્યેનો રાગ ન તૂટે તો તેના પ્રત્યે સમાનતાનો પરિણામ આવે ક્યાંથી ? માટે મુનિ સિવાય આ વાત કોઈ નહીં કરી શકે. 'મોક્ષ ગમી શમી'– મુનિ જ પુદ્ગલના સુખને છોડી શકે છે. અધ્યાત્મની ઊંચામાં ઊંચી વાત કરનારા પણ આ કરી શકશે ? નહીં કરી શકે.

શાસનને તત્ત્વથી સમજવું જોઈએ અને એ જ રીતે સમજાવવું જોઈએ. અત્યારે મોટામાં મોટી દરિદ્રતા આ જ છે. એક બાજુ શાસનની જાહોજલાલી દેખાય છે અને બીજી બાજુ જિજ્ઞાસુ વર્ગ બીજી તરફ વળે છે.

અર્ણિકાપુત્ર આચાર્ય ભગવંતનું શરીર ભાલાથી ભેદાયું તે વખતે શાસ્ત્ર દ્વારા એકેંદ્રિયની પીડાની જાણકારી છે માટે તેમને પોતાની પીડા, પીડા તરીકે ન લાગી પણ પરને પીડારૂપ બની રહ્યો છું એવું લાગ્યું, તેથી પોતાના શરીરની વેદના ગૌણ બની જીવોની પીડા પ્રધાન બની એ સહન ન થયું. એમને સિદ્ધ ભગવંતો યાદ આવ્યા કે તેઓ અશરીરી છે તો કોઈને પીડા આપતા નથી. હું સિદ્ધ નથી બન્યો, શરીરવાળો છું તો ગરમ લોહીના ટીપાથી થતી અપકાયના જીવોની વિરાધના યાદ આવી.

આપણે ચા ઠંડી આવે તો, ગરમ ચા મેળવવા માટે, તેઉકાયના જીવોની વિરાધનાની ઉપેક્ષા કરીએ, તો જ ગરમ ચા પીવાનું સુખ મળે. આસક્તિ પોષાય છે. આ બધા પુણ્યના ચાળા છે. જે જોઈએ, જેવું જોઈએ તે બધું જ મળી જાય છે પણ ભિખારીના ભવમાં વાસી રોટલો પણ ચાલી જાય છે.

મુનિ મહાત્મા આ સમજેલા છે માટે જ એ આત્માની દયા કરે છે ને પુદ્ગલના સુખને ભોગવવા તૈયાર નથી થતા.

**'છટ્ઠ–અઠમના પારણે રે, મુનિ લીએ અરસનિરસ આહાર.'**

જીવ દ્રવ્યને પીડા નથી આપવી તેથી લોકોની દષ્ટિમાં જે તુચ્છ છે

તેવો આહાર તે ગ્રહણ કરે છે. જગત જેને સુખનો ઉપાય માને છે તે આત્મા માટે દુઃખના ઉપાયરૂપ છે.

આત્માના સુખ માટે જગતના સુખને છોડી દે. પુદ્ગલના સુખને વોસિરાવે ત્યારે જ જીવદયાનું જીવ પાલન કરી શકે તે સિવાય નહીં.

જીવ સામાયિક ઉચ્ચરે છે ત્યારે પચ્ચક્ખાણ કરે છે કે પુદ્ગલના સુખને ભોગવવું નહી ને છતાં એનો ખ્યાલ નથી માટે સમતા પરિણામને પામી શકતો નથી.

કલિકાળમાં પણ પરમાત્માનું શાસન એક છત્રીય હોઈ શકે. જો સર્વજ્ઞની મતિ પ્રમાણે શ્રાવકમાં શ્રધ્ધા ઉત્પન્ન થાય અને તે જ પ્રમાણે તેવા વક્તાની શક્તિ એક જ દિશામાં વળે તો કલિકાળમાં પણ એક છત્રીય શાસન બને. જેમકે હેમચંદ્રાચાર્ય–કુમારપાળ.

પૂ. હરિભદ્રસૂરિ મ. જ્યારે સમજ્યા ત્યારે શાસનને પામી નાચી ઊઠ્યા હતા. અધ્યાત્મ જગતના મંત્રો–યંત્રો–તંત્રો જુદા છે. જગત જેને સુખ માનીને લેવા દોડે, એને મુમુક્ષુ આત્મા દુઃખ માનીને ત્યાગે.

જે સમતાને પામી શકે છે તેને જ યોગી કહેવાય છે અને તે જ મોક્ષને સાધી શકે છે. દષ્ટિ જ્યારે આચરણના સ્તર પર પહોંચે છે ત્યારે સમગ્ર જગતને સમાન જુવે છે. સમાન દષ્ટિથી જુવે પણ તેવો વ્યવહાર કરી શકતો નથી ત્યારે વિષય પરિણામમાં આવી જાય છે. આત્મા જે રીતે પોતાની સાથે વર્તે છે, તે રીતે બીજા આત્મા જોડે વર્તતો નથી.

આપણને કોઈ પીડા આપે તે આપણને ગમતી નથી તો તેવી પીડા બીજાને કેમ અપાય ? પોતાને જેમ પીડા લાગે છે તેમ બીજાની પીડાને પણ સહન ન કરી શકાય. કેમ કે તુલ્યભાવ છે.

તમને જ્યારે જીવ દ્રવ્ય પ્રત્યે આવો ભાવ આવશે તો મોક્ષ અહીં જ થઈ જશે. ભગવાનને મોક્ષ ગમી ગયો આપણને ગમી જાય તો પછી પાલન

આવે. વ્રત લીધા તો પાળવાના તો છે જ. ૪થા ગુણઠાણે રુચિના પરિણામપૂર્વક સ્વીકાર્યા છે તો તે વિઘ્નોને જવાનો માર્ગ શક્તિને છૂપાવ્યા વિના કાઢશે જ. પરિણામ આવે એટલે અંતરાયને દૂર કરવાનું કાર્ય કરે તો જ પરિણામ કહેવાય. નહિતર ખાલી વાતો જ કહેવાય.

## • રુચિનો પરિણામ કેવો હોય ?

પરમાત્માએ 'સવિ જીવ કરું શાસનરસી' ની ભાવના ભાવી તો ચારિત્ર લીધા પછી તે પ્રમાણે જ પાલન કર્યું કે કોઈપણ જીવને પીડા ન થાય. પણ પરિણામ ન હોય તો તે કંઈ પણ કરીને છટકવાનો જ પ્રયત્ન કરશે.

સધહામિ – પત્તિઆમિ આવે એટલે પછી રુચિનો પરિણામ આવે. એટલે આત્મભાવને મેળવવાનો–પરિણમાવવાનો થનગનાટ ઊભો થાય. જેમ કે ગૌતમસ્વામીને રુચિ હતી તો કેવળજ્ઞાનની અપૂર્વ ઝંખના હતી. એક પછી એક પરિણામ આગળ વધતા જ જાય. ફાસેમિ આવે તો પાલેમિ આવે અને પાલેમિ આવે તો અણુપાલેમિ આવે જ.

આપણે ત્યાં બધી વાત સ્ટેપ બાય સ્ટેપ મૂકવામાં આવી છે. એટલે જીવ દ્રવ્ય પ્રત્યે જ્યાં ભેદવૃત્તિ થઈ છે ત્યાં અભેદભાવ કરવાનો છે. અને જડ સાથે અભેદવૃત્તિ છે ત્યાં ભેદ કરવાનો છે.

જીવ પોતાની માનેલી શક્તિઓ જેમ જેમ પ્રગટ કરશે તેમ તેમ તેને સ્વતંત્ર થવાનું કરાવશે. શિષ્યને ગુરુથી જુદા થવાનું મન ન થવું જોઈએ. પણ જમાલિને ૧૧ અંગ ભણ્યા પછી પ્રભુથી જુદા થવાનું મન થયું.

જેમ જેમ સમકિત નિર્મળ થાય તેમ તેમ તેના ગુણોની રક્ષા, શુદ્ધિ અને વૃદ્ધિ કરાવશે જ ! ગુણોની પૂર્ણતાની રુચિ થશે. જ્ઞાન જેમ જેમ મિથ્યાત્વ અને અહંથી રહિત થશે તેમ તેમ શિષ્ય વધુ વિનમ્ર બનતો જશે અને ગુરુને સમર્પિત થતો જશે.

છટ્ઠા ગુણઠાણે વધારે સાવધ રહેવાનું છે, શ્રેણિમાં વાંધો નથી આવતો. સમકિતની હાજરીમાં જીવને ખ્યાલ આવે છે કે હું અહંને સ્પર્શી રહ્યો છું. અહં

અનંતાનુબંધીના ઘરનો હોય અને મિથ્યાત્વ હોય ત્યારે તે વિપરીત સ્વરૂપને ધારણ કરે છે. ઘણા જીવો માર્ગથી પડી ગયા પણ સમ્યક દર્શનથી પડ્યા નહિ માટે પાછા ચઢી ગયા. નંદિષેણ મુનિ, અષાઢાભૂતિ વગેરેનું સમ્યક દર્શન દઢ હતું તેથી ફરી માર્ગ પર ચઢતાં વાર ન લાગી.

ઘણા લઘુકર્મી જીવો એવા હોય છે કે એક જ દેશના સાંભળે ને રુચિનો પરિણામ થઈ જાય. ને ઘણાને ઘણી વખત સાંભળે તો પણ રુચિનો પરિણામ ન થાય કારણ મિથ્યાત્વ ગાઢ છે.

યશોધર મહર્ષિને માતાનો આદર આવી ગયો તો જિનાજ્ઞાનો આદર હટી ગયો. જિનાજ્ઞાનો આદર હટી ગયો તો પડ્યા. તો ૭મે ભવે સમકિત ફરી પ્રાપ્ત થયું. દસમાં ગુણઠાણે મોહ ભરેલ છે. અર્થાત્ સત્તામાં છે પણ તેની વિશેષતા નથી. આત્મા જાગૃત દશામાં છે એટલે વિજય વાવટો ફરકાવશે. પણ જો મિથ્યાત્વનો ઉદય થયો તો પડશે. પુરુષાર્થનો પરિણામ પ્રકૃષ્ટમાં પ્રકૃષ્ટ હોવા છતાં પણ ભોગાવલી નિકાચીત કર્મે તેમને પાડ્યા છે પણ પોતે પડ્યાં નથી. ચારિત્રથી પડ્યા પણ સમ્યક દર્શન થી નથી પડ્યા તો પાછા માર્ગમાં ચડી ગયા. માટે જ પ્રથમ પ્રીતિ અનુષ્ઠાન આવે પછી ભક્તિ અનુષ્ઠાન આવે. ભક્તિ આવે તો તેઓના વચન પ્રત્યેનો આદર આવે, એટલે કે વચન અનુષ્ઠાન આવે એટલે આત્માની સર્વ શક્તિ સ્વમાં સંક્રમિત થાય એટલે અસંગ અનુષ્ઠાનમાં આવી સાધ્યને સિદ્ધ કરતો જાય.

મોક્ષ જેને પણ પ્રગટાવવાનો છે તેણે વ્યવહારમાં રહીને જ *પ્રગટાવવાનો છે. તેના વિના કોઈને મોક્ષ પ્રગટ્યો નથી અને પ્રગટવાનો પણ* નથી. મોહના ઉદયને જ જીતવાનો છે તે અભ્યાસ અહીં જ પાડવાનો છે. પરનો સંગ જ્યાં સુધી હોય ત્યાં સુધી સંસાર છે. સંસારના વ્યવહારમાં હોવા છતાં તેનાથી અલિપ્ત થઈને રહે તેવો જ યોગી સમતાનો ભોગી બની શકે છે. ત્યારે જ એ મોક્ષગામી બની શકે છે.

જીવ કાં તો સમતાનો – અરૂપી એવા ગુણનો ભોગી બને અને કાં તો શાતા–અશાતાને ભોગવવા રૂપ અર્થાત કર્મ–પુદ્ગલોને રૂપીને ભોગવવારૂપ

નાશવંતનો ભોગી બને. અરૂપી એવા ગુણના ભોગવટા માટે આત્માએ અરૂપી જ બનવું પડે. સમતાને જેટલા અંશે આત્મા ભોગવતો હોય ત્યારે તે પુદ્ગલના રૂપાદિ ગુણોથી વિરક્ત બની પરમ ઉદાસીનરૂપે રહેલો હોય. આત્મા જ્યારે કષાયને જીતતો હોય ત્યારે તેટલા અંશે આત્મા મોક્ષ સ્વરૂપ છે. એટલે જ માત્ર નિર્ણય કરવાથી કામ ન આવે પણ રુચિ પ્રમાણે તદ્ગત વ્યવહાર કરવાનો છે.

આ રીતે જીવ નિરંતર સમતાને ભોગવવા દ્વારા શરૂઆતમાં કર્મોને અલ્પ ખપાવે છે, તેથી તેનું સામ્રાજ્ય વધે છે. તેથી આત્મવીર્ય પ્રગટ થાય છે. જેમ સ્કૂટરને કીક મારે પછી તે એકદમ ચાલે છે. તેમ આપણું આત્મવીર્ય થીજી ગયું છે. તેને થોડું થોડું ગરમ કરતાં અને પછી અનેક ભવોની સાધના કરતાં પછી તે એકદમ સ્ફૂરાયમાન થાય છે. જો આપણે પણ અહીંથી આરંભ કરીશું તો આગળ જતાં ઠેકાણું પડશે.

જીવ જ્યારે બધાને સમદષ્ટિથી સ્વીકારશે ત્યારે તેની રાગદ્વેષની પરિણતિ દૂર થશે. તેમ સમત્વ પ્રગટ થશે. પછી તે સહજ સ્વભાવરૂપ બની જશે. જેમ કુંભારના ચાકડાને પ્રથમ ફેરવવો પડે પછી એ સહજ ફર્યા કરે તેમ જીવની પરિસ્થિતિ એવી થાય કે પછી ગમે તેટલા નિમિત્ત આવે પણ તેનામાં કષાયના પરિણામ પ્રગટ થવા મુશ્કેલ બની જાય. આવી દશા આવી જાય ત્યારે તે આત્મા મોક્ષને પામનારો બની જાય છે.

**ગાથા – ૩ :**

**આઢઢક્ષુર્મુનિર્યોગં, શ્રયેદ્ બાહ્ય ક્રિયામપિ ।**
**યોગારુઢઃ શમાદેવ, શુદ્ધયત્યન્તર્ગત ક્રિય ।।૩।।**

**ગાથાર્થ :** યોગદશામાં આરોહણ કરવાની ઈચ્છાવાળા મુનિ બાહ્ય (કાયિકાદિ) ધર્મક્રિયા પણ કરે, પરંતુ યોગદશા ઉપર આરૂઢ થયેલા મુનિ અંતર્ગત ક્રિયાવાળા થયા છતાં (બાહ્ય ક્રિયા વિનાના હોવા છતાં પણ) શમભાવ દશાથી જ શુદ્ધ–બુદ્ધ થાય છે.

● **મોક્ષમાર્ગની આરાધના કરનારા આત્માઓ બે પ્રકારના હોય છે.**

**(૧) બ્રાહ્ય ક્રિયાવાળા (૨) આંતરક્રિયા વાળા**

જે યોગપર આરૂઢ નથી થયા તે બાહ્ય ક્રિયાવાળા છે અને યોગ પર આરૂઢ થયેલા હોય તે શુદ્ધ અંતરથી ક્રિયા કરે છે.

સમાધિયોગ પર આરૂઢ થવાની ઈચ્છાવાળા ૪થા ગુણઠાણે છે અને દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતારૂપ સમાધિ પર આરૂઢ થવાની ઈચ્છાવાળો છઠ્ઠા ગુણઠાણે છે. અહીં ભાવસાધુની વાત છે. મુનિમાં પણ પૂર્ણતાને પામવા સ્વરૂપ ઈચ્છાયોગ રહેવાનો. જ્યાં સુધી મોહદશા છે. રાગદશા છે ત્યાં સુધી ઈચ્છા રહેવાની જ છે. જે મુનિ ભાવ સાધુ છે= ભાવના પ્રમાણે સાધના પણ કરે છે, છઠ્ઠા ગુણઠાણે છે. તે પ્રીતિ–ભકિત હોય તો તે અપુનર્બંધક કે સમ્યક દષ્ટિ હોય.

જ્યાં સુધી પ્રમાદ છે ત્યાં સુધી અશુભ સંકલ્પો છે. પણ પ્રીતિ–ભક્તિ અને વચન અનુષ્ઠાનને પામેલા આત્માઓ, એ ૩ વડે શુભ સંકલ્પોથી અશુભ સંકલ્પોનો નિરોધ કરે છે. તેઓમાં પ્રશસ્ત કષાયો હોય છે.

આથી તેઓના પૂર્વ યોગ ત્યાર પછીના યોગોનું કારણ બને છે. એટલે વચન યોગમાં જવા માટે પરમાત્માની વ્યવહાર યોગની આજ્ઞાનું પાલન કરવું એ શુભયોગ છે. જેનું વચન સ્વીકારવું છે તેના પ્રત્યે પ્રીતિ ને ભક્તિ હોવી જ જોઈએ. સંસારના અનુષ્ઠાન કરતાં તેને વધારે મહત્ત્વ આપે પછી જ તે વચનયોગમાં જઈ શકે. વચનયોગ એ ધ્યાનદશાની વાત છે. એના માટે ચિત્તની એકાગ્રતા જરૂરી છે. ચિત્ત જો સંસારમાંથી ઊઠ્યું જ ન હોય તો ધર્મમાં કઈ રીતે આવી શકાય ? તેના માટે રાગદ્વેષના પરિણામને ફેરવવાની જરૂર છે. એમાં જ આપણને મોટી મુશ્કેલી છે.

● **ગ્રંથિભેદની ઓળખ અને ઉપાય**

બીજાના દોષો પ્રત્યે જે દ્વેષનો પરિણામ છે અને અનુકૂળ દશાનો જે

રાગ છે તેના પર દ્વેષ કેળવવાનો છે. બીજાના દોષો પ્રત્યે દ્વેષ નથી કરવાનો. રાગના પાત્રને જલદીથી છોડી શકતા નથી માટે તેનો પ્રતિપક્ષ ઊભો કરી તે રાગદશાને પ્રથમ ફેરવવાની છે. સંસાર પ્રત્યે જે તીવ્ર રાગ છે તેના પ્રત્યે અત્યંત દ્વેષ થશે તો જ ગ્રંથિનો ભેદ થશે. તીવ્ર અનંતાનુબંધીનો રાગ છે તેની સામે અનંતાનુબંધીનો તીવ્ર દ્વેષ થાય તો જ ગ્રંથિ ભેદાય તે સિવાય ન ભેદાય.

બાહ્ય ક્રિયા તરીકે પ્રીતિ–ભક્તિ–વચન અનુષ્ઠાન બતાવ્યા અશુભ સંકલ્પને શુભ સંકલ્પ વડે તોડવાનો છે. સંસારના પાત્ર પર જે રાગ છે તે રાગ દેવ–ગુરુ–ધર્મ પર કરીને રાગને ફેરવવાનો છે. બીજાના દોષો અને અનુચિત વર્તન પર આપણને દ્વેષ આવી જાય છે. તેને બદલે આપણા દોષો પર અને આપણા અનુચિત વર્તન પર દ્વેષ કરવાનો છે.

પોતાના દોષો ઉપર દ્વેષ આવવો જોઈએ અને બીજાના દોષો પ્રત્યે કરુણા આવવી જોઈએ. સમ્યક દર્શનના પરિણામમાં જે કરુણા આવે તે વિવેકવાળી જ હોય.

જેમ પોતાના આત્માના ગુણોની રુચિ થઈ તેમ બીજામાં પણ તે ગુણો પ્રગટ થાય તે માટે વિવેકથી કામ કરશે. ભૂખ્યો માણસ શક્તિ હશે તો ભૂખ દૂર કરવાનો પ્રયત્ન કરશે. તેવી જ રીતે સમ્યક દૃષ્ટિ આત્મા પરના હિતની ચિંતા કરશે અને શક્ય હશે તો તેની ચિંતા યા દોષો દૂર કરવાનો પ્રયત્ન કરશે.

જ્યારે એમ લાગશે કે ખરેખર ! સમતા જ સાધ્ય છે, તેને જ પ્રાપ્ત કરવાની છે, તો સમતા સહજ બનશે. ભક્તિ અનુષ્ઠાનમાં અને જેના પર પ્રીતિ થાય તેના માટે કાંઈક છોડવું પડે. આમાં દ્રવ્યની પ્રધાનતા છે.

જીવને શરીરના સુખનો રાગ છે. એ સંસારના પાત્ર દ્વારા જ મળશે. તેથી તે પાત્ર ઉપર જીવને રાગ થાય છે. શરીર એ જડ દ્રવ્ય છે. શરીરનું સુખ જડ દ્રવ્ય દ્વારા જ પુષ્ટ થાય છે કેમ કે જડથી જડ તૃપ્ત થાય અને આત્મગુણો દ્વારા આત્મા તૃપ્ત થાય છે.

## પરમાત્માની ભક્તિ ઉત્તમ દ્રવ્યથી શા માટે કરવાની !

ઉત્તમ દ્રવ્ય ઉત્તમના ચરણે ધરવાથી દ્રવ્ય પરનો રાગ તૂટે છે. વીતરાગને સમર્પિત કરવાથી જડનો રાગ તૂટી ચૈતન્ય પર પ્રેમ પ્રગટે છે. 'ભક્તિ માંગે ભોગ' પરમાત્માને ભોગ અર્પણ કરો તો ભોગો બિચારા ભોગવાઈ જાય. અને આપણને વીતરાગતાનો જ ભોગ મળશે. વીતરાગને કરેલું સમર્પણ વીતરાગતાને જ અર્પણ કરે.

જેમ ગરમ વાયુ સ્પર્શે તો ગરમી જ આપે અને ઠંડો વાયુ શીતળતા જ આપે. તેમ વીતરાગના મુખમાંથી નીકળેલી વાણીને આદરીએ તો વીતરાગતા જ મળે અને સંસારીનો આદર કરીએ તો ઉકળાટ જ મળે.

જ્યાં સુધી જીવ ચરમાવર્ત્તમાં આવતો નથી ત્યાં સુધી તે મોક્ષમાર્ગનો દ્વેષી જ છે અને ચરમાવર્ત્તમાં આવે પછી જ પ્રીતિ અનુષ્ઠાન આવે એ પહેલા નહિ.

જેનું મન શરીરના સુખથી ઊઠતું નથી તે શાસન પામવાને લાયક બનતો નથી. માટે જ પ્રથમ ચિત્તમુંડન મૂક્યું. વીતરાગમાં રાગ કરવાથી રાગ ઓગળી જાય.

- **ત્રણ પ્રકારે મુંડન**

(૧) ચિત્તમુંડન (૨) ઈંદ્રિય મુંડન (૩) કષાય મુંડન

**(૧) ચિત્તમુંડન :–** મિથ્યાત્વનો ત્યાગ એટલે ચિત્તમુંડન. તેના વિના આગળ ન વધાય. ખોટી માન્યતા જ્યાં સુધી મૂકાય નહિ ત્યાં સુધી બધું નકામું છે.

**(૨) ઈંદ્રિય મુંડન :–** એટલે વિષયોનો ત્યાગ અથવા અંકુશ.

**(૩) કષાય મુંડન :–** મોહનો ત્યાગ.

મિથ્યાત્વના ત્યાગથી જ પરમાત્માની વાતનો સ્વીકાર થશે, તો જ વ્રતોનો સ્વીકાર થશે.

જેનો રાગ મને મારા આત્મા સાથે પ્રીતિ કરવામાં બાધક બને છે તે દ્રવ્ય પરમાત્માને ચઢાવું. એટલે પ્રીતિ જ્યાં હતી ત્યાંથી ઊઠીને પરમાત્મા પર આવે. સુખનો રાગ જે પત્ની પર છે તે રાગ પત્ની પરથી ઊઠી જાય તો પરમાત્માની ભક્તિ કરી શકે.

પહેલાં પાંચ ઈંદ્રિયોના જે વિષયો છે તે પરમાત્માને ચઢાવવા પડે. પછી તે ભક્તિ યોગમાંથી આગળ વધીને વચનયોગમાં આવી શકે, ત્યારે સમતારૂપ પત્ની સાથે સંબંધ બંધાય. જેમ પ્રબળ દુશ્મન હોય તેને યુક્તિ–પ્રયુક્તિથી જીતવો પડે. તેની આજુબાજુના જે હાથા હોય તેને પહેલાં તોડી નાંખે એટલે મુખ્ય શત્રુ જીતાય. તેમ અહીં પણ એ જ કરવાનું છે. માટે જ ભક્તિમાં સુગંધિત પુષ્પો, ઉત્તમ નૈવેદ્ય, ચંદન, સંગીત વિ. ની વાત મૂકી. કારણ કે આ જ આપણા વિષયો છે. તેનો રાગ તૂટે પછી જ વચનયોગ આવે.

જે આત્માઓ મોક્ષમાર્ગ પર આરૂઢ થઈ ગયા છે તેમના માટે અસંગ અનુષ્ઠાન છે. જે મોક્ષમાર્ગ પર આરૂઢ થવાના છે તેમના માટે પ્રીતિ–ભક્તિ–વચન એ ૩ અનુષ્ઠાન છે. શુભ સંકલ્પ શરૂઆતમાં ભાવનારૂપે કરવા પડે છે. તેના માટે આત્માએ પ્રથમ વ્યવહાર અનુષ્ઠાનને પકડવા પડે છે પછી નિશ્ચયમાં જવાનું છે.

પરના સંયોગને ગ્રહણ કરવારૂપ જે અશુભ સંકલ્પ છે તેને હવે આત્માએ પ્રશસ્તમાં ફેરવવાનો છે. જે જે પાત્રો સંસારમાં છે તેના પ્રતિપક્ષ પાત્રોનો સ્વીકાર કરવાનો છે ત્યારે રાગ ફેરવાય. તે પ્રીતિ યોગ છે. તે પછી ભક્તિયોગમાં ફેરવાય છે, અને પછી તેને કાઢવાનું છે અને વચન યોગમાં જવાનું છે. પહેલાં પ્રિય પાત્રને સારામાં સારી વસ્તુ અર્પણ કરવાનો ભાવ હતો તે હવે પરમાત્માને અર્પણ કરશે. આમ રાગનું પાત્ર ફેરવશે.

બજારમાં ગયા ને ઉત્તમ દ્રવ્ય દેખાયું તો તરત જ પ્રભુ યાદ આવવા જોઈએ. આ શુભ સંકલ્પ છે. પ્રથમ પ્રશસ્તને પકડે ને પછી તેને છોડી શુદ્ધ સ્વભાવમાં જાય. પ્રીતિ–ભક્તિ વધવાથી દુષ્કર એવો આજ્ઞાયોગ સ્વીકારવાનો

ભાવ આવે. વચનયોગનો સ્વીકાર પછી જ આવે. માટે જ પ્રથમ ભવનો રાગ તૂટે પછી જ દેવગુરુ પ્રત્યે બહુમાનભાવ પ્રગટ થાય. તેથી તેમના વચનો પણ હોંશે હોંશે ગ્રહણ કરશે. વચનયોગમાં તો રાગાદિ ભાવોને સીધા તોડવાની જ વાત છે.

વચનયોગમાં પ્રશસ્ત રાગ ન આવે, તેમાં તો સીધા સ્વભાવમાં જવાની જ વાત છે. ભાવથી ભાવિત થતાં થતાં સ્વભાવમાં આવી જવાનું છે. પ્રથમ શુભભાવ કરવાનો છે. ભાવ કરતાં કરતાં સ્વભાવ સન્મુખ બનવાનું છે.

સામાયિકમાં પ્રશસ્ત રાગ નથી કરવાનો ત્યાં તો સીધી સમતાને જ ભોગવવાની છે નહિ તો પછી નિર્જરા કયાં થશે ? ૨ ઘડીની સામાયિકમાં રાગાદિ ભાવોને છોડી દેવાનાં છે. સરાગ સંયમે દેવલોક અને વીતરાગ સંયમે મોક્ષ મળે.

ભક્તિ યોગમાં અલ્પાંશે છોડવાનું છે જ્યારે વચન યોગમાં સર્વથી છોડવાનું છે. દરેકમાં વિરતિ આવશે. નવકારશીમાં પણ બે ઘડી માટે ચાર આહારનો ત્યાગ. સ્વભાવ સન્મુખ થાઓ તો કેવળજ્ઞાન પ્રાપ્ત થાય. ભાવથી સ્વભાવ પ્રગટે એટલે શુભ ભાવ પણ છૂટી જાય. પરમાત્મા પ્રત્યેના અપૂર્વ બહુમાનપૂર્વક સ્વીકારેલ વચનયોગથી પરમાત્મમય બનવાનો પુરુષાર્થ કરવાથી આત્મા સ્વભાવમય બની જાય.

અપુનર્બંધક દશાવાળા આત્મા સત્યના પક્ષપાતી હોય છે. જ્યાં સુધી અંતરમાં વાત ન બેસે ત્યાં સુધી નહીં સ્વીકારે પણ જેવી સમજ પડશે કે તરત સ્વીકારી લેશે.. પ્રતીતિ થશે એટલે સંપૂર્ણ ઓવારી જશે અને ગુરુને પૂર્ણ સમર્પિત થઈ જશે.

પરમાત્માની એક એક આજ્ઞા પર બહુમાન ઉછળવું જ જોઈએ. પ્રથમ આપણી જિજ્ઞાસાની ખામી છે, બીજું એ રીતે મળતું નથી. મળે ને જિજ્ઞાસા જ ન હોય તો પણ કામ ન થાય. બંન્ને ભેગા મળે ત્યારે જ કાર્ય થાય.

વચનયોગની ભૂમિકામાં જવા માટે સમકિતના ૬૭ બોલમાં પણ

તત્ત્વજ્ઞાતા બનવાનું જણાવ્યું. તે માટે તત્ત્વવેત્તા ગુરુની સેવા કરવાની. અભ્યંતર તપમાં પણ પ્રથમ વિનય–વયાવચ્ચ મૂક્યા. આપણી આર્ય સંસ્કૃતિ પણ તેવી જ હતી કે ગુરુકૂળમાં જાય, ગુરુના બધાં કામ કરે પછી યોગ્યતા લાગે ત્યારે ગુરુ ભણાવે. વર્તમાનમાં આ બધું જ ગયું. ગુરુકૂળમાં રહી ભણે એટલે વિનય–વયાવચ્ચ, સ્વાધ્યાયાદિ પરિણમે હવે આ સંસ્કૃતિ જવાથી પાયા નબળા પડવા માંડ્યા છે.

વચન યોગમાં, વિકલ્પરહિત અવસ્થામાં જવાનો અભ્યાસ કરવાનો છે. અસંગ અવસ્થા તે વિકલ્પ રહિત અવસ્થા છે. ચઢવાની ભાવનાવાળો અને ચડતો તે સિધ્ધિને પામે છે.

સ્વભાવમાં સ્થિર થવું એ સાધ્ય છે. ક્રોધાદિ કષાયનો અભાવ થયો તે સ્વભાવમાં સ્થિર થઈ ગયો. ક્રોધાદિ કષાયનો ઉપશમ કર્યો તો તેટલા સમય માટે સિદ્ધિ મળી. બંનેનું કાર્ય સમાન છે પણ ઉપશમવાળાને તે અંતમુહૂર્ત રહેશે અને પછી પડશે પણ જ્યાં સુધી સ્વભાવ છે ત્યાં સુધી તે પણ સિદ્ધિવાળો કહેવાય. વર્તમાનમાં તે સમતાના પરિણામને વેદી રહ્યો છે.

સમ્યક દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપ મોક્ષમાર્ગ છે. તેને પરિણામ અને વ્યવહાર સ્વરૂપે બંને સારી રીતે પકડવાનાં છે.

નિશ્ચયથી યોગ આત્માના પરિણામ સ્વરૂપે છે. વ્યવહારથી યોગ આત્માના જ્ઞાનાદિ યોગના પરિણામને પ્રગટ કરવામાં નિમિત્તભૂત કારણ છે તેને પણ વ્યવહારથી ધર્મ કહેવાય. માટે જ મોક્ષ માટે કોઈ નિશ્ચિત યોગ કે નિશ્ચિત ક્રિયા નથી. માત્ર ગમે તે યોગમાં આત્મા મોહથી દૂર થાય તો તે મોક્ષનું કારણ છે નહિ તો તે સંસારના જ કારણભૂત બનશે. છેલ્લામાં છેલ્લું સાધન ઉત્કૃષ્ટે સાધુપણું છે. તેના બધા જ યોગો મોહને મારવા માટે જ છે. પણ જેઓએ વ્યવહારથી સાધુપણાનો સ્વીકાર કર્યો પણ મોહને ન માર્યો પણ મોહને વધાર્યો તો તેવા આત્માઓ નરક–નિગોદમાં પણ ચાલ્યા જાય. જેટલા જેટલા આશ્રવના સ્થાન છે તેટલા જ સંવરના સ્થાન બને છે તેટલા જ નિર્જરાના પણ સ્થાન બને છે.

- **સમતાની સાધના કરનારા આત્મા બે પ્રકારના છે.**

(૧) યોગ પર આરૂઢ થઈ ગયા છે તેવા ને (૨) યોગ પર આરૂઢ થવાની ભાવનાવાળા. મુનિ મહાત્માઓમાં આ બે વાત ઘટે.

જ્યાં સુધી છઠ્ઠા ગુણઠાણા પર છે ત્યાં સુધી ભાવના ને ક્રિયા બંને કરવાવાળા છે. બાહ્યક્રિયાથી પ્રીતિ–ભક્તિ ને વચન અનુષ્ઠાનવાળા છે અને અભ્યંતર અંતર્ગત અનુષ્ઠાનમાં અસંગ અનુષ્ઠાન આવે. તેઓ માત્ર પોતાના સમતા સ્વભાવ સાથે જોડાય અને તેના ગુણોને જ આસ્વાદે આમ બંને સમતાને વેદી શકે છે.

પ્રીતિ અને ભક્તિને પાત્ર એવા દેવ–ગુરુ ગુણના જ પાત્ર છે. તેઓની ઉપેક્ષા થાય તો તેઓમાં રહેલા ગુણોની આપણને પ્રાપ્તિ ન થાય. જે ઉચિત ભક્તિ કરતાં નથી તે સ્વના આત્માની જ ઉપેક્ષા કરે છે.

જે મોક્ષ યોગ પર આરૂઢ થાવની ભાવનાવાળા છે એ બાહ્યક્રિયાથી સાધના કરે છે. જે આરૂઢ થઈ ગયા છે તે અંતર્ગત સાધના કરે છે.

ક્રિયા હેય છે. ક્રિયા છે માટે ક્રિયાની જરૂર પડે. શુભરાગ પણ હેય છે. સર્વજ્ઞ સંસારની ક્રિયાનો નિષેધ કરતાં નથી. સાધુપણું પણ ક્રિયારૂપ છે. તો કેમ નિષેધ ? એકાંતે નિષેધ છે. આપણને સંસારની બધી ક્રિયા કરાવવામાં વાંધો નથી પણ સર્વજ્ઞએ બતાવેલ ક્રિયામાં વાંધો આવે છે. આ શુભ ક્રિયા છોડી દીધા પછી આત્માની અંદર રમણતા કરે, એમાં સ્થિર થાય તો ક્રિયાની જરૂર નથી. કેવલીઓને પ્રતિક્રમણની જરૂર નહિ. કર્મ અંદર ચોંટે તો કાઢવા પડે. એ ચોંટે જ નહિ માટે અપ્રમત્ત ગુણઠાણાવાળાને પ્રતિક્રમણની જરૂર નહિ, પાછા છઠ્ઠે આવે એટલે કરવું પડે.

આત્મા વચનરૂપ શુભ સંકલ્પ વડે અશુભ સંકલ્પનું નિવારણ કરે છે. સિદ્ધયોગી હોય તેમને રાગ–દ્વેષનો અભાવ હોય સંપૂર્ણ શાંત હોય, એમણે બાહ્ય આચાર=ક્રિયાનો સ્વીકાર કર્યો હોવા છતાં સમતાના સ્વભાવના કારણે

બાહ્ય ક્રિયાની જરૂર નથી. કષાયના અભાવના કારણે પોતાના જ સ્વભાવથી શુદ્ધિ થઈ ગઈ.

- **સાધન બે પ્રકારના**

સમ્યક દર્શન–જ્ઞાન–ચારિત્ર રૂપ સાધન પર આરૂઢ થયેલ મુનિ કઈ રીતે આરાધના કરે ?

સાધન દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે.

**દ્રવ્ય સાધન :** ઓઘો , મુહપત્તિ, દંડાસન, ઉપધિ વિ.

**ભાવ સાધન :** ક્ષયોપશમ ભાવ–જે આત્મામાં પ્રગટ થાય છે.

જ્ઞાન–દર્શન અને ચારિત્ર એનું સાધન છે.

માત્ર દ્રવ્ય સાધનથી સાધના કરવાની નથી. મતિજ્ઞાન– શ્રુતજ્ઞાન એ ભાવ સાધન છે. જો ભાવ સાધન ન ભળે તો દ્રવ્ય સાધન નકામા. દ્રવ્ય સાધન–ભાવ સાધન ભેગા થાય તો મુનિની સિધ્ધિ થાય. એ બંનેથી સમતાના સ્વભાવમાં સિદ્ધિ મેળવવાની.

મતિજ્ઞાન–શ્રુતજ્ઞાનથી ફૂલાય જવું નહિ. ૫૦ ગાથા થઈ, જ્ઞાન ચડી ગયું એવો ભાવ થાય તો એ નકામું. મમતા–અહંકાર બંને નકામા, યોગ પર આરૂઢ થયેલો મુનિ ૧૪ પૂર્વ ભણે તો પણ આ તો કેવળજ્ઞાનનો માત્ર અંશ છે એવું લાગે. આવડી ગયું એમ ન લાગે. ચારિત્ર એ તલવારની ધાર છે. શાસનના મહાપ્રભાવક બનાવી પછી કર્મસત્તા કયાં ફેંકી દેશે એ ખબર નથી. મતિજ્ઞાન આત્મલક્ષી ન હોય તો મતિ અજ્ઞાન છે. આપણે સાધનને સાધના માની એ મોટામાં મોટો વાંધો છે. અહંકાર છે ત્યાં મોહરાજા પ્રવેશી જાય. એમાંથી બચવા માટે, ક્યાંય ફસાય નહિ માટે વાત મૂકી છે.

આત્માના ગુણ રૂપે પ્રગટ થયેલા સમ્યક દર્શન– જ્ઞાન–ચારિત્ર એ કેવળજ્ઞાન ન આવે ત્યાં સુધી સાધન છે. સાધનને સાધ્ય માની ન લેવાય. શ્રેણિ પર ચડેલો આત્મા પણ સાવધાન બને તો ન પડે. શુક્લ ધ્યાન પર ચઢવા માટે

શ્રુતજ્ઞાનનો આશ્રય લેવાનો. જો આત્મા સાવધાન ન રહે તો આ મોહરાજા ગમે ત્યાં ગમે તેમ ફેંકે. તળેટી કરતાં શિખર પર સાવધાની વધુ રાખવાની. સાધકને પૂર્ણ સિદ્ધ ન થાય ત્યાં સુધી હાશ લેવાની જરૂર નથી. મોટામાં મોટો ઉપસર્ગ લોકનો મોહ. લોકને બતાવવા માટે કર્યું. હવે લોકને બતાવવું નથી, અને લોકાલોકને જાણ્યા વગર રહેવું નથી. આ જ સાધના કરવાની છે.

આત્મામાં ગુણોની સાથે આત્મવીર્ય ભળે તે અંતર્ગત ક્રિયા જરૂરી. પ્રતિક્રમણ – પડિલેહણ–તપ બધી બાહ્ય ક્રિયા કહેવાય. સાથે અભ્યંતર આંતરિક ક્રિયા જોડાયેલ હોય, તે સાથે જ ચાલતી હોય. ચાલવાની ક્રિયા એ વિહાર. વિ+હર=વિશેષ પ્રકારે કર્મરજને હરે ઈર્યા સમિતિના ઉપયોગપૂર્વક ચાલતાં ચાલતાં નિર્જરા કરે, પણ દોડતો હોય તો નહિ. જિનની આજ્ઞા મુજબ વિહાર કરાય. શેષ કાળમાં ૮ મહિના વિહાર કરવાનો ગામ, નગરમાં સંયમી સાધક સ્થાનમાં ૧–૧ મહિનો સ્થિર રહે અને ચાતુર્માસમાં ચાર મહિના એક સ્થાને સ્થિર રહે.

આગમમાં ઉત્સર્ગ માર્ગ અને અપવાદ માર્ગ પણ છે. શાસ્ત્રમાં ઉત્સર્ગ માર્ગે ત્રીજી પોરિસીમાં આહાર–વિહાર–નિહાર કહેલો છે. સવારે વિહાર કરાય નહિ. અપવાદે શરીરની સમાધિને લક્ષમાં રાખી સવારે પણ વિહાર કરાય. કાયાનો રાગ હોય તો શકિત હોવા છતાં જિનાજ્ઞાનું પાલન ન થઈ શકે. આપણે ધારીએ તો ઘણું બધું પાલન કરી શકીએ છીએ.

સમતાથી નિર્મળ બનવાનું છે. સાધુના ૧૦ યતિ ધર્મ, ૫ મહાવ્રત, ૫ સમિતિ ૩ ગુપ્તિ વિ. બધું છે પણ મહત્તા ૧૦ યતિધર્મની છે. ક્ષમા પોતાનો સ્વભાવ છે, એ ગુણ કેળવવાનો છે. સાધુ ક્ષમાપ્રધાન હોય. ક્રોધ કર્યો કે મહાવ્રત ભાંગ્યું. ક્રોધ એ ભાવહિંસા છે.

પ્રથમ ૩ અનુષ્ઠાનમાં યોગની પ્રધાનતા છે તે રાગાદિને પ્રશસ્ત ભાવમાં લઈ જઈને ગુણનું કારણ બને છે.

વચન અનુષ્ઠાનના સ્વીકાર માટે મોહનો તથા મોહના કારણોનો ત્યાગ

જરૂરી છે. બે ઘડી સાવધ યોગ છોડયો. મોહને છોડયો ત્યારે અભ્યાસ કરતાં–કરતાં જીવ સહજ અસંગ અનુષ્ઠાનને પામે વગર સામાયિકે પણ તે સહજ સ્વભાવમાં હોય છે. ભરત મહારાજાએ પૂર્વે અભ્યાસ કર્યો હતો તેથી તેઓ સીધા યોગારૂઢ બની ગયા. તેમને વ્યવહારની જરૂર નહિ પણ અંદરની ક્રિયાથી જ તે સમતાને પામી જાય. નિશ્ચયથી આત્મવીર્યનું ગુણોમાં પરિણમન થયું તે અંદરની ક્રિયા છે. કેવલી અને સિદ્ધોને આ પ્રક્રિયા સતત ચાલે છે. આત્મપ્રવર્તનરૂપ આત્મવીર્ય સતત સ્વગુણોમાં પ્રવર્તમાન હોય છે કેમ કે એક માત્ર આત્મદ્રવ્ય સક્રિય છે. બાકીના બધા દ્રવ્યો નિષ્ક્રિય છે.

દરેક દ્રવ્ય પોતપોતાના સ્વભાવ પ્રમાણે વર્તે છે. જ્યારે કર્મને વશ જીવ દ્રવ્ય પોતાના સ્વભાવને ભૂલીને પુદગલના સ્વભાવ પ્રમાણે વર્તે છે. પુદ્ગલની સહાય દ્વારા સક્રિય બને છે. જીવમાં આત્મવીર્ય જ સક્રિય છે. અને તે સ્વગુણો અને સ્વાત્મ પ્રદેશોમાં સક્રિય થવાને બદલે અનાદિથી કર્મવશ તે પુદ્ગલમાં અને આત્મામાં બંનેની સાથે જોડાયેલું છે. તેથી આત્મા વિભાવદશામાં જોવા મળે છે. બૌદ્ધો આત્માને ક્ષણિક–નિર્ગુણી માને છે. જિનદર્શન આત્માને સક્રિય માને છે. માટે જ સંપૂર્ણ આત્મવીર્ય પ્રવર્તમાન આત્મામાં થવાથી સિદ્ધો સંપૂર્ણપણે સક્રિય છે. આથી સિદ્ધાવસ્થામાં રહેલા આત્માઓ સ્વગુણોમાં અને સ્વરૂપમાં રમનારા છે. બૌદ્ધોના મતે આત્માનું નિર્વાણ એટલે બુઝાઈ જવું. સાંખ્યમતમાં આત્મા જ્ઞાનાદિ ગુણોથી રહિત માન્યો છે.

મારામાં ગુણનો અંશ ખુલ્લો છે. તેના દ્વારા પૂર્ણતાને પ્રાપ્ત કરવા માટે પૂર્ણતાના સ્વામી એવા પરમાત્માને ખમાસમણ દેવાના છે જેથી પોતાને પણ પૂર્ણતાની પ્રાપ્તિ થાય. કાયાની મમતા છૂટી જાય, દેહનું ભાન ભૂલાઈ જાય અને આત્મા, આત્માના ગુણોના ઉપયોગમાં પહોંચી જાય. ત્યારે આત્મા ગુણમય બને છે એ જ ધ્યાન છે. તે વખતે આંશિક ગુણની અનુભૂતિ થાય છે.

દા.ત. ખમાસમણા આપે છે, તો પ્રથમ મન–વચન–કાયા ત્રણેનો યોગ છે પછી ઉપયોગ યોગમાંથી ખસીને આત્મામાં જઈને ગુણને પકડે. કાયા

ગૌણ બને, ક્રિયાને ભૂલી જાય અને ગુણના ઉપયોગમાં આત્મવીર્ય ભળવાથી પરમ ઉલ્લાસ અનુભવે.

## ● ક્ષમાદિ ૧૦ વિધ યતિ ધર્મ

**(૧) ક્ષમા :–** ક્ષમાદિ ગુણમય બનવા માટે સાધુઓને ધ્યાનમાં જવાનું છે. ત્યારે આત્મવીર્ય સ્વમાં જવાથી અનુભવધારા આત્મા સાથે જોડાયેલ છે. તેથી તે વખતે કષ્ટનો અનુભવ થતો નથી પણ આત્મામાં આનંદ–ઉદધિ ઉછળતો હોય છે. તેથી જ સાધુઓને ઉપસર્ગ પરિષહો દુઃખરૂપ લાગતા નથી. તેમ જ દેશવિરતિધર શ્રાવકોને પણ ઉપધાનમાં ૧૦૦ ખમાસમણ દેવા છતાં થાકનો અહેસાસ થતો નથી.

છદ્મસ્થની ધ્યાનની ધારા અંતમુહૂર્તથી વધારે ચાલતી નથી. તેના દીર્ઘકાળનાં અભ્યાસથી આત્માની શક્તિ પર દઢ શ્રધ્ધાવંત બની પોતાના ધ્યેયને અનુભવે છે. એનાથી ક્ષમાગુણનો વિકાસ થાય. તે સાધના છૂટી ગયા પછી કષાયના નિમિત્તો મળવા છતાં પણ અસર ન થાય, વિકલ્પ ન આવે અને પ્રસન્નતા જળવાઈ રહે તો ક્ષમાગુણ સિધ્ધ કર્યો કહેવાય. આપણા આત્માને સંતોષ થાય કે મારા આત્માને લક્ષમાં રાખીને જ મેં આ કાર્ય કર્યું છે.

જો તેમ જ હોય તો ગુરુ કડકાઈથી કહે અને કારણ વગર બધાની વચ્ચે ઠપકારી દે તો પણ ચિત્ત પર પ્રસન્નતા તરવરે, ત્યારે સમજવું કે મારો આત્મા નિર્મળ થયો છે. ગુરુ કહે તે ન ગમે તો સાથે રહેલા બીજાનું કહેલું તો ગમે જ ક્યાંથી? જે આપણને અનુકૂળ થાય તેની સાથે મેળ જામે જે સ્વાર્થવૃતિથી સંસારમાં રહ્યાં એ જ સ્વાર્થવૃત્તિ અહીં પણ આવી જાય.

**(૨) માર્દવ :–** મૃદુતા નમ્રતા ન હોય અને માન અહંકાર હોય તો ગુરુનો ઠપકો સહન ન કરી શકે. ગુરુ ઘણી વખત સીધું ન કહી શકતા હોય તો બીજાને કહે અને સમજાવે બીજાને. કષાયહાનિ થયેલી હોય તો તે નમ્રતાથી વિચારે કે મારી ભૂલ નથી ને મને ગુરુ ભગવંતે કહ્યું છે, તો કંઈક કારણ હશે ? તો મોહ હટયો, જ્ઞાનની શુદ્ધિ થાય, સમ્યક દર્શનની શુદ્ધિ થાય, તો રહસ્ય સમજી જાય

અને ગુરુ બીજીવાર વિકલ્પ વિના કહી શકે. ભૂલ તમારી ન હોય ને તો પણ તમે સ્વીકારી લો તો જેણે ભૂલ કરી છે તેને વિચારવાનો મોકો મળે. કષાય વૃદ્ધિ પામતો નથી અને ભૂલને સુધારવાની તક મળે છે અને જેણે વગર ભૂલે સ્વીકાર કર્યો છે તેના પર તો ગુરુની કૃપા અપરંપાર વરસી જાય છે.

**(૩) આર્જવતા :–** સરળતા, સરળ માણસ ભૂલનો તરત એકરાર કરી લે. એકરાર કરવામાં તેને નાનપ નહિ લાગે. ગમે તેવી કઠિન ભૂલ હશે તો પણ સ્વીકારી લેશે. માન–માયાથી છૂટે તો જ સરળતા પ્રગટ થાય. અને સરળ આત્મા જ સાચો વિનીત બની શકે અને વક્ર હોય તે સ્વીકાર નહીં કરે, બહાના કાઢશે, જરૂર પડે પોતે સારો છે એમ બતાવશે અને ગુરુને હલકા ચીતરવામાં તેને નાનપ નહીં લાગે. સરળતા હશે તો વિકલ્પોની હારમાળા નહિ ચાલે.

બાર તપમાં પ્રધાન તપ પ્રાયશ્ચિત (સરળતા) છે. સરળતા વિના ભૂલોનો એકરાર થતો નથી. બાહ્ય તપ ગમે તેટલા કર્યા તે માત્ર કાયકલેશ છે. તેના દ્વારા માત્ર પુણ્યબંધ છે. પણ સરળતા નથી તો તપ નથી. માયા કરીને પણ લોકમાં તપસ્વી તરીકે જાતને ઓળખાવશે.

સાધુ જીવનમાં ગુરુના વિશ્વાસપાત્ર બનવાનો ઉપાય તે સરળતા છે. જે સરળ છે તે ગુરુના હૃદયમાં સ્થાન પામશે. સરળતા દ્વારા શિષ્ય ગુરુના હૃદયને ભેદીને આરપાર નીકળી જાય તેમાં શિષ્યની સફળતા છે.

**(૪) શૌચ :–** લોભનો અભાવ = અનાસક્તિ. ધર્મના ઉપકરણો ઉપર પણ મમતા આસક્તિ ન રાખવી.

**(૫) સત્ય :–** જિનવચન સાપેક્ષ, સ્વ–પર હિતકારી જરૂર પડે ત્યારે જ મધુર પ્રિયાદિ વચન બોલવું તે.

**(૬) સંયમ :–** મુખ્ય સંયમ મન–વચન–કાયાની અશુભ પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિરૂપ. વિષય–કષાયનો જેમાં નિગ્રહ હોય. પૂંજવા પ્રમાર્જયા રૂપ જયણા હોય, હિંસાદિ પાંચ આશ્રવનો જેમાં ત્યાગ હોય.

(૭) **તપ :–** શરીર અને ઈંદ્રિયોને તપાવવા દ્વારા જેમાં વિષય અને કષાયની હાનિ થાય અને આત્મરમણતા પ્રગટ થાય તે તપ.

(૮) **ત્યાગ :–** બાહ્ય અને અભ્યંતર ઉપાધિમાં મમતા = મૂર્ચ્છાનો ત્યાગ, અન્ન, પાન, વસ્ત્રાદિ બાહ્ય ઉપધિ અને શરીર અભ્યંતર ઉપધિ અથવા રંજોહરણાદિ ઉપકરણ બાહ્ય ઉપધિ અને ક્રોધાદિ કષાયો અભ્યંતર ઉપાધિનો ત્યાગ.

(૯) **આકિંચન્ય :–** આકિંચન્ય એટલે આત્મા સિવાય સર્વ વસ્તુનો અભાવ ધનાદિ કાંઈ વસ્તુ રાખે નહિ. ઉપકરણ પણ માત્ર જે સંયમમાં સહાયક થાય તેવા અને જેટલી જરૂર હોય તેટલા જ રાખે. વધારે કંઈપણ રાખે નહિ. શરીરાદિ પર મમત્વનો અભાવ એ જ આકિંચન્ય.

(૧૦) **બ્રહ્મચર્ય :–** બ્રહ્મ એટલે આત્મા, ચર્ય એટલે રમવું.

પાંચ ઈંદ્રિયોના વિષયનો ત્યાગ કરીને આત્મામાં રમવું તે બ્રહ્મચર્ય. અર્થાત્ ઈષ્ટના રાગનો અને અનિષ્ટના દ્વેષનો ત્યાગ, સ્થૂલતાએ મૈથુનનો ત્યાગ. અથવા બ્રહ્મ એટલે આત્માને જણાવનાર ગુરુ – તેને સમર્પિત થઈને રહેવું તે અર્થાત્ ગુરુકુળવાસનું સેવન કરવા વડે નવ બ્રહ્મચર્યની ગુપ્તિનું પાલન કરવું તે.

સમ્યક દર્શન, જ્ઞાન, ચારિત્ર– આ રત્નત્રયીની સાધના રૂપ સમાધિ યોગ ઉપર આરોહણ કરવાની ઈચ્છાવાળા મુનિ એટલે ભાવથી સાધક મહાત્મા પ્રીતિ–ભક્તિ અને વચનાનુષ્ઠાન આચરવારૂપ શુભ સંકલ્પો કરવા દ્વારા અશુભ સંકલ્પોનું નિવારણ કરતા છતાં આરાધક બને છે. જેમ સોય પગમાં નાખવા જેવી નથી, પીડા કરનારી છે. નાંખીએ તો પણ અંતે કાઢી જ નાખવાની હોય છે તેટલા માટે જ તેનો બીજો છેડો હાથમાં રખાય છે. તથા નાખતી વખતે પણ સમજાય છે કે આ પીડાકારી છે. તો પણ પગની અંદર ગયેલો કાંટો તેના વિના નીકળતો નથી. તેથી નાંખવા જેવી ન હોવા છતાં પણ કાંટો કાઢવા પૂરતી નાખવી પડે છે. કાંટો નીકળતા તુરત જ કાઢી લેવામાં આવે છે. તેમ શુભ

સંકલ્પો પણ પ્રશસ્ત મોહ દશા હોવાથી અંતે હેય છે તો પણ અશુભ સંકલ્પોને ટાળવા માટે શુભ સંકલ્પો પૂર્વકાળમાં આદરવા પડે છે. જેમ જેમ શુભ સંકલ્પો દ્વારા અશુભ સંકલ્પોનું વારણ થતું જાય છે તેમ તેમ અંતે શુભ સંકલ્પોને પણ ત્યજીને નિર્વિકલ્પદશા= પરમ સમાધિ પ્રાપ્ત કરવાની હોય છે. અહીં મુક્તિમાર્ગનો હાલ સાધના કાળ હોવાથી શુભ સંકલ્પો કરવા દ્વારા અશુભ સંકલ્પો દૂર કરવાનું કામ પ્રથમ કરાય છે.

**ગાથા – ૪ :**

**ધ્યાનવૃષ્ટેર્દયાનદ્યાઃ, શમપૂરે પ્રસર્પતિ ।**
**વિકારતીરવૃક્ષાણાં, મૂલાદૂન્મૂલનં ભવેત્ ॥ ૪ ॥**

**ગાથાર્થ :** ધ્યાનરૂપી વૃષ્ટિથી દયારૂપ નદીનું શમરૂપ પૂર વધે છે ત્યારે વિકારરૂપ કાંઠાના વૃક્ષોનું મૂળથી ઉન્મૂલન થઈ જાય છે.

દયારૂપી નદીમાં ધ્યાનરૂપી વૃષ્ટિ થાય તો સમતારૂપી પૂર આવે. તો તે કિનારા પર રહેલાં વિકારરૂપી મૂળિયાને ઉખેડીને ફેંકી દે છે. અહીં ધ્યાનનું મહત્ત્વ બતાવ્યું છે. ધ્યાન વિના સમતા પ્રગટતી નથી

- **૪ પ્રકારના ધ્યાન**

ચાર પ્રકારના ધ્યાન છે. આર્ત્ત–રૌદ્ર–ધર્મ–શુકલ ધ્યાન. આર્ત્ત–રૌદ્ર–ધ્યાન સમતાના નાશક છે. અહીં ધર્મધ્યાન અને શુકલ ધ્યાન લેવાના છે. ચિત્ત જ્યારે અંતર્મુહૂર્ત કાળ સુધી એકાગ્ર થઈ જાય ત્યારે તે ધ્યાન કહેવાય છે. જ્યારે જિન–કેવલી ભગવંતનું ધ્યાન યોગ નિરોધરૂપ હોય છે. છદ્મસ્થોને અંતર્મુહૂર્તથી વધારે ધ્યાન રહી શકતું નથી.

ધર્મધ્યાનમાં દેવ–ગુરુને ધર્મના સ્વરૂપને પકડવાનું છે. તો તે તત્ત્વ સ્વરૂપથી પકડાય. ધર્મ તત્ત્વથી ગુણને પકડવાના છે. દેવ–ગુરુ અનાદિકાળથી મળ્યા પણ ફળ્યા કેમ નહિ ? કારણ કે દૃષ્ટિ તત્ત્વમય બની નહિ. સાક્ષાત અરિહંત મળ્યા છતાં પણ ફળ્યાં નહિ. દેવ–ગુરુ આપણને મળી ગયાં તેમની

ઉપાસના કરવાનું મન થાય ? ધર્મ તત્ત્વને દેવ–ગુરુમાં પકડવાનો છે. કારણ કે ધર્મ તેમનામાં રહેલો છે. આવા દેવ–ગુરુ જગતમાં મળવા દુર્લભ છે. તે આપણને મળ્યા છે તો તેનું બહુમાન આપણામાં કેવું હોય ? હીરો એક ગામડિયાને મળે અને ઝવેરીને મળે. તો તેની ખરી કિંમત તો ઝવેરી જ આંકી શકે. તેમ આપણને પણ ગામડિયાની જેમ દેવ–ગુરુની જ કિંમત સમજાતી નથી તો ચિત્ત એકાગ્રતા ક્યારે પામે ?

- **ધર્મ ધ્યાનના ૪ પ્રકાર**

(૧) આજ્ઞાવિચય (૨) અપાય વિચય (૩) વિપાક વિચય (૪) સંસ્થાન વિચય

(૧) **આજ્ઞાવિચય :–** જિનના આંતર સ્વરૂપને નિરખીએ, એમના તત્ત્વરૂપી દેહને જાણીએ તો તેમના વચન ઉપર અહોભાવ પ્રગટ થયા વિના રહે નહિ.

જિનેશ્વર પરમાત્મા કોઈપણ વસ્તુ અનંત પર્યાય સહિત બતાવે છે. વળી તેમની વાણી સ્યાદ્વાદથી યુક્ત છે. આ અપેક્ષાએ આમ છે અને આ અપેક્ષાએ આમ નથી. આ સ્યાદવાદ શૈલીથી પદાર્થનું સ્વરૂપ પૂરેપૂરું સમજી શકાય છે. તેથી તેમની આજ્ઞા ઉપર અવશ્ય બહુમાન પ્રગટે છે. વળી જિનમત અવશ્ય સિધ્ધિને અપાવનારું છે. સર્વજ્ઞએ પ્રકાશેલ સર્વ વાત સર્વ રીતે સત્ય જ હોય, તેમાં શંકાને સ્થાન ન હોય.

દેવગુરુના સ્વરૂપને તત્ત્વદેહથી પકડશો તો આશ્ચર્યકારી ઘટના લાગશે. એમની આજ્ઞાનું પાલન એ જ એમની ભક્તિ છે. સાક્ષાત્ પરમાત્માની સ્પર્શના છે. પરમાત્માની આજ્ઞાના પાલનથી રાગાદિ ભાવોની હાનિ થાય છે અને તેટલા અંશે વીતરાગતાનો સાક્ષાત્ સ્પર્શ થાય છે. આ જ ભાવપૂજા છે. સાધુ જ વાસ્તવિક ભાવપૂજા કરી શકે. દ્રવ્ય પૂજામાં પ્રશસ્ત ભાવની પ્રધાનતા છે અને વિરતિપૂર્વકનાં અનુષ્ઠાનમાં વીતરાગતાની પ્રધાનતા છે.

પરમાત્માની આજ્ઞાનો વિચય (=વિચાર) પૂર્વાપર વિરોધ રહિત હોય. એક તત્ત્વ બીજા તત્ત્વને બાધ ન કરે પણ એકલગ્નતા કરે.

સર્વજ્ઞના શાસનને સમજવા ષડ્દર્શનનો અભ્યાસ જરૂરી, પછી સર્વજ્ઞના શાસન પ્રત્યે અપૂર્વ રોમાંચ થયા વિના ન રહે.

સૂક્ષ્મ, બાદર, ત્રસ–સ્થાવર એમ જીવોની સૂક્ષ્મતાની વાત કોઈએ બતાવી નથી. પૂ. હરિભદ્રસૂરિજી ગ્રંથ લઈને ક્યારે નાચ્યા ? તેઓ બ્રાહ્મણ હતા. મિથ્યાદષ્ટિ હતા. પાછળથી સાધુ બન્યા. ગ્રંથોનું પરિશીલન કર્યું ત્યારે ગ્રંથો માથે લઈ નાચ્યા. અહો ! આ જિનશાસન ન મળ્યું હોત તો અમારી દશા શું થાત ?

પરમાત્માની આજ્ઞા આત્મા સ્વરૂપને સમજાવનારી છે. આથી ૪ નિક્ષેપે અને ૭ નયે કરીને તેનું જે પરિશીલન કરે તો તેને દેવો પણ ચલાયમાન ન કરી શકે એવી અદ્દ્ભુતતા સર્જાય. આ શાસન જેવું અચ્છેરું બીજે ક્યાંય નથી. પછી જગતની એક પણ ચીજ આશ્ચર્યકારી નહીં લાગે. ગમે તેવા અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગોમાં તે ચલાયમાન નહીં થાય.

સર્વજ્ઞ જે પ્રમાણે જીવ અજીવને બતાવે છે. એ પ્રમાણે જીવ અજીવનો નિર્ણય કરવો. પછી જીવત્વમાં રુચિનો પરિણામ આવે. અજીવમાં હેયનો પરિણામ આવે. આજ્ઞાવિચય આવે તો દયાનો પરિણામ આવે. સ્વઆત્મ વિષયનો નિર્ણય ન થાય ત્યાં સુધી આજ્ઞા વિચય ન આવે. પોતાને પોતાના આત્મા પર દયા આવે તો સર્વજ્ઞ દષ્ટિ પ્રમાણે બીજા જીવ પર દયા આવે.

જીવ સત્તાએ સિદ્ધ છે, કર્મના ઉદયે સંસારી છે. સંસારી છે માટે વર્તમાનમાં પીડા ભોગવે છે. સત્તાથી પરમ આનંદનું ધામ છે. વર્તમાનમાં પીડા ભોગવનાર આત્મા પર દયા આવે. કોઈનું પણ દુઃખ જોયું ને દયા પરિણામ આવે. શક્તિ પ્રમાણે એનું દુઃખ દૂર કરો તો દયાનો પરિણામ નહિતર ઠગનાર.

ધર્મધ્યાન પ્રગટે તે માટે આજ્ઞાવિચયનું પાલન જરૂરી. તેમ જ ધર્મધ્યાનમાં જવા માટે દ્રવ્યાનુયોગને ખેડવો પડે તો ધર્મધ્યાન પ્રગટે.

નિઃસંગ દશામાં આત્માની અનુભૂતિ થાય. દેશવિરતિમાં કાળ અલ્પ છે પણ અત્યંત અંશ ભાગે પણ વીતરાગતાને અનુભવે. પાંચમે ગુણસ્થાનકે

શરૂઆત થાય અને છદ્દે દીર્ઘકાળ સુધી એ માણી શકે છે. કાયા પરના મમતાના પરિણામને વોસિરાવી દેવાના છે. ચિત્તને તેમાંથી પૂર્ણપણે ઉઠાડી દેવાની જરૂરી છે. ધ્યેયમાં જ્યારે ચિત્તને તદાકાર બનાવે ત્યારે કાયા ભૂલાય. હું કાયાથી રહિત છું આવા દીર્ઘકાળના અભ્યાસથી આત્માની અનુભૂતિ અવશ્ય થાય. જિનાજ્ઞામાં ચિત્ત એવું સ્થિર થઈ જાય કે દુનિયામાં બીજે ક્યાંય એનું ચિત્ત ન જાય.

પરમાત્માએ અહિંસા ધર્મ બતાવ્યો. કોઈપણ જીવ હણવા નહિ. જ્યારે પરમાત્માની દ્રવ્યપૂજામાં જીવહિંસા થાય છે. પરંતુ પરમાત્માની આજ્ઞા જીવોની કક્ષાને અનુલક્ષીને છે. ગૃહસ્થએ આરંભ–સમારંભથી મુક્ત થવા માટે પરમાત્માની દ્રવ્યપૂજા કરવાની છે. સર્વવિરતિધરે સર્વ જીવોને અભયદાન આપવાનું છે. જીવોની કક્ષાને ધ્યાનમાં લઈ સ્થાવરકાય જીવોની જયણા બતાવી.

સર્વ વિરતિવાળાને સ્નાન ન કરાય. પૂજા માટે સ્નાન માત્રશરીર પલળે એટલું જ કરાય. બધા જીવોને અભયદાન આપવાના ભાવપૂર્વક દ્રવ્ય સ્નાન કરે. ન્હાવાનું ક્યારે બંધ થાય ? દ્રવ્યપૂજામાં સ્વરૂપ હિંસા લાગે. હેતુ અને અનુબંધ હિંસા ન લાગે. સ્નાન શણગાર, શોભા માટે નથી, ભગવાનની પૂજા માટે છે, માટે જયણાપૂર્વક કરવાનું છે. જિનાજ્ઞા મુજબ ચાલીએ તો અનુબંધ સારો જ પડે. વર્તમાનકાળમાં પણ આત્મા વિકાસ પામે. આજ્ઞા તત્ત્વથી સમજીએ તો દરેક આજ્ઞામાં અદ્દ્ભૂતતા લાગશે. પૂજવું પ્રમાર્જવું – જયણા સર્વત્ર કરવાની જ છે. કલ્યાણમિત્રને પકડવા જોઈએ. દરેક વ્યવહારમાં સર્વજ્ઞની આજ્ઞાને વિચારીએ તો ધર્મધ્યાન બને, નહિતર નહીં. આત્મા પરના સંયોગના કારણે પીડા પામી રહ્યો છે. પીડામાંથી છૂટવા પરના સંયોગનો ત્યાગ કરવો. એ.સી. પીડારૂપ લાગે તો છૂટી શકે.

'શરીરની મજામાં આત્માને સજા.' સર્વજ્ઞએ કહેલ અપૂર્વ શ્રદ્ધા રાખી માનવું, સમજવું, આચરવું. જગતના જીવો પરના સંયોગમાં જ સુખ માને છે. આ માન્યતા ન નીકળે ત્યાં સુધી બધું નકામું પહેલા ખોટી માન્યતાને કાઢવાની છે.

જિનાજ્ઞાનું પાલન છ આવશ્યક પૂર્વક કરવાનું છે, વ્યવહારથી સામાયિક કરી નિશ્ચયથી સમતામાં રહેવાનું છે. માન્યતા સુધારવાથી મન રખડતું અડધું બંધ થાય, સંયોગો છૂટતાં અડધું બંધ થાય.

- **રાત્રિ ભોજન કેમ ન કરાય ?**

જિનાજ્ઞા તો ભોજન કરવાની જ નથી. પણ ભોજન વગર ન જ ચાલે તો રાત્રિભોજન તો ન જ કરવાની છે. પણ મોહ પડ્યો છે માટે રાત્રિભોજન બંધ નથી કરી શકતા. જૈન શાસન Science છે. હોજરી સૂર્યાસ્તની પહેલાં બે ઘડી પહેલાં બિડાઈ જાય, પછી એમાં નાંખો એટલે નુકશાન થાય. ઈન્દ્રિયોને ત્રાસ વધારે પડે.

યોનિ ત્રણ પ્રકારની છે. ઉષ્ણ–મિશ્ર અને શીત યોનિ. સૂર્યાસ્ત થયા પછી લાઈટમાં જે જીવોત્પતિ દેખાય તે ઉષ્ણ યોનિના જીવો છે. ઉષ્ણયોનિના જીવોને લાઈટના પ્રકાશમાં ઉષ્ણતા મળે માટે આવે. સંધ્યા સમયે મિશ્ર યોનિના જીવો–સંમૂર્ચ્છિમ જીવો ત્યારે ઉત્પન્ન થાય. ભયંકર રીતે ત્રસજીવોની ઉત્પતિ થાય. માટે શારીરિક દષ્ટિએ પણ નુકશાન અને અનેક રોગોનું કારણ રાત્રિભોજન છે. સ્થાવર જીવોની હિંસાનુ કારણ રૂપ છે.

**(૨) અપાય વિચય :–** અનર્થનો વિચાર. તત્ત્વ દ્વારા આત્મા જયારે જીવતત્ત્વનો નિશ્ચય કરે છે. કે શુદ્ધ તત્ત્વથી જીવ કેવો છે ? અનંત આનંદમય છે. અનંત સુખના ધામરૂપ છે. તેવા આત્મામાં વર્તમાનમાં કયા અપાયો છે તે જાણી અપાયોને દૂર કરવાના છે. કષાયો રૂપી અનર્થો આત્માની શુદ્ધ દશા પામવામાં અંતરાયભૂત છે. તેથી હવે તેના સ્વરૂપની વિચારણા શરૂ થાય. જીવ પોતાના સ્વરૂપમાં ન રહ્યો ને મોહને આધીન બન્યો માટે આત્માના સહજાનંદ–સુખને ભોગવી શકતો નથી. મોહને જાણવા માટે દર્શન મોહ અને ચારિત્રમોહ રૂપી ૪ કષાય અને ૯ નોકષાયના સ્વરૂપને જાણવા પડે.

કષાયો જ આત્માના અનર્થોનું કારણ છે. તેનો નિર્ધાર કરી તેને જાણવાના છે. તે માટે સમ્યક્ત્વ મૂળિયા સમાન છે. તે આત્માને ભાવમાંથી

સ્વભાવ તરફ લઈ જાય છે. કષાયોનું ઉન્મૂલન કરે છે. કષાયોનું ઉન્મૂલન થતાં ચિત્તની વિશ્રાંતિ થાય છે ત્યારે આત્મા પ્રશસ્ત ધ્યાનમાં જાય છે અને સમતાને પ્રાપ્ત કરે છે. ધર્મધ્યાનનાં પાયા પર જવા માટે પ્રથમ સમ્યગ્ દર્શનનાં પાયા પર જવું પડે છે.

દેવ–ગુરુ–ધર્મને વિષે આત્મામાં આશ્ચર્ય કોટિનો બહુમાનભાવ થાય છે. ત્યારે ચિત્ત જગતની વિચિત્રતામાં આશ્ચર્ય પામતું નથી, અને ચિત્ત ધર્મમાં સ્થિર થાય છે. મિથ્યાત્વના કારણે આત્મા પુદ્ગલની વિચિત્રતામાં આશ્ચર્ય પામતું હતું હવે મિથ્યાત્વના વિગમના કારણે ચિત્ત દેવગુરુમાં સ્થિર થાય છે. પુદ્ગલના રૂપી અને પરાવર્તનશીલ સ્વરૂપને જુએ છે માટે ત્યાં આશ્ચર્ય થાય છે. પણ જ્યારે દિવ્યદષ્ટિ પ્રાપ્ત થાય છે, તત્ત્વના અંજનથી અંજાય છે ત્યારે તેને પુદ્ગલની વિચિત્રતા–પરિવર્તન–વિનાશશીલ અને અસાર રૂપ નિર્ણય થતાં ભાન અને શ્રધ્ધા થતાં આત્માના અરૂપીપણાને અનુભવવા સમર્થ બને છે ત્યારે ચિત્તનો વિશ્રામ દેવ–ગુરુ ધર્મમાં થાય છે.

**'ચરમ નયણે કરી મારગ જોવતાં, ભૂલ્યો સયલ સંસાર;**
**જેણે નયણે કરી મારગ જોઈએ, નયણ તે દિવ્ય વિચાર.'**

## • દેવ–ગુરુ–ધર્મ કેવાં છે ?

દેવને અને ગુરુને પ્રથમ જાણવાના છે, પછી તેને પકડવાના છે. નહિતર ફક્ત શુભભાવ જ બંધાય. સ્વરૂપથી દેવ–ગુરુ ધર્મી છે, ધર્મ તેમાં રહેલો છે. અરિહંત–સિધ્ધ રૂપી દેવમાં ગુણની પૂર્ણતા છે. પૂર્ણતાને પામ્યા છે અને ગુણની પૂર્ણતાનો માર્ગ જગતને બતાવે છે. દેવે જે પૂર્ણતાનો માર્ગ બતાવ્યો છે તેનો સ્વીકાર ગુરુ કરે છે. પૂર્ણતા પ્રાપ્ત કરવા આગળ વધે છે.

## • આત્માનુભવ ક્યારે થાય ?

ચિત્તનો વિશ્રામ દેવ–ગુરુ ધર્મમાં થવો જોઈએ. દેવ–ગુરુ–ધર્મ જ્યાં સુધી નિર્ણિત નહીં થાય ત્યાં સુધી દેવ–ગુરુ–ધર્મ પર વાસ્તવિક બહુમાન પ્રગટે નહીં અને ત્યાં સુધી સમકિત નહિ ત્યાં સુધી આત્માનુભવ ન થાય.

જ્ઞાન યથાર્થ બને ત્યારે જ તેમાં રુચિ પ્રગટે છે. રુચિ પ્રમાણે વર્તતા જો આત્મામાં મોહની હાજરી હોય તો તેને ખટકે છે. તેને દૂર કરવાનો પુરુષાર્થ પ્રગટે છે. શ્રદ્ધા થવી અને રુચિ થવી બંને જુદી વાત છે.

ભગવાને કહ્યું એમાં શ્રધ્ધા થાય. દા.ત. દીક્ષા લેવી જોઈએ એ શ્રધ્ધા. ઉપદેશ પણ આપે. બીજા દીક્ષા લે પણ પોતાને રુચિ નહિ. જો રુચિ થાય તો પુરુષાર્થ કર્યા વગર ન રહે. શ્રધ્ધા સહેલી એમાં છોડવાનું નથી. રુચિ થવી દુષ્કર છે. જ્યારથી રુચિ શરૂ થાય ત્યારથી પશ્ચાતાપ શરૂ થાય એનાથી અંતરાય કર્મ, ઓગળવા માંડે. સાચી રુચિ પ્રગટ થાય તો આત્મા પોતાને છેતરી જ ન શકે.

ભવદેવે ચારિત્રમાં રહી ૧૨ વર્ષ સુધી નાગિલાનું ધ્યાન ધર્યું. ૧૨ વર્ષ અંતરાય કર્મ બંધાયું. શિવભૂતિના ભવમાં તેનો ઉદય આવ્યો. ચારિત્રની ભાવના થઈ, ચારિત્રનો પુરુષાર્થ શરૂ. ચારિત્રમોહ અને અંતરાયકર્મ તોડવા પહેલા જ આહારનો ત્યાગ પછી છટ્ઠના પારણે તીવ્ર સાધનાથી ચારિત્રના અનુબંધ અંતરાય તોડ્યા. તીવ્ર સંવેગ ભાવના કારણે તીવ્ર અનુબંધ પડ્યા, તેથી જંબૂસ્વામીના ભવમાં ચારિત્ર ઉદયમાં આવ્યું અને નિરતિચાર ચારિત્ર પાળી મોક્ષ પામ્યા.

આ પુદ્ગલ દ્રવ્ય છે અને આ આત્મદ્રવ્ય છે એમ ભેદજ્ઞાન થયા પછી પુદ્ગલની રુચિ હટે ને ચિત્ત સમ્યક્ત્વના પરિણામવાળું થાય. પુદ્ગલના અને આત્માના ગુણને જાણ્યા પછી પુદ્ગલમાં હેય પરિણામ ઉદાસીન ભાવ આવે છે. અને આત્મગુણમાં રુચિ રૂપ ઉપાદેયભાવ પ્રગટે ત્યારે રતિ–અરતિના મોહના પરિણામને નિષ્ફળ કરે છે.

પ્રથમ આજ્ઞાવિચયમાં આવવું પડે અર્થાત્ સર્વ વસ્તુઓનો સર્વજ્ઞકથિત તત્ત્વ વડે નિર્ણય કરવો જોઈએ. તો જ અપાય વિચય નામના બીજા પાયા પર જઈ શકાય. અપાય વિચય એટલે જીવો અજ્ઞાનવશ–મોહવશ બની પુદ્ગલ વસ્તુના સંયોગમાં રાગાદિ ભાવો કરે છે. રાગાદિ ભાવો આત્મા માટે અપાય=અનર્થ રૂપ છે.

**(૩) વિપાક વિચય :–** આજ્ઞા અને અપાયના વિચાર બાદ પછી તેના વિપાકને વિચારે કે કષાયને છોડો તો શું થાય અને ન છોડો તો શું થાય ? બંધ કેવી રીતે થાય તેનો વિચાર કરે. વિપાક= વિપરીત પાક. સમ–પરિણામ પ્રગટ થવા જોઈએ તે નહીં થાય. સારા–નરસા પરિણામરૂપે થવું તે વિપાક છે. અપાય–દ્વારા કર્મનો બંધ થાય ને ઉદયમાં પાછો અપાય જ આવે. ક્રોધ દ્વારા કર્મ બધાંય તે ઉદયમાં આવે ત્યારે ફરી ક્રોધ જ આવે.

જો સમક્તિની હાજરી હોય તો આત્માને ગુણની રુચિ થાય અને આત્મવીર્ય દ્વારા પુરુષાર્થ કરે સ્વભાવનું આલંબન લે અને સ્વભાવનું વિચારે કે સમતા એ જ મારો સ્વભાવ છે, તો ક્રોધ ન કરાય. તો તે આવેલા ક્રોધના ઉદયને નિષ્ફળ કરે છે.

ક્રોધ આવે ત્યારે આત્મા સ્વભાવને ભૂલી જાય છે જો તે વખતે સમકિતના પરિણામ હોય તો વિવેકપૂર્વક ક્રોધ કરે. તીવ્રભાવે ક્રોધ ન કરે. કદાચ કરે તો પણ અંદરથી એ જાગૃત હોય. તે વખતે નિકાચિત કર્મોના ઉદયને કારણે ક્રોધ થઈ જાય પણ તરત જ પશ્ચાતાપ કરશે એટલે અનુબંધ નહિ બંધાય. પણ જો મિથ્યાત્વ હશે તો તેને ક્રોધ સારો જ લાગશે. તે ક્રોધ કરીએ તો જ વ્યવહાર બરાબર ચાલે એમ માનશે. કરેલા ક્રોધાદિથી આનંદ–અનુમોદના વડે નિકાચિત અનુબંધ કર્મ બાંધે.

શાસન ચલાવવા પ્રશસ્ત ક્રોધની જરૂર નહિ પણ શાસનનો વ્યવહાર ચલાવવા માટે પ્રશસ્ત ક્રોધ જરૂરી.

સમક્તિથી પડનારા માન કે લોભના ઉદયથી જ પડે છે. તીવ્રતા આવી જવાથી તેના પરિણામથી આત્મા પાછો વળી શકતો નથી.

**(૪) સંસ્થાન વિચય :–** ઉત્તરોત્તર એકબીજાનું ફળ છે. આજ્ઞાનો ભંગ થયો, અપાય થયો તેના કારણે કર્મનો બંધ થયો. તેના કારણે જુદા જુદા આકારોમાં અને જુદા જુદા શરીરમાં આત્મા પૂરાયો. નિરાકારતાને ભૂલ્યો અને વિકારને

આધીન બન્યો. તેના મૂળિયા ખૂબ ઊંડે સુધી ગયા. હવે તે મૂળિયાને ઉખેડવા ધ્યાન જરૂરી છે. સમતા આવે તો ધ્યાનના પૂર ઉમટે.

પ્રશસ્ત આકાર– પરમાત્માની મૂર્તિ સ્વભાવને પ્રગટાવે છે અને વિકારી રૂપને જોતાં વિકાર પ્રગટે છે. તે વિકારને ઉખેડવા પ્રશસ્ત અથવા શુદ્ધ ધ્યાન જોઈએ. આકારના કારણે જ વિભાવ પ્રગટે છે.

ચૌદરાજલોકમય લોકાકાશ અને તેમાં રહેલા પદાર્થોની વિચારણા તે સંસ્થાન વિચય ધર્મધ્યાન છે. ધર્મ=સ્વભાવ ધ્યાન= સ્વભાવમાં સ્થિર થવું એ ધર્મ ધ્યાન.

દ્રવ્ય–ગુણ અને પર્યાયોની પૃથકત્વપણે અને એકત્વપણે ચિંતન કરવામાં ચિત્તની અત્યંત જે સ્થિરતા તે શુકલધ્યાન કહેવાય છે.

- **'ભાવદયા કોને કહેવાય ?'**

પોતાના અને પરના ભાવપ્રાણોની હિંસા ન કરવી તે ભાવદયા કહેવાય છે. તથા પોતાના અને પરના દ્રવ્યપ્રાણોની રક્ષા કરવાનો નિશ્ચયપૂર્વક જે પરિણામ તે દ્રવ્ય દયા કહેવાય છે. દ્રવ્યદયા ભાવદયાની વૃદ્ધિનો અને ભાવદયાની રક્ષાનો હેતુ હોવાથી દ્રવ્યદયાને પણ દયા તરીકે આરોપિત કરાય છે.

જ્યાં સુધી કષાયનો પરિણામ ત્યાં સુધી દયાનો પરિણામ પણ રહેવાનો. આગળ–આગળના ગુણસ્થાનક પર સ્વની પ્રધાનતા અને પરની ગૌણતા આવતી જાય છે. દ્રવ્ય પ્રાણ પણ ભાવપ્રાણના આધારે જ ચાલે છે. ભાવપ્રાણ વિના એક પણ દ્રવ્ય પ્રાણ નહીં ઘટે. દ્રવ્યપ્રાણનો વિનાશ થતો હોય ત્યારે ભાવપ્રાણ વિનાશ ન પામે પણ અંદર સમતાના પરિણામ વધી જાય. જેમ જેમ ધ્યાન વધે તેમ તેમ ભાવપ્રાણની પ્રધાનતા વધે. આત્મવીર્ય દ્રવ્યપ્રાણની રક્ષામાં પરણમન થતું હોય તો જ ભાવ પ્રાણની રક્ષા થાય.

દ્રવ્ય પ્રાણનો મોહ છોડવાનો છે, એ ભાવપ્રાણમાં અડચણરૂપ બને છે. મોહ દ્રવ્યપ્રાણમાં બાધક છે. મોહ અને દ્રવ્ય પ્રાણ છે ત્યાંસુધી આપણને અસર થશે. આપણે દ્રવ્ય પ્રાણ સાથે એકમેક થઈ ગયા છીએ. એટલે તેને કંઈ

થાય તો તરત અસર થાય. તરત પ્રતિકાર કરીએ. આવું ભાવ પ્રાણોમાં થાય ? ભાવ પ્રાણના ભોગે દ્રવ્ય પ્રાણોની રક્ષા કરીએ છીએ, એટલે વર્તમાનમાં ધર્મ પામતાં નથી. વ્યવહારથી ધર્મ ઘણો કરીએ છીએ પણ પરિણામથી ધર્મ થતો નથી.

- **'અનશનમાં ભાવ પ્રાણોની રક્ષા છે.'**

ભાવદયા ભાવપ્રાણની રક્ષા કરે. મિથ્યાત્વની હાજરીમાં દ્રવ્યપ્રાણ પર દયા આવે. સમક્તિની હાજરીમાં ભાવપ્રાણની પ્રધાનતા હોય.

અનશનમાં આત્મા દ્રવ્યપ્રાણનો ઘાત નથી કરતો પણ ખાવું એ આત્માનો સ્વભાવ નથી માટે એ શરીરને પોષણ આપતો નથી. દ્રવ્યપ્રાણથી પોતે જુદો છે અને આત્માના ગુણો જ પોતાના છે તેની અનુભૂતિ કરી સમતાને વેદે છે. જ્યારે આપઘાત વખતે તો આત્માના ભાવપ્રાણોને ફટકો પડે છે. સ્વ–પરને પીડાનું કારણ બને છે. જ્યારે અનશન તો મહોત્સવરૂપ બને છે. કેમ કે અનશનમાં ભાવપ્રાણની રક્ષાનો લાભ છે. માટે તે ધર્મધ્યાન સ્વરૂપ બને છે. ભાવપ્રાણોની રક્ષા–વૃદ્ધિમાં દ્રવ્ય પ્રાણોની જેટલી સહાયની જરૂર હોય તેટલી સહાય લેવાની પણ દ્રવ્ય પ્રાણ હવે ભાવ પ્રાણમાં સહાયભૂત થાય છે તેમ નથી તેવી ખાતરી થયા પછી દ્રવ્યપ્રાણોને સ્વેચ્છાએ અને વિધિપૂર્વક છોડવામાં બાધ નથી. મૂળમાં ભાવપ્રાણોને જરાપણ નુકશાન ન થવું જોઈએ. ભાવપ્રાણોની પ્રધાનતા છે અને દ્રવ્યપ્રાણોની ગૌણતા છે માટે દરેક વ્યવહારમાં આ વાતનું લક્ષ રાખવાનું છે.

- **સંસાર એટલે દ્રવ્યપ્રાણોની રક્ષા અને ભાવપ્રાણોનો નાશ**

આખો સંસાર દ્રવ્યપ્રાણની રક્ષા માટે ભાવપ્રાણોની હાનિ કરે છે. ધર્મમાં ભાવપ્રાણોની પ્રધાનતા કરી ભાવપ્રાણો દ્વારા ધ્યાન કરવાનું છે, તેમાં દ્રવ્ય પ્રાણોની સહાયતા લેવાની છે. સહાય લઈને એને પણ છોડી દેવાના છે. ત્યારે ધ્યાન સિધ્ધ થતું જાય તેમ સમતાની વૃદ્ધિ, જ્ઞાનની શુદ્ધિ અને કર્મોની અપૂર્વ નિર્જરા થાય છે. માટે દરેક ક્રિયા ધ્યાનમય કઈ રીતે બને તેનું લક્ષ રાખવાનું છે.

જે દ્રવ્યદયાથી દ્રવ્ય પ્રાણ અને ભાવપ્રાણથી યુક્ત બને તો કરેલી તે દ્રવ્યદયા પણ નિર્જરાનું કારણ બને.

દા.ત. ભિખારી ભૂખથી ટળવળે છે, તેના કારણે તેને અસમાધિ થાય છે તેથી ભાવપ્રાણોની હાનિ થાય છે. માટે ભિખારીને કંઈપણ આપો ત્યારે તેની સમાધિનું લક્ષ કરીને આપવાથી તે દયા સમકિતની પુષ્ટિનું કારણ બને છે.

જો સમાધિનું લક્ષ હોય તો દયાના પરિણામથી સમ્યક દર્શન નિર્મળ થાય છે. એને આપવાથી એનો આત્મા સમાધિ પામે, દુર્ગતિમાં ન જાય, આર્તધ્યાનથી બચી જાય એવો ભાવ જોઈએ.

જેવો વેશ પહેરો તેવો ઉચિત વ્યવહાર કરવો જ પડે. જેને કારણે કોઈને પણ અસમાધિનું કારણ ન બને. તમામ વ્યવહાર આજ્ઞાઓના વ્યવહાર ઊંડાણમાં જોઈએ તો સમતા છેક સમાધિ સુધી પહોંચાડે.

ધ્યાનરૂપી નદીમાં દયાના કારણે સમતાનું પૂર વહે છે. ત્યારે કિનારે રહેલા વિભાવરૂપી વૃક્ષોને જડમૂળથી ઉખેડી નાંખે છે. સમતા–દયા વિના ક્યારે ય પ્રગટ ન થાય.

દ્રવ્ય દયા માટે વિશેષાવશ્યકનો પાઠ આપીને હિંસાની વાત કરી છે. દ્રવ્ય પ્રાણનો નાશ કરતો નથી તે અહિંસક નથી અને જે નાશ કરે છે તે હિંસક નથી. આ વાત સ્યાદ્‌વાદ શૈલીથી સમજાવે છે.

જેના પરિણામમાં દુષ્ટતા છે ત્યાં હિંસકતા છે. ડૉકટર કાપકૂપ શસ્ત્રક્રિયા કરે છે છતાં અહિંસક કેમ કે મારવાના પરિણામ નથી પરંતુ જીવાડવાના પરિણામ છે. જો મરવાના, મારવાના કે મરાવવાના ભાવ હોય તો હિંસક. દ્રવ્ય દયા જો ભાવદયાનું કારણ ન બને તો દ્રવ્યદયા પણ લૌકિક દ્રવ્યદયા કહેવાય. તરસ્યાને પાણી પીવડાવ્યું. શા માટે ? તો કહે મને પણ કોઈક પીવડાવશે. તો તે દ્રવ્યદયા પણ નથી બનતી પણ ત્યાં સ્વાર્થ છે. સોદાબાજી છે.

આત્માનો 'અભય' એ સ્વભાવ છે, તેને પ્રગટ કરવાનો છે. સ્વ–પર બંને માટે ભાવપ્રાણોની પ્રધાનતા છે.

રસ્તામાં ચાલતા જીવોને બચાવવાના શા માટે ? દ્રવ્યપ્રાણોને નાશ થશે તો સાથે ભાવપ્રાણો પણ નાશ પામશે. તો આર્તધ્યાનમાં જશે તો તેની દુર્ગતિ થશે. માટે એના ભાવપ્રાણોને બચાવવા માટે એના દ્રવ્યપ્રાણને બચાવવાનાં છે.

આત્મ સ્વભાવને પામવાને યોગ્ય જીવોને પમાડવા માટે ધર્મ કહેવાનો છે. તેનાથી આત્મામાં સ્થિરતા આવે છે. આત્માની શુદ્ધિ થાયછે. આત્માના ગુણોની વૃદ્ધિ થાય છે. પછી તેનો યોગ્ય જીવોમાં વિનિયોગ થાય છે. જેને સિધ્ધિ પ્રાપ્ત થાય છે. તેનામાં વિનિયોગ સ્વભાવ આવે છે.

આત્મામાં દયા ધર્મ પરિણામરૂપે પ્રગટ થાય ત્યારે આત્મામાં સંવેદના થાય. ૪ થા ગુણઠાણે આસ્તિકય દ્વારા નિર્ણય થાય કે આત્મા આનંદ અને સમતાથી ભરેલો છે. તો પણ વર્તમાનમાં તે આનંદ કેમ નથી અનુભવતો ? કારણ કે મોહની પીડા અનુભવે છે. તેથી આત્માને વિશે દયાના પરિણામ આવે. જેમ મારા આત્માએ આનંદ ભોગવવો જોઈએ. તેમ બીજા આત્મા પણ આનંદમાં રહેવા જોઈએ.

આપણે માત્ર દ્રવ્યદયા જ વિચારવાની નથી કે આ જીવ ભૂખથી તરસથી કે ધનથી કેવો પીડાય છે ? માત્ર આટલું જ ન જોતાં વિચારવું જોઈએ કે ભૂતકાળમાં પોતાના સ્વભાવમાં ન રહ્યો. શાતા ભોગવવાનો રાગ કર્યો તેના કારણે અશાતા બંધાઈ.

શાતા ભોગવવાના ભાવ દ્વારા આત્માને પીડા કરવાનો ભાવ થયો માટે વર્તમાનમાં તે પીડા ભોગવી રહ્યો છે, તો હું સાવધાન થઈ જાઉં અને મારા આત્માને પીડા ન આપું પણ સમાધિ આપીને પછી સાચો ધર્મ સમજાવું.

પ્રભુએ શાસન રાગ–દ્વેષને જીતવા માટે સ્થાપ્યું અને તે જ શાસનને હું મારામાં પણ સ્થાપું અને બીજા યોગ્ય જીવોને સહાયક બનું.

## ● દયાની ચતુર્ભંગી

દયા જેટલી પ્રશસ્ત – તો પુણ્યાનુબંધી પુણ્ય બંધાય.

દયા જેટલી શુભ – તેટલું પુણ્ય બંધાય.

દયા સ્વાર્થના ઘરની– તો અનુબંધ પાપનો પડે પોતાને દુઃખોની પ્રાપ્તિ ન થાય માટે બીજાને અન્ન–પાણી આદિ આપે.

દયા જેટલી શુદ્ધ– તેટલી નિર્જરા વધુ સ્વપ્રધાન દયા. સ્વભાવરૂપ પ્રાણોની રક્ષાના પરિણામપૂર્વકની દયાથી નિર્જરા થાય.

સવિ જીવ કરું શાસન રસી = સવિ જીવને શાસનના (=સ્વભાવના) રસિયા બનાવી કલ્યાણ કરું. પરમાત્માએ આવી પ્રશસ્ત=પ્રકૃષ્ટ ભાવદયા ચિંતવી માટે પ્રકૃષ્ટ–પુણ્યાનુબંધી પુણ્ય બાંધ્યું. તીર્થંકર નામકર્મની નિકાચના કરી.

દયા જેમ જેમ નિર્મળને શુદ્ધ બનતી જાય તેમ તેમ તે ભાવપ્રાણોના રક્ષણવાળી બને છે અને તે વિશુદ્ધ દયા છે. ભાવદયા એ વ્યવહાર ધર્મ છે. વિશુદ્ધ દયા એ સ્વભાવનું કારણ બને છે અને આત્માના ગુણોને પ્રકર્ષે ખેંચી લાવે છે. વિશુદ્ધ દયાના પરિણામવાળી નદીમાં સમતાનું પૂર આવે.

## ● સંરંભ–સમારંભ અને આરંભ – ત્રણ દ્રવ્ય હિંસા છે.

**સંરંભ**= હિંસા કરવાનો વિચાર કરવો.

**સમારંભ**= હિંસાની સામગ્રી ભેગી કરવી.

**આરંભ**= હિંસા કરવી તે.

જો સંસાર ગળે વળગ્યો ન હોય તો આ પાપ વ્યાપારો કરવા પડત નહીં. સંસારના દરેક વ્યવહારમાં સાધુને માર્ગનો ઉપયોગ આવે. ગૃહસ્થવેષમાં છું માટે આ વ્યવહાર કરવો પડે છે, સાધુપણામાં હોત તો આ વ્યવહાર ન કરવા પડત.

## • અર્થદંડ અને અનર્થદંડ

આ વ્યવહાર અર્થદંડ અને અનર્થદંડના કારણે કરવો પડે છે.

**અર્થદંડ :**– જેના વિના સંસારનો વ્યવહાર ન ચાલે. ખાવા–પીવા–રહેવાની વસ્તુ વિના ન ચાલે.

**અનર્થદંડ :**– જેના વિના સંસાર ચાલે. તે બિનજરૂરી છે. સિનેમા–નાટકાદિ પ્રવૃત્તિ વિના ચાલે.

અર્થદંડ પણ હેયરૂપે લાગે. ઉદાસીનભાવ હોય ત્યાં આદર ન હોય અને આદર ન હોય ત્યાં રાગ ન હોય. ધન કમાવું તે હેય. આજીવિકા પૂરતું કમાવવું તે વ્યવહારથી ઉપાદેય અને નિશ્ચયથી હેય જ લાગે. નિશ્ચય વિનાનો વ્યવહાર સર્વજ્ઞનો વ્યવહાર બનતો નથી, સંસારનો જ વ્યવહાર બને છે.

## • આત્મા કયા કારણે પરિભ્રમણ કરે છે ?

આત્મા વિષય – કષાયના – વિકારના કારણે પરિભ્રમણ કરે છે.

કષાયોથી વિષયના વિકાર ઉત્પન્ન થાય, તે શાંત ન પાડો તો એ જ વિષયથી કષાય ઉત્પન્ન થાય. આત્માનાં ગુણો પર આવરણ આવે. મોહનીય કર્મથી આવરણ આવે અને ઉદયરૂપે મોહના વિકારથી ઉદયમાં આવે અને આત્મા પરિભ્રમણ કરે છે. તે જ આત્માને પરિભ્રમણ કરતાં કરતાં કર્મ ઘટે, કષાય ઘટે, કર્મ લઘુતા થાય ત્યારે તત્ત્વ મળે અને સ્વરૂપનો નિર્ણય કરે અને એ માટે તત્પર થાય. ત્યારે સ્વરૂપને પામી ગુણમય બનવા માટે કષાયને આધીન બનતો નથી અને અનાદિના વિકારોને સંપૂર્ણ નાશ કરનારો બને છે.

દરેક ગુણઠાણે જીવમાં સમતા તો છે જ પણ આગળ આગળના ગુણઠાણે તે વૃધ્ધિ પામતી જાય. ૪થે સમતા શાંત હોય, પૂર ન હોય કેમ કે માત્ર ભાવ છે. નદી જેવી હતી, તેવી માત્ર ભાવરૂપ હતી, દ્રવ્ય ને ભાવ દુઃખ દૂર કરવાનો ભાવ આવ્યો, પણ સ્વભાવ ન આવ્યો.

અવિરતિના કારણે આત્મા દુઃખી છે. કુટુંબના સંગમાં મમતાથી આસક્તિથી રહ્યો છે તો તે પોતાની વીતરાગ દશાથી દૂર છે. કુટુંબને ગૌણ માનો અને આત્માને પ્રધાન માનો તો પછી વિવેકપૂર્ણ વ્યવહાર થશે. તેનાથી તમે નવા સંસારનું સર્જન નહીં કરી શકો, ને બંધમાંથી છૂટશો.

અહીં નદી ને પૂર બે વાત લખીને દયાની વાત સમજાવી. કુટુંબમાં રહ્યો છે તેમાંથી છૂટી શકતો નથી તેની દયા આવે અને જો મમતા પાતળી થતી જાય, એટલે ચારિત્ર મોહનીય તૂટે એટલે પૂર આવે= અધિક આવે તો તે સર્વવિરતિ ગ્રહણ કરી લે અને પૂર જો મંદ હોય તો તે દેશવિરતિને ગ્રહણ કરે.

જ્ઞાન–ધ્યાન–તપ–ત્યાગથી માત્ર આત્મા ગુણસ્થાનક પર ચડી શકતો નથી. પરંતુ જેમ જેમ ચારિત્ર મોહનીયનો પરિણામ વિચ્છેદ થાય તેમ તેમ ગુણસ્થાનક પર આગળ જાય છે.

મિથ્યાત્વ મોહના વિગમથી વિચારોની શુદ્ધિ આવે અને ચારિત્ર મોહના વિચ્છેદથી આચારમાં શુદ્ધિ આવે છે.

ધ્યાનનું ફળ સમતા અને સમતાનું ફળ વૃત્તિનો ક્ષય. વૃત્તિઓ અનાદિકાળથી છે તે એમને એમ નીકળે નહિ. વિષયોનું કારણ કષાયો છે. વિષય–કષાયથી યુક્ત આત્મા ડૂબે છે. તેના કારણે સ્વભાવ પર આવરણ આવે છે. વિષય કષાયનું કારણ બને છે અને તે ઉદયમાં આવે ત્યારે આત્મા પોતાના સ્વભાવમાં રહી શકતો નથી અને પરપુદ્ગલના ગુણોના સ્વભાવ પ્રમાણે આત્મા પરિભ્રમણ કરે છે. જ્યારે આત્મા પોતાના સ્વરૂપને ગ્રહણ કરે છે, તેનો નિર્ણય કરે છે ત્યારે પરના સ્વરૂપને છોડે છે. ત્યારે તત્ત્વની= રત્નત્રયી એકતા થાય છે, ત્યારે કર્મબંધ થતો નથી અને તેના વડે આત્મામાં સમતાનું પૂર વૃદ્ધિ પામે છે અને મોહનો વિકાર નાશ પામે ને તેના મૂળિયાનો નાશ થાય છે.

ભાવહિંસા એ પરિણામાત્મક છે અને દ્રવ્ય હિંસા એ દ્રવ્યપ્રાણોના ઘાત ક્રિયારૂપ છે.

વ્યવહાર નયથી જે સ્વ–પર પ્રાણોનો ઘાત કરે તે હિંસક અને ઘાત ન કરે તે અહિંસક= દયાવાળો કહેવાય છે. પરંતુ નિશ્ચયથી પરિણામથી હિંસા કરતો જીવ સ્વ–પરપ્રાણોનો ઘાત ન કરે તો પણ હિંસક છે. જેમ શિકારી બાણ મારે અને કદાચ હરણ ખસી જાય ને ન મરે તો પણ શિકારી હિંસક કહેવાય છે. તેવી જ રીતે પરિણામથી હિંસા ન કરતો દયાવાળો જીવ સ્વ–પર પ્રાણોને પીડા કરે તો પણ તે અહિંસક કહેવાય છે. જેમ વૈદ્ય રોગીને રોગનો નાશ કરવા પીડા કરે, બેહોશ કરે, કાપકૂપ કરે તો પણ તે અહિંસક કહેવાય છે.

**ગાથા – ૫ :**

**જ્ઞાનધ્યાનતપઃશીલ સમ્યકત્વસહિતોઽપ્યહો ।**
**તં નાપ્નોતિ ગુણ સાધુર્યમાપ્નોતિ શમાન્વિત : ।।૫।।**

**ગાથાર્થ :** કેવું આશ્ચર્ય ! શમથી અલંકૃત મુનિ જે ગુણો મેળવે છે તે ગુણો જ્ઞાન, ધ્યાન, તપ, શીલ અને સમ્યક્ત્વથી સહિત સાધુ પણ શમવિના મેળવી શકતો નથી.

**જ્ઞાન :–** तत्त्वावबोधःज्ञानम्– જીવાદિ નવ તત્ત્વનું જ્ઞાન થવું એટલે જાણકારી મેળવવી અને અવબોધ થવો. એટલે આત્મામાં પરિણત થવું. સર્વજ્ઞની દષ્ટિથી તત્ત્વદ્વારા સ્વ આત્માનો સ્વ તરીકે નિર્ણય ન થાય અને શરીરાદિનો પર તરીકે નિર્ણય ન થાય તો તત્ત્વનો અવબોધ થયો ન કહેવાય. જ્ઞાન અવબોધ સ્વરૂપે અર્થાત્ આત્મા તરીકે સ્વીકાર થાય ત્યારે સ્પર્શ્યું કહેવાય અને આત્મા સ્વગુણમય બને ત્યારે સંવેદન રૂપે થાય માટે નિર્જરા થાય.

**ધ્યાન :–** પરિણામની સ્થિરતાને ધ્યાન કહ્યું છે. જીવ સમતાગુણમાં સ્થિરતા પામે તો ચંચળતા દૂર થાય. પરિણામ સ્વરૂપે બનવું એટલે ? જીવ–અજીવ દ્રવ્ય વિષે એને મોહના પરિણામ ન થાય. અસ્થિરતા મોહના પરિણામથી થાય છે. મોહનો પરિણામ ન આવે તો સ્થિરતા આવે.

સમ્યક્ત્વના કારણે જીવદ્રવ્ય પ્રત્યે રુચિનો પરિણામ આવ્યો.

રાગ–દ્વેષના પરિણામને હેય માને છે. પણ મોહનો પરિણામ તો ઊભો જ છે. આસક્તિનો પરિણામ ઊભો છે એટલે સ્થિરતા નથી. માન્યતા વિશે સ્થિરતા સમકિતથી થાય પણ વર્તનની સ્થિરતા તો ચારિત્ર મોહનીયના જવાથી આવે છે. જેટલા અંશે પરિણામની સ્થિરતા તેટલા અંશે ધ્યાન કહેવાય.

**તપ** :– इच्छा निरोधः तप : પર સંબંધી ઈચ્છા મોહના ઉદયથી થાય. તે જ આત્માનો મોહ પરિણામ છે. ૪થા ગુણઠાણે ઈચ્છા થાય એટલે અભિલાષ થાય. છઠ્ઠા ગુણઠાણે પણ મોહનો ઉદય છે. ગુણ સંબંધી થાય તો પ્રશસ્ત છે. પણ મોહના ઉદયથી જ થાય. ઈચ્છા લોભમોહનીયના ઉદયથી થાય છે. ક્ષયોપશમ થાય તો તૃપ્તિનો અનુભવ કરાવે. મોહનો જેટલા અંશે ક્ષય–ઉપશમ કે ક્ષયોપશમ થાય તેટલા અંશે સમતાનો પરિણામ થાય. સમકિતની હાજરીમાં મોહનો ઉદય હોય તો તે પ્રશસ્તમાં ફેરવાઈ જાય.

તપના સંવર અને નિર્જરા એ બે પરિણામો છે. આત્માના સ્વભાવ વિરોધી જે ઈચ્છા થાય તેને રોકવી તે સંવર કહેવાય. તે ઈચ્છાથી અટકે તો કર્મ નિર્જરા થાય. અહીં પુદ્‌ગલ ભોગના અભાવમાં સહજ તૃપ્તિ થાય છે. તપમાં સંતોષવૃત્તિ પ્રગટે છે. માટે પરની = પુદ્‌ગલભોગની ઈચ્છા રહેતી નથી.

**શીલ :**– બ્રહ્મચર્ય–આત્મા પાંચે ઈંદ્રિયોનાં વિષયોથી પર થઈ પોતાના ગુણોમાં રમે તે બ્રહ્મચર્ય. શીલ= ચારિત્ર.

**સમ્યક્ત્વ :**– तत्वश्रध्धानं सम्यग्‌दर्शनम्‌ – તત્ત્વ શ્રધ્ધાને સમ્યક્ત્વ કહ્યું છે. વસ્તુની અંતિમ અવસ્થાને મૂળરૂપે સ્વીકારવું. સર્વજ્ઞની દષ્ટિમાં જે પણ દ્રવ્ય–ગુણ–પર્યાય છે તેને તે રીતે માનવું–સ્વીકારવું, રુચિ કરવી.

જીવ દ્રવ્ય પ્રત્યે ઉપાદેય બુદ્ધિ, પુદ્‌ગલ પ્રત્યે – હેયબુદ્ધિ. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાયને જ્ઞેયરૂપે જાણવા. તે તે રૂપે આપણા પરિણામ આવે ત્યારે તે સમ્યક્ત્વ બને. જ્ઞાન–ધ્યાન–તપ–શીલ. સમ્યક્ત્વગુણોથી યુક્ત સાધુ હોવો જોઈએ.

અવબોધવાળું જ્ઞાન, સ્વગુણ રુચિરૂપ સમ્યક્ત્વ, સ્થિરતારૂપ શીલ તે જ ધ્યાન, ઈચ્છારોધ રૂપ તપ હોવા જોઈએ.

જે જે સ્વભાવ અને સ્વરૂપ નથી અર્થાત્ જે પોતાનું નથી તેને મેળવવાનો ભાવ તે ભવની ઈચ્છા છે. જે સ્વરૂપે હું નથી તે સ્વરૂપને છોડી દેવાનું છે. વિભાવને છોડી સ્વભાવમાં લીન થવાનું છે.

આવા પ્રકારની રત્નત્રયી ગુણરૂપ તત્ત્વને પમાડે વિપરીતતાને દૂર કરે છે ત્યારે તે નિરાવરણ એવા કેવળજ્ઞાન રૂપ ગુણની પ્રાપ્તિ કરે છે. સાધુને તે ગુણ સમતા ગુણની પ્રાપ્તિથી જ થાય છે. તેના વિના પ્રાપ્ત ન થાય. રત્નાત્રયીની એકતાથી જ આત્મા પૂર્ણતાને પામી શકે છે.

સમગ્ર જીવરાશિ વિશે સમદષ્ટિથી જોવાનો પરિણામ આવે પછી જ જ્ઞાન વિશુદ્ધ બને. સંપૂર્ણ કષાયનો અભાવ થાય ત્યારે જ આત્મામાં યથાખ્યાત ચારિત્ર આવે. ૧૨મે–૧૩ મે ગુણઠાણે સંપૂર્ણ યથાખ્યાતચારિત્ર હોય છે. પૂર્ણ વીતરાગ દશાને પ્રાપ્ત કરે છે. કેવળજ્ઞાન પ્રગટ થવામાં નજીકનું કારણ સમતા છે.

પમા ગુણઠાણે સમતાના અંકુર ફૂટે, ૭ મે સમતા સિધ્ધ થાય, ૮ મે ક્ષપક શ્રેણિ માંડે, ૯ મે લોભ સિવાયના તમામ કષાયો ક્ષય પામે છે. ૧૦ માના અંતે લોભ જાય ત્યાં સુધી વીતરાગતા પ્રાપ્ત થતી નથી. ૧૦ મે શક્તિહીન થયેલો અને જાયક શ્રેણીમાં વીર્ય દ્વારા ટુકડા કરતાં સંપૂર્ણ ક્ષય કરે ત્યારે નિર્વિકલ્પ સ્થિતિ રૂપે પામે તે વખતે અભેદ રત્નત્રયીની પરિણતિ હોય છે. અર્થાત્ જે પ્રમાણે જાણે તે પ્રમાણે સ્વીકારે અને તે જ પ્રમાણે વર્તે તો અભેદ રત્નત્રયી રૂપ યથાખ્યાત ભાવિકચારિત્ર પામે. ૧૧ મે ઉપશમ અને ૧૨ મે ક્ષાયિક વીતરાગતા પ્રગટ થાય.

૭મે અભેદ રત્નત્રયીનો આરંભ થાય અને જો તે ટકી જાય – ૮ સમયથી અધિક રહે તો શ્રેણિ માંડે.

સમ્યક્ત્વ સહિત સમતાયુકત જ્ઞાની જે પ્રાપ્ત કરે છે તે બીજા પ્રાપ્ત કરી શકતા નથી. તે ૪થાથી ૭મા ગુણ વાળા ઘણા જીવો છે.

ક્ષયોપશમ ભાવમાં ગુણો પૂર્ણ રૂપે પ્રગટ થતા નથી. કારણ કે આવરણકર્મ પૂર્ણ ગયા નથી. તેથી જો આવરણકર્મો ઉદયમાં આવે તો પાછા પડવાનો સંભવ છે. તે ૧લા ગુણઠાણે પણ આવી શકે અને જ્યાં જ્ઞાન બિડાયેલું છે એવી નિગોદમાં પણ જઈ શકે. ફક્ત અક્ષરનો અનંતમો ભાગ જ જ્યાં ખુલ્લો છે.

ક્યાં નિગોદ અને ક્યાં ૧૪ પૂર્વી માટે જ સ્વભાવમાં રહેવા સતત સ્વાધ્યાયમાં રહેવાનું છે. સૂત્ર–અર્થ–તદુભય–અનુપ્રેક્ષા વિ. સતત પરાવર્તન કરવું જ પડે નહિતર ચાલ્યું જાય.

૧૨ વર્ષ સૂત્રનો અભ્યાસ, ૧૨ વર્ષ અર્થનો અભ્યાસ અને ૧૨ વર્ષ અનુભવ અભ્યાસ કરવાનો છે. આ સિધ્ધ થયા પછી ગુરુ–શાસ્ત્રનું આલંબન છૂટી જાય, સ્વભાવ ધર્મમાં આવે અને સામર્થ્યયોગને પ્રગટાવે.

૧૪ પૂર્વીને પણ સ્વાધ્યાય માટે એકાંતમાં જવું પડે. ભદ્રબાહુ સ્વામી ૧૪ પૂર્વ ભણ્યા પછી ૧૨ વર્ષની સાધના–'મહાપ્રાણાયામ ધ્યાન' માટે નેપાળ ગયા અને મહાપ્રાણાયામ ધ્યાન સિદ્ધ કર્યું. જેના પ્રભાવે ૧ મુહૂર્તમાં ૧૪ પૂર્વ પરાવર્તન કરી શકે. સ્થૂલભદ્રજી અને ૫૦૦ મુનિઓ ભદ્રબાહુ સ્વામી પાસે ભણવા ગયેલા. પણ પુષ્કળ ઠંડીના કારણે બધા પાછા આવી ગયા. ફક્ત સ્થૂલભદ્ર સ્વામીએ અનુકૂળ–પ્રતિકૂળ બધા પર વિજય મેળવ્યો હતો. ૫૦૦માંથી ફક્ત સ્થૂલભમુનિ જ ટક્યાં. ૮ વર્ષમાં ૮ પૂર્વનું જ્ઞાન મેળવ્યું. બાકીનું ભદ્રબાહુ સ્વામીજીએ મહાપ્રાણાયમ ધ્યાન પૂર્ણ કર્યા પછી સ્થૂલભદ્રજીએ સૂત્રથી ૧૪ પૂર્વનું જ્ઞાન મેળવ્યું. ૧૦ પૂર્વનું અર્થથી જ્ઞાન મેં

દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવની અસર ન થાય તે સિદ્ધાત્મા છે. સિદ્ધાત્મા બનવા માટે ચારેયથી અતીત બનવાનું છે. પહેલાં તરવા માટે એ ચારેયનું આલંબન લઈને જ એનાથી છૂટી જવાનું છે. કારણ સિધ્ધક્ષેત્રમાં પર દ્રવ્ય–ક્ષેત્ર કાળનો અભાવ છે. સાધકે શરૂઆતમાં સાધનામાં સહાયક વાતાવરણમાં રહેવાનું છે, જેથી સાધ્યની સિધ્ધિ તરફ સાધનામાં સ્થિરતા થાય,

પછી પ્રતિકૂળ ક્ષેત્રમાં જઈને પ્રતિકૂળતાઓને પણ સહન કરવાની તેમ કરતાં તે સામર્થ્ય યોગને પ્રાપ્ત કરે.

જે આત્મા ધીરજ ધારણ કરે તે જ એમાં ટકી શકે, બીજા ન ટકી શકે. પોતે જે સાધ્ય= નિર્ણય કર્યો છે તે અવશ્ય મળવાનું જ છે એવી અપૂર્વ શ્રધ્ધા હોય. વિકલ્પ ન હોય તેને અવશ્ય મળે.

માષતુષ મુનિની જેમ શ્રધ્ધા પ્રગટી જાય તો સાધ્ય સિદ્ધિ થાય જ. સાધ્ય રૂપ નિર્વિકલ્પ અવસ્થા પ્રાપ્ત કરવાની છે. તે ક્યારે પ્રાપ્ત કરી શકાય ? જેઓ નિર્વિકલ્પ અવસ્થાને ધારણ કરીને રહેલાં છે તેમની પાસે અથવા તો જેઓ નિર્વિકલ્પ અવસ્થા પ્રાપ્તિની ઝંખનાપૂર્વક અભ્યાસ દ્વારા તેની સિધ્ધિની નજીક પહોંચ્યા છે તેમની પાસે રહી અભ્યાસાદિ કરે, તેમની પ્રસન્નતા મેળવી તેમનામાં રહેલા અનુભવજ્ઞાનને પ્રાપ્ત કરે.

સંસારમાં પણ જ્યારે સાધ્ય નક્કી થાય છે ત્યારે તેના તમામ ઉપાયોની શોધ ચાલુ થઈ જાય છે. અહીં પણ શોધ કરો તો બધું જ મળી જાય એમ છે. પણ સાધ્યનો નિર્ણય નથી. આપણને સર્વજ્ઞનું શાસન મળી જ ચૂક્યું છે. આથી સર્વજ્ઞના બતાવેલા સાધ્યના ઉપાયમાં કોઈ વિકલ્પને સ્થાન નથી એને વગર વિચાર્યે સ્વીકારી જ લેવાનું છે.

આમ આત્મા પ્રથમ શ્રધ્ધાથી ભાવિત થાય, પછી નિર્મળ મેધા=બુદ્ધિ વડે પાકો નિર્ણય થઈ જાય કે મારા આત્માનું કલ્યાણ જિનમતના પાલનથી જ થવાનું છે. પછી ધીરજથી તેને પામવાના ઉપાયોને ગુરૂમુખે સાંભળે પછી તેની ધારણા કરી ચિત્તમાં અવધારી લે, પછી તેના પર સતત અનુપ્રેક્ષા ચાલે, પછી તેના રહસ્યને પામવાની ખોજ વધતી જ જાય. તેમાંથી રહસ્યને પામી તેનામાં આનંદની વૃદ્ધિ થતી જાય. તેનામાં તત્ત્વની સ્થિરતા થઈ જાય. પછી તેમાં વિશેષ સ્થિરતા માટે કાઉસ્સગ્ગ ધ્યાનમાં એવો આવી જાય કે તેને આત્મતત્ત્વ સિવાય બીજું કંઈ સારભૂત ન લાગે. જે જાણે તેને સહજપણે આત્મામાં પરિણામ પમાડતો જાય અને સ્વરૂપ અને સ્વભાવની સન્મુખ થતો જાય.

લોગસ્સ અને નવકાર એ બે આત્માને સ્વભાવમય અને સ્વરૂપમય બનાવનારા છે. અનુપ્રેક્ષા–ચિંતન કરતા આત્માને જ્યારે, પોતાની શુદ્ધ અને અશુદ્ધ અવસ્થાનો નિર્ણય થાય ત્યારે તે અશુધ્ધ અવસ્થાથી દૂર થવાનો અપૂર્વ પ્રયત્ન કરે. મન–વચન–કાયા ત્રણે યોગથી રહિત બનીને માત્ર આત્મા રૂપે જ છે તેનો સ્વીકાર કરીને અપૂર્વ વીર્ય તેમાં ફોરવે ને પ્રથમ સંઘયણ હોય તો તેને કેવળજ્ઞાન પણ પ્રાપ્ત થઈ જાય. આ શરીર દ્વારા મોહના માધ્યમે આત્મા વર્તમાનમાં સુખ–દુઃખનું સંવેદન કરે છે માટે મોહના પરિણામને છેદવાનો છે. તે છે ત્યાં સુધી આત્માના સુખને વેદી ન શકે. માટે પ્રથમ ભેદજ્ઞાન કરવાનું છે. પછી રુચિ અને પછી રુચિ પ્રમાણે પ્રવૃત્તિ પછી વૃત્તિનો છેદ કરવાનો છે. વૃત્તિનો છેદ કરવા વડે સ્વભાવની સ્થિરતા પ્રાપ્ત કરવાની છે.

- **કાયોત્સર્ગના બે પ્રકાર**

**(૧) સમય મર્યાદાવાળો :–** લોગસ્સ આદિ નિશ્ચિત અને

**(૨) સમય મર્યાદા વગરનો :–** જુદા–જુદા અવલંબનને લઈને કાયોત્સર્ગ કરે. દા.ત. જ્યાં સુધી આ દીપક પ્રગટેલો રહેશે ત્યાં સુધી કાયોત્સર્ગમાં રહીશ.

જ્યારે ઉપસર્ગ આવે ત્યારે તે ન ટળે ત્યાં સુધી પણ કાયોત્સર્ગમાં રહેવાય. ઉપસર્ગને ટાળવાનો કાયોત્સર્ગમાં અચિંત્ય પ્રભાવ છે. કાઉસ્સગ્ગમાં પોતાના દોષોનું પણ ચિંતન કરી શકાય. આમ કાઉસ્સગ્ગ દ્વારા મન–વચન–કાયાથી અતીત બની પોતાના શુદ્ધ સ્વરૂપમાં રમણ કરવાનું છે.

- **ધીર પુરુષો કઈ રીતે અભ્યાસ કરે ?** ગુરુકુળવાસનું સેવન કરે. ગમે તેવી સ્થિતિમાં સંયોગમાં, વાતાવરણમાં, વ્યક્તિમાં તે સમતામાં રહી શકે તેવી ગુરુકૃપા મેળવે અને સાધનાની સિધ્ધિ કરે. જેમ સ્થૂલભદ્ર મુનિએ કોશાને ત્યાં ચાતુર્માસ કર્યું. કોશાની યુવાની, રૂપનું તેજ, માદક ભોજન રસ, કામોત્તેજક ચિત્રો, આ બધા વચ્ચે રહી સ્થૂલભદ્રે વિજય મેળવ્યો. કામની એક રેખા પણ તેમને સ્પર્શી નહિ, ઉપરથી કોશાને શ્રાવિકા બનાવી. આથી જ ૮૪ ચોવીસી સુધી 'બ્રહ્મચર્ય વિજેતા' તરીકે સ્થૂલભદ્રનું નામ અમર રહેશે કેમ કે તેમની પાસે ગુરુકૃપાનું અભેદ્ય કવચ હતું.

માટે જ ગુરુ નિષ્ઠા એ જ ઉત્કૃષ્ટ તપ છે. પોતાના દ્વારા ગુરુના ચિત્તને સંકલેશ ન થાય અને ગુરુ સદા પ્રસન્ન રહે તેવું આપણું વર્તન એ જ ગુરુકૃપા પ્રાપ્ત કરવાની અણમોલ ચાવી છે. સિંહગુફાવાસી મુનિ સ્થૂલભદ્ર મહર્ષિ પ્રત્યેની ઈર્ષ્યાના બળે અને ગુરુની આજ્ઞા વિરુધ્ધ કાર્ય કર્યું તો પડ્યા.

- **ગુરુકુળવાસ શા માટે ?**

શાસ્ત્રોમાં કહેલી વાત ગુરુના જીવનમાં આત્મસાત્ હોય છે. તેથી તેની અસર યોગ્ય શિષ્ય ઉપર પડે છે. ગુરુ એ હાલતાં ચાલતા સાક્ષાત્ શાસ્ત્ર છે. વગર ભણાવે શિષ્ય ભણી જાય. જેઓનું મૌન પણ શિષ્યને બોધ આપી જાય છે. આ રીતે જ્યારે શિષ્ય ઉત્તીર્ણ થઈ જાય ત્યારે ગુરુની રજા મેળવી નિર્જરા કરવા વનમાં જઈ ગુરુકૃપાથી મેળવેલી સિદ્ધિની ખાતરી કરી લે. ભયને જીતવા પોતે કેટલો સમર્થ થયો છે ? સિંહની ગુફા પાસે જાય કે પછી કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહે કે સ્મશાનમાં જાય ત્યાં પણ સમતાનો પરિણામ કેટલો સિધ્ધ થયો છે તેનો નિર્ણય કરવાનો છે. પછી સમતાની સિદ્ધિ દ્વારા પૂર્ણ ક્ષાયિક ગુણોને પ્રાપ્ત કરનારો બને છે.

**ગાથા – ૬ :**

**સ્વયંભૂરમસ્પર્દ્ધિ, વર્ધિષ્ણુ સમતારસ : ।**
**મુનિર્યેનોપમીયેત, કોડપિ નાસૌ ચરાચરે ॥૬॥**

**ગાથાર્થ :** જે મુનિનો સમતારસ સ્વયંભૂરમણ સમુદ્રની સ્પર્ધા કરી રહ્યો છે અને હજીયે વધી રહ્યો છે તે મુનિની તુલના કરી શકાય એવો કોઈ પદાર્થ જગતમાં નથી મુનિમાં રહેલો સમતારસ સ્વયંભૂરમણ સમુદ્રથી પણ અધિક હોય.

તિર્ચ્છાલોક ૧ રાજ પ્રમાણ છે. તેમાં ૦ાા રાજમાં દ્વીપ–સમુદ્ર અને ૦ાા રાજમાં માત્ર એક સ્વયંભૂરમણ સમુદ્ર ફેલાયેલો છે.

સ્વયંભૂ= પોતાની મેળે ઉત્પન્ન થયેલ. રમણ= જેમાં રમણ કરવાનું મન થાય. (આત્મામાં–સ્વમાં) તેમ જ ત્રિકાલ વિષયી= ત્રણે કાળના વિષયોથી

જે દૂર થયા છે. ભૂતકાળમાં જે વિષયોને ભોગવ્યાં હોય તેને સ્મૃતિપથમાં પણ ન લે. અંદરથી વિષયો એકદમ નીકળી ગયા હોય.

સર્વજ્ઞના વચનો દ્વારા વિષયો વિષ જેવા છે તેનો સ્વીકાર કરીને તેને પ્રતીતિના સ્તર પર લાવ્યા છે. કિંપાક ફળનો રસ મધુર લાગે છે પણ અંદર જતાં પ્રાણોને હરનારા બને છે. તે જ રીતે વિષયો પણ તેવા જ છે. તેવો સાક્ષાત્કાર મુનિ અનુભવે છે. માટે તે વિષયોને ભૂલી શકે છે.

પુદ્ગલના વિષયોના સંયોગમાં જીવ સાથે જીવ એટલો બધો જોડાઈ જાય છે કે ત્યારે તેને જિનવચન યાદ આવવા દુષ્કર હોય છે. પણ મુનિ મહાત્માને આત્માના સુખને ભોગવવાની ભૂખ લાગી છે. તેથી સ્વભાવ અને સ્વરૂપ રૂપે થવા મુનિમાં તલસાટ જાગી ગયો છે. આત્માના આનંદને માણવો છે પણ તે કેમ માણી શકતો નથી ? તેમાં બાહ્ય મોહ છે તો તે વખતે મુનિ જુએ કે મોહનો પરિણામ આત્મામાં પ્રવેશ ન કરે. આનંદને હરી રહ્યો છે, માટે તે સાવધાન બની જાય અને મોહને આધીન ન થાય પણ તેને દૂર કરે.

એકવાર વિષયોમાં અનર્થકારિતા લાગી જાય, સૂગ ચડી જાય, બરાબર નિર્ણય થઈ જાય પછી તેને વિષયો યાદ પણ ન આવે. મુનિ અનુભૂતિના સ્તર પર જ હોય, તત્ત્વ સંવેદનાવાળો હોય, પ્રતિસમય અપૂર્વ ઝંખનાવાળો હોય તેથી તે ભૂતકાળને સ્મૃતિપટ પર ન લાવે. વર્તમાનમાં જે પ્રાપ્ત થાય તેમાં રમણતાનો અભાવ હોય અને ભવિષ્યમાં તેની ઈચ્છાનો અભાવ હોય. આમ ત્રણે કાળના વિષયોમાં રમણતાના અલ્પભાવવાળો હોય. આત્માને અરૂપીનો જ ભોગ કલ્પે, રૂપીનો ભોગ ન કલ્પે.

આત્માની તૃપ્તિ કદી પણ રૂપીથી ન થાય. અરૂપીથી જ આત્મા તૃપ્ત થાય માટે જ જ્ઞાન એ મુનિ માટે અમૃત ભોજન છે. જેટલો એનો રસ પીધા કરે તેટલો એ અંદરથી તૃપ્તિ અનુભવે. જ્ઞાનનું પાલન કરી આત્મા પુષ્ટ બને પણ જ્ઞાન પરિણમન ન પામે તો અહંકારનું કારણ બને છે. જે આત્મા ગુણોનો ભોગી બની ગયો તેને બીજા ભોગોથી સર્યું.

આત્મા જ્યારે પોતાના ગુણોમાં તૃપ્ત થઈ જાય, હવે તેને કોઈપણ વિષયોની સ્પૃહા નથી. પુદ્‌ગલ દ્રવ્ય અભાવમાં પણ એ પરમ આનંદ અને તૃપ્તિને માણતો હોય ત્યારે જ તે શુદ્ધ તપ થાય છે.

સ્વ ગુણોમાં રુચિનો અને પુદ્‌ગલ રૂપી પરમાં હેયનો પરિણામ થાય તો તે સમ્યગ્ દર્શન કહેવાય અને આત્મવીર્યને તે માટે જ પ્રવર્તાવે. પુદ્‌ગલ સંયોગથી છૂટવાનો આરંભ કરે અને પોતાના ગુણોમાં પ્રવર્તમાન થઈ જાય તે ચારિત્ર અને ગુણોને ભોગવવામાં જ જે સ્થિરતા થઈ જાય તે તપ. મુનિની સમતા આગળ આગળ વધતી જાય છે. તે તે ગુણસ્થાનક પર વિકાસ કરતો જાય છે. આવા મુનિને અન્ય કોઈ સાથે ઉપમા આપી શકાતી નથી. સ્વયંભૂ રમણ સમુદ્ર પણ ત્યાં નાનો પડે છે.

## ● પુદ્‌ગલનું સુખ દુઃખરૂપ શા માટે ?

જે પુદ્‌ગલથી ઉત્પન્ન થયેલું, અચેતન અને સુખ છે તેને અરૂપી સમતારસ સાથે કઈ રીતે ઘટાડી શકાય ? રૂપી , પુદ્‌ગલ કારણ તો આત્મા માટે પીડારૂપ જ છે. જે સહજ ઉત્પન્ન થનારું છે તે જ સુખ છે. પુદ્‌ગલનું સુખ ક્ષણિક, મર્યાદાવાળુ અને સંયોગવાળું અને પરાધીન છે. આત્માનું સુખ ક્ષાયિક છે, એકવાર પ્રગટ થયા પછી નાશ પામવાનું નથી. સદા આત્મા સાથે જ રહેનારું સ્વાધીન છે માટે તે જગતમાં દુર્લભમાં દુર્લભ છે. પુદ્‌ગલજન્યસુખ કર્મના ઉદયથી મળે છે. આત્માનું સુખ કર્મના ક્ષયથી મળે છે. બંને ભિન્ન છે. એક બહાર છે, બીજું આત્મામાં છે.

આત્મવીર્યને ગુણોને ભોગવવામાં જોડી દેવાય તો કષ્ટો મજેથી સહન થાય, અને શરીર સાથે જોડી દેવાય તો સહન નહીં કરી શકે. જીવ મોટે ભાગે હર્ષ–શોક, રતિ–અરતિ, શાતા–અશાતાના દ્વંદોમાં ચાલ્યો જાય છે. આ દ્વંદ્વોમાં સમતા નાશ પામે છે, માટે સમતાને અનુભવી શકતો નથી. મોહને આધીન થવાની વૃત્તિ ફેરવવી પડે અને તેને પકડવાનો પ્રયત્ન કરવો પડે.

## ● આત્મા પોતાના ગુણને કયારે અનુભવે ?

ત્રણ વસ્તુ જ્ઞેયમાં આવે તો આસ્તિકયના પ્રથમ પરિણામમાં આત્મા

આવે, બીજું પુદ્ગલ અને ત્રીજો મોહનો પરિણામ. વર્તમાનમાં આત્મા કોની સાથે છે ? કોનો સંયોગ છે ? પુદ્ગલના સંયોગમાં રહેલો છે કે મોહના પરિણામની સાથે રહેલો છે ? આ ત્રણના જ્ઞેયનો જ્ઞાતા બને અને આત્મલક્ષ કેળવાઈ ગયું હોય, અનુભૂતિનું લક્ષ કેળવાય, મોહના પરિણામને છોડવાનો અપૂર્વ પુરુષાર્થ થાય તો આત્મા પોતાના ગુણોને અવશ્ય અનુભવે.

શરીરને વિવેક વિના જરૂરિયાત વગરનું આપ્યું તેથી ગરમી આધિ–વ્યાધિઓ પેદા થઈ. શરીરની સમાધિ માટે એને જરૂરિયાત પૂરતા પુદ્ગલો આપવાનાં છે. આપણે એને શાતા થાય એવું આપીએ છીએ. દ્વંદ્વો બધા પર છે, તેમાં રાગદ્વેષના પરિણામો કરવાના નથી તો જ મોહ ખસે અને સમતાનો પરિણામ વસે.

મુનિ સહજ કોઈપણ આલંબન વિના સમતારસને અનુભવે છે. ત્યારે તેની ઉત્તરોતર વૃધ્ધિ થાય છે અને તે સ્વયંભૂમરણ સમુદ્ર સાથે સ્પર્ધા કરે છે. તે વખતે તે આત્માઓ શુભ કે અશુભ રૂપ પરભાવોમાં જતા નથી પણ પોતાના શુદ્ધ આત્મસ્વભાવમાં રમે છે.

અન્યો પણ માને છે કે મુનિને ચક્રવર્તી કે રાજા વંદન કરે ત્યારે તેનું ચિત્ત ઉત્કર્ષ ન પામે અને હલકી કોટિના ક્ષુદ્ર માનવો તેમના માટે જેમ તેમ બોલે તો પણ તેઓ અપકર્ષ નથી પામતા પણ સમ પરિણામમાં રહે છે.

અજ્ઞાની અને મોહાંધ જીવોને જ બહારથી મનોહર લાગે અને અંતે દુઃખ જ આપે તેવા કામવાસના સુખની ભ્રાંતિ થાય. કામવાસનાથી વિરક્ત બનેલા અને તપધર્મવાળા તથા આત્મગુણમાં રક્ત થયેલા એવા મુનિઓ આનંદમાં રમનારા હોય.

કામગુણો પીડા આપનાર છે. શરીર અને આત્માનો જેને ભેદ થયો નથી તેવા જ જીવો કામને સુખ માને છે. જ્યારે જ્ઞાની જીવો તેને સુખ માનતા નથી તો માણવાની તો વાત જ ક્યાં ? (આવશ્યક નિર્યુક્તિ)

- **પાંચ કામગુણોને ન ભોગવવા તે તપ.**

ઈંદ્રિયોના પાંચે વિષયોને જ્ઞેય તરીકે જ જાણવાના છે. પ્રયોજન રૂપે કદાચ આપવા પડે તો તેમાં ઔદાસીન્ય ભાવે રહે. તેનો જરૂર પૂરતો ઉપયોગ કરી હેય બુધ્ધિથી તેને છોડી દે.

જ્યારે આત્માની આ અધ્યાત્મદષ્ટિ ખીલે છે ત્યારે પૌદ્ગલિક વાસનાઓ ક્ષણભંગુર હોવાથી, તીવ્ર કર્મબંધનું કારણ હોવાથી અને પરાધીન હોવાથી ચિત્તમાંથી નષ્ટ જ થઈ જાય છે. આત્માના ગુણોના અનુભવનો આનંદ પ્રસરે છે, ત્યારે સમતા રસનો આસ્વાદ માણનારા મુનિઓને રાજાના રાજાશાહી ભોગો પણ રોગો જેવા દેખાવા લાગે છે, ચિંતામણી રત્નોના ઢગલા પણ કાંકરાના ઢગલા જેવા દેખાવા લાગે છે. આ કારણથી અન્ય શરીરવાળાના સંયોગથી થનારું અને પુદ્ગલોના સંયોગથી થનારું સુખ અને તેમાં થતી રતિ–પ્રીતિ–આનંદ એ જ મોટું દુઃખ દેખાય છે. પરદ્રવ્યના સંયોગજન્ય સુખ એ જ મોટું દુઃખ, સ્વાભાવિક ગુણોનું સુખ એ જ સાચું સુખ, સમતાભાવની પ્રાપ્તિ એ જ મોટો આનંદ આ મહાત્માઓને લાગે છે.

તીર્થંકરના આત્માઓની પાસે રૂપ–વૈભવ આદિ બધું હોવા છતાં તેમને રતિ–અરતિનું વેદન નથી તેથી સમતા સુખમાં સદા મહાલે છે. મુનિ ૧૪ રાજલોકને તત્ત્વની દષ્ટિથી જોનારો છે.

- **જગતનું સ્વરૂપ બે પ્રકારનું જોવા મળે.**

(૧) પૂર્ણ સુખને માણનારા (૨) દુઃખની પરાકાષ્ટાને ભોગવનારા જીવો.

દુઃખી જીવોને જોઈને આત્મામાં કરુણા પ્રગટ થાય.

વ્યવહારથી સંયમ સ્વીકાર્યું છે, હવે પોતાની ઈંદ્રિયોને કાચબાની જેમ સંકોચવાની છે. મોહાધીન જીવો પીડા ભોગવે છે. જ્યાં સિધ્ધના જીવો રહેલાં છે, ત્યાં પણ પાંચે સ્થાવર તથા સૂક્ષ્મ નિગોદના ગોળા રહેલાં છે અને મહાપીડા ભોગવી રહ્યાં છે. મુનિએ પોતાના તરફથી ૧૪ રાજલોકના સર્વ જીવોને અભયદાન આપી દીધું છે. હવે પોતાના આત્માને નિશ્ચયથી કષાયના ત્યાગરૂપ

નિરંતર અભયદાન આપવાનું છે. પુદ્ગલના સુખની સ્પર્શના ન થાય માટે સાવધાન બનવાનું.

પોતાના આત્માને કરુણારસથી ભાવિત બનાવવાનો, તેથી કોઈની પીડા જોઈ ન શકાય. જોઈ ન શકે એટલે ઉચિત પ્રવૃત્તિ દ્વારા એને દૂર કરવાનો ઉપાય કરે. પ્રવૃત્તિમય કરુણા સંવર પરિણામને જગાડશે.

આત્મામાં મોહનો પરિણામ હશે તો પુદ્ગલના સુખની ઈચ્છા કરશે. શાંતિની ઈચ્છા કરશે.

આત્માનું સુખ જેને ગમે તેને આત્મા ગમે. દેહ ઉપર કષ્ટ અને આત્માનો આનંદ ગમે તો મોહને ભાગવું પડે. મોહ પર સંગને પકડે છે. માટે મુનિ પરનો સંયોગ ટાળે છે. સંગમાં જેને કંટાળો આવે તે આત્મામાં રમી શકે. અંદરની મસ્તી માણવા માટે પરનો સંયોગ છોડવાનો.

મુનિને સંસાર કચરાપેટી જેવો લાગે એટલે એને સપનામાં પણ યાદ ન કરે. મુનિ स्वाध्यायसंयमरतानाम् સંયમની ક્રિયામાં એટલો ઓતપ્રોત હોય કે એને બીજું કંઈ યાદ ન આવે. એ પોતાના આત્મામાં જોવે છે. એને કર્મબંધનનો ભય છે. મોહના પરિણામને મારતો જાય, જેમ મોહ હટતો જાય એમ અપૂર્વ આનંદની અનુભૂતિ થાય. મુનિને પુદ્ગલ પર દૃષ્ટિ સ્થિર ન થાય. શરીર એવું બનાવે કે પોતાનું શરીર પોતાને પણ ન ગમે. રાગ ન થાય. આ વાત અઘરી છે. સમજણ ફરે તો શક્તિ ફરતાં વાર ન લાગે. મિથ્યાત્વ છે માટે જ સમજણ ફરતી નથી. પુદ્ગલ ગમે છે એ જ મિથ્યાત્વ. મિથ્યાત્વ કાઢવા માટે તત્ત્વનું ચિંતન મનન કરવાનું.

ભૂતકાળમાં વિષયનું સેવન કર્યું એ સપનામાં પણ યાદ ન કરે. વર્તમાનમાં ન કરે અને ભવિષ્યમાં મનોરથ ન કરે. વર્તમાનમાં સમતારસમાં મહાલવું–કાલની ઉપાધિ નહિં. મોહના પરિણામને જાણી. ક્યાંથી પ્રગટ થાય તે જાણી તેને નિષ્ફળ કરવાનો.

*ચિત્ત શરીર સાથે હશે તો વાતાવરણ સ્પર્શશે. શરીર સાથે ન હોય,*

સ્વરૂપમાં હોય તો ત્યાં ન સ્પર્શે. વાતાવરણની અનુમોદનાથી બચવાનું. મુનિને કરણ–કરાવણથી બચી શકાય પણ અનુમોદનાથી બચવું કઠિન છે.

વર્તમાનમાં ૫ ઈંદ્રિયોના વિષયનો સંબંધ આત્માને કરવાનો નથી. સાવધાન બનવાનું, નહિ તો રાગનું કારણ બને. ભવિષ્યમાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ ભાંવની અનુકૂળતા ફગાવી દેવાની છે. સંયમસાધક આત્માને અનુકૂળતાની પ્રધાનતા ન હોય.

જે આત્મા સમ્યક્ત્વથી યુક્ત છે તે જ્ઞેયનો જ્ઞાતા હોય, ભોક્તા ન હોય. સમતાદિ ગુણોનો ભોક્તા હોય, સમકિતીને ભાવમરણનો ભય હોય. તે મોહને આધીન ન હોય. સમકિતી આત્મા જાગૃત હોય. મોહ વળગે તો પશ્ચાતાપ કરે. સમકિતી સ્વમાં સ્વાર્થી, પરમાં ઉદાસીન હોય. જેમ–જેમ સમકિત નિર્મળ થાય તેમ તેમ શક્તિ વધે. આશ્રવ બંધ થાય. આત્વીર્ય પ્રબળ થાય. વિધિપૂર્વકના તપમાં આત્માની શક્તિ પ્રગટ થાય.

આત્મા અનાદિકાળથી અનુકૂળતાનો રાગી છે. અનુકૂળતાનો રાગ વ્યવહારથી ધર્મ કરે તો પણ ન છૂટે.

વિષય–કષાય–આહાર ૩ને છોડો તો જ ઉપવાસ, માત્ર આહાર છોડવાથી ઉપવાસ નહિ. ઉપવાસ એટલે આત્મા પાસે જઈ વસવું. શરીરને આપવું પડે તો હેય માનીને આપે. ભવિષ્યનો વિચાર ન કરે.

વર્તમાનમાં જ વિહાર કરે. રખડવાનું નથી. સ્વભાવમાં વિહાર કરવાનો એટલે કે આત્માના ઉપયોગમાં રમવાનું. વિહારમાં તડકો કે છાંયડો હોય તો રાગ–દ્વેષ ન કરે. તડકામાં જીવોની વિરાધના ન થાય તે ધ્યાન રાખે. ત્રસ જીવો પગ નીચે આવી ન જાય તે માટે ઈર્યાસમિતિ સાચવવાની. તડકામાં ચાલતી વખતે વિચારવાનું કે સિધ્ધના આત્માને કોઈ વ્યવહાર નહિ. કોઈની પીડામાં નિમિત્ત ન બને. દેહથી રહિત છે.

વિહાર કરતાં આ યાદ રાખે તો તડકો તડકો ન લાગે, છાંયડો છાંયડો ન લાગે. મુનિની સમતાની ઉપમા આપી શકાય એવી એક પણ વસ્તુ આ

વિશ્વમાં નથી. મુનિ સ્થિર છે, માટે અસ્થિરવાળાની ઉપમા ન ઘટે. મુનિની સમતા કોઈપણ વસ્તુના સંયોગથી પ્રગટ થતી નથી. જગત આકાશ પાતાળ એક કરે તો ય સમતારસ ન મળે.

## • સાધુપણાનો મહિમા

ત્રણ ખંડ– છ ખંડ પણ નહિ– પણ ૩ લોકનું સામ્રાજ્ય પણ સાધુ પાસે નકામું છે, તુચ્છ છે. સમતા રસમાં ડૂબેલા મુનિને છ ખંડનો અધિપતિ ચક્રવર્તી કે ઈંદ્ર નમે તો પણ સાધુને એની સામે જોવાનું મન ન કરે. અંદરના ભંડારના રક્ષણની જેને ચિંતા થાય તે જગતને આંખ પહોળી કરીને ન જુએ. અર્થાત્ સ્વ આત્મામાં દર્શન થાય, એ જગતને જોતાં જ નથી. અંદર અમૃતના કૂવા પડેલા છે, એનું પાન એ પોતે જ કરે, અને જગતને ભૂલી પોતાનામાં જ ડૂબે. આત્માની જ્ઞાન દષ્ટિમાં સચરાચર જગત પર સમદષ્ટિ આવે. જડ–ચેતન પર એક દષ્ટિ સુખ દુઃખનું કારણ જગતની વિષમતા છે. જગતને વિષય દષ્ટિથી જુવો તો આપણામાં વિષમતા આવે. જીવને જીવ તરીકે અજીવને અજીવ તરીકે જુઓ તો બરાબર, એનાથી આત્માની દષ્ટિ વિકારવાળી બનતી નથી. જગતની વિકાર અવસ્થા કર્મકૃત છે તે પકડે તો વિકારવાળો બને, ત્યાં નિરાકારને પકડે તો નિરાકાર થાય. આકારનો સ્વભાવ વિકારને પકડવાનો.

આપણે જગતને પર્યાયથી પકડીએ છીએ માટે આપણું પરાવર્તન થાય છે. માટે આપણે ભિન્ન ભિન્ન આકારવાળા છીએ.

જીવ પર વસ્તુને પકડવા દ્વારા શુભાશુભ ભાવને પકડે છે. પોતાના સ્વભાવમાં રહે તો જીવ પરને પકડતો નથી.

આપણે વસ્તુ જોઈને એના ભાવમાં રમીએ છીએ. હરિયાળી જોઈને આપણે રાગ કરીએ. આપણને જોઈને યોગીઓને આપણી ગુલામ અવસ્થા દેખાય. તત્ત્વની દષ્ટિએ હરિયાળી સ્થાવરકાય વનસ્પતિકાય છે. આપણે રાજી થઈને ભયંકર કર્મ બાંધીએ મુનિને તેમાં જીવો દેખાય. તેથી એ જીવોની ઉપર

મહાકરુણા આવે. આપણે લેવા દેવા વગર કર્મબંધ કરીએ. ઘોર અજ્ઞાન દશાના કારણે સતત કર્મબંધ થાય. પ્રકૃતિનું સૌંદર્ય જોઈ દયાના પરિણામ આવવા જોઈએ.

આત્માનો અનુભવ એટલે જગતને જોઈને રાગ–દ્વેષવાળા ના થવું માધ્યસ્થ દષ્ટિથી જોવું. આત્માનો અનુભવ માત્ર યોગી જ કરી શકે. જગત સાથે એનો સંબંધ કપાઈ ગયો માટે એ આત્મામાં રમે. પ્રયોજન સંસારીને હોય, મુનિને ન હોય.

વીતરાગતા ન આવે ત્યાં સુધી કરુણા ઊભી છે. મુનિ જગમાં રહે. ખરો પણ જગતથી લેવાઈ ન જાય.

મારું એ જ મિથ્યાત્વ અને મારું કાંઈ નથી એ સમતારસ. મિથ્યાત્વ નથી ત્યાં છે ની બુધ્ધિ કરાવે છે.

જગતની એક પણ વસ્તુ મારી નથી, એવું થાય ત્યારે પરમાત્માનો વાસ થાય. માન કષાય– પરના કારણે પોતાની જાતને મહાન બતાવે. અંદરની આંખ ન હોય તો ચામડાની આંખથી જુવે... મોહ હોય તો બહારનું પકડે, જે મોહને વશ ન થાય તે જ અંદરનું જુએ.

મુનિ સમદષ્ટિથી જગત સ્થિતિનો વિચાર કરે, તો કોઈ વિકલ્પ ન રહે. સર્વજ્ઞના તત્ત્વ પ્રમાણે જગતની સ્થિતિ આમ જ હોય એમાં એને આશ્ચર્ય ન લાગે. પુદ્ગલના વર્ણ–ગંધ–રસમાં ફેરફાર થાય તો આપણને આશ્ચર્ય લાગે, એમને ન લાગે. સ્વભાવ છે માટે એમ થાય. આમ કેમ થયું ? એવું એમને ન થાય. આપણે પર્યાયથી સ્વીકારીએ છીએ માટે આપણને થાય, એ તત્ત્વથી સ્વીકારે છે માટે વિકલ્પ ન આવે.

ભોગો જ રોગ છે, એનો સંયોગ કરવા જેવો નથી. આપણે જેને ભોગ માન્યો તે આત્મા માટે ફક્ત જ્ઞેય છે.

વ્યવહાર તપ ૧૨ પ્રકારનો છે. તપસી વ્યવહારથી પારણું કરે તેમાં પણ નિર્જરા કરી શકે. ભૂખ એ કર્મનો ઉદય છે, તમારી પાસે આહાર માગે છે.

ક્ષુધા તારો સ્વભાવ નથી. ક્ષુધા વેદનીય ચાલુ હોય ત્યારે સમતામાં રહેવાનો પ્રયાસ કરવાનો જો સમાધિમાં રહી ન શકાય ત્યારે જ આપવું પડે તો હેય માની પશ્ચાતાપપૂર્વક આપે તો નિર્જરા.

ક્ષુધા વેદનીય વખતે આપણા સ્વભાવમાં રહી સમતા રાખવાની છે. ક્ષુધા વેદનીયના ઉદયને સહન કરી, જ્યાં સુધી સમાધિ રહે ત્યાં સુધી ન આપવું પછી આપવાથી પરિષહ સહન કર્યો કહેવાય. આપતી વખતે પણ જિનાજ્ઞાને સાપેક્ષ રાખી હેયના પરિણામથી આપીએ – રાગ દ્વેષ વિના વાપરીએ, ઉદાસીનતાથી વાપરીએ તો નિર્જરા થાય. સહન કર્યું એમાં નિર્જરા અને જરૂર પ્રમાણે, રાગદ્વેષ વિના આપ્યું તો એ બંનેમાં નિર્જરા થાય. ક્ષુધાવેદનીય ઉદયમાં આવે ને સારું આપીએ, જરૂર કરતાં વધારે આપીએ ઉપાદેય માનીને આપીએ તો કર્મબંધ થાય.

અજ્ઞાન જીવ જગતને સુંદર માને, સુખ માટે અભિલાષા કરે અને પુણ્યયોગે વર્તમાનમાં દેખીતું સુખ મળે પણ ભવિષ્યમાં દુ:ખ આવે.

પીડાનું કારણ પરનો સંયોગ છે. દ્રવ્ય સંયોગ મળે તો દ્રવ્ય પીડા મળે. ભાવ સંયોગ હોય તો ભાવ પીડા મળે. રતિના ઉદયમાં સંયોગ સારો લાગે છે. આ મોહના પરિણામથી આત્માને ભાવ પીડા રૂપ દુ:ખ મળે છે.

અજ્ઞાની છીએ માટે સુખી નથી છતાં સુખરૂપ લાગે છે. આ જ મોહ છે. ત્યાં કરુણાનો પરિણામ આવવો જોઈએ. આપણને શુભ નામ કર્મનો ઉદય ગમે છે. અશુભ ના કર્મનો ઉદય ગમતો નથી.

મુનિની વિશેષતા એ છે કે તે જગતની સ્થિતિને ફક્ત નિહાળી રહ્યો છે. જગતમાં ભળે નહિ પોતાના અંતરના આનંદને માણે છે. સર્વજ્ઞના તત્ત્વનું શરણું સ્વીકારવાથી મન તત્ત્વમાં રમવા લાગે. મુનિ સર્વજ્ઞની દૃષ્ટિ પ્રમાણે દૃષ્ટિ ફેરવે અને જગતનાં જીવો જોડે ઔચિત વ્યવહાર કરે.

મુનિને તપ વિના ન ચાલે. આયંબિલમાં પણ Choice કર્યા વિના વાપરે. ન મળે તો તો ન જ વાપરે પણ મળે તો પણ ન વાપરે એ મુનિ હોય.

આત્માની તૃપ્તિનો અનુભવ તપથી થાય. તપથી મોહનો પરિણામ છૂટે. એનાથી દબાયેલો આનંદ ઉછળે. જે આ રીતે તપધર્મમાં રમે તે શીલ–બ્રહ્મચર્ય= પોતાના આત્માના ગુણોમાં રમે.

સમતામાં કોઈ અપેક્ષા નહી, આધીનતા નહિ માટે સમતારસનું પાન કરવામાં મેળવવાનો કોઈ પુરુષાર્થ નહી. માન મોહને આધીન ન થવા માટે અને મોહને દૂર કરવાને પુરુષાર્થ કરવાનો છે. પરિગ્રહ આત્મા માટે મહાઉપાધિ છે. એક પરિગ્રહને સાચવવા માટે બીજા પરિગ્રહનું ઉપાર્જન કરવું પડે. પરિગ્રહ સંકલેશ કરાવે, ઉપાર્જનમાં સંકલેશ, સાચવવામાં પણ સંકલેશ થાય.

આત્માનું પરમ સુખ ગુમાવી, નકલી સુખને સુખ માની સુખ ભોગવે છે. સમતા સુખમાં કંઈ કરવાનું નથી. મફતના ભાવમાં કોઈ શક્તિનો વ્યય નથી. ઉલ્ટાની શકિત વધે અને આત્મા તગડો બનતો જાય.

બાળકો રેતીના ઢગલા બનાવે પછી એ તૂટે તો રડે એમ માટીના ઢગલાને બંગલો માન્યો. બંગલાને પોતાનો માની પાપ કર્યું. મુનિની દષ્ટિએ એ પુદ્ગલના ઢગલા છે. ફક્ત માટીની ગોઠવણી જ છે. ચિત્તવૃત્તિ ક્યાંય બંધાતી નથી. આપણી ચિત્તવૃત્તિ બહાર જતી રહે છે, અને બંધાય છે માટે દુઃખી થઈએ છીએ. સમતા આત્મામાં રહેલી છે. જેનું મન રાત–દિવસ જ્ઞાનમાં રહેલું છે તે સમતાથી વાસિત થાય.

આત્મા પરિણામી છે. સ્વમાં પરિણામ ન પામે તો પરમાં પરિણામ પામે. જિનશાસન બીજા માટે નથી, આત્માના સ્વભાવ માટે છે. મોહનું શાસન આત્મા પરથી હટાવી, તમારા સ્વના શાસનમાં પરિણમે. સ્વ પરિણતિ નથી તો પરપરિણતિ છે જ.

જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ દ્વારા ૯ પૂર્વધર બનાય–ભણાય પણ મિથ્યાત્વના ઉદયથી એ ઝેર બને છે. આત્મા અત્યારે પરાધીન છે, એને સાધનની જરૂર છે. કેવળીને કંઈ જ જરૂર નથી એમને સાધન–સ્વાધ્યાયની જરૂર નહિ. છદ્મસ્થોને જ્યાં સુધી પૂર્ણતા ન મળે ત્યાં સુધી સ્વાધ્યાયની જરૂર છે.

જ્ઞાન નથી તો દયાનો પરિણામ નથી, દયા નથી તો સંયમ નથી. સ્વાધ્યાયથી સંયમ–સંયમનું ફળ આત્મ રમણતા આત્મામાં જ્ઞાન પરિણમે તો દયાનો પરિણામ આવે. મોહનું ઝેર ભયંકર છે. મહર્ષિને પણ છોડતું નથી. આત્મામાં કરુણા હોય તો વેદના થાય, વેદનાથી સંવેદના થાય.

પૂ. હેમચંદ્રાચાર્ય કલિકાળમાં સર્વજ્ઞ જેવા હતા. નૈષ્ઠિક બ્રહ્મચર્યના સ્વામી હતા છતાં પરમાત્મા પાસે બાળકની જેમ રડતા, અંતરમાં જાગેલી કરુણાનો પ્રભાવ હતો.

ઈતશ્ચાનાદિ સંસ્કાર, મચ્છિંતા મૂચ્છર્ત્યલમ્ ।
રાગોરગવિષાયગો, હતાશઃ કરવણિ કિમ્ ? ॥

અનાદિકાળથી મોહના સંસ્કારથી મૂર્છિત થયો છું. આ રાગરૂપી સૂર્યના ઝેરના આવેગથી મૂચ્છિંત થયેલો હું હતાશ થયો છું શું કરું ? અને બીજી બાજુ દર્શન રૂપી અમૃતપાનમાં ગરકાવ થઈ જાઉં છું. ક્ષણભર આવી છૂટી જાઉં છું. ફરી પાછો મૂચ્છિંત થઈ જાઉં છું. હું તેથી હતાશ થઈ ગયો છું. આ જાગેલી કરુણાનો પ્રભાવ છે.

આપણે પરમાત્મા પાસે ભીખ માંગીએ છીએ પણ રડી શકતા નથી. કારણ આપણામાં કરુણા નથી, મોહરાજા બેઠેલો છે. શાસન મળ્યું પણ મોહથી ઘેરાયેલા છીએ. મૂર્ચ્છા ઉતરે નહિ તો વીતરાગતા ન મળે. જે મળ્યું છે તે છોડવાનું છે. એ માટે રડવાનું છે. જ્ઞાન પરિણામ પામે–દયા પરિણમે–વેદના થાય તો રડવાનું આવે. ક્યાં રડવાનું ? પોતાના હોય ત્યાં રડે. માતા–પિતા પાસે નહિ ગુઢ ભગવંત પાસે રડાય.

જે જ્ઞાન રસથી ભીંજાય, અર્થ પરિણામ પામે, અંદરથી મિથ્યાત્વનું ઝેર બહાર નીકળે પછી આત્મામાં નિર્મળતા આવે પછી અંદરના પાપો દેખાય.

તારે તારા આત્મામાં પડેલા અમૃતરસનું પાન કરવાનું છે. જગતથી વિમુખ બની સ્વરૂપ ભાવનું આલંબન પકડી અને સ્વાધ્યાયમાં મસ્ત બની સ્વાત્માનું ભવ–અમૃત રસનો અનુભવ કરવાનો છે.

ઔદયિક ભાવ આત્માનો સ્વભાવ નથી. જેને કરુણા ન આવે એ બહારના ઉદયમાં રમે. મોહરાજાએ કેવી અવદશા કરી છે? ક્યારેક ક્રોધાયમાન થાઉં છું તો ક્યારેક છૂટો થઈ જાઉં છું. કયાંક નમી જાઉં છું. મોહરાજા જે રીતે નાચ નચાવે તેમ નાચું છું.... હું રાગરૂપી ઝેરથી મૂર્ચ્છિત થયેલો છું.

પરમાત્મા પાસે ગયા પછી આપણને આપણી સત્તાગત વીતરાગતા ક્યારેય યાદ આવી ? જો યાદ આવે તો જાત પર નફરત આવે. ભગવાન થવા માટે મળેલા આ ભવમાં મારી આ દશા થઈ? આપણે ભગવાન બનવું નથી માટે ભગત બન્યાં, જ્યારે ભગવાન ઈચ્છે છે કે તું મારા જેવો બન.

ભગવાન ! આપ રત્નત્રયીના દાતા છો, છતાં અમારી રત્નત્રયી મોહરાજા લૂંટી જતાં હોય તો અમારે ક્યાં જવું ? અનેક તીર્થો ફરી આવ્યો ક્યાંય મને આશરો ન મળ્યો. હવે આપના ચરણોનો આશરો લઉં છું માટે હવે આપ જ મને તારો.

સૂત્રો અચિંત્ય સામર્થ્યવાળા છે. સર્વ સિધ્ધિના દાયક છે. આપણે પરમધન માની સાધના ન કરી, આત્માના ધનને ખોલવાની આ ચાવી છે. અહીં કરો અને પામો. પણ આ ભવમાં બહારના ધનની રુચિ છે, એટલે મહેનતમાં કચાશ છે. સૂત્રો નામની જેમ યાદ કરવાનાં. પછી અર્થનું ચિંતન કરવાનું પછી આત્મામાં પરિણમાવવાના છે.

અત્યારે વીતરાગનું મંદિર દેવ–દેવીથી ભરાઈ રહ્યું છે. વીતરાગને હૃદયમાં વસાવી લો તો દેવ દેવી દોડતા આવે, વધારે ગોખલા કરવા ન પડે.

જિનશાસનમાં આ દોડાદોડી કેમ વધી ? તત્ત્વથી જિનશાસન સાથે સમન્વય નથી તેથી દિલમાં પરમાત્માનો વાસ નથી માટે ભય લાગ્યો. જ્યાં વીતરાગવાસ ત્યાં ભવનો નાશ.

જે થશે તે મારા કર્મે થશે એમ માનો છો ? આ શ્રધ્ધા ગઈ એટલે ત્યાં શ્રધ્ધા થઈ. નબળા લોકો માટે ડૉકટર છે. કર્મના ઉપદ્રવને જેટલા સહન કરીએ એટલી નિર્જરા થાય. ઉપચાર પણ સમાધિ માટે કરવાનો છે. જેની સમાધિ ન

રહે એ દવારૂપ ઉપચાર કરે. જેટલા ઉપસર્ગ એટલા ઉપચાર છે, પણ ઉપચારને ધર્મ ન બનાવાય આત્માને રાગ રૂપી ઝેર વળગેલું છે, એનાથી આત્મા ભયંકર દુ:ખી છે.

રાગ પરની સાથે આત્માને આશક્તભાવ કરાવે છે. જગતના જીવો રાગ રૂપી ઝેરથી ડંખાયેલા છે. વિકલ્પ વિનાનો આત્મા સ્વદશામાં છે. પોતાના સ્વભાવમાં હોય તેને કોઈ વસ્તુનું આકર્ષણ ન હોય, મનોરથ ન હોય.

લાગણી મોહરૂપે છે તેનાથી આપણે વિહવળ બની જઈશું. કરુણા પ્રશસ્ત લાગણી સ્વરૂપે છે, બાકી અપ્રશસ્ત છે. આત્મા જ્યાં સુધી વીતરાગ ન બને ત્યાં સુધી કરુણા હોય, વ્યવહારથી કરૂણા બીજા પર હોય અને નિશ્ચયથી પોતા પર. મોહ વૃધ્ધિ ન પામે માટે કરુણા કરવાની.

જીવ વીતરાગ ન બને ત્યાં સુધી વ્યવહાર ન કરો તો ઉપેક્ષા કહેવાય. બહાર વ્યવહારમાં છો માટે જ વ્યવહાર કરવો પડે છે. ઔચિત્યથી વ્યવહાર કરી અંદર સાવધાન રહેવાનું.

રાગ રૂપી સર્પથી ડંસાયેલા આત્મામાં લાગણી અને એના કારણે તે સંબંધોમાં ખોવાતો જાય છે. વ્યક્તિને જુવો ને રાગ થાય, આત્મા ન જોયો. સંબંધમાં રાગ પ્રસરતો જાય.

કામરાગ–સ્નેહરાગ–દષ્ટિરાગ– ઉત્તરોતર વધારે ભયંકર કહ્યાં છે. માતા–બેનાદિ સંબંધમાં સ્નેહરાગ, પતિ–પત્ની વચ્ચે કામરાગ અને પોતે માનેલા દેવ–ગુરુ કે ધર્મ સિવાય અન્યમાં અદ્‌ભૂત ગુણો હોય તો પણ ન માને ત્યાં દષ્ટિરાગ. દષ્ટિ રાગ બંધાઈ જાય તો અન્ય સાથે ઔચિત્ય વહેવાર કરી શકે નહી. બીજા પર દ્વેષ આવતાં વાર ન લાગે.

રાગ સાથે વિવેક હોય તો ગુણનું બહુમાન હોય. રાગની માત્રા ઓછી હોય તો વિવેક વધારે. માતા પુત્રને લાગણી આપે એ ઔચિત્ય વ્યવહાર પણ અંદરથી સાવધાન હોય રાગાદિ ભાવ વૃધ્ધિ ન પામે તેનું લક્ષ જોઈએ.

રાગાદિથી આખું જગત ભ્રમિત થઈ ગયેલું છે. આપણને દેખાતું નથી. જેનું મન સમતારૂપી અમૃતથી સિંચાયેલું છે. એને રાગાદિ ઝેર અસર ન કરે માટે એનું મન ન ભમે. બાકી બધાનું મન ભમશે.

ઈષ્ટ વ્યક્તિ–વસ્તુ અને વાતાવરણમાં ઈષ્ટનો સંયોગ થાય. બધું જ ઈષ્ટ જોઈએ. અનુકૂળની શોધ એટલે સંસારની શોધ. અનુકૂળતાના જેટલા મનોરથો વધારે તેટલો રાગ વધે તેનાથી કર્મબંધ તગડા બને. **'માગે એને ભાગે, ત્યાગે એને આગે.'** મનોરથો કરે ને ન મળે તો વ્યાકુળ થાય. મરણિયો બને. આમ આત્મા ખેદાન મેદાન થાય.

અધ્યાત્મમાં રમવાનું જો ન રમીએ તો મન ખેદાનમેદાન થઈ જાય. મોહનું ઝેર પ્રસરી ન જાય એ ધ્યાન રાખવાનું. સંસારની ફરજ પૂરી થાય તો આત્માની ફરજ ચાલુ થાય.

વૈરાગ્ય રસ વિના રાગ પર વિજય નહિ. પુણ્યના ઉદય વિના મળ વાનું નથી પુણ્યનો ઉદય પૂરો થઈ ગયા પછી રહેવાનું નથી. સંસાર આધિ વ્યાધિ ઉપાધિથી ભરેલો છે. સમતા મેળવવા રાગનો સામનો કરવો પડે. વૈરાગ્ય હોય તો જ રાગ મોળો પડે તો જ આત્મામય બનાય.

**ગાથા – ૭ :**

**શમસૂક્તસુધાસિક્તં યેષાં: નક્તંદિનં મનઃ ।**
**કદાપિ તે ન દહ્યન્તે, રાગોરગવિષયોર્મિભિઃ ॥૭॥**

**ગાથાર્થ :** જેમનું મન સમતાના સુભાષિતો રૂપ અમૃતથી રાત–દિવસ સિંચાયેલું રહે છે, તેઓ કદી પણ રાગરૂપ સર્પના વિષના તરંગોથી બળતા નથી.

જેઓનું મન સમતારૂપી રસ વડે ભીંજાયેલું છે અને સુભાષિતોથી વાસિત થયેલું છે, તેઓનું ચિત્ત તેના અર્થનું અવબોધન કરે છે અને તેનું સંધાન જ્યારે આત્મા સાથે કરે છે ત્યારે તેઓમાં વિરાગભાવની મસ્તી પ્રગટે છે.

ત્યારે તેઓને કોઈપણ પ્રકારના રાગરૂપી સર્પનું ઝેર ચડી શકતું નથી. રાગના નિમિત્તોની અસર તેને થતી નથી.

આત્માને વૈરાગ્ય રસથી તરબોળ બનાવી દેવામાં આવે તો આત્મા તેમા મસ્ત બની જાય. શાંત સુધારસવાળા આત્માઓ દરેક રસ પર પ્રભુત્વ ધરાવી શકે છે. અવસરે જે રસ છોડવા દ્વારા પામી શકાય તે દિશામાં સભાને લઈ જાય. અંતે વૈરાગ્યરસો એવા છોડે કે લોકો ઘરે ન જાય. વૈરાગ્યથી વાસિત બનીને ત્યાં ને ત્યાં જ દીક્ષા લઈ લે. વૈરાગ્ય દઢ થાય તેવું વાંચન જોઈએ. તેવા શ્લોકો, ગાથાઓ કંઠસ્થ કરવા જોઈએ. તેના માટે વૈરાગ્યશતક ગ્રંથ શ્રેષ્ઠ છે.

દા.ત. અભયદેવસૂરિ પોતાના શિષ્યોને રાત્રે મધુર કંઠે અજિતશાંતિનો રાગ શીખવાડતા હતા ત્યારે બાજુના મહેલમાં રહેલી રાજકન્યા તે મધુરો રાગ સાંભળી ત્યાં આવી ગઈ. આ તો ખોટું થયું એમ સમજી અભયદેવસૂરિજીએ બિભત્સરાગ એવો છેડ્યો કે તરત જ રાજકન્યા ત્યાંથી ચાલી ગઈ. આમ સુભાષિતોથી આત્મા વાસિત બની ગયો હોય, મન તેનાથી સિંચાઈ ગયું હોય તો તેને સંસારનું ઝેર ચડી શકતું નથી.

રાગ આસક્તિ કરાવવાનું કાર્ય કરે છે, દ્વેષ દૂર કરવાનું કાર્ય કરે છે. રાગ કે દ્વેષમાં જીવ વસ્તુ કે વ્યકિત સાથે એવો તદાકાર બની જાય છે કે સ્વયંને ભૂલતો જાય. રાગમાં પ્રીતિ અને દ્વેષમાં અપ્રીતિ થશે. બંને પરિણામ આત્મા માટે અહિતનું કારણ બને છે. अभिष्वंगो लक्षणो रागः। अप्रीति लक्षणो द्वेष : ।

જગતના લોકો રાગરૂપી સર્પથી દંસાયેલા છે, અને તેના ઝેરથી વ્યાપ્ત બનીને મૂર્ચ્છિત બની ગયા છે.

વૈરાગ્યમય સુભાષિતોમાં જેનો આત્મા સિંચાઈ ગયો છે અને તેમાં જ તદાકારતા જેનામાં આવી ગઈ છે તેવો આત્મા વિરાગથી સિંચાઈ જાય છે.

રાગના ઉદયથી ઈષ્ટતાની બુધ્ધિના કારણે સંયોગો અનુકૂળ લાગે અને દ્વેષના ઉદયથી અનિષ્ટતાની બુદ્ધિના કારણે સંયોગો પ્રતિકૂળ લાગશે. જ્યારે

જીવ સિધ્ધ સ્વરૂપે પકડાય ત્યારે મમતાથી મૂકાય. ઈષ્ટ–અનિષ્ટની બુધ્ધિ નહીં થાય. પણ સમભાવ– પણાની બુદ્ધિ આવશે.

સમ્યક દષ્ટિ જીવ પહેલાં જીવ કે અજીવને સ્વરૂપથી પકડે. સમગ્ર જીવરાશિ સત્તાએ સિધ્ધ છે. પછી સ્વભાવથી પકડે કે સમતા એનો સ્વભાવ છે તેથી રાગદ્વેષ નહીં કરે. કમઠ અને ધરણેંદ્ર બંને દેવ છે. પરંતુ સ્વભાવથી બંને ભિન્ન છે. બંને ભવ્ય છે. પરમાત્માએ બંનેમાં જીવ દ્રવ્ય પકડ્યું. માટે તેમાં સત્તાએ શિવપણું દેખાયું અને ઉદયથી બન્ને કર્મ કષાયને આધીન છે તેથી એક અનુકૂળ ઉપસર્ગ ભકિતરૂપે કરે છે અને બીજો પ્રતિકૂળ ઉપસર્ગ દ્વેષરૂપે કરે છે.

ધરણેન્દ્રમાં પ્રશસ્ત રાગ છે તેથી ભક્તિથી કરે છે. કમઠમાં અપ્રશસ્ત દ્વેષ છે. પરમાત્મા તેમાં લેપાયા નહિ તેથી બંને પર પ્રભુની સમદષ્ટિ હતી. બંને રાગદ્વેષને આધીન થઈ પોતપોતાના રાગ પ્રમાણે વર્તે છે પણ આત્માના સ્વભાવ પ્રમાણે વર્તી નહીં શકે. જ્યારે હું મનુષ્ય છું, માટે હું મારા સ્વભાવ મુજબ વર્તી શકીશ. આથી પરમાત્મા સ્વભાવમાં લીન બન્યા, પોતાના ભાવ દશામાં હતાં અને તેના દ્વારા રાગ–દ્વેષના પરિણામને અંતરમાં પ્રવેશવા જ ન દીધો. પ્રભુએ જીવજીવનું સામાયિક લીધું હતું તે ખંડિત ન થાય તે એમનું ઔચિત્ય હતું.

વસ્તુ કે વ્યક્તિમાં ઈષ્ટતા કે અનિષ્ટતા નથી પણ આપણા રાગદ્વેષના પરિણામના કારણે તેમાં ઈષ્ટ–અનિષ્ટપણું દેખાશે, એટલે સમતા નહીં રહે અને અનેક પ્રકારના વિકલ્પો થશે. તેના કારણે આગળના પરિણામ ઊભા થશે. હર્ષ–શોક વિ. દ્વંદ્વો ઊભા થશે ને સમતાનો નાશ કરશે. કારણ કે આત્મા તે કલ્પનાઓના સંસ્કાર સતત પાડીને તેનો સંગ્રહ કરે છે. જગતે જેને એંઠવાડરૂપે ફેંકી દીધા છે. તે જ અશુભ પરમાણુઓને ગ્રહણ કરશે અને તેથી તે એંઠવાડને ભિખારીની જેમ હોંશે હોંશે ગ્રહણ કરશે અને દીન બનીને તેની યાચના પણ કરશે.

ધનને પેદા કરવાના ઉપાયો પૂછશે. તેના માટે તે કૂવાઓમાં પ્રવેશ કરશે. પૂર્વના કાળમાં સુવર્ણરસથી ભરેલા કૂવાઓ હતા. રત્નોની સુવર્ણની ખાણોમાં જશે. ગુફાઓમાં જશે. વહાણમાં બેસીને બધા જ પ્રિયપાત્રોને છોડી વર્ષોના વર્ષો સુધી જગતમાં ફરશે. એને ફરવામાં કોઈ વિકલ્પ નથી પણ ધર્મમાં પૌષધ કરતો હશે તો સત્તર વિકલ્પો કરશે.

જીવ સંસારમાં મિથ્યાભ્રાંતિના કારણે રખડે છે. જીવ નાશવંતને સ્વીકારીને કર્મોના થોક બાંધે છે અને પોતાના શાશ્વત–આનંદના ધામ સ્વરૂપ આત્માને ભૂલી જાય છે. આથી ચોરાશીના ચક્કરમાં તેનું ભ્રમણ ચાલ્યા જ કરે છે અને અનંત યાતનાઓને ભોગવે છે. માટે હે જીવ ! તું જાગ તારા સ્વભાવ અને સ્વરૂપને ઓળખ તે મય બન તો વિભાવમાંથી છૂટી આત્મકલ્યાણને સાધી શકીશ.

અહીં રાગને આગ અને સર્પના વિષની એમ બે ઉપમાઓ આપી છે. રાગ આત્મામાં પ્રસરી જાય તો વ્યાકૂળતા પેદા કરે છે. આત્માની પ્રશાંતતા લૂંટાઈ જાય છે. રાગરૂપી સર્પથી દંસાયેલો આત્મા જગતમાં ભમ્યા કરે છે. જગતની વસ્તુઓથી પોતાનું હિત થાયછે એમ અહિતમાં હિતની બુદ્ધિ કરે છે. જગત ઉપર ઉપકાર કરવાના સ્વભાવવાળા તીર્થંકર પરમાત્માની વાણીનું જે આત્મા શ્રવણ કરે છે તેને સમતારૂપી ધનની પ્રાપ્તિ થાય છે અને પોતાના સ્વરૂપના આનંદને ભોગવવા સમર્થ બને છે.

પરમાત્માની વાણી દ્વારા મિથ્યાત્વ રૂપ ઝેર નિચોવાઈ જાય છે અને સમ્યક દર્શનની પ્રાપ્તિ થાય છે. તે જીવને પરમાં હેયબુધ્ધિ આવી જાય છે. જિનવાણી આત્માના સ્વભાવને પ્રાપ્ત કરાવવાનું કાર્ય કરે છે. જો જીવ તેને આદરે તો અવશ્યમેવ સ્વાત્માનું કલ્યાણ સાધી શકે છે અને આત્મવીર્યને પરભાવમાં જતું અટકાવી શકે છે.

**મિથ્યાત્વ–પરમાં સુખની માન્યતા ઊભી કરે**

**ચારિત્ર મોહનીય–પરને ભોગવવામાં સુખની બુદ્ધિ ઉત્પન્ન કરે**

અર્થાત્ મોહના ઉદયને આત્મા દૂર કરે તો જ આત્માના સ્વભાવને અનુભવી શકે એટલે મોહ જેના નિમિત્તે ઉદય પામે છે તે નિમિતોને દૂર કરવાના છે, તો જ મોહ ઉપર વિજય મેળવી શકાય અને સ્વભાવમાં આવી શકાય.

જ્યાં સુધી આત્મા અસંગભાવવાળો નહીં થાય ત્યાં સુધી મોહનો ત્યાગ થવો દુષ્કર છે. સંગ મનમાં પડ્યો છે તો મોહનો પરિણામ ચાલુ જ છે, દ્રવ્યથી ભલે ગમે તે સંગથી છૂટી ગયા હોય અસંગ થઈને જીવ મગ્ન બની શકે છે, અને પોતાના ગુણરૂપી નંદનવનમાં વિહરી શકે છે. એકત્વ ભાવના પર ચડે તો અસંગદશાને અનુભવી શકે. જીવદ્રવ્ય તરીકે એકલો છું. કુટુંબ પરિવાર વિ. થી જુદો છું તેમ શરીરથી પણ નિરાળો છું એ ભાવ જ્યારે પ્રબળ થાય ત્યારે આત્મા નિઃસંગ દશાને પામે.

દરેક ક્રિયામાં 'માત્ર હું આત્મા છું' ! એવું પણ ભાવથી આવે ત્યારે તે આત્મનો અનુભવ કરે. માટે જ મુહપત્તિના પ્રથમ બોલમાં જ 'સૂત્ર–અર્થ–તત્ત્વ કરી સદહું આ વાત મૂકી છે. આથી સૂત્ર–અર્થને પરિણામ પમાડી પછી બંનેને છોડી આત્મામાં તદાકાર બનવાનું છે તો અપૂર્વ નિર્જરા કરી શકે. સહજાનંદને માણી શકે. માટે માત્ર ક્રિયા કરતાં આત્માઓ પણ ભાવનામાં કેવળજ્ઞાનને પામ્યા છે.

છોકરો મારો એ મિથ્યાત્વ – મારો જ મારામારી કરાવે. જ્યારે વિપરીત થાય ત્યારે નાસીપાસ કરાવે. આનાથી આત્મા અશાંત રહે. મોહ આ રીતે હેરાન કરે. એટલે આરાધના ચૂકી જવાય. ઉપાધિનો પાર નહિ.

જિનની આજ્ઞા ન માને ને જનની આજ્ઞા માને તે દુઃખી. જિનની આજ્ઞા માને તે સુખી, જ્યાં કોઈપણ પ્રશ્ન ન હોય તે સિધ્ધ–જ્યાં પ્રશ્નનો અંત ન આવે તે સંસાર. જગતે ભોગવીને એંઠવાડ તરીકે છોડી દીધું એ ભોગવીએ છીએ. પુદ્‌ગલને સંગ્રહ કરવાનો આત્માનો સ્વભાવ નથી. પુદ્‌ગલના પનારે પડ્યા છીએ. હેય માનીને આપવું પડે તો ચોધાર આંસુએ આપે. પણ આપણે રીઢા ગુનેગાર છીએ પારકાને પોતાના માનીને એમાં જ આનંદ માણ્યો.

• 'ધન મેળવવા શું કરે'

ધનના ઉપાર્જન માટે વર્ષો સુધી ભણવાનું પછી ધન માટે દોડવાનું ભટકવાનું અને મળ્યા પછી ગુલામી કરવાની. સંસારમાં ગુલામી સ્વીકાર્યા વિના ભોગવાય નહિ. આત્માની સ્વતંત્રતા જોઈએ છે પણ બહારની ગુલામી છોડી શકતો નથી.

પહેલાના કાળમાં સુવર્ણરસના કૂવા હતા, એ રસ લેવા જવાં એની અંદર ઉતરવાનું, રસ કેટલો ગરમ હોય, શરીર ખવાઈ જાય તો પણ જાય. લોભ માટે અંદર કૈંકે રત્નની ગુફામાં જાય. જાનના જોખમે પણ ધન મેળવવાનો પ્રયાસ કરે... જીવ ધન મેળવવા માટે જાનની બાજી લગાવવા તૈયાર થઈ જાય. દ્રવ્ય મેળવવાના લોભથી અહિતને હિત માને.

સમ્યક દષ્ટિ આત્માને, આત્માની પ્રધાનતા અને મિથ્યાત્વીને સંસારની પ્રધાનતા હોય. ધર્મમાં પણ સંસારની પ્રધાનતા આવે. જીવનમાં પાપને પ્રધાનતા આપી અને પાપનો ભવ ગૌણ કર્યો. ધર્મ–દયા બધું ગયું. કર્મની પ્રધાનતા માનતા બંધ થઈ ગયા, લોકને માનતા થયાં.

વૈભવને ઉચિત વેશ પહેરવાનો છે, ભીખ માગીને અપટુડેટ નથી રહેવાનું. પહેલાં લોકો મજૂરી કરતાં પણ ભીખ માગવા ન જતાં, પાપનો ભય હતો. હવે પોઝિશનનો (પ્રતિષ્ઠાનો)ભય છે. સારા દેખાવું ગમે છે.

જગતની વાતોનો સ્વીકાર કરી જિનેશ્વરની આજ્ઞા ન માનવી, ન પાળવી એ મિથ્યાત્વ. જિનાજ્ઞા માનવી, વચનનો સ્વીકાર એ સમકિત.

## સમતા પ્રગટાવવા જ સૂત્ર–અર્થ ભણવાના છે

જ્ઞાનનું ફળ સમતા અને જ્ઞાનનું સાધન સૂત્ર. સમતા પ્રગટ કરે એવા સૂત્ર, પોતાને જે સૂત્રમય બનાવે તેને રાગરૂપી સર્પનું ઝેર બાળી શકતું નથી.

**સાધ્ય** :– આત્મામાં પડેલું જ્ઞાન,

**સાધન** :– સૂત્ર અને સૂત્રના અર્થ.

**ગુણ :** પ્રગટ કરવાના.

સૂત્ર આત્મામાં પરિણામ પામે તો અર્થ દ્વારા ગુણને પ્રગટ કરે. સૂત્ર સમતારૂપી અમૃતથી સીંચાયેલા છે. સૂત્ર શ્રદ્ધાપૂર્વક ભણવામાં આવે તો આત્મા ભાવિત થતો જાય અને સમતારૂપી રસ મેળવતો જાય. પછી એ વગર વિચાર્યે ભાવિત થતો જાય. સૂત્રથી ચિત્તને એવું ભાવિત કરવાનું કે અંદર સ્વાધ્યાયની રમણતા થાય. દિવસે ભણેલું રાતે પુનરાવર્તન કરવાનું તો મોહરાજા પ્રવેશી ન શકે. જેના ઘરના દ્વાર પર દ્વારપાળ ઊભા હોય તેના ઘરમાં કોઈ અંદર ન આવી શકે. આપણે જાગતા પણ સ્વાધ્યાય નથી કરતાં. સ્વાધ્યાય એવો કરવાનો કે શરીર ઊંઘતું હોય, મન સૂતું ન હોય. રાત્રે સૂતા પહેલાં ૧ પહોર સ્વાધ્યાય કરીને સૂવાનું છે.

સંસારના વ્યવહાર ઘટાડો એટલો આત્માનો વ્યવહાર વધે.

**'ખાના–પીના–સોવના–મિલના–વચન વિલાસ,**

**જ્યોં જ્યોં પાંચ ઘટાઈએ, ત્યોં ત્યોં ધ્યાન પ્રકાશ.'**

ખાવાનું પીવાનું સુવાનું– ઈંદ્રિયોની વિકૃતિથી મન ચંચળ થાય. ચંચળ મનને વાતો જોઈએ, વિલાસ ભાવો–હાસ્યાદિ ઠઠ્ઠા મશ્કરી વિકથા શરૂ થાય. આ પાંચથી જે રંગાઈ જાય છે તે કદી આત્મરમણતા કરી ન શકે.

દોડતું મન સ્વાધ્યાયથી સિંચાતું નથી. જગતમાં દોડાદોડ કરશે.

મિથ્યાત્વના ઉદયથી આત્મા તીવ્ર કષાયના કારણે હિંસાદિ પાપો ઉપાર્જન વડે અનુબંધવાળા કર્મોના કારણે ૭મી નરકાદિ દુર્ગતિની પરંપરા સર્જે. ૭મી નરકમાં અનુબંધ પૂર્ણ કરવાની શક્યતા ઓછી. નરક–તિર્યંચ આદિ ભવોની પરંપરા ચાલ્યા જ કરે.

મિથ્યાત્વથી રંગાયેલા મનને સમ્યક્ત્વના સમતાના રંગથી રંગવું પડે. તત્ત્વમય બન્યા પછી સમતા રસની કમાણી જેને થઈ છે તેણે પોતાના સ્વરૂપને પકડી લીધું છે એટલે પોતાના આત્મામાં સ્થિરતા કરી રમણતા કરે છે.

આત્માર્થી જીવે પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ માટે શરીરાદિ પરભાવની સાથે જે એકતા છે તેનો ત્યાગ કરીને તથા રાગ–દ્વેષાત્મક વિભાવદશા છોડી દઈને સમતાભાવ વડે ભાવિત થવા પ્રયત્નશીલ બનવું જોઈએ.

**ગાથા – ૮ :**

**ગર્જજ્જ્ઞાનગજોત્તુઙ્ગ–રુઙ્ગદ્ ધ્યાન તુરગમાઃ ।**
**જયન્તિ મુનિરાજસ્ય, શમસામ્રાજ્યસમ્પદઃ ॥૮॥**

**ગાથાર્થ :** ગર્જના કરતા જ્ઞાનરૂપી હાથીઓ વડે ઉન્નત, આત્મહિતકારી અને નૃત્ય કરતાં ધ્યાનરૂપી નાચતા ઘોડાઓ જેવી મુનિ મહારાજની સમતા સામ્રાજ્યની સંપત્તિ જય પામે છે. – વિજય પામે છે.

'રાજા બાહ્ય સામ્રાજ્ય સંપત્તિથી સુખી–તેમ મુનિ સૂત્ર અર્થજ્ઞાન સંપત્તિથી સુખી' રાજા શાનાથી શોભે ? હાથી–ઘોડાઓના સમૂહો વધારે તે વધારે સમૃધ્ધ. પૂર્વના કાળમાં શ્રેષ્ઠીઓના બંગલાની આગળ હાથીઓ ઝૂલતા હતા, અને ઘોડાઓ પણ રહેતા. ગૌધનવાળા પણ સંપત્તિવાન ગણાતા. હાથીઓ ગર્જના કરે તેમ મુનિઓ જ્ઞાનનો ઘોષ કરે. નૃત્ય કરતાં ઘોડાઓ રૂપ ધ્યાન એ મુનિની સંપત્તિ છે. જ્ઞાન–ધ્યાન મુનિ પાસે જેટલું અધિક તેટલો તે સબળ બને. આંતર સમૃધ્ધિથી તરબતર બને. તે જ મુનિ સુખી બને. જે જ્ઞાન દ્વારા આત્માનો અનુભવ થાય તેવા જ જ્ઞાનની કિંમત છે. જે જ્ઞાન ધ્યાનનું કારણ બને તે જ્ઞાન મુનિ માટે આનંદની સમૃધ્ધિથી તરબતર બને. તે જ મુનિ સુખી બને. એટલે મુનિએ ૧૨ વર્ષ સુધી ભણાવાનું છે. ઉત્સર્ગ માર્ગે સૂત્રો ગોખવાના ને નામની જેમ યાદ રાખવાના છે.

- **સૂત્ર કઈ રીતે ભણવાનું ?**

આગમનો પાઠ નિરંતર કરવાનો – રાત્રે પુનરાવર્તન કરવાનું. પૂર્વે ગુરુ પાસે મુખપાઠ લેવાની પદ્ધતિ હતી. તેથી ગુરુ આપે તેટલું જ લેવાય. જેની જેટલી યોગ્યતા હોય તેટલું ગુરુ આપે, આગળનું ન આપે. તેના કારણે

શિષ્યનું હિત જ થાય. માટે ગુરુકૂળવાસ સેવવો જ પડે, ગુરુ પાસે વફાદારી રાખવી જ પડે. વિનય–વિવેક જ્ઞાનના પરિણામો ઉત્તરોત્તર વૃધ્ધિ પામે, નહિતર પંડિત બની જાય અને સભાઓ ગજવે પણ અંદરમાં પરિણામ ન પામે.

મનમાં ભણવાનું નથી પણ ઘોષપૂર્વક બોલીને ભણવાનું છે. તેમાં કાના–માત્રા–અનુસ્વાર પદ–અક્ષર વિ. એના ધ્યાનમાં આવી જાય. બીજાને ખલેલ ન પહોંચાડે અને બીજામાં પોતે જાય નહિં એ રીતે ઘોષપૂર્વક ૧૨ વર્ષ સુધી સૂત્રો ભણે, અર્થને ભણે પછી ૧૨ વર્ષ સુધી જ્ઞાનને અનુભવવાળું બનાવે. એટલે જીવન જ ધ્યાનરૂપ બની જાય. ધ્યાનરૂપે ક્રિયા બની જાય એટલે કંટાળો – ખેદ એના જીવનમાં ન પ્રવેશે.

આજે તો એકની એક વાત વારંવાર આવે તો ઉદાસીન બની જાય. પોતાની ઈચ્છા મુજબ ન બને તો ખિન્ન બની જાય કારણ કે તેણે જ્ઞાનને ધ્યાનરૂપ બનાવ્યું નથી.

જો મોટેથી ગોખે તો પોતાની ભૂલ બીજા બતાવી શકે. આખો અક્ષર અડધો અક્ષર હોય તો એ રીતે જ બોલાય તો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય. અક્ષરમાં ભૂલ થાય તો જ્ઞાનાવરણીય કર્મ બંધાય. જ્ઞાનની વિરાધના થાય. માટે ગુઢ પાસે વિધિપૂર્વક સૂત્રાદિ લેવાનાં . પુસ્તકો છપાયા માટે ગરબડ થઈ, જાતે કરી શકે, નહિ તો ગુરુ વગર થાય નહિ. પુસ્તકનો પરિગ્રહ વધ્યો, આગમો કંઠસ્થ કરવાનું ઘટયું ગૃહસ્થ પરિચય, બાહ્ય પ્રવૃત્તિ વધી. ગુઢના શરણમાં જવું જ પડે.

## 'જ્ઞાન માનને તોડવા ભણવાનું'

વર્તમાનમાં જ્ઞાનદશા નબળી પડી માટે ભૂલાઈ જાય. હાથી ગર્જના કરે એમ માનને તોડવા માટે જ્ઞાન ભણવાનું. શરમ નડે એ ગોખી ન શકે. ગુઢ પાસે આવીને ભણવાની મૂળવિધિ છે. જ્ઞાન વિનય વિના ચડે નહિ. વિનય

વગરનું જ્ઞાન ફળે નહિ. વિધિપૂર્વકનું જ્ઞાન આત્મામાં પરિણામ પામે. વર્તમાન કાળમાં વિનય ધર્મમાં ઓટ આવી છે.

આખા સમુદાયમાં એકને તૈયાર કરી દે, પછી બધા એની પાસે ભણે. દા.ત. પૂ. ભુવનભાનુ સૂરિ મ. ન્યાય જાતે ભણાવતાં. પૂ. રાજશેખર સૂરિ. મ ભણાવતાં ટૂંકમાં ગુઢ પાસે ભણવું જોઈએ.

પહેલાં સૂત્ર ભણવાનું પછી એનો સામાન્ય અર્થ, ચિંતન, રહસ્ય અને રહસ્ય પામી આત્માને એ મય બનવાનુ અર્થાત્ આત્મ તત્ત્વ અનુભવવાનું. ભણાવવામાં પક્ષપાત ન કરાય. યોગ્યતા જોવાય. તો જ જ્ઞાન પચે. મુનિ મહાત્મા જેમ જેમ ભણે તેમ તેમ થનગનાટ આવે.

જ્ઞાન જો પરિણમે નહિ તો જ્ઞાનનું અજીર્ણ થઈ અભિમાન આવે માટે હાથીનું રૂપક લીધું. હાથી સૌથી માની પ્રાણી છે. તારે ગર્જના તો કરવાની છે પણ માનને મારવા માટે, હટાવવા માટે કરવાની છે. નૃત્ય કરતાં ઘોડાથી એમ કહેવા માંગે છે કે જેમ જેમ જ્ઞાન આત્મામાં પરિણામ પામે તેમ તેમ આત્મામાં ઉત્સાહ વધે. આપણને તો અનુકૂળતા હોય તો ઉત્સાહ આવે અને પ્રતિકૂળતા હોય તો ઉત્સાહ જાય. જેમ જેમ જ્ઞાન પરિણત થાય તેમ કષ્ટ સાધ્ય પ્રવૃત્તિમાં પણ તેને આનંદ આવે.

જ્ઞાન જેમ જેમ પરિણમે તેમ તે ધ્યાનરૂપ પરિણામ પામે. જ્ઞાન અંદર જવાની પ્રેરણા કરે કે બહાર જવાની ? જે જ્ઞાનમાં અંદર મોહ ન ભળે તો તે અંદર અને જે જ્ઞાનમાં મોહ ભળે તો આત્માને બહાર લઈ જાય. જો જ્ઞાન પરિણમે નહિ તો હાથીની જેમ અભિમાની બને.

જો જ્ઞાન અંદર પરિણામ પામે તો સ્વ અને પરનો ભેદ કરાવે. પ્રવૃત્તિ નિવૃત્તિની દિશા પકડશે. ભેદજ્ઞાનની પરાકાષ્ઠા આવે ત્યારે પરથી પર થવાનો થનગનાટ થાય. પરમાંથી મારાપણાનો ભાવ નીકળી જાય, સ્વમય બને. અપૂર્વ વીર્ય પ્રગટ થાય. કષ્ટ કષ્ટરૂપે ન લાગે. પોતાના આત્માના હિતની પ્રધાનતા રાખવાની. આપણને પોતાનામાં રસ નથી. 'હું આત્મા જ છું.' એ નિર્ણય થાય પછી શરીર એ બંધન લાગે.

અજ્ઞાનતા રૂપ મિથ્યાત્વ મોહ, ચારિત્ર્ય મોહ બંને સાથે લડાઈ કરી મમતાનું સામ્રાજ્ય તોડી વીતરાગરૂપ સ્વ સામ્રાજ્ય મેળવી લેવાનું.

શિષ્ય યોગ્ય હોય, બરાબર ભણતો હોય અને ગુઢ જો તેને પ્રોત્સાહન ન આપે અને ઉપરથી ઠપકો આપે તેની પરીક્ષા કરે તો શું થાય ?

શિષ્યનો ઉત્સાહ ઠપ્પ થઈ જાય. ઉત્સાહમાં ગાબડું પડી જાય. જ્ઞાન પરિણામ પામ્યું હોય તો શિષ્યને જેમ જેમ ઠપકો મળે તેમ વધારે ને વધારે ઉત્સાહપૂર્વક ભૂલો સુધારતો જાય. માઘ કવિ કાવ્ય બનાવે, પિતાને બતાવે અને પિતા એને એની ભૂલો બતાવે. કેમ કે તેમને પુત્રમાં રહેલી કવિત્વ શક્તિનો વિકાસ કરવો હતો. માઘકવિ રોજ ભૂલો સુધારી નવા નવા કાવ્યો બનાવે. ઘણા દિવસો સુધી આ ચાલ્યું એક દિવસ એની સહનશક્તિ ખુટી ગઈ, કે પિતા તો હંમેશા ભૂલ જ કાઢે છે માટે આજે કાવ્ય લખી તે પાના સામાન્ય મેશવાળા કરી આ કાવ્ય બીજાનું છે એમ કહી બતાવ્યું ને પિતાએ વખાણ કર્યા અને કહ્યું કે આને કાવ્ય કહેવાય. તેથી તેણે કહ્યું કે આ મારું છે, પણ આપ મારી ભૂલો કાઢ ો છો આથી બીજાનું બતાવ્યું. પિતાએ કહ્યુંઃ બસ, હવે તારો આગળ વિકાસ નહીં થાય. અત્યાર સુધીના તારા કાવ્યો તું વાંચી જજે. તે વાંચતાં જ તેને ખ્યાલ આવ્યો કે પૂર્વના કાવ્ય કરતાં પછી પછીના કાવ્યો કેટલા ઉત્તમ હતાં. ભૂલ સમજાઈ ગઈ. પિતા પાસે જઈ રડી પડ્યો અને માફી માંગી

**ગાથા – ૨૭ :**

**જં મે બુધ્ધા, અણુસાસંતિ સીણ્ળ, ફઢસેણ વા ।**
**મમ લાભોત્તિ પેહાએ, પયઓ તં પડિસ્સુણે ।।૨૭।।**

**ગાથાર્થ :** આમ મેણાં–ટોણાં–ઠપકો આપે તો મુનિ વધારે ઉત્સાહિત થઈ જીવનને નંદનવન બનાવે અને સામો પણ તેમાંથી પ્રેરણા લઈ જીવનને સુધારી લે. આમ મુનિ નાસીપાસ ન થાય તો તે આગળ વધી શકે છે.

જે જ્ઞાનમાં સ્વને પરનો ભેદ થતો હોય તેને ગર્જિત જ્ઞાન બતાવ્યું છે.

તેના વડે એ ઉન્નત બનેલો છે, અનાદિનો જે પરનો સંબંધ છે તેનાથી સદા માટે છૂટી જવાનો આત્માનો ઉન્નતિનો ભાવ છે.

- **'મુનિને મહારાજા કેમ કહેવાય છે ?'**

રાજાની રાજ્યલક્ષ્મી જેમ જયવંતી હોય છે, તેમ મુનિ મહારાજની સમતાભાવ રૂપી રાજ્યની લક્ષ્મી સદા વિજયવંતી હોય છે. રાજાની રાજ્યલક્ષ્મી પરિમિત, અનિત્ય, આ દેશપૂરતી અને અનેક ઉપાધિઓવાળી, બીજાને ઈર્ષ્યા કરાવનારી, બીજાને લૂંટવાની ઈચ્છા થાય તેવી હોય છે જ્યારે મુનિ મહારાજની સમતાભાવની સામ્રાજ્ય સંપત્તિ અપરિમિત, નિત્ય, સર્વત્ર પ્રસરતી, નિરૂપાધિક, બીજાને અનુકરણ કરવાની ભાવના થાય તેવી તથા કોઈથી લૂંટી ન શકાય તેવી હોય છે. તેથી બાહ્ય રાજ્ય સંપત્તિથી રાજા કહેવાય છે, જ્યારે મુનિને આંતર, શાશ્વત સંપત્તિથી મહારાજા કહેવાય છે.

રાજાની રાજ્યલક્ષ્મી ભૂતકાળમાં=પ્રાચીનકાળમાં હાથી ઘોડાથી શોભતી હતી તેમ મુનિરાજની સમતારૂપી સંપત્તિ જ્ઞાન અને ધ્યાન વડે શોભતી હોય છે.

આ રીતે જ્ઞાનરૂપી ગજ દ્વારા અને ધ્યાનરૂપી અશ્વ દ્વારા સુશોભિત એવી નિર્ગ્રંથ સ્વરૂપવાળા અર્થાત્ નિષ્પરિગ્રહી મુનિરાજની રાજ્યસંપત્તિ સદાકાળ જય પામે છે. આ કારણથી સમતાના ભંડાર એવા મુનિઓનું મહારાજાપણું હંમેશા જયવંતુ વર્તે છે. તે કારણથી આત્માર્થી મુમુક્ષુ જીવે સમતાભાવ જીવનમાં લાવવા સદા તેના અભ્યાસવાળા થવું જોઈએ. આ પ્રમાણે શમાષ્ટકનું વર્ણન કર્યું.

○

# • ૭મું અષ્ટક •
# ઇંદ્રિયજય અષ્ટક

શમભાવની પ્રાપ્તિમાં અંતરાય કરનાર જો કોઈ હોય તો તે ઈંદ્રિયોનો વિષયાભિલાષ છે. પાંચે ઈંદ્રિયોના વિષયોની અભિલાષા જેટલી તીવ્ર, તેટલા જ ઈષ્ટ અનિષ્ટ વિષયોની પ્રાપ્તિ–અપ્રાપ્તિમાં રાગ–દ્વેષ આદિ કષાયોની તીવ્રતા થવાથી સમતાભાવની હાનિ થાય. માટે ઈંદ્રિયોનો વિષયાભિલાષ શમભાવમાં વિઘ્ન કરનારો છે. તેથી શમભાવમાં સ્થિર થવું હોય તો ઈંદ્રિયોનો વિજય કરવો જ જોઈએ. માટે હવે ઈંદ્રિયજયાષ્ટક કહેવાય છે.

ઈંદ્ર એટલે જીવ કારણ કે જેમ ઈંદ્ર મહારાજા ઐશ્વર્યવાળા છે એટલે ઈંદ્ર કહેવાય છે તેમ આ જીવ પણ જ્ઞાનાદિ અનંતગુણોની અમાપ ભાવસંપત્તિરૂપ સર્વ પ્રકારના પરમ ઐશ્વર્યવાળો હોવાથી ઈંદ્ર કહેવાય છે. જીવનું જે ચિહ્ન=નિશાની તેને ઈંદ્રિયો કહેવાય છે.

નેત્ર–કર્ણ– નાસિકા વગેરે પાંચ અંગો જીવનું લિંગ= ચિહ્ન છે. તેથી તે પાંચને ઈંદ્રિયો કહેવાય છે. ઈંદ્રિય દ્વારા જીવનો= આત્માનો નિશ્ચય થાય છે. ઈંદ્રિય દ્વારા બોધ કરતી વખતે આત્મા બોધ કરે છે એ ઉપયોગ હોવો જોઈએ.

ઈંદ્રિયો સાધન છે. ઈંદ્રિયો એ આત્માનું કર્મકૃત બંધન છે અને બંધન દ્વારા આત્મા પોતાના બંધનને સદા તોડી શકે છે. બંધનને તોડવાની તક મનુષ્યભવમાં મળી છે. તેનો ઉપયોગ ન કરીએ તો પુણ્યના યોગે મળેલી ઈંદ્રિયો દ્વારા બંધન વધશે.

ઈંદ્રિયો દ્વારા જોનાર–જાણનાર–ભોગવનાર આત્મા જ છે. પુદ્ગલને

ભોગવવાનો અભિલાષ છે ત્યાં સુધી તપના પરિણામમાં આત્મા નથી. પુદ્ગલના ભોગનો અભિલાષ બંધ કર્યો તો પુદ્ગલમાં વ્યવહાર કરવા છતાં નિર્જરા થાય. આત્માની અંદર પૂર્ણતા છે તેને ભોગવવાની છે. એક સ્વભાવ ચૂકે એટલે અનેક વિભાવ આવે. ઐશ્વર્યના ઉપયોગમાં જવા માટે ઈંદ્રિયોની સહાય લેવી પડે છે, એ બંધન છે – પરાધીનતા છે.

ઈંદ્રિયોના વ્યાપાર દ્વારા વિષયોનો બોધ થાય. ઈંદ્રિયોની સામે આવેલા વિષયે આત્માને બોધ કરાવ્યો. એ બોધમાં= જ્ઞાનનો મોહ ભળ્યો માટે સારું–ખરાબ લાગ્યું. મોહને ભેળવવાનો ન હતો. મોહ ભળે મિથ્યાત્વ વધે– તીવ્રતા વધે – અભિલાષની ઝંખના પછી મનમાં પરિણામ – વચનમાં અને કાયામાં અભિલાષની ધારા વૃદ્ધિ પામે. પછી બીજા સાધનનો ઉપયોગ કરાવે, માંગણી–પ્રશંસા કરાવે. ગ્રહણ કરવા માટે દોડાદોડ કરાવે. પછી બીજી વસ્તુ માટે શક્તિનો ઉપયોગ કરે. પહેલા મનમાં મિથ્યાત્વ આવ્યું. મિથ્યાત્વએ જ આ કરાવ્યું માટે મિથ્યાત્વને છોડવાનો ધર્મ કરવાનો.

મિથ્યાત્વ ન છૂટે તો અવિરતિ–કષાય–યોગ બધું આવે. મિથ્યાત્વનો અનુબંધ તીવ્ર પડ્યો છે એ ન કાઢો તો અંદર જઈ વકરે. કાળચક્ર ચાલ્યા કરે. સમગ્ર સંસાર સાવધાની માગે છે. સમ્યક જ્ઞાન વિના સાવધાની નથી. આત્માનો ઉપયોગ સતત આવવો જોઈએ.

ઈંદ્રિયોનો જય બે પ્રકારે છે. એક દ્રવ્ય ઈંદ્રિયજય અને બીજો ભાવ ઈંદ્રિય જય. ત્યાં ઈંદ્રિયોનો સંકોચ આદિ કરવો. ઈંદ્રિયોને ગોપવવી, વિષયમાં ન જોડવી, નેત્રાદિ બંધ રાખવાં, શરીરને ગોપવવું, વિષયોથી દૂર રહેવું તે સઘળોય દ્રવ્યથી ઈંદ્રિયોનો વિજય કર્યો કહેવાય અને આત્માની ચૈતન્ય શક્તિને તથા વીર્યશક્તિને માત્ર આત્મસ્વરૂપના જ ચિંતન–મનન પરિશીલનમાં પરિણમન કરવી. પરભાવથી અત્યંત દૂર રાખવી તે ભાવથી ઈંદ્રિયોનો વિજય કહેવાય. ભાવ જય એ આત્માનો ધર્મ છે. દ્રવ્ય ઈંદ્રિય જય સાધન છે = કારણ છે અને ભાવઈંદ્રિયજય એ સાધ્ય છે= કાર્ય છે.

ગાથા – ૧ :

***બિભેષિ યદિ સંસારાન્–મોક્ષપ્રાપ્તિં ચ કાઙ્ક્ષસિ ।***
***તદેન્દ્રિયજયં કર્તું, સ્ફોરય સ્ફાર–પૌરુષમ્ ॥૧॥***

**ગાથાર્થ :** જો સંસારથી ભય પામતો હોય અને મોક્ષની પ્રાપ્તિને ઈચ્છતો હોય તો ઈંદ્રિયોનો વિજય કરવા માટે વિશાળ પુરુષાર્થને ફોરવ. અર્થાત્ મહાપરાક્રમ કર.

આપણું સાધ્ય સમતા છે. વર્તમાનમાં આપણે સમતાની સિધ્ધિ કરવાની છે. અંતિમ સાધ્ય એ મોક્ષ છે. મનુષ્યભવમાં જ એ કાર્ય જીવ કરી શકે છે. સમતામાં બાધક ઈંદ્રિયોના વિષયોનો અભિલાષ છે માટે ઈંદ્રિયજય અધિકાર મૂક્યો.

જો તું આત્માના શુદ્ધ સ્વરૂપ રૂપ મોક્ષને ઈચ્છતો હોય તો ઈંદ્રિયો ઉપર વિજય કર. અપૂર્વ પુરુષાર્થ દ્વારા વિજય મેળવી શકીશ.

ધર્મના બહાને મોહરાજા પકડશે. આપણે આગળ દોડીએ એ પાછળ ફેંકશે. મોક્ષમાર્ગને અભિમુખ બન્યા પછી વધુ સાવધાન રહેવાનું.

મોક્ષના ઉપાયોને પકડીએ છીએ. એ પહેલાં ધર્મ ન કર્યો એનું દુઃખ હતું. હવે જ્યારે ધર્મ કરે છે ત્યારે માન સન્માન નડે. ધર્મની ક્રિયાને જ ધર્મ તરીકે સ્વીકારી લીધી. ધર્મ કરે એ જગતના માન–સન્માન લઈ ન શકે. માટે ધર્મ શું કરવાનો એ જ ખબર નથી. ધર્મની ક્રિયાને જ ધર્મ માન્યો. ધર્મ સમજ્યો હોય તો ધર્મની ક્રિયા થયા વિના ન રહે. કાચી સમજણ છે માટે મોહ બરાબર સ્થિર થઈ જાય. વૃધ્ધિ પણ પામે.

દરેક કાળમાં મિથ્યાત્વીઓ વધારે હોય. ધર્મ ઓછો હોય. અધર્મ વધારે હોય. આપણે શું કરવું છે એ જ નિશ્ચય આપણે કરવાનો છે.

## બહુમતિ અને સ્વમતિ છોડો, સર્વજ્ઞમતિ પકડો

બહુમતિ છોડો–સ્વમતિ છોડો–સર્વજ્ઞમતિ પકડો. સર્વજ્ઞમતિ મુજબ

જીવનારાઓની સંખ્યા અલ્પ જ રહેવાની. જે તારું નથી તેને તારે છોડવાનું. કષાય—ઈંદ્રિય બધાને છોડતા રહેવાનું. પૂર્ણ મોક્ષ ન થાય ત્યાં સુધી કર્મકૃત વસ્તુ છોડવાની.

કષાયના કારણે આત્મા ઈંદ્રિયના વિષયથી જીતાતો જાય છે. સંસારનું સર્જન ઈંદ્રિયથી જ છે. એકેંદ્રિય=સ્પર્શનેંદ્રિય દ્વારા રાત દિવસ પુદ્ગલનો સહવાસ—એના દ્વારા સંસારનું સર્જન.

ઈંદ્રિયો દ્વારા ઈંદ્રિયોને દૂર કરવાનું સામર્થ્ય આ ભવમાં પ્રાપ્ત થયું છે. તેના માટે પુરુષાર્થ કરવાનો છે.

પુદ્ગલને મેળવવાનો—ભોગવવાનો—છોડવાનો પુરુષાર્થ અનાદિથી આત્મા કરતો આવ્યો છે. આ ધંધો કરીને ભટક્યો. આ ધંધો જેણે છોડ્યો એ તર્યા. બહારથી પુદ્ગલ—અંદરથી કર્મ માટે આત્માનું અપૂર્વ વીર્ય વપરાયું. માટે આત્મા સબળો બનવાના બદલે દૂબળો બન્યો. પોતાની શક્તિ પોતાનામાં ન વાપરી, પરમાં વાપરી. જ્યાં રસ હશે ત્યાં પુરુષાર્થ થશે.

આત્મા વડે ઈંદ્રિયોની વર્તમાનમાં અનુભવાતો સુખનો જે રાગ છે તેનો ભય આત્માએ રાખવા જેવો છે તો જ આત્મા મોક્ષમાર્ગને આરાધવાનો અધિકારી બને છે. જો તને સંસારનો ને સંસારના સુખનો ભય લાગ્યો હોય તો તારે ઈંદ્રિયો પર વિજય મેળવવો જરૂરી છે. તોજ તું વર્તમાનમાં મોક્ષનું આંશિક સુખ ભોગવી શકે. એને માટે તારે તારા અપૂર્વ પુરુષાર્થને ફોરવવાનો છે. તો જ આત્માની અનુભૂતિ થઈ શકે.

સર્વ કર્મનો ક્ષય થવાથી જે પ્રગટ થાય તે મોક્ષ, એના માટે ત્રણ શરીરમાંથી આત્માને નીકળવું પડે. કાર્મણ અને તૈજસ એ બે શરીર સદા સાથે રહે છે. ત્રીજું શરીર દરેક ભવમાં નવું મળે છે. બહાર વર્તમાનમાં જે દેખાઈ રહ્યું છે તે ઔદારિક શરીર છે. તે કાર્મણ શરીરના કારણે મળે છે. તૈજસ શરીર પણ અંદર રહેલું છે.

અંદરના તૈજસકાર્મણ શરીર કૃશ ન થાય તો તપ દ્વારા માત્ર બહારનું શરીર ગળે છે. જ્ઞાન – ધ્યાન તપરૂપી અગ્નિથી અંદરનું કાર્મણ શરીર

સળગી જાય. ભગવાનની આજ્ઞા મુજબનો તપ કરો તો અંતર્મુહૂર્તમાં તમામ કર્મો સળગીને ખાખ થઈ જાય. ઈંદ્રિયો પર વિજય મેળવાય તો અંદરના શરીરને સળગતા વાર નહિ લાગે.

ઈંદ્રિયોના વિષયોના કારણે જ આત્માને ભવરૂપી કૂવામાં પૂરાવાનું થયું છે. જો તને હવે તેમાં ઉદાસીનતા આવી હોય તો તે વિષયોને કચરો માની ફેંકી દે.

વસ્તુ એક જ હોય છતાં એકને માટે ભવસર્જનનું કારણ બને છે અને એકને માટે વિસર્જનનું કારણ બને છે.

દ્રૌપદીનો આત્મા સાધ્વીના પર્યાયમાં હતો ત્યારે તેને સાધુની જેમ ઉદ્યાનમાં જઈને કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેવાનું મન થયું તેથી ગુરુણીએ તેમને સમજાવ્યા કે આપણી ચર્યા અને તેમની ચર્યા ભિન્ન છે. તેમના શરીર ને આપણા શરીરની રચના જુદી છે. મોક્ષમાર્ગ એક જ છે પણ વ્યવહાર માર્ગ બંનેના ભિન્ન છે. પણ તેમને શ્રધ્ધા ન થઈ ને ગુરુણીની ઉપરવટ થઈને ઉદ્યાનમાં જઈને કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા ને દૂર–વેશ્યાને પાંચ પુરુષ સાથે સેવાતી જોઈને નિયાણું કર્યું. આથી દ્રૌપદીના ભવમાં પાંચ પુરુષો સાથે કર્મસત્તાએ તેમને ગોઠવી દીધા. મહાસતી કહેવાતા હોવા છતાં પણ કર્મસત્તાએ એમણે જે વિચાર્યું તે આપ્યું. બીજી બાજુ નટ ઈલાયચી કુમાર દોરડા પર નાચતા હતા ત્યારે સામે પદ્મિની સ્ત્રી મુનિરાજને મોદક વહોરાવી રહી છે, મુનિ પોતાની ગવેષણાના ઉપયોગમાં છે. બંને આંખના ઉપયોગમાં નિર્વિકારિતા છે. કેવો આંખનો સદુપયોગ ! દ્રૌપદીને આંખ દ્વારા જ સામાયિક ખંડિત થઈ અને ઈલાયચી કુમારે આંખ દ્વારા જ સામાયિક અખંડિત બનાવી કેવળજ્ઞાન મેળવ્યું. એ જ આત્માએ પ્રથમ આંખથી નટડીનું રૂપ જોયું ને માતા–પિતા ઘરબાર બધું છોડીને એની પાછળ ગયો ને નટ બન્યો. આંખ તેની તે જ છે. પણ ઉપયોગ બદલાયો.

ઈંદ્રિયો દ્વારા જગતની ઓળખાણ થાય છે. જીવનમાં સમય કિંમતી છે પણ કલાકોના કલાકો ટી.વી. જોવામાં પસાર થઈ જાય છે. ભેગા થાય ને કેમ

છો ? બોલતાં સામેવાળો બધી જ વરાળ કાઢે, પછી તમે તે આખા ગામમાં વહેંચી આવો.

મહાન પુણ્યોદયે પાંચ ઈંદ્રિય અને મન મળ્યું છે તેનો આપણે કેવો ઉપયોગ કરીએ છીએ.

ઈંદ્ર= આત્મા, ઈન્દ્રિય= એને ઓળખાવે તે. જેમ ઈંદ્ર ૮ પટ્ટરાણી અને દેવતાઈ ઐશ્વર્યથી યુક્ત હોય એમ આત્મા પણ કેવળજ્ઞાનાદિ ગુણોથી યુક્ત છે, એ તેનું ઐશ્વર્ય છે.

ઉપયોગ એ આત્માનું લક્ષણ છે. આપણને સતત યાદ આવવું જોઈએ કે ઈંદ્રિયો આત્મા દ્વારા કાર્યરત છે. આત્મા જતાં જ ઈંદ્રિયો કાર્ય કરતી બંધ થઈ જાય છે. શરીર જડ બની જાય છે. આથી જ શરીર એ હું નથી, પણ આત્મા એ હું છું.

જોનાર આત્મા છે કે આંખ ? જોનાર આત્મા જ છે. જેની કર્મલઘુતા થઈ હોય, નજીકના કાળમાં જે મોક્ષમાં જવાનો હોય તે આ સાંભળીને ઉલ્લાસિત થઈ જાય. બીજાને આ વાત ગમશે પણ નહિ.

ઈંદ્રિયો રૂપી સાધન દ્વારા જ તરવાનું કે ડૂબવાનું. તેનો આધાર તમે જે કરો તે સમ્યગ્ કરો છો કે મિથ્યા તેના ઉપર છે.

તરવું જ હોય તો આંખનો શો ઉપયોગ કરવો ? બહારથી જીવોની જયણા માટે, અંદરથી આત્માની જયણા માટે.

પ્રથમ દ્રવ્ય ઈંદ્રિયથી વિજય મેળવાવનો છે. જે દશ્ય રાગનું કારણ બને છે તે દશ્ય જોવાનું બંધ કરવાનું જે રીતે જરા પણ કચરો આવે તો આંખ તરત બંધ થઈ જાય અને ત્યાં સુધી ચેન પણ ન પડે તે જ રીતે રાગના કારણે આંખને મલિન ન કરાય. ભાવિમાં આંખ ન મળે તેવું કાર્ય જીવે કરવાનું નથી.

દેવશર્મા પત્નીના રૂપમાં આસક્ત બન્યો તેથી તે મરીને પત્નીના માથામાં જૂ તરીકે ઉત્પન્ન થયો. કર્મસત્તાએ જે આપ્યું તેનો ઉપયોગ આત્મા

માટે ન કર્યો તો બધું જ ઝૂંટવાઈ ગયું. ગૌતમસ્વામીની વાત ન સાંભળી તો કાનરૂપી પમી ઈંદ્રિય ગઈ. ત્રણ ઈંદ્રિય જ મળી. ગૌતમસ્વામી જેવા ઉત્તમ આત્માને ન જોયા અને મોહના ઘરરૂપ પત્નીના દેહ અને રૂપને જોવામાં આસક્ત બન્યો તો આંખ ગુમાવી. ગૌતમ સ્વામીએ સમજાવ્યું તેમની વાતનો વિચાર પણ ન કર્યો તો મન પણ ગુમાવ્યું. સંમૂચ્છિમ બની ગયો.

આના પરથી આપણે આપણી જાતનો વિચાર કરવાનો છે કે મળેલો મનુષ્યભવ આપણો નિષ્ફળ ન જાય. વિષયો, વિષ કરતાં પણ ભયંકર છે. હલાહલ વિષ જેવાં છે. માટે તેનો ત્યાગ કર તો જ તને સમતાનો અનુભવ થશે.

મુનિની સામે વર્તમાન ભવ નથી, પોતાનો ભૂતકાળ જુએ છે. આપણે ચામડાની આંખથી જોઈએ છીએ, મુનિ શાસ્ત્ર ચક્ષુથી જુએ છે.

જગતને તત્ત્વની દષ્ટિથી જોઈને જગત સાથે બોલવાનો વ્યવહાર બંધ કરે એ મુનિ. કારણ વગર બોલે નહિ એ મૌની કહેવાય. જરૂર પૂરતું જ બોલે. જેમ જેમ આત્માનું જ્ઞાન થતું જાય તેમ તેમ ઈંદ્રિયોનું કામ બંધ કરતો જાય. મુનિઓને ઉત્સર્ગથી ગુપ્તિમાં જ રહેવાનું છે. અપવાદે સમિતિમાં પરનો વ્યાપાર બંધ કરવા ગુપ્તિનો માર્ગ અપનાવે. તેની માટે અપૂર્વ પુરુષાર્થ કરવો પડે.

આયુષ્ય વિના સાત કર્મનો બંધ સતત ચાલે છે. સંસારનું વિસર્જન કરવાની તક મળી એ પ્રમાદ કરી પાછું સર્જન કરે છે.

આશ્રવને બંધ કરી સંવરમાં આવવું પડે. આશ્રવના ૪૨ કારણો છે. પ ઈંદ્રિયો + પ અવ્રત + ૪ કષાય + ૩ યોગ + ૨પ ક્રિયા = ૪૨ આત્મામાં કર્મના આશ્રવ સતત આવી રહ્યાં છે.

જોયું + જાણ્યું = જ્ઞાન. વસ્તુનું જ્ઞાન ન હોય તો ઈચ્છા ન થાય. પૂર્વના જ્ઞાનના સંસ્કાર પોતે પાળેલા. એ અવિરતિરૂપે ઉદયમાં આવે છે. જ્ઞાન વિના પ્રવૃત્તિ થતી નથી. ઈંદ્રિયો વધે એમ જ્ઞાન વધે, એમ ઈચ્છા વધતી જાય. સ્વભાવ પડ્યો નથી, પાડ્યો છે. પહેલાં સંસ્કાર પડ્યો એ જ સાથે આવે. પુણ્યના

ઉદયથી ઈંદ્રિયો મેળવતાં ગયા. પરની સંજ્ઞા વધી માટે તે તરફનો પુરુષાર્થ થાય છે.

સંજ્ઞી પંચેંદ્રિય થયા. સ્વનો પ્રકાશ પકડી—આત્મા માટે પ્રવૃત્તિ કરે, ન થાય તો પશ્ચાતાપ થાય, તો માર્ગમાં આવ્યો. આનંદપૂર્વક પ્રવૃત્તિ ન કરે અનુમોદના પ્રેરણા કરતાં અટકે. કર્મબંધ નબળા પડે.

હું ભવરૂપી કૂવામાં અનંતકાળથી પડ્યો છું. દષ્ટિ ખૂલી જાય એટલે આત્માનું અસ્તિત્વ દેખાય. અનંતા ભવનો નિશ્ચય થાય. સર્વજ્ઞની આજ્ઞા મુજબ આરાધના શુદ્ધ નથી. પોતાના આત્માને ભયંકર પીડા આપી છે.

## ○ આત્માની પીડા શું ?

અજ્ઞાનતા એ પીડા– કષાય એ પીડા. મિથ્યાત્વ પીડા, યોગ પીડા. આને છોડવાનું છે. આત્માને ભાન આવે કે આટલી પીડા સહન કરી, હજી સહન કરું છું. હજી આત્માને કેટલો કાળ પીડા આપવી છે ? પછી એ સહન ન થાય, પોતાના આત્માની કરુણા આવે.

આત્મા સાથે રહે તો સુખનો અનુભવ અને શરીર સાથે રહે તો દુઃખનો અનુભવ થાય.

અનંત સુખ પોતાના આત્મામાં છે એ પાકો નિર્ણય કરવાનો. કતલખાને ગયેલી ગાય – બહુ ભૂખી હોય. લીલુ ઘાસ સામે પડ્યું હોય. એની આગળની હરોળની ગાયના ધડ જુદાં પડે એ એને દેખાય તો એ ઘાસ ખાય ? મોત સામે દેખાય છે.

જે આત્માને સમ્યક જ્ઞાન થયેલું છે એ આત્મા આ બધું જોઈ શકે છે વિષયના ભોગમાં આત્માની કતલ દેખાશે. રાગ ભળે એટલે આત્માની કતલ દારૂના નશામાં વ્યક્તિ પોતાને ભૂલે છે. મોહનો નશો આત્માને ભૂલાવે છે. આત્માનું સ્વરૂપ અરૂપી—અક્ષય અવ્યાબાધ છે એ ભૂલી જાય છે. અક્ષય—અરૂપી સ્વરૂપ આત્માને પકડે ત્યાં મોહ ન ફાવે.

## આત્મા અરૂપી છે માટે રૂપીને ભોગવી ન શકે

હું અરૂપી અસંખ્ય પ્રદેશી આત્મા છું. તેમાં રહેલા જ્ઞાનાદિ ગુણો પણ અરૂપી છે. આત્મા અરૂપી ને જ ભોગવી શકે છે. અરૂપી નિર્લેપ છે, તો નિર્લેપતા આવે. દા.ત. આકાશ–અરૂપી છે તો એને જોતાં વિકારભાવ નહીં આવે. શરીર, બોડી, માંસાદિ રૂપી છે. તેથી તેને જોવાથી કે ભોગવવાથી વિકાર આવે કારણ આત્માના સ્વરૂપથી વિઢધ્ધ છે.

વસ્તુમાં પ્રગટ થતાં વિષયોનો ત્યાગ કરવાનો છે. ઈષ્ટ વસ્તુની ઈચ્છા થાય ત્યારથી પીડાની શરૂઆત થાય. ઈચ્છા લોભ મોહનીયના ઉદયથી થાય. મોહથી આત્માની સમતા હણાય અને વ્યાકુળતા પ્રગટ થાય.

આત્મા પોતાના ગુણને ઈચ્છે. પુદ્ગલનાં ગુણની ઈચ્છા થાય ત્યારથી પીડા શરૂ થાય. આત્માને પુદ્ગલ આપવા એ આત્માના સ્વભાવની વિરુદ્ધ છે. પ્રયોજન ઊભું થતાં આપવું પડે તો હેય માની આપવું. જેટલાથી ક્ષુધાવેદનીય શાંત થાય તેટલું જ આપવું. ઈચ્છાપૂર્વક ન અપાય. ઈચ્છાપૂર્વક આપો તો વિષય બને.

શીલના રક્ષણ માટે – લજ્જા માટે કપડાનો ઉપયોગ કરવાનો. ગરમીમાં–ઠંડીમાં સમાધિ ટકે અને કપડા– બીજાને મોહનું કારણ ન બને એવા કપડા પહેરવાના, સમાધિનું લક્ષ+ મર્યાદા મુજબના સંસ્કૃતિ–સંસ્કારને શોભે તેવા વસ્ત્રો વાપરવાના. લોકો શું કહેશે ? એ મોહ છે.

કોઈપણ વસ્તુની ઈચ્છા, મોહ, ગમો, આનંદની વૃદ્ધિ થાય તો સમતા સ્વભાવનું ખંડન થાય. ઈચ્છા ન કરવી. રાજી ન થવું. અનુમોદન ન કરવું. ઈચ્છા કરો ને ન મળે તો પણ પાપ બંધાય.

આર્તધ્યાનમાં આયુષ્ય બંધાય તો તિર્યંચના ભવમાં જાય અને રૌદ્ર ધ્યાનમાં આયુ બંધાય તો નરકમાં જાય.

વિષયો જેમ જેમ આપો તેમ તેમ ઈંદ્રિયો પુષ્ટ બને. વધારે ને વધારે

અતૃપ્ત થાય. અધિક પ્રબળ બને. માટે આત્મા વધારે આસક્ત બને. આત્માને આત્માનો ખોરાક આપો તો તૃપ્ત થાય, વિરુદ્ધ દ્રવ્યો આપવાથી તૃપ્ત થાય નહિ.

ક્ષુધા વેદનીયને મારો તો દેવલોક મળે ત્યાં ક્ષુધા વેદના વિશેષ નથી. આપણો આત્મા વિષયનો ભોગ જેટલો વધારે કરે તેટલો નબળો બને. ભોગમાં આસક્ત બને. મનનો ઉપયોગ જ્યાં વધુ હોય ત્યાં જ કર્મસત્તા મૂકે. સાવધાન રહેવું પડે. આત્મા અનાદિકાળથી પોતાના સ્વરૂપને ભૂલ્યો છે. જે મળ્યું છે એને સ્વરૂપ માની લીધુ. એમાં રમણતાવાળો બન્યો. આત્માના ગુણ સિવાય જે પણ ગુણ છે તે અભોગ્ય છે. એ ભોગ્ય લાગે એ પ્રથમ મિથ્યાત્વ. અભોગ્યમાં ભોગ્ય બુધ્ધિ કરીને તેને આસક્તિપૂર્વક ભોગવે. તેમાં સુખાભાસ અનુભવે તેની અનુમોદના થાય તેથી અશુભ અનુબંધ કર્મ બંધાય, ભવની પરંપરાનું નિર્માણ થાય. અર્થાત્ આત્માના ગુણો વિકાર ભાવને પામે સમક્તિનો વિકાર મિથ્યાત્વ, જ્ઞાનનો વિકાર અજ્ઞાનઢપ, આનંદનો વિકાર મોહની પીડારૂપ થાય. વીર્યનો દૂરુપયોગ થવાથી વીર્યાન્તરાય કર્મ બંધાય.

જો ભવની પરંપરાથી તું ભય પામતો હોય તો ઈંદ્રિયોના વિષયોથી નિવૃત થા અને મોક્ષની જ માત્ર ઈચ્છા હોય તો વિષયોને બદલે અર્થાત્ પુદ્ગલના ગુણોમાં આસક્તિ કરવાને બદલે તેનો ત્યાગ કરી તપ ધર્મની સાધના વડે ચારિત્રના પાલન વડે આત્મગુણોમાં રમણ કર.

જે આત્મા ગુરુના વચનમાં રક્ત બની, સંસારના ભોગોમાં વિરક્ત બની, ભોગોનો ત્યાગ કરી, વિવેક દ્વારા હેયમાં વિરક્ત બની હેયનો ત્યાગ કરી, યોગના અભ્યાસમાં લીન બને તે આત્માને ધન્ય છે. પાંચ વિષયો અગ્નિ સમાન છે. અગ્નિને અડીએ તો બળાય પણ અગ્નિને જોઈ જો દૂર થઈ જઈએ તો અગ્નિ બાળે નહિ તેમ વિષયને વિષરૂપ જાણી તેનાથી દૂર થઈ જવું જોઈએ.

જ્ઞાનના બે ખાતાં છે. રૂપી અને અરૂપી. જડ–પરમાણુનું સ્વરૂપ જુએ છે – રૂપી. ચેતન–ગુણ સ્વરૂપ જુએ છે – અરૂપી.

આ પ્રમાણે ભેદજ્ઞાન કરી રુચિ થવી એ પ્રમાણે આત્મવીર્યની પ્રવૃત્તિ

થવી. તત્ત્વરૂપે માત્ર જીવદ્રવ્ય તરીકે જુએ. સ્ત્રી–આદિ પર્યાય ન પકડે. આત્મ પર્યાય પકડે. બધા રંગથી, આકારથી – પુદ્ગલથી જુવે છે માટે વિકારભાવ પ્રગટ થાય. ગુણને પકડીએ તો ગુણમય બનાય.

પરમાત્મા બનવા માટેની પ્રક્રિયા ઉપન્નેઈવા – વિગમેઈ વા ધુવેઈ વાં આ ત્રણમાં છે. ઉપન્નેઈવા અને વિગમેઈ વા પર્યાય છે. ધુવેઈ વા દ્રવ્ય સ્વરૂપે – ગુણ સ્વરૂપે છે.

અનુત્તર દેવના આત્માઓ તત્ત્વની રમણતા કરે છતાં નિકાચિત કર્મોના કારણે એ તત્ત્વમય બની શકતાં નથી.

જે આત્માઓ પૂર્વભવમાં સમતા સુખની મોજ માણી તેઓ અનુત્તર વિમાનમાં સુખ માણી રહ્યાં છે. બધા દેવો કરતાં સૌથી વધારે સુખ અનુત્તર દેવોને હોય છે. તેઓ વીતરાગ પ્રાયઃ જેવા હોય. છતાં પૂર્વભવના મુનિપણાના સુખના અનુભવના સ્મરણ આગળ વર્તમાનના સુખ વૈભવો તુચ્છ લાગે. હેય માને પણ તે સુખને છોડી શકતા. અનુત્તરવાસી દેવો પ્રભુના કલ્યાણક આવે ત્યારે નમસ્કાર કરવા માટે શય્યામાંથી ઊભા ન થઈ શકે પણ ભાવનમસ્કાર અપૂર્વ કોટિનો હોય. વિરાગભાવ વિશિષ્ટ કોટિનો હોવાથી સર્વાર્થસિધ્ધ વિમાનવાળા આત્માઓ ત્યાંથી અવશ્ય મુનિપણું પામે.

અનુત્તરમાંથી આવેલા ભરત મહારાજા મોહના ઘરમાં રહી મોહથી નિરાળા બની ગયા. અનુત્તરવાસી દેવો મોહથી નિરાળા બની શકતા નથી. આથી ઈંદ્રાદિ દેવો વિરાગની મસ્તી અનુભવતા મુનિઓના ચરણોમાં આળોટે.

અનાદિકાળથી આત્માને પુણ્યના ઉદયના યોગે ઉત્તમમાં ઉત્તમ વિષયોનો યોગ થયો છે. અનુત્તર વિમાનવાસીપણું, ઈન્દ્રપણું તથા ચક્રવર્તી પણાનાં સુખો સિવાયનાં સુખો અનંતીવાર જીવે ભોગવ્યાં છે. હવે એ વિષયોમાં હેયના પરિણામપૂર્વક વિરક્તતા લાવવાની છે.

વિષયો પુદ્ગલ પર્યાય સ્વરૂપે છે, એટલે પર સ્વરૂપે છે. એને આત્મા ભોગવી શકતો નથી. આત્મા અરૂપી છે, પુદ્ગલ રૂપી છે. બંને ભિન્ન છે.

બંને એકમેક ન બને માટે ઘર્ષણ થાય. માટે નિરંતર પીડા જ મળે. એ શ્રધ્ધાથી પ્રતીતિ થાય.

વિષય સામે આવે તો હેયનો પરિણામ આવવો જોઈએ. મિથ્યાત્વ મોહનો પરિણામ મંદ પડે તો વિરક્ત ભાવ આવે. વિષયનો સંગ મનથી પણ કરવા જેવો નથી.

વિકલ્પ આવશે ત્યારથી જ વ્યાકુળતા ઊભી થશે. શાંત ચિત્તમાં એક વિકલ્પ આવે તો તાત્કાલિક બીજા વિકલ્પો આવશે. એમાં ફસાઈ જવાય. માટે વિકલ્પ જેવા આવે તેવા તેને ફેરવી નાંખવાના.

**○ પરમાત્માનું સ્મરણ કોણ કઈ રીતે કરે ?**

**(૧) બાળજીવો :** નામ સ્મરણ – અપુનર્બંધક દશાવાળા જીવો.

**(૨) સમ્યગ્દષ્ટિ :** આત્મા–સ્થાપના નિક્ષેપા વડે સ્મરણ કરે. પ્રતિમા સ્વરૂપે પરમાત્માનું.

**(૩) દેશવિરતિધર :** આત્મા–દ્રવ્ય–પૂર્વ ભૂમિકાને પકડે. તીર્થંકર પરમાત્માનાં ચારિત્રનું સ્મરણ કરે અને આંશિક તપ–ત્યાગાદિ કરે.

**(૪) સર્વવિરતિધર :** આત્મા ભાવથી પરમાત્માનું સ્મરણ કરે. પરમાત્માનાં ગુણ સ્વરૂપનું સ્મરણ કરે અને ગુણમય બનવાનો પ્રયત્ન કરે.

ઉત્તરોત્તર અવસ્થા વિશેષ ગુણ કરનારી બને છે. આત્માને પવિત્ર કરવા માટે આલંબન છે. પરમાત્માને ગુણથી પકડવાના છે.

નિરંજન= રૂપથી રહિત, નિરાકાર= આકાર રહિત, નિર્વિકલ્પ, નિર્મળ સ્મરણ કરવાથી જ વિષયો દૂર ભાગે તો મેળવવાની ભોગવવાની વાત ક્યાં રહે ?

- વીતરાગનું સ્મરણ કરો તો વિષયો ભાગે.
- વિષયોનું સ્મરણ કરો તો વીતરાગતા ભાગે.

મોહને મારવાનો ઉપાય માત્ર તત્ત્વ છે. તત્ત્વરમણતાવાળા જ પરમાનંદનો અનુભવ કરી શકે. એક એક ઈંદ્રિયના વિષયો જો મરણ આપે તો પાંચે ઈંદ્રિયોના વિષયો જે સેવે તેને તો દુઃખની પરંપરા જ મળે.

**ગાથા – ૨ :**

***વૃદ્ધાસ્તૃષ્ણાજલાપૂર્ણૈ–રાલવાલૈઃ કિલેન્દ્રિયૈઃ ।***
***મૂર્ચ્છામતુચ્છાં યચ્છન્તિ, વિકારવિષપાદપાઃ ॥૨॥***

**ગાથાર્થ :** તૃષ્ણા રૂપી જલથી ભરપૂર ભરેલા ઈંદ્રિયો રૂપી ક્યારાઓ વડે વૃદ્ધિ પામેલા એવા વિકારો રૂપી વિષયવૃક્ષો જીવને ભયંકર મૂર્ચ્છા આપે છે.

ઈંદ્રિયો દ્વારા આત્મામાં જે વિકાર ભાવો થાય છે તેનાથી શું અનર્થ થાય છે તે જણાવે છે.

ઈંદ્રિયો રૂપી વૃક્ષોમાં તૃષ્ણારૂપી જલ સિંચાય તો વિકારો ફાલે–ફૂલે છે જેના કારણે આત્મા તેમાં મુર્ચ્છિત થઈ જાય છે વિષયોનો જે ભોગ અને તેના રસથી વિકારરૂપી વૃક્ષો વૃદ્ધિ પામે છે તે વખતે આત્માનું ભાન ભૂલાઈ જાય છે ત્યારે તે વિષયો વિષરૂપ બને છે.

પ્રથમ પુદ્ગલ દ્રવ્ય જ્ઞેય રૂપે આંખ સામે આવ્યું. તેમાં રતિ–અરતિ ન ભળવા દેવી તે જ આત્માનો પુરુષાર્થ છે. હું કોણ છું ? એ ભૂલી જાય તો જ મોહરાજાની સવારી મનરૂપી ઘોડા ઉપર થાય. આત્મા પોતાના સ્વભાવને ભૂલે છે એ તેની પ્રથમ ભૂલ છે.

આપણે પુદ્ગલને ભોગ્ય તરીકે તથા ઉપાદેય તરીકે માન્યું છે. પણ તેને તો માત્ર જ્ઞેય તરીકે જોવાનું છે અને હેય તરીકે માનવાનું છે. આપણે માત્ર વ્યવહાર ધર્મની આરાધના કરીએ છીએ પણ નિશ્ચયધમ×ની આરાધના કરતા જ નથી.

પરમાત્માની આજ્ઞા આ= આત્માના, જ્ઞા= જ્ઞાતા બનવાની છે. પરમાત્માની તમામ આજ્ઞા આત્માના સ્વભાવને પ્રગટાવનારી જ છે.

'ज्ञानक्रिया भ्याम् मोक्ष' રૂપ વ્યવહાર નિશ્ચય રૂપ શુધ્ધ મોક્ષમાર્ગ સમજવો, સમજીને શ્રધ્ધાથી સ્વીકાર કરવો. વર્તમાનમાં મહાદુષ્કર લાગે છે તો પાલનની વાત તો ક્યાંથી આવે ?

સમ્યક્ત્વ હોય તો સ્વભાવ વિરુદ્ધ થાય તેનો પશ્ચાતાપ અવશ્ય થાય, માન્યતા શુદ્ધ બનાવે, આગળ–આગળનો પરિણામ લાવે. હું પ્રભુએ કહેલ માર્ગ પ્રમાણે ધર્મ નથી કરી શકતો, મારે કરવો છે પણ મારી નબળાઈ છે. આવો જેને સ્વીકાર છે તેવા જીવને આત્માના વિષયમાં આગળ વધવાની તક છે. જે વ્યક્તિ હું બધું બરાબર કરું છું. આ બધા બરાબર કરતા નથી આવા માનને પોષે છે, તે કયારેય આગળ આવી શકતો નથી. પ્રભુના માર્ગમાં આગળ આવવા હું મારા શુદ્ધ સ્વભાવમાં આવવા વ્યવહાર ધર્મનો અભ્યાસ કરી રહ્યો છું તે ભાવ હોવો જોઈએ.

જગતની વાતો આપણે નથી સાંભળવાની પણ આત્માએ કરવાનું છે તે પોતાના માટે જ કરવાનું છે.

## O વિકાર કેમ થાય છે ?

જે નિમિત્ત દ્રવ્ય છે તેમાં વિકારનો સ્વભાવ નથી તે તો જડ છે. તો પછી વિકાર કેમ થયો ? સોનું–રત્નો વિ. છે તેમાં વિકાર નથી તો તેને જોઈને આપણને વિકાર કેમ થયો ? તેમાં મોહનો છાંટો નથી, આપણે અરૂપી છીએ તો આપણામાં તો ન જ થવો જોઈએ છતાં આપણે વિકારી કેમ ? વસ્તુ વિકારી હોય તો આપણે વિકારી બનીએ એમાં આશ્ચર્ય નહીં. આત્મા પણ નિર્વિકારી છે ને વસ્તુ પણ વિકારવાળી નથી છતાં કેમ વિકાર થાય છે ? કારણ આપણો આત્મા વર્તમાનમાં પુદ્ગલના સંગે રહી પુદ્ગલમય બની ગયો છે. આથી આત્મા કરતાં નાશવંત પુદ્ગલ તેને વધુ કિંમતી લાગે તેથી મોહના કારણે વિકાર થાય. માટે જ તે વિકારને કાઢવા નિર્વિકારી એવા પ્રભુનું અને તેમણે કહેલા તત્ત્વનું ધ્યાન કરવાનું છે.

આત્માએ માત્ર જ્ઞેયના જ્ઞાતા બનવાનું હતું પણ મોહના કારણે જ્ઞાતા

બનવાને બદલે તેમાં ડૂબ્યો. આથી મોહના કારણે સ્વરૂપ ઢંકાયું એટલે એને જ્ઞેયના જ્ઞાતા ઈંદ્રિયો દ્વારા બનવાનું આવ્યું. આત્મા સાધન વિના પૂર્ણ જ્ઞેયનો જ્ઞાતા છે. આત્મ પ્રદેશમાં રહેલ શુદ્ધ જ્ઞાનપરિણામ સમગ્ર જ્ઞેયને ત્યાં રહીને જ જાણી શકે છે અને એને ક્યાંય જવાની જરૂર નથી, પણ આવરણના કારણે અલ્પ જ્ઞાન જ ખુલ્લું છે, તે પણ ઈંદ્રિયો ને મનની સહાય દ્વારા બોધનું કાર્ય કરે છે. આપણી જ્ઞાનદષ્ટિ વસ્તુને કઈ રીતે પકડે છે તેના પર જ સાચા–ખોટાનો આધાર છે.

## શાસનનો આધાર બે વસ્તુ પર

પ્રથમ દષ્ટિ સુધારો પછી આચાર સુધારો. આચાર ગમે તેટલો સારો હોય પણ વૃત્તિ ખરાબ હોય. માન–કીર્તિ વિ.ની કામના હોય એવા આચારની કોઈ કિંમત નથી.

ચોથા ગુણઠાણે આવ્યા વિના છટ્ઠા ગુણઠાણે ન જઈ શકાય, ચોથા ગુણઠાણે આવ્યા પછી કોઈ છટ્ઠે ન જઈ શકે તેમાં તેના નિકાચિત કર્મ. ચારિત્ર મોહનીય જ નડતર રૂપ બને. ભૂખ લાગી હોય, ભોજન સામે હોય તો ખાધા વિના રહે ખરો ? ૪થા ગુણઠાણે આત્માના સ્વભાવની રુચિ–ભૂખ લાગી ગઈ છે તેને ચારિત્ર ગમશે જ, પણ લઈ ન શકે તો સમજવું કે અંતરાય નડી રહ્યો છે. જે ભાવનું કારણ હોય તે જ દ્રવ્ય સાચું. કેમ કે તો જ સ્વભાવરૂપે બની શકે. નિશ્ચય પ્રમાણે રુચિ થઈ જાય તો તે પ્રમાણે વીર્ય સ્ફૂરાયમાન થઈ જ જાય.

સમ્યગ્ દષ્ટિ આત્મા સંસારનો વ્યવહાર કરીને પણ નિર્જરા જ કરે. કેમ કે માહ્યલો= અંદરનો આત્મા જાગતો જ છે.

- **તૃષ્ણા એટલે શું ?**

તૃષ્ણારૂપી જલથી પુષ્ટ થયેલી ઈંદ્રિયો દ્વારા વિકારરૂપી વૃક્ષો વૃદ્ધિ પામે છે. તૃષ્ણા એટલે લોભના ઉદયથી આત્મામાં લાલસા પેદા થાય છે. લાલસા એટલે પર વસ્તુને મેળવવાનો ભાવ. લાલસા જેમ–જેમ વૃધ્ધિ પામે તેમ તેમ તે વિકારને પેદા કરે. તેના કારણે ચિત્તની અને ઈંદ્રિયની અસ્થિરતા અને યોગોની

ચચળતાં થાય છે. બધાના મૂળમાં મોહ છે. જેમ જેમ મોહની તીવ્રતા વધે તેમ તેમ ચંચળતાની તીવ્રતા વધે.

મન–વચન–કાયા–ત્રણેમાં જ્યારે વીર્ય ભળે ત્યારે તે બળરૂપે બને. મન સાથે આત્મવીર્ય ભળે એટલે મનોબળ બને, વચન સાથે જોડાય ત્યારે વચનબળ અને કાયા સાથે જોડાય ત્યારે તે કાયબળ રૂપે બને છે.

આત્મવીર્યમાં મોહ ભળે તો આત્મવીર્ય હણાઈ જાય છે. જેમ જેમ બ્રહ્મચર્યની વિશુદ્ધિ થતી જાય તેમ તેમ વીર્યબળની રક્ષા અને પુષ્ટિ થાય. પુદ્ગલોને ગ્રહણ કરવામાં, તેના વિસર્જનમાં અને પુદ્ગલની રક્ષામાં આત્મવીર્યનો ઉપયોગ ન થાય તો તેટલો આત્મા બળવાન બને. આત્મા જેટલો પરનો વિચાર કરે તેટલો આત્મા નબળો પડે કારણ કે પરમાં વીર્ય વેડફાય છે.

જે મૌની હોય એની વિચારશકિત પ્રબળ બને. બોલવામાં સૌથી વધારે વીર્યનો વપરાશ થાય છે. જ્યારે પરલક્ષી બોલવાનું આવે ત્યારે સૌથી વધારે શ્રમ પડે, જ્યારે સ્વલક્ષી બોલાવનું હોય ત્યારે શ્રમ નહીં લાગે કેમ કે સ્વભાવમાં જ છે. પરમાં જેટલું વીર્ય જશે તેટલો કર્મબંધ વધુ થશે.

મોહથી યુક્ત આત્મા ભયવાળો છે ત્યારે યોગો ચંચળ હોવાથી ચિત્તની ચંચળતા પણ વધારે. ત્યારે આત્મવીર્ય વેગવાળું બને છે. તેથી આત્મા ભયભીત બને છે. ચિત્તની સ્થિરતા જેટલી તેટલી વિચાર શક્તિ પણ સ્થિર.

આત્મા જયારે તૃષ્ણાથી પ્રેરાય છે ત્યારે ઈંદ્રિયો કંટ્રોલમાં નથી રહેતી ને ન કરવા યોગ્ય પ્રવૃત્તિ તેનાથી થઈ જાય છે. ત્યારે આત્મવીર્ય વેગવાળું બને છે, પ્રબળ બને છે તેથી વિવેક ગયો. જ્ઞાનનો પરિણામ ગયો. મોહના કારણે આત્મા મૂર્ચ્છિત અવસ્થાને પામ્યો. આપણને એમ લાગે છે કે ઈંદ્રિયો શાંત બની ગઈ પણ તેવું નથી બનતું. તે અધિક ગતિમાં આવે છે. જો તૃષ્ણા ખરેખર અંદરથી ઘટી જાય તો તે ફરી અધિક વેગથી ન આવે. પણ નથી ઘટી એટલે એ ફરીથી વેગમાં આવે છે. તૃષ્ણાને વાસ્તવિક રીતે સમજણથી ઘટાડવાની છે.

અનંતા ભવોમાં આત્માએ કેટલું ખાધું–પીધું ? ૧૪ રાજલોક ભરાઈ જાય એટલું, તો પણ તૃષ્ણા કેમ ન મટી ? લોભ મોહનીયના ઉદયથી ઇચ્છા જાગી. તે વધે તો તૃષ્ણા અને અંતે તે મૂર્ચ્છામાં પરિણામ પામે. મોહનો ઉદય વધ્યો ને આત્મા તેમાં તદાકાર બની જાય તો આત્મા મૂર્ચ્છિત બની જાય. તે વખતે જો આયુષ્યનો બંધ પડે તો તેને કર્મસત્તા સંમૂર્ચ્છિમ ભવોમાં મૂકી દે. એકેદ્રિય–વિકલેદ્રિયમાં પહોંચાડી દે.

### O આયુષ્યનો અર્થ શું ?

आ= આત્મા, वस्(उस)= વસવું રહેવું. આત્માને જ્યા રહેવું છે ત્યાં જ કર્મસત્તા તેને મોકલી આપે છે. પૂર્વના ભવોના અશુભ સંસ્કાર છે તેના કારણે એકેંદ્રિયમાં પણ તે જ્યાં ઈચ્છતો હતો ત્યાં જ જશે.

ધન એ ભવમાં એને કામમાં નથી આવવાનું. છતાં તેના મૂળિયા ધનની રક્ષા કરવા જશે. કેમ કે પૂર્વ ભવની ધન પ્રત્યેની આસક્તિ તેનામાં પડેલી છે.

સુવર્ણ–ચાંદીના પર્વતો કૈલાસ જેવા થઈ જાય અને પાછા તે અસંખ્યાતા થઈ જાય તો પણ લોભ મોહનીયના ઉદયથી ઘેરાયેલા મનુષ્યની ઈચ્છા આકાશ જેવી થાય. તેને કદાપિ સંતોષ ન થાય.

ગુણો પર આવરણ આવવાથી ગુણો દબાઈ ગયા ને મલિન થઈને વિકારરૂપે બહાર આવ્યા.

જેમ આકાશનો છેડો નથી તેમ જ્ઞાનાદિ ગુણનો પણ છેડો નથી, તે અનંત છે. આત્માને તેનું ભાન નથી તેથી તે વિપરીત દિશામાં ચાલ્યો જાય છે.

જીવને પરમાં સંતોષ કદી નહિ થાય કારણ આત્મા તેને કદી ભોગવી શકવાનો નથી. માટે એને સંતોષ કઈ રીતે થાય ? જેમ કૂતરો હાડકાને બચકાં ભરે છતાં એને કંઈ ના મળે, ને તાળવું છોલાવાથી લોહી નીકળે છે. જે પોતાનું જ છે છતાં કૂતરો એમ સમજે કે મને હાડકામાંથી લોહી મળે છે. તેમ આત્મા પણ પરમાં સુખ છે એવી માન્યતાથી ભ્રમિત થઈ ગયો છે. આ મિથ્યાત્વ જ જીવને આત્મસુખની અનુભૂતિમાં અંતરાય કરનાર બને છે.

ઈચ્છાને આકાશ સાથે સરખાવી છે, તે અનંત છે. ભોગીઓએ ભોગ કરીને વમન કર્યું, પણ ત્યાગ ન કરી શક્યા. પણ જે ધીર પુરુષો હતા તેમણે તો અભોગ્યનો ત્યાગ જ કરી દીધો. આપણે અભોગ્યને ભોગ્ય માની તેનો ભોગ ઉપભોગ કરીએ છીએ.

નિકાચીત ભોગાવલી કર્મના ઉદયવાળા જે હતાં તેઓને રાજયાદિ સુખ ભોગવવું પડ્યું પણ તેને તેમણે ભોગ્ય માન્યું નથી. તે કર્મ પૂરું થયું કે તરત બધી સમૃધ્ધિ છોડી સંયમ માર્ગે ચાલી નીકળ્યાં છે. નંદિષેણમુનિ વિ. મોહનીયનો ઉદય થયો ત્યારે તે વસ્તુમાં આકર્ષણ ન હોવા છતાં તેને તેઓ આધીન થયા. જેને મોહનો ઉદય નથી તેને ઈંદ્રાણી પણ સામે આવી જાય તો પણ કંઈ થશે નહિ.

આત્મા જ્યાં સુધી મિથ્યા મોહને દૂર નહીં કરે ત્યાં સુધી વિષયો તેને વિષરૂપ નહીં માને.

માટે જ પ્રથમ તત્ત્વ જીવાદિનો પરિચય કરવાનો છે. તેના પરિચય વિના પુદ્‌ગલની માયા છોડી આત્માની માયા લગાડવી અશક્ય છે.

તમારી પાસે બુદ્ધિ છે. સમજવાની શક્તિ છે તો તત્ત્વ ભણો અને તેવી શક્તિ ન હોય તો સર્વજ્ઞ કથિત વચન પર શ્રધ્ધા મૂકીને ચાલો તો પણ સમ્યક્ત્વ પ્રગટ થાય.

શરીર મારું નથી. તેને મારું માન્યું એ જ સંસારનો પક્ષપાત. શરીરમાં જ રહેવાનું મન થાય. તેમાં જ સુખની અનુભૂતિ કરવી તે ભવાભિનંદીપણું છે અર્થાત્ ભવની પીડામાંથી તેને મુક્ત થવાનું મન જ ન થાય. ભવ પરંપરા વધતી જ જાય. તેવું ન થાય માટે એક જ નિર્ણય 'મારે હવે પર ઘર છોડી સ્વઘરમાં= આત્મામાં જ સ્થિર થવું છે.'

આત્માએ પોતાનું સામર્થ્ય પ્રગટાવવાનું છે. જ્યાં રુચિ ત્યાં વીર્ય પ્રવર્તશે, તો જ ગ્રંથિ ભેદાશે.

અભવ્ય પણ જ્યારે અંતઃકોડાકોડિ કર્મ સ્થિતિ ઘટાડે છે, ત્યારે યથાપ્રવૃત્તિ કરણને પામે છે. પણ ગ્રંથિભેદનો પુરુષાર્થ કરી શકતો નથી. વળી દેવલોકના ઉત્કૃષ્ટ સુખને પામવા માખીની પાંખ પણ ન દુભાય એવું નિરતિચાર દ્રવ્ય ચારિત્રનું પાલન સર્વજ્ઞના કહ્યા મુજબ કરે છે તેથી નવમા ગ્રૈવેયકે પહોંચે છે પણ ગ્રંથિભેદ તો આસન ભવ્ય આત્મા જ કરી શકે છે.

પરમાત્માનું શરણ સ્વીકારીએ ને સમાધિ ન મળે એ કેમ બને ? કાં તો પછી શરણું સાચું નથી સ્વીકાર્યું. પરમાત્માની આજ્ઞા ન માને તેને પીડાની જ ભેટ મળે. આજ્ઞા માને તેને સમાધિની પ્રાપ્તિ થયા વિના ન રહે. સંસારના સુખ પ્રત્યેની તીવ્ર આસક્તિ અને દુઃખ પ્રત્યેના દ્વેષરૂપ તીવ્ર રાગદ્વેષની ગાંઠને ભેદવારૂપ અપૂર્વકરણ કર્યા વિના નહીં ચાલે. અપ્રશસ્ત રાગની સામે અપૂર્વ પ્રશસ્ત દ્વેષ કરશું તો જ આત્મપ્રેમ જાગશે ને ખીલશે તે માટે સંસારનો રાગ છોડી પરમેષ્ઠિનો રાગ જગાડવાનો છે. તે જ સન્મતિ લાવે. તો જ અપૂર્વકરણ પ્રગટાવવા દ્વારા ગ્રંથિ ભેદી સમ્યક્ત્વની પ્રાપ્તિ થશે.

**ગાથા – ૩ :**

***સરિત્સહસ્રદુષ્પૂર – સમુદ્રોદરસોદરઃ ।***
***તૃપ્તિમાન્નેન્દ્રિયગ્રામો, ભવ તૃપ્તોઽન્તરાત્મના ॥૩॥***

**ગાથાર્થ :** હજારો નદીઓથી ન પૂરી શકાય એવા સમુદ્રના તળિયા જેવા ઈંદ્રિયોના સમૂહને ગમે તેટલા વિષયો આપવામાં આવે તો પણ તૃપ્ત થતો નથી માટે ઈંદ્રિયોને મનગમતા વિષયો આપીને તૃપ્ત કરવાની ધાંધલ છોડીને આત્માના સહજ સુખથી તૃપ્ત થા.

જેમ સમુદ્રમાં હજારો નદીઓ ઠલવાય તો પણ સમુદ્ર કદી પણ તૃપ્તિ પામતો નથી તેમ તૃષ્ણાનું પેટ પણ સમુદ્ર જેવું છે. દરેક ભવોમાં જીવ વિષયોની પુષ્ટિ કરીને આવ્યો છે. આ પ્રમાણે જે સમજે છે તેને પણ વિષયોમાંથી નીકળવું મુશ્કેલ છે તો જે નથી સમજતા તેની તો શું વાત કરવી ?

જે વસ્તુની ઈચ્છા થાય તે વસ્તુ મળે ત્યારે તેમાં તું ડૂબી જઈશ. ન

મળે ત્યારે મોહનો ઉદય હોય તેના કરતાં મળે ત્યારે મોહનો ઉદય વધુ તીવ્ર થાય.

અનંતકાળથી આત્મા પરમાં= પુદ્ગલમાં તૃપ્તિ પામવાનો પ્રયાસ કરે છે પણ તેને કદી તૃપ્તિ થઈ નથી. કેમ કે તે શાશ્વત નથી અને સતત પરિવર્તનશીલ છે. હે આત્મા ! તારું જે અંતર્ગત સ્વરૂપ છે તેના દ્વારા જ તું તૃપ્ત થા.

(૧) આયુષ્ય કર્મના ઉદયે આત્માની અક્ષયસ્થિતિ ઢંકાઈ જાય છે. (૨) નામ કર્મના ઉદયે આત્માનું અરૂપી સ્વરૂપ ઢંકાયું અને રૂપી અવસ્થા પ્રગટ થઈ. (૩) ગોત્રકર્મના ઉદયે આત્માનું અગુરુલઘુપણું ઢંકાયું. અને ઊંચ–નીચપણું પ્રગટ થયું. કર્મનાં ઉદયથી પ્રાપ્ત કરેલ જાતિ, બાહ્ય સંપત્તિ–સત્તાથી પોતાને ઊંચો–મોટો માનવા વડે જીવ માન કષાયની પીડાથી પીડિત થશે. અથવા જાતિ–સંપત્તિ–સત્તાનાં અભાવે દીન બનશે પણ ગુણથી પૂર્ણ બનવાનો પ્રયત્ન નહી કરે. (૪) વેદનીય કર્મનાં ઉદયથી અવ્યાબાધપણું ઢંકાયું.

કોઈપણ પ્રકારની પીડા ભોગવવી કે કોઈને પીડા આપવી તે જીવનો સ્વભાવ નથી છતાં, શાતા–અશાતા ભોગવવાની – સમતા ગુમાવવાની.

શાતા અનંતીવાર ભોગવી છતાં તૃપ્તિ થતી નથી. શાતા–અશાતામાં માત્ર જ્ઞેયભાવ લાવવાનો છે. આપણે એમાં સુખ–દુઃખ, રતિ–અરતિનાં પરિણામ કર્યા તેથી જ પીડા ભોગવી.

આયુષ્ય, નામ, ગોત્ર, વેદનીયની ઉદય અવસ્થાથી અક્ષય, અરૂપી, અગુરુલઘુ અને અવ્યાબાધ આત્માના આ ચાર સ્વરૂપ દબાયા તેથી પુદ્ગલનાં પરિણામ આવ્યા. મોહ પુદ્ગલ પર થાય છે.

કેવલીને દ્રવ્ય પીડા થાય. ભાવ–પીડા નથી. કારણ મોહ નથી. પ્રથમ મોહનીયનો ક્ષય થાય છે. પછી અંતર્મૂહૂર્તમાં જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય અને અંતરાયનો ક્ષય થાય છે. આયુષ્ય કરતાં જો બાકીનાં ૩ કર્મની સ્થિતિ વધારે હોય તો કેવલીને સમુદ્ઘાતની ક્રિયા કરવી પડે છે.

પ્રતિકૂળતાનાં યોગમાં આત્મા સમતામાં રહે તો વધારે નિર્જરા થાય છે. સાધનનો ઉપયોગ પણ હેય માનીને જ કરવાનો છે, તો જ ઉદાસીનભાવ રહેશે.

જ્યાં સુધી આત્મા સ્વરૂપનું આલંબન લેતો નથી ત્યાં સુધી તૃષ્ણાનો અંત આવતો નથી.

આત્માને સંસારરૂપે જે અવસ્થા પ્રાપ્ત થયેલી છે તે સમગ્ર અવસ્થા પરપુદ્‌ગલરૂપે જ છે. તેમાંથી સુખ મળે છે, તેવી ભ્રાંતિ મિથ્યાત્વનાં કારણે થઈ છે. શરીર પર છે છતાં શરીરને આત્મા માનીએ છીએ. હવે આપણી સામે કર્મકૃત સ્વનુંરૂપ આવે એટલે તરત ઉપયોગ આવવો જોઈએ કે હું તો અરૂપી છું ને આ રૂપ મને ક્યાં વળગ્યું ? કાદવમાં પડીએ ને તરત એમ થાય કે કાદવ ક્યાં લાગી ગયો ? તરત તેને દૂર કરવાનો પ્રયત્ન કરીએ છીએ. તે જ રીતે આત્માને શરીરથી દૂર કરવાનો પ્રયત્ન કરે. પરમાત્માની વાતની શ્રદ્ધા છે પણ હજી પ્રતીતિ થતી નથી. તેથી શરીરને દૂર કરવાનો ભાવ થતો નથી. જો પ્રતીતિ થાય તો રુચિનો પરિણામ આવ્યા વગર ન રહે. પછી ઝંખના તીવ્ર થાય.

## બહિરાત્મા – અંતરાત્મા – પરમાત્મા

જ્યાં સુધી શરીર અને આત્મા ભિન્ન છે તેવું ભાન નથી ત્યાં સુધી જીવ બહિરાત્મા છે. જે કાયામાં કાયાથી પોતાનાં આત્માને ભિન્ન માની સાક્ષીભૂત રહે તે અંતરાત્મા છે. જો નીકળી શકતો હોય તો તરત જ નીકળી જાય તેવો તેનો ભાવ હોય, પણ નીકળી શકતો નથી. તે ઉદાસીનભાવે રહે તે અંતરાત્મા છે. કાયામાંથી નીકળવાનાં લક્ષે પરમાત્મ બનવાની સાધના જે આરંભે તે અંતરાત્મા. જેમ ચાલતાં–ચાલતાં ગટરમાં પડી જાય તો નીકળવાનાં તમામ પ્રયત્નો કરે અને કેમ જલ્દી નીકળાય તેની જ મથામણમાં હોય. આત્માને અનાદિથી અતત્વમાં તત્વનો નિર્ણય થયેલો છે. અર્થાત્ શરીર એ જ આત્મા, તેથી હવે સ્વરૂપ ને સ્વભાવનો નિર્ણય સૌ પ્રથમ કરવાનો છે. આત્મા અને શરીર ભિન્ન છે. આ વાત શ્રદ્ધાથી સ્વીકારી પ્રથમ મન અને વચનથી સતત

એનો અભ્યાસ પાડવાનો છે. માનસિક રીતે સતત એ જ વિચાર હોય કે હું એ શરીર નથી, શરીર પર છે. વચનમાં પણ એ જ બોલાય છે.

અનંતા પુદ્ગલ પરાવર્તકાળમાં શરીર સાથે મોહનાં પરિણામથી રહ્યાં છીએ. તેથી આ સંસ્કારોને તોડવા માટે અનિત્યાદિ ૧૨ અને મૈત્ર્યાદિ ચાર ભાવનાઓથી આત્માને ભાવિત કરવાનો છે. જડ પ્રત્યેનાં તીવ્ર રાગથી છૂટવા માટે અનિત્યાદિ ૧૨ ભાવના અને જીવ પ્રત્યેનાં દ્વેષથી છૂટવા માટે મૈત્રી આદિ ચાર ભાવના છે. આત્મા જ્યાં સુધી અંતરાત્મારૂપ ન બને ત્યાં સુધી આત્મા તૃપ્ત બની શકતો નથી. મોહથી છૂટવાની શરૂઆતને સત્ પુરુષાર્થ કહે છે.

શરીરાદિ પર સંયોગથી પર થવાનો ભાવ શરૂ થાય ને પૂર્ણ ન થાય ત્યાં સુધી વચ્ચેનો કાળ અંતરાત્મા કહેવાય. જ્યારે પૂર્ણ થાય ત્યારે તે પરમાત્મા સ્વરૂપે બને છે. આત્મામાં બે વિભાગ રૂપે થવું, સ્વનો સ્વ રૂપે અને પરનો પર રૂપે નિશ્ચય થઈ જવો એ અંતરાત્મા છે. જેમ કે શરીર ને કપડું બંને ભિન્ન જ માનીએ છીએ. ને વ્યવહાર પણ એ રીતે જ કરીએ છીએ. તેમ શરીર અને આત્માને ભિન્ન માનવાનાં છે. વ્યવહાર પણ તે જ રીતે કરવાનો છે. આ નિર્ણય થાય પછી જ સમક્તિ આવે.

## O મોહને કાઢવાનો પુરુષાર્થ તે ધર્મ

મોહને કાઢવાનો પ્રયત્ન કરવો એ જ ધર્મ છે. ગમે તેટલા ધર્મનાં વ્યવહાર કરીએ – પણ મોહ ન નીકળે તો તે વાસ્તવિક ધર્મ બનતો જ નથી. તારું જે છે તે કદી તારાથી છૂટવાનું નથી ને જે છૂટે છે એ તારું નથી. એ નિશ્ચય કરવાનો છે.

આત્મા નિર્વિકારી, અરૂપી, નિર્લેપ છે. – આ નિશ્ચય કરવાનો છે. એ પ્રમાણે વર્તી ન શકીએ ને પશ્ચાતાપ થાય તો તે જ આપણી આરાધના છે. અંતરાત્મા એટલે ગુણોને ઈચ્છે, પુદ્ગલનાં ગુણોને સુખ રૂપે ન ઈચ્છે.

ધર્મ કરતી વખતે આત્માએ પોતાના આત્માને શરીરથી નિરાળો માની તે પ્રમાણે થવાનો પ્રયત્ન કરવાનો છે. તો જ આત્માની અનુભૂતિ થઈ શકે.

આત્માને જ્યારે સમ્યગ દર્શનનો લાભ થતો હોય તે વખતે પોતે નિર્ણય કર્યો છે કે હું વર્તમાનમાં રૂપની સાથે જોડાયેલો છું – હવે તે રૂપથી મારે છૂટા થઈ જવાનું છે. તદ્‌ગત વીર્ય પરિણામ પ્રગટ થાય ને અરૂપીપણાનો અનુભવ થાય. જેને આનો નિર્ણય નથી થયો તે રૂપને સુધારવા જાય છે. હું કાળો થયો – પાતળો થયો – જાડો થયો વિગેરે વિકલ્પોમાં ચડે.

બહારની નોંધ તરત લેવાય છે, અંદરની નોંધ લેવાતી નથી. નિર્ધાર થયા પછી પ્રયત્ન શરૂ કરે અને પૂર્ણ પ્રાપ્તિ થાય ત્યારે તે પરમાત્મા બને છે.

- **સ્વભાવથી પૂર્ણ થાય તેને કેવલી ભગવંત કહેવાય અને સ્વરૂપથી પૂર્ણ થાય તેને સિદ્ધ ભગવંત કહેવાય.**

સાધનામાં પ્રથમ સ્વરૂપથી પૂર્ણતાનો નિર્ધાર કેવલીનાં વચનનાં આધારે થઈ જાય તો જ આત્મા સ્થિર થઈ શકે. સ્વરૂપનું આલંબન પકડીને સ્વભાવમય બનવાનું છે. સ્વભાવમાં બાધક મોહનો પરિણામ છે. મોહ રૂપને – આકારને બહારની વસ્તુને પકડે છે. તેથી આપણે સ્વભાવમાં સ્થિર રહી શકતા નથી.

ઉત્તરાધ્યયનમાં કહ્યું છે કે– કામ એ શલ્ય સમાન છે. આશીવિષ સર્પનાં ઝેર સમાન છે. તેથી આત્મામાં આકૂળતા–વ્યાકૂળતા–ઉદ્વિગ્નતા વિ. પરિણામો પેદા થાય છે.

વિણ ખાધે – વિણ ભોગવે અર્થાત્‌ ન ખાવા છતાં પણ ખાવા–પીવાનાં પરિણામથી આત્મા દુર્ગતિમાં ચાલ્યો જાય છે. દા.ત. તંદુલિયો મત્સ્ય. મોહનાં પરિણામથી માછલાને ખાવાના થયેલા અભિલાષ માત્રથી તે ૭મી નરકમાં ગયો.

ક્ષુધાવેદનીયનો ઉદય થયો ને વાપર્યું તો તે દ્રવ્ય પીડાનું શમન થયું. 'હાશ' થાય તો મોહનો પરિણામ છે. – તેમ ન થવું જોઈએ. પશ્ચાતાપનો ભાવ થવો જોઈએ કે ખાવાનો તારો સ્વભાવ નથી, ખાવું પડ્યું એ તારા પાપનો ઉદય થયો.

કાચું અન્ન વાપરવાથી જેમ પેટમાં પીડા થાય છે તેમ મોહનાં પરિણામમાં આત્મામાં 'વિશુચિકા' વિહ્વળતા પેદા થાય છે. મોહનાં નશામાં આત્મા વિવેકહીન બની જાય છે.

આત્મા જ્યારે ચોથા ગુણઠાણે આવે ત્યારે સ્વભાવને ભોગવવાનો ભાવ આવે. આત્માને સ્વ સ્વભાવનું ભાન લાવવાનું કાર્ય જ્ઞાન કરાવે ને તેની રુચિ સમ્યગ દર્શન કરાવે છે. અભવ્યને જ્ઞાન છે. પણ પુદ્‌ગલનાં સુખની રુચિ ઉભી થાય છે.

જેને મિથ્યાત્વનો તીવ્ર ઉદય છે સાથે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ છે તો જ્ઞાન થશે પણ આ ભાન નહીં આવે કે હું શરીરમાં પૂરાયેલો છું અને મારે આ શરીરમાંથી જલદી નીકળવું જોઈએ. એ ભાન નહીં આવે. પરિણામપૂર્વકનું જ્ઞાન તે બોધ એ જ ભાન કહેવાય છે.

ગુણોની રુચિ થાય ત્યારે આત્મહિતકર પ્રશસ્ત ભાવ થયો કહેવાય. જ્ઞાન – ભાન – ભાવ ત્રણે વસ્તુ આવશે. આત્મભાવ અમૃતતુલ્ય છે. અમૃત એટલે મરણ ન થાય. આત્મા જ્યારે પોતાનાં ગુણોનો અનુભવ કરે ત્યારે તેનું ભાવમરણ નથી. ભાવમરણ બંધ થાય તો આત્મા સદા માટે અમર બની જાય છે.

**ગાથા – ૪ :**

***આત્માનં વિષયૈઃ પાશૈ,–ભવવાસ–પરાઙ્મુખમ્ ।***
***ઈન્દ્રિયાણિ નિબધ્નન્તિ, મોહરાજસ્ય કિઙ્કરાઃ ॥૪॥***

**ગાથાર્થ :** મોહરાજનાં ચાકર રૂપ ઈન્દ્રિયો સંસારવાસથી વિમુખ થયેલા આત્માને પણ વિષયોરૂપ બંધનોથી બાંધે છે.

આત્મા આત્માથી પરાઙ્મુખ બને છે. પણ એણે એના સ્વભાવ પ્રમાણે વર્તવાનું છે. તે પ્રમાણે વર્તતો નથી ને સારા – નરસાનાં પરિણામ કરે છે. આપણે ચાલી રહ્યા છીએ તે ચાલવું પણ હેય છે. જરૂર પડે ને ચાલવું પડે તો કેવી રીતે ચાલવું ? તેનો ઉપયોગ જોઈએ. માત્ર ત્રસ જીવોની જ નહીં પણ સ્થાવર કાય જીવોની પણ જયણા કરવાની છે.

અનુકૂળતા ગમવી ન જોઈએ. ગમે તેવું આવે તેમાં સહજ મસ્તી જોઈએ. તે માટેનાં સંસ્કાર અહીં પાડીશું તો ગમે તેવા વાતાવરણમાં પણ સહજ મસ્તીથી રહી શકીશું. જીવ જેટલો આત્માભિમુખ બનશે એટલો તેને કષ્ટોમાં વધુ આનંદ આવશે. શરીરને જાળવવામાં લીન બની કર્મો બાંધશે.

આત્માને વિવિધ ગતિમાં, વિવિધ શરીરમાં પકડી રાખે તે આયુષ્ય. માટે જ તે મોહની હાજરીમાં બંધાય છે. આત્મા સિવાય બીજે રહેવાનો ભાવ તે ભવનો ભાવ.

મોહનીયની હાજરીમાં જ આયુષ્ય, નામ, ગોત્ર ત્રણેય બંધાય છે. આ ત્રણે કેવલીને બંધાતા નથી. કેમ કે એ શરીરથી પૂર્ણ નિરાળા થઈને રહ્યા છે. અર્થાત્ મોહ સંપૂર્ણ નીકળી ગયો છે. તેઓ સર્વ પર સંયોગોથી પરાઙ્મુખ છે. માટે કર્મબંધ અટકી જશે.

વિષયો આત્મા માટે પાશ (બંધન) રૂપે બની જાય છે. તેને પકડી રાખીએ તો તે આત્માને વિશેષ પીડા રૂપ બની જાય છે. 'ઉપમિતિ'માં રાગકેસરીને મોહનો પ્રધાન બતાવ્યો છે. ઈચ્છા, મૂર્ચ્છા, કામ, સ્નેહ, અભિલાષ, અભિનંદન આદિ મોહના પરિવાર છે. તે આખા જગતને મૂઢ બનાવનારો છે. વિષયોને મેળવવાનો, ભોગવવાનો, તેનાથી દૂર ન થવાનો જે અભિલાષ તે રાગ.

રાગનાં કારણે આત્મા સમતાનાં પરિણામથી દૂર થતો જાય છે. પ્રયોજન છે તો તેટલી જ વિચારણા કરવાની છે. બીજી નહીં. માટે અંતર્મુખ બની આત્માનાં પરિણામમાં રહી સતત ઉપયોગમાં હશે તો આત્મા સતત જાગૃત રહેશે અને વિકલ્પોમાં ન જતાં સ્વ પરિણામમાં સ્થિરતાને પામશે. સ્વાધ્યાય દ્વારા સતત અનુપ્રેક્ષા ચાલવી જોઈએ – એના જેવો કોઈ મોટો તપ નથી.

**ગાથા – ૫ :**

***ગિરિમૃત્સ્નાં ધનં પશ્યન્, ધાવતીન્દ્રિયમોહિતઃ ।***
***અનાદિનિધનં જ્ઞાનં, ધનં પાર્શ્વે ન પશ્યતિ ॥૫॥***

**ગાથાર્થ :** ઈન્દ્રિયોથી મોહ પામેલો જીવ પર્વતની માટીને સુવર્ણ–ચાંદી આદિ ધનરૂપે જોતો ચારે તરફ દોડે છે પણ પોતાની જ પાસે રહેલા અનાદિ – અનંત જ્ઞાનરૂપ ધનને જોતો નથી.

જેમ પીળી માટી ઉપર સૂર્યનાં કિરણો પડે અને તે ચમકતી દેખાય ત્યારે તેમાં સોનાનો ભાસ થાય છે. તેવી જ રીતે પર પુદ્‌ગલમાં સુખની ભ્રાંતિ થાય છે.

આપણું પરમ ધન જે સદા માટે સાથે રહેનારું – શાશ્વત એવું સર્વજ્ઞકથિત જ્ઞાન છે. તેમાંથી જ સહજ સુખની પ્રાપ્તિ થઈ શકે છે.

જેમ બીજમાંથી પૂર્ણિમા થાય છે તે જ રીતે જેમ જેમ જ્ઞાનનો અભ્યાસ વધે – પરિણમે તો તે વૃદ્ધિ પામતાં – પામતાં કેવળજ્ઞાનરૂપ પૂનમનો ઉજાશ ફેલાવી શકે છે.

**'પર ક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પરક્ષેત્રે થયું જ્ઞાન સુજ્ઞાની,**
**અસ્તિત્ત્વ નિજ ક્ષેત્રે તુમ્હે કહ્યું, નિર્મળતા ગુણ માન સુજ્ઞાની...'**

તારા આત્મપ્રદેશોરૂપી જે ક્ષેત્રમાં જ્ઞાનગુણ રહેલો છે. તે જ્ઞાન વડે જ જીવ પોતાનામાં રહીને જ જ્ઞાન પ્રાપ્ત કરી લે છે. મનની દોડ સૌથી મોટી છે. તે મિથ્યાત્વને કારણે તીવ્રતાથી દોડે છે. મિથ્યાત્વ ગયા પછી રાગાદિ ભાવો જે છે તે મંદાગ્નિવાળા થશે. તેનાં કારણે સંસાર – સર્જનનું કાર્ય રસહીન અડધું થઈ જાય. સમકિતનાં કારણે સંસાર પરિમિત બની જશે. પ્રવૃતિમાં મંદતા આવી જાય, અનુમોદના બંધ પડી જાય તેથી અનુબંધ ન પડે. મિથ્યાત્વ જતાં તે મનથી સ્થિર થશે પણ પ્રવૃતિથી સ્થિર નહીં થઈ શકે, કારણ કષાયો હજી ઉભા છે.

**'પ્રવચનઅંજન જો સદ્‌ગુરુ કરે, દેખે પરમ નિધાન.'**

જો સદ્‌ગુરુ તત્ત્વ અંજન કરે તો અંદરનું નિધાન દેખાય પછી તેને ગ્રહણ કરવા માટે આત્મા પ્રેરાય છે.

નિગોદ અવસ્થામાં જીવ મહામોહથી ઘેરાયેલો હોય છે.

સિદ્ધનાં આત્મા સૌથી સુખી, કેમ કે મોહ સંપૂર્ણપણે નીકળી ગયો છે. પર સંયોગ સર્વથા છૂટી ગયો છે. નિગોદનાં આત્મા સૌથી દુઃખી કેમ કે બધા કર્મોનો ઉદય છે. જ્ઞાનના માત્ર અંશને વેદે છે. માટે જ તેને જીવ કહેવાય છે. મહામોહથી વ્યાપ્ત હોવાથી કર્મોનાં અવરણ નીચે દબાયેલો છે. માટે મહાદુઃખી છે. જ્યારે સિદ્ધનાં જીવો કોઈને પણ પીડા આપ્યા વિના સ્વતંત્રપણે, સંપૂર્ણ જ્ઞાનથી, મોહનાં ક્ષયથી સહજાનંદને અનુભવે છે.

વર્તમાનમાં આપણે જ્ઞાનમાં પુરુષાર્થ કરવાની જરૂર છે. એનાં એક પદને પણ સમ્યગ્ રીતે પકડી આગળ વધીએ તો પણ કૈવલ્ય લક્ષ્મીની પ્રાપ્તિ થઈ શકે છે. દા.ત. માસતુષ મુનિ. मा ढष – मा तुष માંથી માસતુષ...ગોખતાં પણ હૃદયનાં નિર્મળ ભાવથી ગુરુ પરની અપૂર્વ શ્રદ્ધાનાં કારણે એકપદથી મુક્તિ પદને પામી ગયા.

**નિર્વાણપદમપ્યેકં ભાવ્યતે યન્મુહુર્મુહુઃ ।**

*સંસાર પ્રત્યે રુચિ છે તે રુચિ જ્યાં સુધી સર્વજ્ઞ વચનમાં પ્રગટશે નહિ ત્યાં સુધી જ્ઞાનની અપૂર્વ પ્રીતિ જાગશે નહી ત્યાં સુધી આત્મભાવની ખોજ થશે નહી. તેથી આત્મા આનંદને પણ વેદી શકશે નહિ.*

તત્ત્વવેતા ગુરુની સેવાથી જ જ્ઞાનાવરણીય અને મોહનીયનો ક્ષયોપશમ થવાથી જ્ઞાન શુદ્ધ થતા તે જ્ઞાન આત્માને આનંદ આપનારું બને છે.

આત્મા જેમ જેમ પરવસ્તુનો ત્યાગ સમજણથી કરતો જાય તેમ તેમ તે હળવો થતો જાય. દેશવિરતિમાંથી સર્વવિરતિ તરફ જીવ અંતર્મુખ બની પ્રયાણ કરતો જાય. કેમ કે અવિરતિને અર્થાત સંયોગની આશક્તિને ઓળંગતો જાય છે. બાહ્ય પરિગ્રહ તોડી અંતરંગ સ્થિતિમાં પ્રવેશે છે ત્યારે જ્ઞાન ધ્યાનનું કારણ બને છે.

સંગમનાં ઉપસર્ગ વખતે પ્રભુવીર રાત્રી દરમ્યાન રુક્ષ પુદ્ગલને લઈને ધ્યાનમાં આરુઢ થયા હતા. તે વખતે તેઓ દેહથી સંપૂર્ણ ભિન્ન થવારૂપ ધ્યાન

દશામાં હતા. આવી દશાવાળા યોગીઓને કેવળજ્ઞાનનું સહજ ધન પ્રાપ્ત થઈ શકે છે. પરના રાગીને પથરારૂપ ધનની પ્રાપ્તિ થાય.

સરળતા પર ચડ્યા વિના ગુણશ્રેણી પર આરોહણ થઈ શકતું નથી.

મોક્ષમાર્ગ અતિ સરળ છે, જ્યારે સંસાર માયાથી ભરેલો છે. માટે તેને ચલાવવો અઘરો છે.

આત્માનો દોડવાનો સ્વભાવ નથી, પણ મોહનાં કારણે ઈન્દ્રિયો પરમાં દોડે છે. ઈન્દ્રિયોથી મોહિત થયેલો આત્મા બહારનાં ભૌતિક, વિનાશી સુખમાં રાચે છે. પણ અંદર આત્માનું અવિનાશી ધન તેને દેખાતું નથી. વિનાશીનો સ્વભાવ વિનાશ થવાનો છે. અવિનાશીનો સ્વભાવ સહજ આનંદ ભોગવવાનો છે.

અસ્થિર ઈન્દ્રિયો સાથે જોડાયેલું મન પણ અતિ ચંચળ અને તે જેની સાથે જોડાય છે તે દ્રવ્ય પણ પરિવર્તનશીલ અને અસ્થિર છે. પર પદાર્થો અસ્થિર છે તેની પાસેથી શાંતિની કે સમાધિની અપેક્ષા રાખીએ તો તે અપેક્ષાની પૂર્તિ કઈ રીતે થાય ?

આત્મા જો પરના બદલે સ્વમાં ડૂબે તો આનંદ જ છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન મર્યાદિત છે. તેને માટે સાધન સારું હોય તો જ્ઞાનનો ક્ષયોપશમ સારો થાય.

દ્રવ્ય ગુણનો આધાર છે, ને ગુણ તેમાં આધેયરૂપ છે. પર્યાય ગુણનાં જ હોય. કેવળજ્ઞાનરૂપ ગુણ પર કોઈ આવરણ રહી શકતું નથી. આત્મા એ જીવદ્રવ્ય છે. કેવળ જ્ઞાનાદિ તેનો ગુણો છે. તેનાં અનંતા પર્યાયો છે. મતિનાં ૨૮ કે ૩૪૦ ભેદ, શ્રુતનાં ૧૪ કે ૨૦, અવધિનાં ૬, મનઃ પર્યાયનાં ૨ ભેદ છે પણ કેવળજ્ઞાન એક જ છે. સદા રહેનારું છે.

અન્ય દર્શનકારો કહે છે કે જ્ઞાન પ્રકૃતિમાંથી આવે છે. પ્રકૃતિ ને આત્મા ભિન્ન થાય ત્યારે તે નષ્ટ થાય છે. તેઓ મોક્ષને માને. આત્માને કુટસ્થ પરિણામી

માને, તેમાં ફેરફાર નથી થતો, પણ પ્રકૃતિનું પ્રતિબિંબ આત્મા પર પડે છે તેથી આત્મા બધું કરે છે. એવી મિથ્યાભ્રાંતિ તેને થાય છે.

જ્યારે જિનમત તેનાથી ન્યારો છે. જ્ઞાન અનાદિ છે, કદી નાશ પામનાર નથી તે આત્મા સાથે તાદાત્મ્ય ભાવે રહેલું છે.

નિગોદમાં પણ આત્મામાં કેવળજ્ઞાન સત્તારૂપે હતું, વર્તમાનમાં પણ છે અને સિદ્ધ કેવળી અવસ્થામાં પ્રગટપણે રહેનારું છે.

આ અનંતધનની આપણને જાણ ન હોવાથી કસ્તુરિયા મૃગની જેમ બહાર ધનને મેળવવા દોડીએ છીએ. તેથી આપણે પણ વિનશ્વર થઈ રહ્યા છીએ.

આપણી પાસે રહેલા અમાપ એવા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરવાની આપણે મહેનત નથી કરતાં અને બહારનું વિનશ્વર ધન મેળવવા કેવી મહેનત કરીએ છીએ ? વિનશ્વર ધન ભાગ્યાધીન છે માટે મળે પણ અને ન પણ મળે. જન્મ્યા ત્યારે કેટલું જ્ઞાન હતું ? વર્તમાનમાં કેટલું છે ? વધ્યું છે ને ? તે કેવળ જ્ઞાનનો અંશ જ છે. જેમ બીજનો ચંદ્રમા પૂનમનાં દિવસે પૂર્ણતાને પામે છે તેમ મતિ – શ્રુતજ્ઞાનનો અંશ કેવળજ્ઞાન રૂપી પૂર્ણતાને પામે. આ ભવમાં મતિ–શ્રુતજ્ઞાનમાં એવી મહેનત કરો તો આવતા ભવમાં કેવળજ્ઞાન રૂપે પૂર્ણતા થાય.

નિગોદમાં પણ કર્મોની તાકાત એવી નથી કે જ્ઞાનને સંપૂર્ણ ઢાંકી શકે. પૂર્ણતા મનુષ્યભવમાં જ થઈ શકે છે. માટે જ આપણને સર્વજ્ઞના શાસનમાં જ્ઞાનની પૂર્ણતા સહેલાઈથી થઈ શકે તેવા ઉપાય બતાવ્યા છે.

પંચાચારરૂપ ઉપાયો જાણી, શ્રદ્ધા રુચિ કરીએ અને તે પ્રમાણે પાલન કરવાથી માસતુષ મુનિની જેમ અવશ્ય કેવળજ્ઞાન પ્રગટ થાય.

જગતનાં જીવો પથ્થરમાં ધનનો આરોપ કરે છે. પૃથ્વીકાયનાં જીવોએ રત્નો–સુવર્ણ મોતી વિ. રૂપે ઔદારિક દેહ ધારણ કર્યો ને તેને છોડી દીધો. તેને

લેવા માટેની દોડા દોડી – તિજોરીમાં સંઘરીએ – જોઈને હરખાઈએ. જરૂર પડે એકેન્દ્રિયનાં દેહને સાચવી રાખવા કે પ્રાપ્ત કરવા પંચેન્દ્રિય જીવોની હત્યા કરવા કે પોતાનાં પ્રાણ આપવા તૈયાર થાવ છો. પણ હવે મતિ–શ્રુતજ્ઞાનનાં સાધન દ્વારા કેવળજ્ઞાનને પ્રગટ કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

ઈન્દ્રિયો માત્ર પર્યાય જ બતાવશે. બહારનું જ જણાવશે. અંદરનું ન કહી શકે. પ્રથમ દ્રવ્ય તરીકે બોધ થવો જોઈએ કે આ દ્રવ્ય શું છે ? જીવ કે અજીવ ? તેનો બોધ થાય પછી એનાં સ્વભાવ–સ્વરૂપનો અને લક્ષણોથી બોધ થવો જરૂરી છે. આ પુદ્ગલ દ્રવ્ય છે. સડન–પડન અને વિધ્વંસન એનો સ્વભાવ છે.

સ્વરૂપથી તે નાશવંત છે, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ એનાં સામાન્ય લક્ષણો છે. પ્રકાશ, તડકો, છાંયો વિ. એનાં વિશેષ લક્ષણો છે. આ રીતે બધો જ સ્પષ્ટ બોધ થવો જરૂરી છે.

જીવ સુખનો ઈચ્છુક છે તેથી જ તેને જ્યાં જ્યાં સુખ દેખાશે ત્યાં ત્યાં તે દોડશે. મિથ્યાત્વ સુખ બતાવશે અને કષાય મોહનો પરિણામ એને એ તરફ દોડાવશે. સર્વજ્ઞની દષ્ટિ પ્રમાણે જો બોધ ન થાય તો તે મિથ્યાત્વ જ છે.

મુનિ હવે માત્ર શુભ ભાવમાં ન હોય પણ સમતારસનાં પાન કરવાનાં પ્રયત્નમાં હોય.

નિર્ણય થવો તે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ છે. પણ અંદરમાં સ્વીકાર થવો તે દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ છે.

સર્વજ્ઞની દષ્ટિ પ્રમાણે બોધ થાય ત્યારે હેયમાં ત્યાગની રુચિ અને ઉપાદેયમાં ગ્રહણની રુચિનો પરિણામ આવે. રૂપને જોઈને જ્ઞેયથી જાણીને નિશ્ચય કરે ત્યાં કર્મબંધ નથી. પણ સારા નરસાનાં પરિણામ આવે ત્યાં કર્મબંધ છે. પછી તેને મેળવવા – ભોગવવા માટે તે આતુર બને છે.

માત્ર પુદ્ગલનો સંયોગ થાય તો તે દ્રવ્ય પીડા છે, તેમાં મોહનો પરિણામ થાય તો તે ભાવપીડા છે.

ગાથા – ૬ :

**પુરઃ પુરઃ સ્ફુરત્તૃષ્ણા, મૃગતૃષ્ણાનુકારિષુ.**
**ઈન્દ્રિયાર્થેષુ ધાવન્તિ, ત્યક્ત્વા જ્ઞાનામૃતં જડાઃ ।।૬।।**

**ગાથાર્થ :** આગળ આગળ વધી જતી તૃષ્ણાવાળા મૂર્ખ લોકો જ્ઞાનરૂપ અમૃતને છોડીને ઝાંઝવાનાં જળ સરખા ઈન્દ્રિયોનાં રૂપાદિ વિષયોમાં દોડે છે. તે વિષયોને ભોગવવામાં માયા–દંભનો આશ્રય લેશે.

માયા એવી છે કે પોતે પણ નહીં પકડી શકે ને બીજા પણ નહીં પકડી શકે. પણ તટસ્થતાથી ઊંડાણથી વિચારશે તો જ તેને પકડી શકાશે.

જીવ જો સરળ હશે તો પોતાની ભૂલ તરત જ કબૂલ કરી લેશે. અને સરળતા નહીં હોય તો ભૂલને છૂપાવવા વિકલ્પોની હારમાળા ગૂંથ્યા કરશે.

પ્રથમ મનમાં વિચારે પણ વચનથી અને કાયાથી તે પ્રમાણે વર્તવું અત્યંત દુષ્કર છે. મનમાં વિચારશે તેમાં સત્વ ઓછું જોઈએ, વચનથી સત્ય બોલવામાં વિશેષ સત્ત્વ ફોરવવું પડે કારણ એ જાહેરમાં ઉઘાડો પડે અને કાયાને એ જ પ્રમાણે પ્રવર્તાવવી અત્યંત દુષ્કર બને છે. કારણ કે કાયા પર જીવલેણ ઉપસર્ગ પણ આવી શકે ત્યારે કાયાની મમતા છોડવી પડે.

સર્વજ્ઞ તત્વ રૂપ અમૃતનું જે પાન નથી કરી શકતા તેઓ જડ બનીને જડની પાછળ દોડી રહ્યા છે. તેઓ ભોગની પાછળ દોડી રહ્યા છે. પુદ્ગલને ભોગવવાનો ભાવ તે ભોગપિપાસા.

જ્યાં સુધી આત્માને એ નિર્ણય ન થાય કે પુદ્ગલનાં ભોગોમાં સુખ નથી ત્યાં સુધી તે ત્યાં જ દોડવાનો છે. નિર્ણય થશે ત્યારે તેને છોડીને આત્માનાં ગુણોને ભોગવવાનો ભાવ થશે. કારણ કે ભોગ એ આત્માનો સ્વભાવ છે, જે વર્તમાનમાં દોષરૂપે આવ્યો છે.

૧ થી ૪ ગુણસ્થાનક વૃતિપ્રધાન છે. તેમાં રુચિનાં પરિણામને ફેરવવાનો છે. પાંચમાં ગુણસ્થાનકથી રૂચિ પ્રમાણે વીર્યને ફોરવવાનું છે.

મિથ્યાત્વની વાસના અને વેદમોહની વાસના – બેનાં કારણે આત્મા તે તે પુદ્ગલો તરફ દોડશે. ત્યાં તેને કિંમતિપણાનું – સારાપણાનું આકર્ષણ રહ્યા કરશે. વર્તમાનમાં આત્મા પુદ્ગલમય – જડમય બની ગયો છે. માટે અજીવતત્વનો પણ નિર્ણય કરવાનો છે.

આત્માની ઉદયગત અને સત્તાગત બંને અવસ્થાનો પ્રથમ નિર્ણય કરવો જ પડે. માટે પરમાત્માની જ્ઞેયનાં જ્ઞાતા બનવાની આજ્ઞા આવી. જગતમાં જેનું પણ અસ્તિત્વ છે તેને જાણવાનું છે. આપણે સર્વજ્ઞએ કહ્યું છે કે તેના પર શ્રદ્ધા કરીને જાણવાનું છે.

જીવ અને અજીવ બે તત્ત્વને જાણવાનાં છે. જીવને જાણીને જીવનાં સ્વરૂપ અને સ્વભાવનો નિર્ણય કરવાનો છે. જીવનો સ્વભાવ એટલે જીવની પરમ સંપત્તિ. આપણને આપણી સંપત્તિનો નિર્ણય ન થાય ત્યાં સુધી તેની રુચિ ન થાય. આત્માની પરમ સંપત્તિ પરમ કેવળ જ્ઞાન છે. તે કેવળ જ્ઞાન રૂપી પરમ ધન કેવા પ્રકારનું છે ?

જે જ્ઞાનની આદિ થઈ નથી. અંત થવાનો નથી. લોકાલોક પ્રકાશક છે તેવું જ્ઞાન કેવળજ્ઞાન છે અને તે અનંતનો વિષય બને છે.

જેને અનંત પરનું બહુમાન આવે તેને અનંત સંસારનું બહુમાન ઘટે. જેને ભવનો રાગ નથી તે જ આધ્યાત્મિક જગતમાં પ્રવેશ કરી શકે. સંસારની પ્રીતિ તૂટે નહિ એને મોક્ષનાં પંચ પરમેષ્ઠિની પ્રીતિ આવે નહિ. કેવળજ્ઞાન અને આત્મા જુદા નથી. તે સ્વભાવ રૂપ છે.

જીવ દ્રવ્ય હણવાને યોગ્ય નથી. જીવ દ્રવ્ય સાથે મૈત્રી કરવાની, હિંસા નહીં કારણ કે એ સિદ્ધત્વનો અંશ છે. સત્તાએ સર્વ જીવો સિદ્ધ સ્વરૂપે છે. જેથી જીવ માત્રમાં સિદ્ધત્વનાં દર્શન કરી, ઔચિત્ય વ્યવહાર કરે તો પોતાનું સિદ્ધત્વ જલદી પ્રગટ કરી શકાય. સિદ્ધત્વ પ્રગટ થતાં પહેલા સત્તાગત કેવળ જ્ઞાન પ્રગટે.

એક નિગોદનાં જીવની પણ આશાતના ન કરી શકાય. તેનાં પણ આઠ ઢચક આત્મ પ્રદેશોમાં જ્ઞાનાદિ અંશભાગ ખુલ્લા છે. જો એકેન્દ્રિયની આશાતના ના કરાય તો પંચેન્દ્રિય જીવની આશાતના કેમ કરી શકાય ? મોટાભાગનો આપણો વ્યવહાર પ્રાયઃ અજ્ઞાનતાનાં આધારે ચાલે છે.

શાસ્ત્ર તત્ત્વનાં અવબોધ રૂપ વ્યવહાર કરવામાં ન આવે તો એ વ્યવહાર સંસાર વધારવાનું કાર્ય કરે છે. ધર્મના નામે ધતિંગ ચાલે એના જેવું બીજું કોઈ ભયંકર પાપ નથી.

આપણા પોતાનાં આત્માને બચાવવો એ ધર્મ છે. પર માટે જીવીએ તો પોતાનાં આત્માની ઘોર આશાતના થાય. કેવળજ્ઞાન દૂર થતું જાય. મિથ્યાત્વ પરની દિશામાં પુરુષાર્થ કરાવે.

આજ સુધી આત્માએ અધિક મેળવવા માટે ઘણું છોડ્યું. પણ છોડેલું સદા માટે છૂટે—પાછું ન મળે એ જ લક્ષ આવે– નિર્ણય થાય તો કામ થાય. નહિ તો છોડેલું પાછું વળગે. માટે પ્રથમ માન્યતા ફેરવવી પડે.

આત્માના ધનને ધન માનવાનું છે. પર ધનથી ઈન્દ્રિયો ખુશ થવાની. એનાથી મોહિત આત્મા દોડા દોડી કરશે. ઈન્દ્રિયાતીત બનવાનું છે. ઈન્દ્રિયો દ્વારા જે જે વસ્તુ મળે તે તે છોડે તો આત્માનું સુખ મળે.

સંસારનું સુખ ઈન્દ્રિયો દ્વારા જ ભોગવી શકાય, આત્માનું સુખ ઈન્દ્રિયાતિત છે. તેથી તેને ઈન્દ્રિય વિના જ સીધું આત્માથી ભોગવાય.

આપણે સ્વમાં મહેનત નથી કરતાં, પરમાં મહેનત કરીએ છીએ. હું આત્મા છું મારી પાસે શાશ્વત ધન છે. આવેલું જવાનું નથી. તે ધન આવ્યા પછી દીનતા નાશ પામે છે. સ્વાધીન બનવા આત્મધન જરૂરી છે. જીવે મનથી સમાધિ રાખવાની અને આત્મામાં સમતા માણવાની છે. સમાધિ અને સમતા જ્ઞાન ધન વિના ન મળે. સમતા કોઈ આપી ન શકે. પોતાનાં પુરુષાર્થથી સમતા મળે.

આત્મ ધનની પરિપૂર્ણતા સિદ્ધત્વ છે. એ અવિનાશી છે. સંસારની સમગ્ર સંપત્તિ વિનાશી છે. આપણો વિનાશી સાથે પનારો પડ્યો છે. સંયોગ સાથેની સંપત્તિ બહારથી સુખ, અંદરથી દુઃખ આપે. સંયોગી સંપત્તિનો વિયોગ થાય ત્યારે સંતાપ થાય. આજ સુધી આનાથી સુખ માની પોતે દુઃખી થઈ દીન–હીન બન્યો.

બહારથી સુખનો દરિયો અંદરથી ભયંકર દુઃખનો દરિયો સમ્યગ્ જ્ઞાન હોય તો જગતનાં જીવોથી પોતે મોટો છે, એવું ન લાગે. બધા સમાન લાગે તેથી આત્મા દુઃખી બનતો નથી.

આંકડાની સંપત્તિ આત્મામાં આંકડાનો અસંતોષ ઊભો કરે છે. આત્મધનની સંપતિ આંકડા વગરની છે. અર્થાત્ અમાપ છે અને અક્ષય છે.

આપણું જ્ઞાન મિથ્યાત્વથી મિશ્રિત થયેલું છે. ચામડાની આંખથી દુનિયા જુદી દેખાય – જ્ઞાનચક્ષુથી દુનિયા જુદી દેખાય.

## આત્મા પર કર્મોનું બંધન

આત્મા પર મૂળ ૮ કર્મ – ૧૫૮ ની સત્તા, ૧૨૦ નો બંધ, ૧૨૨ – ઉદયમાં. સંસારમાં દુઃખનું સૌથી છેલ્લું સ્થાન નિગોદ અને નરક. આત્માનાં સુખનું છેલ્લું સ્થાન સિદ્ધગતિ.

કર્મ ઉદયમાં આવે અને બંધાય ત્યારે દુઃખ અનુભવાય. અનુભવ ન કરે તો બંધાય જ નહિ. ભોગવતાં દુઃખને બાંધવાનું છે. કર્મ બંધાય તો ઉદય આવે. આ જગતમાં કર્મસતા જ ન્યાય કરી શકે. જેવું કર્યું એવું જ આપે.

કર્મ બાંધતી વખતે આત્મા દુઃખી થાય તો ભવિષ્યમાં દુઃખ મળે. કર્મ બાંધતી વખતે આત્મા પાપનાં પશ્ચાતાપવાળો બને તો દુઃખ ન મળે.

જીવોની જ્ઞાન દશા અને અજ્ઞાન દશા બંને સુખ–દુઃખનાં કારણે છે. અજ્ઞાનતાનાં કારણે જગતની અંદર–બહાર સારું સારું લાગે તે મોહનો પરિણામ છે.

મનુષ્યભવમાં દોડવાનું બંધ કરવાનું છે. નરકમાં દોડી શકે નહી કારણ ત્યાં પરાધીન છે. તો ત્યાંનાં દુઃખોથી છૂટવાની દોડ જોરદાર છે. એવો ભાવ ભવમાંથી છૂટવાનો કરવાનો છે. નરકમાં જીવો દુઃખથી ત્રાસી ગયા હોય તેથી નિરંતર મરવાની અપેક્ષાવાળા હોય. સતત મરણ ઈચ્છે. જ્યારે સમ્યગ્ દૃષ્ટિ આત્મા સમાધિને ઈચ્છે છે. આ ભેદ છે.

મિથ્યાત્વનાં ઉદયથી આત્માનું મરણ નિરંતર ચાલુ છે. પણ તે મરણ આત્માની પીડા સ્વરૂપ છે. સમ્યગ દૃષ્ટિ આત્મા ભાવપીડાને ન ઈચ્છે.

મિથ્યાત્વરૂપી મરણથી મારું ભાવમરણ થાય. મિથ્યાત્વથી છૂટવું એ જ આત્માનું પોતાનું સમ્યગ્રૂપી ધન.

અમર એવા આત્માને અમર બનવાનો ભાવ તે સહજ છે. પણ અજ્ઞાનવશ આત્મા દ્રવ્ય પ્રાણથી મરણ ન થાય – એવા ભાવ કરે છે. ધનને જીવન બનાવી દોડી રહ્યો છે.

ભોગાવલી કર્મ ભોગવતાં પશ્ચાતાપ થાય તો કર્મ ભોગવાય. નહિતર પોતે ભોગવાઈ જાય અને નવા કર્મનો બંધ થાય.

આત્મામાં વૈરાગ્ય આવે, સમક્તિ આવે પછી દોડે નહિ. કેવળ જ્ઞાનાદિ આત્માનું ધન પૂર્ણ થાય પછી નાશ પામવાનું નથી. તેથી મતિ આદિ અલ્પ જ્ઞાનાદિ ધન મળતાં સંતોષ માનવાનો નથી. કારણ કે ક્ષયોપશમભાવનું ગમે તેટલું જ્ઞાન ધન (૧૪ પૂર્વ) પણ જતા વાર નહિ.

આત્મા વિનશ્વર સ્વભાવવાળો છે, મોહ કર્મથી જોડાયેલો છે. જો સાવધાન ન રહે તો નિગોદ સુધી પહોંચાડી દે છે. અનંતા ૧૪ પૂર્વીઓ નિગોદમાં ગયા.

તમારી સામે નિશ્ચય દૃષ્ટિ ધરો તો વર્તમાનમાં પ્રાપ્ત થયેલી શક્તિમાં સંતોષ નહીં થાય. અપૂર્ણતામાં આપણે પૂર્ણતા માની છે. વર્તમાનમાં જે પ્રગટ્યું છે તે અંશ પણ નથી. એને આપણે ઘણું મળ્યું છે એમ સમજીએ છીએ.

## શુદ્ધ ધર્મનો પ્રભાવ

શુદ્ધ ધર્મથી અધિક ધર્મનો ઉલ્લાસ જાગે. જ્ઞાન જ્યાં સુધી ક્ષાયોપશમિક ભાવવાળું છે, ત્યાં સુધી તેમાં અશુદ્ધ તત્વ અંદર ભળેલું છે. ત્યાં તે જ્ઞાન જતાં વાર ન લાગે.

જેણે અનુબંધ રૂપે સાધના કરી હોય તે આગળ સાથે આવે. દા.ત. વજ્ર સ્વામીએ પૂર્વના દેવભવમાં વિનયપૂર્વક પુંડરિક અધ્યયનને ૫૦૦ વાર રોજ સ્વાધ્યાય કરેલ તેથી આર્ય વજ્રસ્વામિને જન્મતા જાતિસ્મૃતિજ્ઞાન થયું.

ઉત્સૂત્રની પ્રરૂપણા વડે જ્ઞાનની વિરાધના વડે તીવ્ર નિકાચીત કર્મ બંધાય તો જ્ઞાન જાય. માટે સાવધાન રહેવું.

કેવળ જ્ઞાન ક્ષાયિકભાવનું જ્ઞાન છે. બાકીનાં ચાર જ્ઞાન ક્ષાયોપશમિક ભાવવાળા છે.

સ્વભાવમાં રહેવાનો એક ક્ષણનો પણ વિલંબ ન કરવો. ખૂલેલા જ્ઞાનને બીડાવું પડે નહીં તેનો ઉપયોગ મૂકવાનો. જ્ઞાન મલિન બને, મોહ ભળે તો ઉપયોગ અશુદ્ધ બને.

જેનું સાધ્ય કેવળજ્ઞાન છે એ જ્ઞાન મેળવવામાં પ્રમાદ ન કરે. જ્ઞાન ભણતો જાય, પરિણમન કરતો જાય તો વિકાસ પામતો જાય. જ્ઞાનમાં ઓતપ્રોત થાય તો જગતનાં સંબંધ માણવામાં રસ ન હોય, જગતની અપેક્ષા જ ન હોય.

પાત્રતા હોય અને પાત્ર આવે તો સહજ આપ–લે થઈ જાય. આપવામાં ઘટે નહી. વધારે આનંદ મળે. બોલતાં–બોલતાં ઉઘાડ થતો જાય. નિશ્ચય દષ્ટિ હોય તો આત્મા ક્યાંય પડે નહિ.

સમ્યગ્ દષ્ટિ કરતાં દેશવિરતિ તેનાં કરતાં સર્વવિરતિની ભૂખ વધારે. મોહનું આવરણ ઘટે અને જ્ઞાનનો ઉઘાડ થતો જાય. સમ્યગ્ દર્શન માન્યતામાં છે. દેશવિરતિ સામાયિકનાં ભાવમાં અને સર્વવિરતિમાં સામયિક સ્વીકારી, જ્ઞાન પરિણમન કરવાની તક મળે.

આપણે જ્ઞાનને ગૌણ કર્યું. ક્રિયા પણ પૂરી નથી કરતાં માટે પ્રગટ

અનુભૂતિ થતી નથી. જ્ઞાનમાંથી મોહ ઓછો થાય તો જ્ઞાન શુદ્ધ થાય અને મોહ પૂર્ણ નાશ પામે તો કેવળજ્ઞાન મળે. જ્ઞાન દ્વારા કર્મબંધ થાય અને નિર્જરા પણ થાય. નવકારમાં કેવળજ્ઞાન જોયું ? લોગ્ગસ્સમાં કેવળજ્ઞાન જોયું ? ના – ન જોયું. પણ પ્રથમ કેવળજ્ઞાન જ છે. અરિહંતો કેવળીઓ છે. સિદ્ધો પણ કેવળી જ છે.

આત્મા આરોપ કરેલા ધનની પાછળ દોડા દોડી કરે છે. વાસ્તવિક ધનને જોતો નથી. સોપાધિક – આરોપિત ધન હોય તો જીવ પાસે ઉપાધિ કરાવે. સોપાધિક ધન આત્માના ધનને ગુમાવે. આત્માનું ધન નિરૂપાધિક છે. સોપાધિક ધનથી નિરૂપાધિક ધન ખોઈ બેસે. ધન નથી ને ધન રૂપે લાગ્યું એ સોપાધિક કહેવાય. વિકલ્પ છૂટે તે નિરૂપાધિક.

પોતાનાં આત્માનું ધન ધનરૂપે લાગે તો પર ધન પરરૂપે લાગે. પોતાના ધન માટે પુરુષાર્થ કરવાનાં બદલે પરધન માટે પુરુષાર્થ કરે છે. તેમાં રુચિ કરતો થાય, તે વ્યવહારમાં અપાર દુ:ખી હોય, વ્યવહારમાં પરધનની ગૌણતા હોય, પોતાના ધનની પ્રધાનતા હોય. સમક્તિનો પરિણામ હોય તો પરધન પોતાના ધનરૂપે ન લાગે.

- **જિનપૂજા શા માટે ?**

**ઉપદેશક નવ તત્ત્વનાં તેણે નવ અંગ જિણંદ,**
**પૂજા બહુવિધ રાગ શું, કહે શુભવીર મુણિંદ.**

આપણે પરમાત્માનાં જે જે અંગે પૂજા કરી, ત્યાં પરમાત્મા રૂપથી ગમ્યા, માટે ત્યાં દોડી ચમત્કારને નમસ્કાર કર્યા. આપણે કઈ દષ્ટિથી જોવાનાં? આ તો અરૂપી છે. રૂપમાં શોધ કરવા જાઉં તો પરમાત્મા સ્વરૂપથી ત્યાં નથી કારણ કે પરમાત્મા ગુણમય અને અરૂપી છે. રૂપથી રૂપ જ મળે. પુણ્યથી રૂપ–રૂપિયા મળે. નવ અંગે પૂજા કરી નવ અંગમાં આપ અંગ ઉપાંગમાં ન હતા. આપ તો નવપદ–નવતત્ત્વમાં હતા. આપણે અંગે પૂજા કરી, તત્ત્વદેહની પૂજા નથી કરી અર્થાત્ પરત્માના ગુણોની પૂજા ન કરી જો કરી હોત તો નવપદમાં નંબર હોત.

ઉપચારથી નવ અંગની પૂજા કરી – નિશ્ચયથી નવતત્ત્વને સમજીને સ્વીકારીને સમ્યગ્દર્શનાદિ નવપદમય બનવાનું હતું.

પરમાત્મા નવતત્ત્વમય છે. એક તત્ત્વ – જીવતત્ત્વમાં (સિદ્ધ) મૂક્યા. પ્રથમ જીવતત્ત્વ છેલ્લે મોક્ષતત્વ. પરમાત્મા જીવતત્ત્વરૂપે રહ્યા. તું જીવા જીવરૂપે થયેલો છો હવે જીવમય બની જા. પૂજા કરી જીવતત્ત્વ પર આદર ન આવ્યો, અજીવતત્ત્વ પર આદર આવ્યો. અજીવ માટે જ ધમાલ છે. આટલા કાળ સુધી પૂજા કરતાં કરતાં જીવનો આદર આવ્યો નહિ. અજીવનો આદર ગયો નહિ. આથી સંપત્તિ આદિ સાચવીને રાખી, અને જીવ દયાની ઉપેક્ષા કરી. કારણ પૂજા કરતી વખતે પરમાત્માનાં ગુણોની પૂજાનું લક્ષ ન રહ્યું. અનાદિકાળથી સાધ્યભૂત આ જ કરેલું છે. હવે જ્ઞાનને સાધ્ય બનાવવાનું છે. પરમાત્મા દેહનાં આધારે, દેહમાં રહી, દેહાતીત થઈ ગયા.

વર્ષોથી પૂજા કરનારો આત્મા કંઈ પ્રગતિ ન કરી શકે ? પરમાત્મા સાથે મિલન કરવાનો યોગ બનતો નથી. આત્મા સાથે જોડાય તો ગુણ પ્રગટ થાય. વર્ષો સુધી ઘૂંટાય તો આત્મામાં સ્થિરતા આવે.

હું પૂજા કોની કરું છું ? વીતરાગની – સર્વજ્ઞની સર્વજ્ઞ કેવા ? કાયામાં હોવાં છતાં નિરાળા – ઉપસર્ગમાં ધ્યાનની તલ્લીનતા – આત્માની કેવી પ્રચંડ શક્તિ. આપણી દોડધામ બધા ભગવાનને પૂજવાની – પણ એક પ્રભુને એવા પૂજો કે પ્રભુ આપણા હૃદયમાંથી પછી જાય નહી. પ્રભુ ગમવા સહેલા નથી.

પરમાત્માનાં અંગની સ્પર્શના કરી, અંદરનાં આત્મ સ્વરૂપને પકડી ગુણોની પૂજા કરવાની.

ગભારામાં પ્રવેશ કરવાનો એટલે શું ? આત્માની અંદર ગુણરૂપી ભંડારમાં પ્રવેશ કરવાનો છે. ચૈતન્યને વંદન કરવાના છે.

આત્મા જેમ જેમ ગુણોની પૂજા કરે અને આત્મગુણી બનતો જાય તેમ નિર્વિકલ્પ બનતો જાય છે. સ્વધનથી સમૃધ્ધ થતો જાય. સાચવવામાં ઉપાધિ – નિરૂપાધિક ધનમાં કાંઈ ઉપાધિ નથી. સોપાધિકધન ચિતની ઉપાધિ કરાવે

– શાંતિ હણનાર છે. પોતાનું ધન ઢંકાતુ જાય. પોતાનું ધન મોહથી બિડાતું જાય છે. ભવાંતરમાં એ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થઈ શકે. સર્પ તરીકે અથવા ઝાડ બની મૂળિયા દ્વારા દાટેલા ધનની ઉપર ફરે.

પિક્ચર – નાટકમાં એક સાથે બાંધેલું કર્મ સાથે ઉદયમાં આવે. કર્મસતા બધાને ભેગા કરે. સમુહ રૂપે રહેવા માટે વૃક્ષ રૂપે ઉત્પન્ન થાય. એક એક પાંદડે – એક એક બીમાં – મૂળિયામાં ઉત્પન્ન થાય. એક વૃક્ષમાં સંખ્યાત – અસંખ્યાત – અનંત જીવ હોય. વૃક્ષોની વિરાધનાં કરવાથી નરકમાં જવાય. સમ્યગ દર્શનથી જ સમાધિની શરૂઆત અને ૧૨ માં ગુણઠાણે પૂર્ણતા થાય મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય ધનને ઉપાદેયમાં ઉપાદેય બતાવે, પર વસ્તુ મેળવવાની પ્રેરકતા લાવે. સમ્યકત્વના પરિણામ હોય તો ધનાદિના ત્યાગની પ્રેરકતા થાય વીર્યોલ્લાસ વધવાથી તેનો જેમ જેમ ત્યાગ થાય તેમ તેમ આત્મામાં પોતાનામાં સ્થિર થાય પછી ભમવાનું બંધ.

સમ્યગ્ દર્શન આવે ત્યારે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય આવે.

સાધ્ય યાદ ન હોવાનાં કારણે કેવળજ્ઞાન યાદ ન આવે. એ નજીક છે, આપણે દૂર કરી નાંખ્યું છે.

આપણને જ્ઞાનરૂપી ધનની રુચિ થાય તો અરિહંત – સિદ્ધ અને કેવલીનાં દર્શન કરવાની જરૂર પડે. આ ધનનાં માલિક અરિહંતો – સિદ્ધો છે. આ ધન જોઈતું હોય તો જેની પાસે છે તેની પાસે જવાય, બીજા પાસે ન જવાય. આત્માનાં દર્શન કરવા જવાય, નહિતર ભવ વિસ્તાર થાય. આપણે પરમાત્મા પાસે ભૂખ વગર જઈએ છીએ.

દરેક કાર્યમાં મિથ્યા દષ્ટિની સંખ્યા વધારે રહેવાની. જે એક આત્માને જાણે એ આખા જગતને જાણે.

સંપૂર્ણ જગત સાથેનો સંબંધ કાપી નાંખવાનો. 'અપ્પાણં વોસિરામિ.' પૂર્ણતા પામવાનો ઉપાય આ જ છે.

આત્માનું ધન મેળવવા માટે મોહને છોડવો પડે. મોહનાં કારણોને

છોડવા પડે. આત્મા પાસે અખંડ – અખૂટ – અનંત – અમાપ ધન છે. એ છોડી આત્મા આરોપિત ધન મેળવવા દોડે છે અને પીડા પામે છે.

સમ્યગ દષ્ટિ આત્મા આત્મધન મેળવવા માટે તરફડતો હોય. સમ્યગ દષ્ટિ જેવો બીજો કોઈ દુઃખી નહી.

## o વિકલ્પો કોના વિરામ પામે ?

**લક્ષ્ય :–** મારું જે નથી એ મારે રાખવું નથી. મારું જે છે તે કર્મનાં હવાલે છે. તે છોડાવ્યા વગર રહેવું નથી. પોતાનું જે છે તે છોડવું નથી. અત્યારે પોતે પામવાનું લક્ષ્ય ગયું. બીજાને પમાડવાનો ભાવ આવી ગયો છે.

**સ્વજન :–** સદા સાથ રહે તે સ્વજન. બાકી બધા પરજન – પલોજણ. પહેલા શાંત બનવાનું છે. વિચારથી શાંત પહેલા થવાનું છે. મોહરાજાએ જે સમજાવ્યું તે માની લીધું. એનાં કારણે ભયંકર અશાંતિ કરે, પોતાનાં ઘરમાં ન રહે, બહાર ભટક ભટક કરે. મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો પરિણામ નિરંતર હોય તેને કંઈકને કંઈક મેળવવાનો ભાવ હોય એટલે રાતદિવસ અશાંત બને. નિરંતર રૌદ્ર ધ્યાનમાં રહે. આત્મામાં હિંસાનો પરિણામ વધે. વ્યવહારમાં નીતિનું પાલન કરવા છતાં રૌદ્ર ધ્યાન. એક પૈસો પણ અનીતિનો નહી.

અંદરથી અને બહારથી ક્રોધ ત્યાગ. એટલે બોલવાનું બંધ. વિચારથી બંધ અને મોઢેથી બોલવાનું બંધ. કષાયભાવ જેટલો ઓછો એટલા વિકલ્પો ઓછા.

યોગપ્રકાશમાં ૪ પ્રકારનાં ક્રોધ કહ્યા છે.

૧) **સ્વપ્રતિષ્ઠિત :–** પોતાના ગુનાથી પોતાને ક્રોધ આવે.

૨) **પરપ્રતિષ્ઠિત :–** બીજાનાં નિમિતે ક્રોધ આવે.

૩) **ઉભયપ્રતિષ્ઠિત :–** પોતાની અને સામેવાળાની બંનેની ભૂલ પર ક્રોધ આવે.

૪) **અપ્રતિષ્ઠિત :–** કોઈપણ પ્રકારનાં નિમિત ન મળવા છતાં ક્રોધ આવે.

કોઈપણ નિમિત ન હોય અને ક્રોધ કર્યા વગર ન રહે. વગર કારણે ઝઘડ્યા વગર ન રહે. કોઈને ને કોઈને પકડી જ લે.

પરધન લેવા માટે પર ધન રૂપી દ્રવ્ય કે ભાવ પ્રાણ આપવા કે લેવા પડે. આત્માનું ધન મેળવવા માટે કોઈનાં પ્રાણ લેવાનું બંધ કરે અને સ્વના ભાવ પ્રાણની રક્ષા કરવામાં આવે તો સ્વધનને પ્રાપ્ત કરી શકે.

સાચું ધન મુનિ મેળવી શકે. જ્ઞાનરૂપી ધનની પૂર્ણતા મુનિ મેળવી શકે. મુનિ ને પણ વીતરાગી બન્યા વગર કેવળજ્ઞાન ન મળે. જે આત્મા સમ્યગ જ્ઞાન વડે જગતને જાણે અને જગતને વિશે મૌન ધારણ કરે. અને પોતાનામાં મૌન તોડે અર્થાત્ પોતાના આત્મા સાથે સદા બોલતો થાય તે મુનિ. અર્થાત્ આત્માએ આત્મામાં રમવું એ જ બોલવું. જેમ જેમ બોલતો થાય એમ એ જ્ઞાનનો વિકાસ ચાલે. પૂર્ણ થતો જાય. ભરત મહારાજા અનિત્ય ભાવના પર ચડ્યા. શરીર, આભૂષણાદિની અનિત્યતાની પ્રતીતિની દ્રઢતા થતાં અને આત્માની નિત્યતાની પ્રતીતિ થતાં શ્રેણી પર ચડી કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યું. જગતનાં જીવો જ્ઞાન ચક્ષુથી જગતને જોતાં નથી. ચામડાની આંખથી જુએ છે. તેથી તેમાં ભ્રમ પામે છે.

ધન અને ધનથી મળતી વસ્તુમાં સુખ છે. આ માન્યતા ન કરે તો આત્માનાં ધનનું બહુમાન આત્મામાં થયું ગણાય.

સંસારમાં અને આત્મામાં બંનેમાં ધન છે. અનંત દુઃખમય સંસાર, અનંત સુખમય મોક્ષ ક્યાં રહેવું છે ?

સંસારમાં દ્રવ્યપ્રાણ, ભાવપ્રાણ લેવાનાં – દેવાનાં. બંનેની આહૂતિ આપવી પડે. સંસારમાં સંરંભ – સમારંભ – આરંભ ત્રણે રીતે હિંસાનાં પાપની શરૂઆત. ઈચ્છા કરીએ ત્યારથી પાપનાં મીટરની શરૂઆત. જેને સંસારમાં રહેવું નથી અને સંસાર જેણે વધારવો નથી તેણે અનર્થ દંડ મૂકવું પડે અને અર્થદંડમાં પાપને જલદી છોડવાના ભાવપૂર્વક પશ્ચાતાપ પૂર્વક વ્યવહાર કરવો પડે.

આ ધન મેળવવા જેવું નથી. બીજાનાં દ્રવ્ય અને ભાવપ્રાણ લીધા વિના ધન મળતું નથી. જરૂરિયાતથી વધારે ધન લે તે અનીતિ. પ્રથમ અનીતિથી એ ગભરાય. પાપ કરી ધર્મ કરવો એ નીતિ નથી. પ્રથમ પાપનો ભય – પાપ ન કરવું તે ધર્મ.

જ્ઞાન એ આત્માનું પરમ ધન છે. એનાથી આત્માનું સુખ મળે. આ આત્મજ્ઞાન ધન વગર ન ચાલે. આપણે ધર્મ આત્માનાં ધન વિના કરીએ છીએ. મૂડી વિનાનો વેપાર કરીએ છીએ. એનાં કારણે આત્માનું સુખ પ્રાપ્ત થતું નથી. પરધન મેળવવા માટે ધર્મ કરી પરધન મેળવે છે.

જ્ઞાનરૂપી ધન પોતાની પાસે જ છે. છતાં તેનું ભાન મોટે ભાગે હોતું નથી. શાસ્ત્રો ભણીને સુખી જ થાય એવું નથી, એ દુઃખી પણ હોઈ શકે. માત્ર ભણી લેવું એ જ્ઞાન નથી. તત્ત્વનાં અવબોધરૂપ જ્ઞાન છે. તત્ત્વ સંવેદનવાળું એવું થોડું જ્ઞાન પણ સુખી કરે, નહિતર ભારરૂપ બને. જ્ઞાનમાં મિથ્યાત્વરૂપી મોહનો પરિણામ અને માન ભળે તો વિષય પ્રતિભાસરૂપે બને છે.

અભવ્યનો આત્મા ૯ પૂર્વ સુધી ભણે તેમાં દેવલોકનું સુખ માણવા જેવું છે, એવું મોહનાં કારણે સમજે. મોહથી એવો ભાસ થયો.

જ્યાં સુધી મિથ્યાત્વ નીકળે નહિ, જ્ઞાન નિર્મળ બને નહીં ત્યાં સુધી દોડાદોડ એના માટેની જ રહે.

આત્મામાં કેવળજ્ઞાનરૂપી ભંડાર ભરેલો છે. મિથ્યાત્વ ઓગળી જાય તો સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ થાય તો જગતનાંનિધાન માટેની દોડાદોડી બંધ થઈ જાય.

**ગાથા – ૭ :**

***પતઙ્ગભૃઙ્ગમીનેભ સારઙ્ગા યાન્તિ દુર્દશામ્ ।***
***એકૈકેન્દ્રિયદોષાચ્ચેદ્, દુષ્ટૈસ્તૈઃ કિં ન પઞ્ચભિઃ ॥૭॥***

**ગાથાર્થ :** જો પતંગિયું, ભ્રમર, મત્સ્ય, હાથી અને હરણ એક એક ઈન્દ્રિયનાં દોષથી મરણાદિરૂપ દુર્દશાને પામે છે. તો દુષ્ટ પાંચે ઈન્દ્રિયોથી શું ન

થાય ? પતંગિયું રૂપમાં આકર્ષાઈ અગ્નિમાં બળે, ભમરો સુગંધથી આકર્ષાઈ કમળમાં બિડાય, હરણ સંગીતમાં લીન બની શિકારનો ભોગ બને, માછલાઓ માંસનાં રસમાં અને હાથી હાથણીનાં સ્પર્શમાં આસક્ત બની દુર્દશાને પામે છે. તો પાંચ ઈન્દ્રિયોનાં વિષયોમાં આસક્ત મનુષ્યની શી દશા થાય ?

જીવમાં જે ઈન્દ્રિય વધારે પ્રબળ હોય તેનાં વિષયોને તે વધારે પકડે. જે આત્મા પોતાનાં ગુણવૈભવમાં રમી રહ્યા છે. તેઓ સુખી છે.

કરુણા દ્વારા સમતાને નિર્મળ બનાવવાની છે. દોષોવાળા જીવોને જોઈને કરુણા આવે, દ્વેષ ન આવે તો સમતાનો પરિણામ ન હણાય. સામાનાં દોષોને જોઈને પોતાનામાં એ દોષ છે કે નહી તે તપાસવાનું છે અને પોતે દોષોથી મુક્ત થવાનું છે.

પ્રતિકૂળતામાં પણ આવેલા નિમિતોમાં પોતાને લાભ જ થવો જોઈએ. સાધુ જીવનમાં આ જ કરવાનું છે. ધર્મલાભ જ બોલીએ છીએ તો હવે સતત આપણને ધર્મલાભ થવો જોઈએ. બીજાનાં દોષોને સુધારવાનો આપણને કોઈ અધિકાર નથી. બીજાનાં દોષો જોઈને આપણે તેના પર કરુણા કરવાની અને આપણામાં તે દોષ ન આવે તેની સાવધાની રાખવાની.

મારે મારા સ્વભાવને પ્રાપ્ત કરવાનો જ લાભ મેળવવા જેવો છે. જો આ દષ્ટિ હોય તો દોષો ધીમે ધીમે દૂર થતાં જાય. અને ન થાય તો પશ્ચાતાપની ધારા અંતરમાં ચાલતી રહે છે.

કર્મસતાએ પતંગિયાને ત્યાં કેમ મોકલ્યો ? ચક્ષુરિંદ્રિયનાં વિષયમાં આસક્ત બન્યો માટે. તે રીતે દરેક ઈન્દ્રિયો માટે સમજવું.

જીવને ઈષ્ટની પ્રાપ્તિની અને અનિષ્ટના વિયોગની વિચારણા સતત ચાલતી હોય છે. આત્માને ભૂલી ઈન્દ્રિયોને પકડીએ છીએ. તેમાં જો તીવ્ર રાગ થાય અને જો આયુષ્યનો બંધ તે જ વખતે પડે તો આવા ભવો મળે.

દેવશર્માને પ્રતિબોધ કરવા ગૌતમસ્વામી ગયા. એનું એ મહાભાગ્ય

હતું. છતાંય ગૌતમસ્વામીએ આપેલા બોધને કાને ન ધર્યો. કેમ કે તે આંખ દ્વારા પોતાની પત્નીના રૂપમાં જ આસક્ત બન્યો હતો. આથી મરીને પત્નીના માથામાં જૂ તરીકે ઉત્પન્ન થયો. એનું મન – કાન – આંખ દુરુપયોગને કારણે ગયા. તેને લીખરૂપ સંમૂર્ચ્છિમ અવસ્થા મળી.

માછલાની આસક્તિ રસમાં સ્વાદમાં છે. આથી જાળમાં ફસાઈ મોતને નોતરે છે. ભમરા ગંધમાં આસક્ત બને છે. આથી કમળ રાતનાં બિડાતા તે મરણને શરણ થાય છે. હરણ સંગીતમાં આસક્ત બને છે. હાથી સ્પર્શમાં આસક્ત બને છે. હાથણીને તેની પાસે મોકલી તેમાં આસક્ત બને ત્યારે તેને ફસાવે છે. આમ એક એક ઈન્દ્રિયમાં આસક્ત જીવની કેવી દુર્દશા થાય છે. મનડું કેવું અવરચંડુ છે. તેથી જે હિતકારી એવી જિનાજ્ઞામાં છે તેમાં એ જોડાતું નથી અને બહાર દોડે છે. માટે જ આનંદઘનજી મહારાજે ગાયું છે કે –

**'મનડું કિમ હી ન બાજે હો કુંથુજિન મનડું કીમ હિ ન બાજે**
**આગમ મતિથી મારું કરી આણો તો સાચું કરી જાણું હો કુંથુજિન...'**

- **જીવ સિદ્ધ કઈ રીતે થાય ?**

બીજાનાં દોષો જોઈ સ્વનું નિરીક્ષણ કરે અને ચિંતન – મનન દ્વારા સ્વ દોષોને દૂર કરવાનો પુરુષાર્થ કરી સર્વ કર્મ મળનો હ્રાઁસ – નાશ કરે.

મનુષ્ય – દેવલોક – નરક અને તિર્યંચમાં અનુક્રમે સંખ્યા વધારે વધારે છે.

જો દીર્ઘકાળની આસક્તિ થઈ જાય તો જીવ નરકમાં પાછો ચાલ્યો જાય. તેવું ન થાય માટે સતત સર્વજ્ઞ કથિત તત્ત્વની – જિજ્ઞાસાની જપમાળા ચાલવી જોઈએ. પ્રભુનાં ઉપદેશનું પાલન એ જ ભક્તિ છે તેનાં પાલનથી જ અપ્રમતભાવ પ્રગટે છે. અને શ્રેણિ પર આરોહણ કરી શુક્લધ્યાનને પામીને જીવ સિદ્ધ બને છે.

આત્મામાં દીન બનવાનો સ્વભાવ નથી. ચિત પ્રસન્નતા એ જ એનો સ્વભાવ છે. જ્યારે આત્મામાં મોહ ભળે છે ત્યારે તે વસ્તુ મેળવવા ઝંખે છે.

તેનાં માટે તે દીન બની જાય છે. દીનતા એ આર્તધ્યાનનું લક્ષણ છે. જીવે પોતાની પ્રસન્નતાને ન માણવી તે દીનતા છે. નથી મળ્યું એની દીનતાનો ભાવ ઊભો રહે છે.

આત્મા પોતાના સ્વભાવનો ભોગ નથી કરતો તો પરના ભોગની ઈચ્છા સતત રહ્યા કરે છે.

મળેલી વસ્તુને પકડી રાખવાનો ભાવ અને ન મળેલી વસ્તુને સતત મેળવવાનો ભાવ ઊભો જ રહે છે. આત્મા સતત દીનતા ભોગવે તો તિર્યંચ કે નરકમાં જવું પડે. દા.ત. સુભૂમ ચક્રવર્તી – ૭ ખંડ જીતવા છતાં તેનો સંતોષ ન હતો. બીજા ૭ ખંડ જીતવા નીકળ્યો તો સમુદ્રમાં ડૂબી ગયો ને ૭ મી નરકે ચાલ્યો ગયો.

તૃપ્તિ એને કહેવાય જ્યાં એને પ્રાપ્તિની ઈચ્છા જ ન હોય. તૃપ્તિ એ તપ છે.

નિર્ભયતા એ આત્માનો સ્વભાવ છે. છતાં સૌથી મોટો ભય આપણને મરણનો છે. ૧૦ દ્રવ્યપ્રાણો પર છે. છતાં તેને પોતાનાં માન્યા અને તે ન ચાલ્યા જાય તેની સતત તકેદારી રાખી. ૧૦ પ્રાણો પર છે. તેમાં મોહ ભળ્યો માટે મરણનો ભય ઊભો થયો.

દાન – લાભ – ભોગ – ઉપભોગ અને વીર્ય એ આત્માનો સ્વભાવ છે. જિનશાસનમાં સર્વજ્ઞ કથિત જે વ્યવહારો છે તે સચોટ ઉપાય તરીકે છે. આત્માની અનુભૂતિનાં માર્ગનો ઉપાય છે.

સાધનાનો છેલ્લો પુરુષાર્થ મોહને પકડવાનો અને તેને આધીન ન થવું તે છે. સાધ્ય બે છે. (૧) સ્વભાવનું પ્રગટીકરણ અને (૨) સ્વરૂપનું પ્રગટીકરણ. પ્રથમ સ્વભાવને પ્રગટ કરવાનો છે. ઘાતીકર્મોનો નાશ થયા પછી આયુષ્ય પૂર્ણ થતાં અઘાતી કર્મોનો નાશ થતાં વાર નથી લાગતી. જેટલાં જેટલાં આશ્રવો છે તેટલાં શુભ આશ્રવો છે અને તેટલાં જ અનાશ્રવો છે. તે આત્માનાં અધ્યવસાય પર અવલંબે છે. દા. ત. ખમાસમણ દેવું. શુભ ભાવપૂર્વક ખમાસમણ આપે

તો પુન્ય બંધાય અને સ્વભાવમય બનીને આપે તો નિર્જરા. જગતને બતાવવા અને સારા દેખાવા આપે તો કષાય વૃદ્ધિ.

## O સ્વભાવમય બની વંદન કરવા શું વિચારવું ?

ઈચ્છામિ ખમાસમણો વંદિઉં....હું ક્ષમાનાં ધારક એવા શ્રમણને વંદના કરવા ઈચ્છું છું. શ્રમણ કોને કહેવાય ? જે ક્ષમાદિ ૧૦ યતિધર્મથી યુક્ત હોય વળી પાંચે ઈન્દ્રિયોનાં વિષયોથી કંટાળેલો અને તેનાથી થાકીને લોથપોથ થયેલો હોય તેને હવે વિષયો ન ખપે તે શ્રમણ છે. શ્રમણ – તપસ્વી. ઈચ્છાનો રોધ કરનાર, શરીર છે માટે ટેકો આપવો પડે.

અહીં સાધ્ય આવી ગયું કે વંદન કરવા દ્વારા હું ક્ષમાશ્રમણ બનવા ઈચ્છું છું. જાવણિજજાએ – શિષ્ય ગુરુને પૂછે છે ઈન્દ્રિયોને સમાધિ છેને ? મહાત્માને શાતા નહીં પણ સમાધિનું પૂછવાનું છે. નિસીહિઆએ....દ્રવ્ય અને ભાવથી વંદન કરવાનાં છે તે સિવાયની બધી પ્રવૃતિઓનો નિષેધ કરવાનો છે. મત્થએણ વંદામિ.... મસ્તક નમાવવાપૂર્વક વંદન કરું છું. અહીં ગુરુ પ્રત્યે સમર્પણ ભાવ આવી ગયો.

## O વંદન શા માટે કરવાનાં છે ?

હું અપૂર્ણ છું – પૂર્ણ બનવા માટે વિશેષ ગુણી એવા ગુરુને અથવા સંપૂર્ણ ગુણી એવા પરમાત્માને વંદન કરવા ઈચ્છું છું.

ગુણથી પૂર્ણતાને પામેલા પરમાત્મા છે. તે રીતે પરમાત્માનો સ્વીકાર કરવાનો છે. પૂર્ણ ગુણની પ્રાપ્તિ માટે સાધના કરનાર ગુરુ છે. અને પૂર્ણ ગુણ મેળવવા માટે સાધના માટે આવનાર જીવને સહાય કરવાની છે.

ગુરુએ પોતાની પૂર્ણતા પ્રગટ કરવા માટે અરિહંત – સિદ્ધનાં માર્ગે જવાનું છે. ગુણનો અર્થી હોય તે જ ગુરુ બનવાને લાયક છે.

શિષ્ય જ્યારે શરણે આવે ત્યારે રાતદિવસ તે ગુરુને જ જોતો હોય છે. ત્યારે જો ગુરુમાં આદર્શની ખામી હોય તો તે શિષ્યમાં આવે, માટે ગુરુની

જવાબદારી ખૂબ વધી જાય છે. મુમુક્ષુ છોડવાની વૃતિવાળો હોય. ગુરુ દ્વારા જેમ જેમ જ્ઞાન મળતું જાય તેમ તેમ તે બહિર્ભાવને છોડતો જાય. પંચવસ્તુક ગ્રંથમાં ગુરુમાં અનુવર્તક ગુણ મહત્વનો કહ્યો છે. શિષ્યને સુધારવા માટે ગુરુ શિષ્યને પણ અનુસરે અને પ્રેમભાવથી તેને સુધારે. તેને શુદ્ધ દેવ–ગુરુ–ધર્માદિને ગ્રહણ કરાવે.

**ગાથા – ૮ :**

***વિવેકદ્વિપહર્યક્ષૈઃ, સમાધિધનતસ્કરૈઃ ।***
***ઈન્દ્રિયેર્યો ન જિતો યોડસૌ, ધીરાણાં ધુરિ ગણ્યતે ॥૮॥***

**ગાથાર્થ :** વિવેકરૂપી હાથીનો નાશ કરવામાં સિંહતુલ્ય અને સમાધિરૂપી આત્મધન લૂંટવામાં ચોર તુલ્ય એવી પાંચ ઈન્દ્રિયો વડે જે નથી જીતાયો તો તે પુરુષ ધીર પુરુષોમાં અગ્રેસર ગણાય.

ટીકાકાર મહર્ષિ દેવચંદ્રવિજય ફરમાવે છે કે ધન્ય પુરુષોમાં પણ અગ્રેસર કોણ ગણાય ? જે વિવેકરૂપી હાથી વડે, અર્થાત્ જેમ હાથી બધા પ્રાણીઓમાં બળવાન ગણાય. સિંહ જેવા વિકરાળ પ્રાણીને પણ પગ નીચે છેદી નાખે તેમ મુનિ પણ મનુષ્યોમાં સૌથી બળવાન છે કેમ કે તે કર્મ જેવા મહાશત્રુને વિવેક દષ્ટિ વડે, સ્વ પરનાં ભેદજ્ઞાન વડે, દેહ – આત્માનાં ભેદ જ્ઞાન વડે કષાયોને આધીન થતા નથી અને સમતા સ્વભાવમાં વિવેક જ્ઞાન વડે સ્થિર થવા વડે કર્મોને ભેદી નાંખે છે. જેઓ સ્થિરતા પામી સમતા ગુણ રૂપી અમૃતનાં પાનમાં મસ્ત બને છે, તેવા મુનિઓની સમતા રૂપી ધનને લૂંટવામાં ચતુર એવી ઈન્દ્રિયો – સિંહ સમાન છે.

આવી બળવાન પણ ઈન્દ્રિયો વડે જે નમિરાજર્ષિ – ગજસુકુમાલ મુનિઓ ન જીતાયા, ઈન્દ્રિયોને આધીન ન થયા. તે પુરુષો ધીર પુરુષોમાં અગ્રેસર રૂપે પ્રશંસનીય બને છે. ધીર પુરુષોનું સિંહથી પણ બળવાન એવી ઈન્દ્રિય ચોરો વડે સમતાધન કેમ ન લુટાયું ? – धन्यास्ते विरक्ता – જે વિરક્ત છે તે ધન્ય છે. જેઓ ગુરુનાં વચનનો સ્વીકાર કરી અને સંસારભોગોનો ત્યાગ

કરી અને ગુરુનાં વચનમાં સદા જેઓ રત થયા છે. તેઓ સાચા ત્યાગી, વૈરાગી છે. જેઓ સંસારવાસનો ત્યાગ કરે છે. છતાં ગુરુનાં વચનમાં રહેતા નથી – સ્વેચ્છા પ્રમાણે જીવનારા છે.

જે પુરુષે ગુરુના વચન પામી, સંસારના સ્વરૂપનો જેને વાસ્તવિક નિર્ણય થઈ ગયો છે અને સંસારના કોઈ પણ સંયોગ, સંબંધ, વસ્તુ કે સંગમાં સુખનો છાંટો પણ નથી પણ મારા આત્માને પીડાદાયક જ છે આવો દૃઢ નિર્ધાર થયા પછી તેઓ તે સંસારના આભાસરૂપ સુખના સાધનભૂત એવા કંચન–કામિની આદિ સુખના સાધન નથી પણ દુઃખના સાધન છે તેમ માનીને તે છોડી અને જંગલમાં ગુફામાં, ઉદ્યાનાદિ સ્થાનોમાં રહી વિષયોથી પરામુખ થઈ આત્મ રમણતા કરે છે, તેઓ ધન્યવાદને પાત્ર છે. પણ જેઓ જાણવા છતાં પણ સત્વના અભાવે ઈન્દ્રિયોને વશ થાય છે, તેઓ દયાને પાત્ર છે.

પણ જેઓ પુણ્યના યોગે ઉત્તમ ભોગસામગ્રી, રૂપવાન પત્ની આદિ સર્વ અનુકૂળ સંયોગો મળ્યા હોવા છતાં તેઓ જ્ઞાન ગર્ભિત વૈરાગ્યથી વાસિત હોવાથી તેમાં વિરકત ભાવે રહે છે. નિકાચિત કર્મના ઉદયને કારણે તેને છોડી શકતા નથી પણ આત્મ સ્વભાવ દશામાં રમણમાણ કરે છે તેઓ ધન્યથી પણ વધારે ધન્ય છે. જેમ નમિ રાજર્ષિ આદિની સામે ઈન્દ્રિયોના વિષયો હાજર હોવા છતાં તેમાં અંજાતા નથી તેઓ ધન્યમાં પણ ધન્ય છે.

## ● સંયમ જીવનમાં મેળવેલુ સમતાનું સુખ કેવું હોય ?

પૂર્વભવમાં વિશુધ્ધ સંયમના પાલન વડે સમતા સુખનો જે આસ્વાદ માણ્યો હોય પણ પૂર્ણ સમતા ન મળવાને કારણે તેમને ક્ષાયિક વિતરાગતા પ્રગટ ન થવાથી અનુત્તર દેવભવની પ્રાપ્તિ થાય, દેવોમાં સર્વોત્તમ સુખ – અનુત્તરવાસીને હોય, છતાં તેઓ પૂર્વભવના સમતાસુખનો જે સ્વાદ માણ્યો છે તેનાં સ્મરણથી વર્તમાનમાં પ્રાપ્ત પૌદગલિક સુખનો આદર થતો નથી અને તેમને સતત આત્માના નિરાકુળ સુખની (સમતા સુખની) સ્પૃહાના કારણભૂત નિરતિચાર ચારિત્રની ભાવના સતત રહ્યા કરે છે. અર્થાત્ – મણીઓના અનુપમ સંગીતના સુખમાં પણ તેઓ, ઉદાસીન ભાવે વર્તતા હોય છે. આથી ઈન્દ્ર આદિ

દેવો મુનિઓના ચરણોમાં આળોટવા ઉત્સુક હોય છે. કારણ કે તેઓ પ્રાપ્ત વિષયના ભોગોને ઈચ્છાપૂર્વક ત્યાગ કરી શકતા હોય છે. નથી

આથી અનાદિકાળથી જીવ ઈન્દ્રિયોના ઈષ્ટ વિષયોના ભોગવટામાં આત્માના પરમાનંદ સુખને ભોગવવાનું ચૂકીને આત્માને પીડા ભોગવવા રૂપ સંસાર ભ્રમણ વધાર્યું છે. આથી ઈન્દ્રિયોના વિષયોને પ્રયત્નપૂર્વક વારવા યોગ્ય છે. તેનો સંગ કરવા જેવો નથી, તે વિષયો વિષથી પણ વધારે અનર્થકારી છે. વિષ ભોગવવાથી જીવોના દ્રવ્યપ્રાણ હણાય અને વિષયોના સ્મરણમાત્રથી જીવોના ભાવપ્રાણ હરણ કરનારા છે. આથી વિષયોનો સંગ સર્વથા છોડવા યોગ્ય છે. આ પ્રતિ સમય દુર્ગંછનીય છે. નિંદવા યોગ્ય છે. તે સંસારના બીજભૂત છે. આથી જ નિગ્રંથ શ્રમણો વાચનાદિ સ્વાધ્યાય વડે તત્વામૃતનું પાન કરવા વડે આત્મ રમણતા સજ્જ હોય છે.

અર્થાત્ "સર્વ સંગથી રહિત સર્વ કર્મમળથી રહિત એવી આત્માની નિર્બળ–શુધ્ધ–સિધ્ધ અવસ્થાને હું ક્યારે પામું ?" તેવી ભાવના અને શક્તિને ગોપ્યા વિના પ્રયત્નમાં સ્થવીર અને જિનકલ્પ મુનિઓ સતત ઉત્સાહિત હોય છે.

○○○

અનેક ગ્રંથોના ભાવાનુવાદક અધ્યાત્મયોગી
પૂ. આચાર્ય દેવ
શ્રીમદ્ વિજયરાજશેખરસૂરિજી મહારાજાના વિનેય
પૂ. આચાર્ય દેવ
શ્રીમદ્ વિજયરવિશેખરસૂરિજી મહારાજા

## આગામી પ્રકાશનો

- ❖ જ્ઞાનસાર ભાગ-૩ (અષ્ટક ૮ અને ૯)
- ❖ જીવવિચાર
- ❖ નવતત્ત્વ ભાગ-૧ (જીવતત્ત્વ)
- ❖ નવતત્ત્વ ભાગ-૨ (અજીવતત્ત્વ)

:: પ્રકાશક ::
શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાબંર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ ટ્રસ્ટ
આરાધના ભુવન, માઈ મંદિર રોડ, વિઠ્ઠલ પ્રેસ, સુરેન્દ્રનગર.